પ્રકરણ – ૮.

અભિજ્ઞાન શાકુન્તલમ્

कालिदासस्य सर्वस्वं अभिज्ञानशकुन्तलम् ।

એ કોઇ કવિની ઉકિત આ નાટકને કવિના સર્વસ્વ તરીકે ઓળખાવે છે. તેના અનુવાદે પશ્ચિમમાં કવિને અને ભારતીય સંસ્કૃતિને માટે જે પ્રશંસા અને કીર્તિ પ્રાપ્ત કર્યા છે તે આ વિધાનનું સમર્થન કરે છે. તેને કારણેજ કવિને – Shakespeare of India નું ઉપનામ, અને વિશ્વ કવિઓમાંના એક જર્મન મહાકવિ ગટેની ઉમળકાભરી પ્રશસ્તિ તેમજ અનેક વિદ્વાનોના પ્રશંસાર્ધ્ય મળ્યા છે. કવિશ્રી. ઉમાશંકર જોશી કહે છે તેમ આમાં મહાકવિ કાલિદાસે જીવનનું અખિલાઇમાં દર્શન કર્યું છે. વ્યષ્ટિ અને સમષ્ટિના પ્રશ્નની કલાત્મક રીતે ચર્ચા કરી છે.[1] જીવનમાં કેન્દ્રસ્થ રહેતા પ્રેમ અને તેને માટેનું જીવન દર્શન આમાં પ્રગટ થાય છે. તેમાં પ્રેમના સંગીતનું સંપૂર્ણ સ્વર સપ્તક સમાઇ જાય છે. રૂપના બાહ્ય આકર્ષણથી જન્મતો પ્રથમ દૃષ્ટિએ થતો પ્રેમ, સારાસારના વિવેકને ભૂલાવી દે છે, તે સ્વાર્થી હોય છે, પ્રચ્છન્ન પણ હોય છે. તે માણસને કર્તવ્યવિમુખ બનાવે છે, એકમાર્ગી બનાવે છે, અને શાપરૂપે આવેલી વિશ્વની મંગલમયી યોજના તે માટે કેવી સજા કરે છે, તે તેને સન્માર્ગે વાળવાના ઉપાયરૂપ બની રહે છે.[2]

---

૧. અભિરુચિ પૃ.૪૬ મહાકવિ કાલિદાસ પ્રસ્તાવના પૃ. ૧૨ અને અભિ.શાકુન્તલના અનુવાદની પ્રસ્તાવના

૨. રવિન્દ્રનાથ ઠાકુર. પ્રાચીન સાહિત્ય પૃ.

એ નિરૂપ્યું છે. આ સંપત્ત અને કર્તવ્યભાન ભૂલાવતા પ્રેમને પરિણામે શાપ, પ્રત્યાખ્યાન, વેદના, પશ્ચાતાપ અને તેમાંથી સ્વકેન્દ્રિત નહિ પણ સર્વતોમુખી દૃષ્ટિ પ્રગટે છે. તેમાંથી વાસના વિકારનું ઝેર નીતરી જાય છે, પરિણામે મંગલ મિલન સમન્વય છે અને " ભરત ઇતિ લોકસ્ય ભરણાત " - ચક્રવર્તી લક્ષણોવાળા વંશધર પુત્રને લાયક માતાપિતા બનાય છે તે બતાવ્યું છે. " કવિ પ્રેમની વિશ્વ મોહિની શક્તિથી અપરિચિત નથી, તેનો સ્વીકારે છે, પણ તેનો જય જયકાર ગાતા નથી. વિશ્વના વિધાન પાસે તેને હારતી બતાવે છે. તેમાંથી - અસંસ્કારિતા નીકળી જાય છે ત્યારે શાંતિ, સફળતા અને મંગલ મિલન પરિણામે છે.[3] ગટેની તદ્વિષયક પ્રશસ્તિમાં પણ આટલુંજ રહસ્ય તેમને સમજાયું છે. એમ સ્પષ્ટ થાય છે. એક દેશ અને એક યુગના " કવિતા કામિનીના વિલાસ " જેવા કવિ કુલગુરુ કાલિદાસને બીજા દેશ અને કાળના મહાકવિ બરાબર સમજી શક્યા છે તે પણ તેમાંથી દેખાઇ આવે છે.

Wouldst thou the young year's blossom,
and the fruit of its decline,
And all by which the soul is charmed,
enraptured, feasted, fed,
Wouldst thou the earth and heaven itself,
in one name combine?
I name thee, O Shankutala !
and all is said.

સંસ્કૃતમાં એક બીજી પણ ઉક્તિ છે:

काव्येषु नाटकं रम्यं तत्र रम्या शकुन्तला।
तत्रापि च चतुर्थोऽङ्कः तत्र श्लोकचतुष्टयम्॥

એ પણ આ મહાનકૃતિનું કલાપક્ષે ગૌરવ કરે છે.

નાટકનું મૂળવસ્તુ તો અહીં પણ કવિએ પરંપરામાંથી લીધું છે. મહાભારતમાં શકુન્તલોપાખ્યાન આવે છે." ત્યાં એમ છે કે પુરુવંશનો પ્રતાપી રાજા દુષ્યન્ત મૃગયા માટે નીકળ્યો છે. તે કણ્વના તપોવનમાં આવી પહોંચે છે. મુનિ ફલમૂલાદિ લેવા વનમાં ગયા છે. તેમની પાલિતા પુત્રી શકુન્તલા તેમનો સત્કાર કરે છે. તેની જિજ્ઞાસાના પ્રત્યુત્તરમાં પોતાની જન્મકથા તેને કહે છે. તેના રૂપથી આકર્ષાઇને રાજા તેને પોતાની સાથે લગ્ન કરવા સમજાવે છે. જો પોતાનો પુત્ર દુષ્યન્તના પછી રાજા બને તો શકુન્તલા લગ્ન કરવા તૈયાર છે. રાજા આ શરત સ્વીકારે છે, લગ્ન કરે છે, વિલાસ માણે છે. મુનિના ભયથી તે તેને તેડવા મોકલવાનું કહી ચાલ્યો જાય છે. પણ મુનિના ડરથી તે તે વચન પાળતો નથી. મુનિ પાછા આવે છે ત્યારે શકુન્તલા પોતે જ શરમાતાં શરમાતાં શું બન્યું હતું તે તેમને કહે છે. તેને યોગ્ય સમયે એક પુત્ર જન્મે છે. તે છ વરસનો થાય છે તેટલામાં તો પ્રચંડ શક્તિશાળી બની જાય છે અને તપોવનની શાંતિને પીંખી નાંખે છે. કણ્વ શકુન્તલાને તેના પતિને ત્યાં મોકલવા માગે છે, પણ પિતાને છોડવા તે તૈયાર નથી. છેવટે મુનિઓ [illegible]ળે સાથે જાય છે. નગરજનોના અનુચિત વર્તાવને કારણે મુનિઓ પાછા વળે છે. શકુન્તલા એકલી પુત્ર સાથે રાજસભામાં જાય છે. પોતાનો પરિચય આપી સ્વીકાર કરવા કહે છે. રાજાને બધું યાદ છે, પણ તે લોકાપવાદથી ડરીને ઇન્કાર કરે છે. શકુન્તલા રોષે ભરાય છે. લાંબા વિવાદમાં તે પત્ની, પુત્ર

અને સત્યપાલનનું મહત્ત્વ સમજાવે છે. સખત શબ્દો કહી ચાલી જવા તૈયાર થાય છે. રાજાની મદદ વિના પણ પોતાનો પુત્ર ચક્રવર્તી થશે એમ કહે છે. એટલામાં આકાશવાણી થાય છે. તે સાચાં છે. એમ કહી તેમનો સ્વીકાર કરવાની રાજાને ભલામણ કરે છે. તે તરફ રાજસભાનું ધ્યાન ખેંચી રાજા તેને સત્કારે છે અને શાંત કરે છે.

આ કથાને પોતાની પ્રતિભાનાસ્પર્શે કવિ બદલી નાંખે છે – તેને વિશ્વના એક મહાન નાટકનો વિષય બનવાયોગ્ય બનાવે છે. નાટકના કથાવસ્તુ પ્રમાણે પુરૂવંશી રાજા દુષ્યન્ત શિકારે નીકળ્યો છે. એક મૃગનો પીછો પકડતાં તેનો રથ ખૂબ દૂર નીકળી જાય છે. તે માલિની તીરે આવેલ, મહર્ષિ કણ્વના આશ્રમ પાસે આવી પહોંચે છે. તે આશ્રમ મૃગને ન હણવાની તપસ્વીઓની વિનંતીનો આદર કરે છે, ચક્રવર્તીપુત્ર પામવાની આશિષ પામે છે. મહર્ષિ કણ્વ પોતાની પુત્રી શકુન્તલાને અતિથિસત્કારનું કાર્ય સોંપી તેના પ્રતિકૂળ દૈવનું શમન કરવા સોમતીર્થે ગયા છે એમ જાણે છે અને ઋષિ પ્રત્યેના ભક્તિભાવથી આશ્રમમાં પ્રવેશે છે. તેને થતા શુકન અનુભવે છે. છૂપાઇને તાપસી કન્યાઓનો મધુર વાર્તાલાપ સાંભળે છે, તેમના રૂપથી મુગ્ધ થાય છે, વિનોદવાર્તા સાંભળતાં પોતે શકુન્તલાને પરણી શકે કે નહિ તે વિચારે છે, અને પોતાનું હૃદય અધર્મમાં પ્રવૃત્તિ કરે નહિ માટે તે સ્વીકારક્ષમ છે એમ માને છે. લગ્નયોગ્ય વયની શકુન્તલાની તેની સખીઓ વિસ્રબ્ધ ભાવે મશ્કરી કરી રહી છે, તેવામાં એક ભમરો ઉડીને તેના મુખની આસપાસ ભમવા લાગે છે. શકુન્તલા મદદ માગે છે, તો પ્રિયંવદા અને અનસૂયા, મદદ કરવા માટે રાજાને બોલાવવાનું કહે છે. તે તકનો લાભ લઇ દુષ્યન્ત પ્રગટ થાય છે.

પણ પોતે રાજપુરુષ છે એમ કહી પોતાની જાત છુપાવે છે. વાતવાતમાં શકુન્તલાના જન્મની હકીકત જાણે છે અને પોતે તેને પરણી શકે તેમ છે એમ સમજે છે. મધુર વાર્તાલાપ ચાલે છે. રાજાના સૈન્યથી ભડકેલા હાથીના ઉત્પાતના સમાચાર સાંભળી શકુન્તલા વગેરે જાય છે. તે રાજા સાથે કાંઇ બોલતી નથી. છતાં તેની ચેષ્ટાથી, તે તેના પ્રત્યે આકર્ષાય છે એમ સમજાય છે. પગમાં દર્ભક્ષત થયાનું, વલ્કલ કુરબક શાખામાં ભરાયાનું બહાનું[૭] કાઢીને તે રાજા તરફ તીરછી નજરે જોઇ લે છે.

શકુન્તલાની રૂપમાધુરીને યાદ કરતો વિરહ-વ્યાકુળ રાજા વિદૂષકની મૃગયા બંધ રાખવાની વિનંતી સ્વીકારે છે, કેમકે તેને હવે તેમાં રસ રહ્યો નથી. વિદુષક પાસે તે શકુન્તલાના મનોહર રૂપનું સુંદર વર્ણન કરે છે, તેના આકર્ષણ અને પોતાના અભિલાષનો ખ્યાલ આપે છે. તપોવન માં શા બહાને જવું તે વિચારે છે, એટલામાં બે મુનિ શિષ્યો, કણ્વની

૭: શાકુન્તલ - અંક ૧.

અનુપસ્થિતિમાં, આશ્રમકાર્યમાં વિઘ્ન કરતાં રાક્ષસોથી રક્ષણ આપવાની વિનંતી કરતા આવે છે. રાજાને તો તે ઇષ્ટજ છે. તે જવા તૈયાર થાય છે. ત્યાં તો તેની માતાનો સંદેશવાહક કરભક પુત્રપિંડપાલન વ્રતના – સમાપન પ્રસંગે રાજધાનીમાં હાજર રહેવા તેને વિનવે છે. રાજા મુંઝાય છે. છેવટે વિદૂષકને પોતાના પ્રતિનિધિ તરીકે, સૈન્ય સાથે, જવા કહે છે. પોતે ઋષિકાર્ય માટે ત્યાંજ રહે છે, પણ વિદૂષક પોતાની પ્રણય વાર્તા પ્રગટ ન કરી દે માટે તે પરિહાસ વિજલ્પિત હતું એમ કહે છે. વિદૂષકે તે સ્વીકારે છે.[૭]

રાજાના આકર્ષણ અને અભિલાષને કારણે અત્યંત અસ્વસ્થ શકુન્તલાનો ઉપચાર ચાલે છે. રાજાની દશા પણ એવીજ છે. રાજાના ત્યાં જવા માત્રથી આશ્રમ વિઘ્ન તો દૂર થયાં છે. વિનોદ મેળવવા શકુન્તલા જ્યાં પોતાનો સમય ઘણુંખરું ગાળે છે તે માલિની તીરના વેતસમંડપો તરફ રાજા જાય છે. પદચિહ્નાકૃતિને, શકુન્તલા ત્યાંજ હોવા વિષે ખાતરી થાય છે. તે સખીઓની વિશ્રંભ કથા છૂપાઇને સાંભળે છે. સખીઓના આગ્રહપૂર્વક પૂછવાથી શકુન્તલા રાજા વિશેનો પોતાનો અભિલાષ પ્રગટ કરે છે. તે રાજર્ષિ મારા પર અનુકંપા કરે એમ પ્રયત્ન કરો અથવા મને તિલાંજલિ આપવા તૈયાર રહો એમ કહે છે તે સાંભળી રાજા પરમ આનંદ પામે છે. શકુન્તલાની આ દશા અને રાજાની

---

૭. અંક–૨

કરી યોગ્યતાનો વિચાર કરી સખીઓ શકુન્તલાને અનુમતિ આપે છે અને તેનો સંદેશ ગુપ્ત રીતે રાજાને મોકલવાનું વિચારે છે. શકુન્તલા પ્રણય સંદેશ રચી તેને કમળપત્ર પર લખે છે. તે વખતે રાજા પ્રગટ થાય છે. બન્ને તેનો આનંદાશ્ચર્ય સાથે સત્કાર કરે છે. રાજા પોતાનો પ્રેમ પ્રગટ કરે છે. સખીઓ બંનેને એકલાં મૂકી જાય છે. રાજાને, પોતે આવી દશામાંયે પરતંત્ર છે. તેનો ખ્યાલ આવી શકુન્તલા તેને ચુંબનનો અવિનય કરતાં રોકે છે. દુષ્યન્ત, અનેક રાજર્ષિકન્યાઓએ કરેલા ગાંધર્વવિવાહને તેમના પિતાઓએ અભિનંદેલો છે એમ જણાવે છે છતાં, શકુન્તલા હજી એક વખત સખીઓની સલાહ લેવાનું યોગ્ય ધારે છે. ત્યાં તેની ખબર જોવા ગૌતમી આવ્યાનું સૂચન મળે છે. રાજા છૂપાઇ જાય છે. ગૌતમી શકુન્તલાના કુશળ સમાચાર જાણી, દિવસ પૂરો થવા આવ્યો છે માટે તેને પોતાની સાથે લઇ જાય છે. ઉદાસ રાજા, રક્ષણ માટે કોણ આવતાં, ત્યાં જાય છે.

કણ્વના પુનરાગમન પહેલાંજ, પોતાનું કાર્ય પૂરું થતાં, રાજા પાછો વળે છે. અન્ય મનસ્ક શકુન્તલા આવી પહેલા અતિથિ દુર્વાસાનો સત્કાર કરતી નથી. "જેના વિચારમાં પડીને તું મને આવેલા તપોધનને જાણતી નથી, તે, પ્રમત્ત જેમ કરેલી વાતને ભૂલી જાય તેમ, તને ભૂલી જશે" એવો તે શાપ પામે છે. તે વખતે પુષ્પાવચયન કરતી સખીઓ તેને પ્રાર્થીને શાપને હળવો –

---

૮ અંક. ૩

કરવાનો સફળ પ્રયત્ન કરે છે. કોઇ અભિજ્ઞાન બતાવતાં શાપની અસર દૂર થશે એમ કહી દુર્વાસા અત્યંત વેગથી ચાલ્યા જાય છે. સખીઓ આ વાત શકુન્તલાને ન કહેવાનો નિશ્ચય કરે છે. તેને દુષ્યન્તે - વિદાય થતી વખતે વીંટી આપી છે તેથી નિશ્ચિંત બને છે. શાપની અસરથી રાજા શકુન્તલાને તેડવા મોકલતો નથી. સમય વહે જાય છે. શકુન્તલા સગર્ભા છે. રાજાએ અનાર્ય આચરણ કર્યું છે. અને પ્રવાસેથી પાછા વળેલા મહર્ષિ કણ્વને આ વાત શી રીતે કહેવી એ મુંઝવણ છે. ત્યાં આકાશવાણીજ આ સમાચાર મહર્ષિને આપે છે. તે તરત તેને પતિગૃહે મોકલવાનો નિર્ણય કરે છે. તેની વિદાયની તૈયારી થાય છે. તપોવનનાં વૃક્ષો તેને આભરણાદિ આપે છે. તપોવનવાસીઓ આશિષ આપે છે. મહર્ષિ તેને આશિષ અને શિખામણ આપે છે, રાજાને ગૌરવસભર્યો સંદેશ આપે છે. તેને શણગારતી અને વિદાય દેતી સખીઓ, હરણાં, મયૂરો, કોયલ, વનદેવીઓ, વનવૃક્ષો વચ્ચે હૃદયવેધક પ્રસંગ સર્જાય છે. પતિદર્શન માટે ઉત્સુક શકુન્તલાના પગ, તપોવન છોડીને જતાં પગ ઉપડતા નથી. સંયમ ધન મહર્ષિ કણ્વ પોતે પણ વ્યાકુળ બની જાય છે. તો સંસારીઓને તો આવા પ્રસંગે શું થતું હશે એમ વિચારે છે. શકુન્તલા સ્વાભાવિક રીતેજ પિતૃપ્રેમ વ્યકત કરે છે. શાકુન્તલનો આ પ્રસંગ નિરૂપવામાં કવિની શકિત સોળેકળાએ ખીલી ઊઠી છે. અને સંસ્કૃત સાહિત્યનો એક ઉત્તમ પ્રકાંડ રચાયો છે. તેમાંય ચારશ્લોકો તો રમ્ય ગણાયા છે. આ એક અમર મોહક ચિત્ર છે.[૧૦]

---

૧૦ અંક. ૪

રાજકાર્યથી વિશ્રાન્તિ લેતા રાજાને, તપોવનમાંથી મહર્ષિ કણ્વનો સંદેશ લઈને તપસ્વીઓ આવ્યાના સમાચાર મળે છે. તે – તેમને યોગ્ય સત્કારપૂર્વક યજ્ઞશાળામાં લાવવાની સૂચના આપી ત્યાં તેમની રાહ જુએ છે, અને તે શા માટે આવ્યા હશે એવું તર્ક વિતર્ક કરે છે. તે પહેલાંજ હંસપદિકાના એક સુંદર ગીતે તેને અસ્વસ્થ કરી મૂક્યો છે. તેને સમજાવવા તે વિદૂષકને મોકલી ચૂક્યો છે. શાપને કારણે તેની સ્મૃતિ દબાઈ ગઈ છે. અવગુંઠન વતી શકુન્તલાના દર્શને પણ તે પ્રભાવિત થાય છે. કુશળ પ્રશ્નાદિ પછી તપસ્વીઓ તેને કહે છે કે તેણે એકાંતમાં બાંધેલા સંબંધને મહર્ષિ કણ્વે માન્ય રાખ્યો છે, માટે હવે તેણે શકુન્તલાનો ધર્માચરણ માટે સ્વીકાર કરવો જોઈએ. પણ રાજાને તો ભારે આશ્ચર્ય થાય છે. શકુન્તલા પર પણ જાણે વજ્રપાત થાય છે. તેજસ્વી શાર્ઙ્ગરવ અને રાજા વચ્ચે ટપાટપી થાય છે. બેઉ પક્ષે ક્રોધ સ્વાભાવિક છે, બંને એકબીજાને સમજી શકતા નથી. બંનેને પોતાનું વલણ સાચું લાગે છે. શકુન્તલા માટે કેવો દારુણ – મર્મવિધક પ્રસંગ છે! રાજાને તેની સાથે પરણ્યાનું યાદ નથી. સગર્ભાને સ્વીકારીને તે ક્ષેત્રી બનવા તૈયાર નથી. તેને પરદારાના સ્વીકારનો અધર્મ કરવો નથી. શકુન્તલાએ પોતાની સત્યતાની ખાત્રી આપવી જોઈએ એ સૂચનના જવાબમાં તે અવગુંઠન દૂર કરે છે. પણ તેના અપૂર્વ રૂપના પ્રલોભનને પણ રાજા જીતી શકે છે. પ્રતિહારી પણ તેનીએ ધાર્મિકતાની પ્રશંસા કરે છે. શકુન્તલા વીંટી બતાવવા જાય છે પણ તેનો આંગળીએ એ છે નહિ. તે એકાંતમાં બનેલ હરિણબાળનો પ્રસંગ રાજાને કહે છે. પણ રાજા તો તેના પર સ્વેચ્છાચાર અને અશિક્ષિત પટુત્વનો આરોપ મૂકે છે. ગૌતમી નિરુત્તર થઈ જાય છે. શાર્ઙ્ગરવ પણ મૂંઝાય છે.

આકરા વાક્પ્રહાર કરે છે, કટાક્ષ કરે છે, પણ રાજા તેનેજ પૂછે છે કે પોતે આ સ્થિતિમાં પત્નીત્યાગી બનવું કે પરદારાનો સ્વીકાર કરવાનું પાપ કરવું, તેનો જવાબ તે આપી શકતો નથી. છેવટે રાજાનો પુરોહિત તોડ કાઢે છે કે રાજાનો પ્રથમપુત્ર ચક્રવર્તીના લક્ષણોવાળો હશે. એમ ભવિષ્યવાણી છે. પ્રસવ સુધી શકુન્તલા પોતાને ત્યાં રહે, તેને જો આવો પુત્ર જન્મે તો તેનો સત્કાર કરવો, નહીં તો તેને મહર્ષિ કણ્વને ત્યાં મોકલી દેવી. તપસ્વીઓ તેને ત્યાં મૂકીને ચાલ્યા જાય છે. રાજા ઉદાસીન છે. શકુન્તલા આક્રંદ કરતી પુરોહિત સાથે જવા લાગે છે. ત્યાં એક સ્ત્રીરૂપ જ્યોતિ તેને ઉપાડીને અપ્સરઃતીર્થ ભણી ચાલ્યું જાય છે. રાજા ઉપેક્ષા પ્રગટ કરે છે, પણ તેનું મન આ પ્રસંગથી વિહ્વળ બની ગયું છે. પોતાનો પક્ષ સાચો હોવાની તેને ખાત્રી છે પણ શકુન્તલાનો રોષ તેને સાચો લાગે છે, વિચારમાં નાખી દે છે.[15] રાજમુદ્રા સાથે એક માછી પકડાય છે. શ્યાલક તેને તે કેવી રીતે મળી તેની તપાસ કરે છે તે કહે છે કે પોતે શક્રાવતાર તીર્થનો માછી છે ત્યાંથી પકડેલા રોહિત મત્સ્યના પેટમાંથી તે તેને મળી છે. તે હકીકતની ખાત્રી કરવા તે વીંટીને તે રાજા પાસે લઈ જાય છે. તેને જોતાંજ રાજાની સ્મૃતિપરનો પડદો હટી જાય છે. તેને શકુન્તલા સાથેના એકે એક પ્રસંગની યાદ તાજી થાય થાય છે. એનો અકારણ ત્યાગ કર્યાનો તેને ભારે પશ્ચાત્તાપ થાય છે. પશ્ચાતાપ અને વિરહની આગમાં બળતો તે રાજ્યભરમાંથી ઉત્સવો બંધ કરાવી દે છે. વારંવાર શકુન્તલાનીજ વાત કરીને દુઃખી થયા કરે છે. વિદૂષક તેને આ વ્યાધિમાંથી શી રીતે મુક્ત કરવો તે ચિંતામાં પડે છે.

---

૧૫. અંક–૫

મેનકાની સખી અપ્સરા સાનુમતી અદૃશ્ય રહીને તેની આ દશા જુએ છે. અધીર રાજા, વિનોદ માટે પોતે દોરેલું શકુન્તલાનું ચિત્ર પૂર્ણ કરવાને મંગાવે છે. તેમાં તે શું શું ઉમેરવા માગે છે તે વિદૂષકને કહે છે. તેની ચિત્ર કલા કુશળતાથી જોનારા સાનુમતી સુદ્ધાં ચકિત થઇ જાય છે. તેને પૂરું કરવા તે દાસી ચતુરિકાને સાધનો લેવા મોકલે છે. તેને રાણી વસુમતી મળે છે, તે ઉપકરણો છીનવી લઇ પોતેજ રાજા પાસે તે લઇ જવાનો ઇરાદો પ્રગટ કરે છે એવા સમાચાર દાસી લાવે છે. રાજા, ગભરાઇને વિદુષકને ચિત્ર સાથે મેઘપ્રતિચ્છંદ નાયક મહેલામાં મોકલી દે છે, ત્યાં પોતાની રાહ જોવાનું જણાવે છે. અમાત્યે મોકલેલા રાજકાજને લગતા પત્ર સાથે પ્રતીહારીને આવતી જોઇ રાણી પાછી વળી જાય છે. અસ્વસ્થ રાજાઓ, ન્યાયાસન પર પોતે બેસી શકે તેમ નહીં હોવાથી તે મંગાવ્યો છે. તેમાં સાગર દુર્ઘટનામાં મરણ પામેલા સાર્થિર સફરી - વ્યાપારી ધનમિત્રના ધનનું શું કરવું તે પુછાવેલું છે. અમાત્યનો અભિપ્રાય, તે ધન રાજભંડારમાં જવું જોઇએ એવો છે. રાજા પોતાની ભૂલનો - પશ્ચાતાપ કરી રહયો છે. ત્યારે આ પ્રસંગ " દાઝ્યા ઉપર ડામ " જેવો નીવડ્યો છે. પોતાની અપુત્ર દશાને કારણે, પોતે નહિ હોય ત્યારે પોતાના રાજ્યની પણ આ દશા થશે તેનો ખ્યાલ આવતાં, પોતાના પિતૃઓ પણ સંશયમાં આવી પડયા છે, એવા ખ્યાલથી તે દારુણ મનોવેદના અનુભવે છે. તે નિયમ રદ કરવાને આજ્ઞા કરે છે. પોતે મનોવેદનાથી મૂર્છિત બને છે. એટલામાં ઇંદ્રનો સારથિ માતલિ, ઇંદ્રનો સંદેશ લઇને આવે છે. આ દશામાંથી જાગૃત કરીને રાજાને પ્રકૃતિસ્થ કરવા તે વિદૂષકને પકડીને માર મારે છે. તેને રક્ષણ માટેનો પોકાર સાંભળી રાજા સ્વસ્થ થાય છે. ધનુષબાણ મંગાવી બાણ ચડાવે છે,

એટલે માતલિ પ્રગટ થાય છે. દેવાસુર યુદ્ધમાં ઇંદ્રને મદદ કરવા લઇ જવા તે આવ્યો છે. એમ સાંભળી , રાજકારભાર અમાત્ય પિશુનને ભળાવી રાજા દેવરાજના રથમાં બેસી ઉપડે છે.[૧૨]

અસુરોને હરાવીને પાછા વળતાં માર્ગમાં હેમકૂટ પર્વત આવે છે. ત્યાં વસતા દેવો અને અસુરોના પિતા મહર્ષિ મારીચનાં દર્શનકરવા રાજા રોકાય છે. માતલિ તેના આગમનના સમાચાર આપવા જાય છે. રાજા એક સ્થળે રોકાય છે. સિંહશિશુને રમતમાં સંતાપતા એક તેજસ્વી બાળકને વારતી તાપસી તેને તેમ કરતાં રોકવા પોતાને મદદ કરવા રાજાને વિનંતી કરે છે. અહીં પણ રાજાને શુભ શુકન થાય છે. પણ તેનો આત્મવિશ્વાસ ડગી ગયો છે, પહેલા એક જેવો નથી. વાત વાતમાં તેને ખબર પડે છે કે તે બાળક પુરુવંશનો છે, તેનો જન્મ ત્યાંજ થયો છે, તેની માતાને અપ્સરા સાથે સંબંધ છે, તે પુરુવંશી રાજાએ - વિનાકારણે તેનો ત્યાગ કર્યો છે. તેથી તે તેના પતિનું નામ દેવાને રાજી નથી. આ બધાં આશાસ્થાનો હોવા છતાં રાજાને શ્રદ્ધા આવતી નથી. બાળકના હાથે ચક્રવર્તીનાં ચિહ્ન છે, તે " શકુન્તલાવણ્ય " શબ્દોથી છેતરાઇને " ક્યાં છે મારી મા " એમ પૂછે છે, તોયે રાજા શંકાગ્રસ્ત છે. રમતના સંઘર્ષમાં તેને હાથેથી અપરાજિતા ઔષધિવાળું માદળિયું છૂટી પડે છે. રાજા તે લેવા જાય છે. તાપસી તેને અટકાવે છે, તે પહેલાં લઇ લે છે. તાપસીઓને વિસ્મય થાય છે, કેમકે તે બાળક કે તેના માતાપિતા સિવાય કોઇ તેને લેતો તે સર્પ બનીને લેનારને ડંખે છે. તે તેમણે જોયેલું છે. આ વાત સાંભળી રાજાને ખાત્રી થાય છે. તે પુત્રને ભેટી પડે છે. આ સમાચાર મળતાં, એકવેણીધારા, મલિનવસ્ત્રો

ધારણ કરતી, વિરહવ્રતિની સાધ્વી શકુન્તલા ત્યાં આવે છે. પશ્ચાતાપે બદલાઇ ગયેલા રાજાને પહેલાં તો તે ઓળખી પણ શકતી નથી. છેવટે તે રાજાને ઓળખે છે. રાજા ચરણે પડીને તેની ક્ષમા માગે છે, તે ઉદારતા પૂર્વક તેને ક્ષમા કરે છે. જે કંઇ બન્યું છે તેમાં પોતાના ભાગ્યનોજ દોષ જુએ છે, તેથીજ ~~માયાળુ છતાં~~ આર્ય પુત્ર આવા માયાળુ છતાં તે સમયે વિપરીત બન્યા હશે એમ કહે છે. પોતાને મુદ્રિકા મળતાંજ સ્મૃતિ પાછી આવી એમ જણાવી રાજા, પત્ની અને પુત્ર સાથે મહર્ષિના દર્શને જાય છે. ત્યાં બધા ખુલાસા થાય છે. શાપની વાત જાણીને રાજાને પ્રત્યાખ્યાનમાં પોતાનો દોષ નહતો, અને શકુન્તલાને આર્યપુત્રે આ કારણ પોતાનો ત્યાગ કર્યો ન હતો એમ જાણીને સંતોષ થાય છે. સપુત્રપત્નીક રાજા મહર્ષિના આશીર્વાદ પામી રાજધાની તરફ વિદાય થાય છે.[13]

વિશ્વનાં સર્વોત્તમ નાટકોમાંના એકનું વસ્તુ છે. આ મૂળના વસ્તુમાં કાલિદાસે કેવા ફેરફાર કર્યા છે, તેમાં કેવી કલાદૃષ્ટિ અને ઔચિત્ય બુધ્ધિ રાખી છે, અને મૂળનાં પાત્રોને ઉદાત્ત બનાવવાનો બહુધા સફળ પ્રયત્ન કર્યો છે. મૂળના વસ્તુને પોતાની પ્રતિભા સંજીવનીના સ્પર્શે કેવું તો બદલી નાંખ્યું છે, તે બે કથાઓની તુલના કર્યાથી સ્પષ્ટ થાય છે. મૂળની ધૃષ્ટ, સોદાબાજ, સ્વાર્થી, અને ઉગ્રશકુન્તલા અહીં અભિજાત તપોવન કન્યા બને છે. ત્યાં તો શરમાતાં શરમાતાંયે પોતાની જન્મકથા રાજાને, અને તેમની ગેરહાજરી દરમ્યાન આશ્રમમાં બનેલા બનાવો મહર્ષિ કણ્વને જણાવતી, પ્રેમની લાગણી વિનાજ રાજાસાથે

---

૧૩. અંક.૭

શરત કરતી , તેની સાથે રાજસભામાં વિવાદમાં ઊતરી તેને બરાબર સંભળાવી દેતી તાપસકન્યાને બદલે મુગ્ધા , મધુરપ્રકૃતિ , તપોવનનાં વૃક્ષો પર સોદર સ્નેહ રાખતી , પોતાની મદનબાધાગ્રસ્ત દશામાંયે વિનયરક્ષણ કરવા માગતી , સખીઓ , તપોવન , ત્યાંના પ્રાણીઓ આદિ પર પ્રેમ વર્ષાવતી , પતિને મળવા આતુર છતાંયે તપોવનમાંથી જેના પગ ઊપડતા નથી એવી , અતિથિસત્કારના ધર્મમાંથી – આત્મમગ્નતાને કારણે ચૂકતાં શાપનો ભોગ થઇ પડતી પ્રમાદીપણુ શીલ અને લજ્જાવતી ઉદાર કન્યા છે. જે બન્યું તેમાં તે છેવટે રાજાનો દોષ જોવાને બદલે પોતાનાં કર્મોના વિપાકનોજ દોષ જુએ છે.

ત્યાં દુષ્યન્ત કામી , દંભી, ડરપોક ,લોકોપવાદને કારણે સત્યનો અસ્વીકાર કરતો રાજા છે. તેને પૂરો બદલવાનું તો કવિને માટે અશક્ય ન હતું. તે અહીં પણ શકુન્તલા સાથે " અનાર્ય " આચરણ કરે છે. શકુન્તલા તેનો ભોગ બને છે. એ આચરણનો બચાવ કરવો મુશ્કેલ છે. છતાં તે મહર્ષિ પ્રત્યે ભક્તિભાવવાળો છે. તપોવનરક્ષણમાં તત્પર છે. પ્રજાપ્રેમી છે , રૂપના આકર્ષણને કારણે પાંચમાં અંકમાં ધર્મનો ત્યાગ કરતો નથી , ભૂલનો સ્વીકાર કરે છે. પ્રજાપ્રેમી છે , પશ્ચાત્તાપ કરે છે . તે વીર છે , ઇન્દ્રનો રણસહાય છે , પ્રત્યાખ્યાન દંભથી નહિ , પણ અધર્મના ભયથી કરે છે , શાપની અસર નીચે કરે છે , નિષ્કપટ મને શકુન્તલાને ચરણે ચરણે પડીને ક્ષમાયાચના કરે છે. મૂળના એવા પાત્રનો આટલો વિકાસ કરી શક્યા છે તેમાં કવિની કલાનો વિજય છે.

શાપ દ્વારા પણ કવિએ ભારે કુશળતા પૂર્વક કામ લીધું છે. માણસ જ્યારે માત્ર પોતાનોજ વિચાર કરે કે પ્રેમ આડે બીજા

કર્તવ્યોને નેવે મૂકે ત્યારે કેવું દારુણ પરિણામ આવે તે નિરૂપી પ્રેમની અયોગ્ય બાજુનાં દુષ્પરિણામો તરફ તે આંગળી ચીંધે છે. જીવન પ્રણયમાંજ પરિસમાપ્ત થતું નથી. તેના સિવાય પણ જીવનમાં ઘણું બધું છે. તેનો ખ્યાલ પ્રણયીઓને રહેવોજ ઘટે. તેમ ન થાય તો જીવનવ્યવસ્થાની નિયામક નિયતિના કોપનો ભોગ થવુંજ પડે. વ્યકિતનિષ્ઠા અને સમષ્ટિ નિષ્ઠામાં પરસ્પર વિરોધ હોય તો આ પરિણામ આવેજ. એ બેઉ વિરોધી નહિ પણ અવિરોધી અને પરસ્પર પૂરકજ રહેવાં જોઇએ. તોજ ભરત જેવા જગતહિકારી સંતાનની પ્રાપ્તિ સંભવે છે, પ્રેમમાં જે વિકારનો આ વેગ છે, જે મદનની વિજયપતાકાને ફરકાવે છે, તેનો અંજામ તો આવોજ આવે, આમ કહીને કવિએ મદનની શકિત તરફ આંખ મીંચી નથી. તેની અપ્રતિહત શકિતને નિરૂપવા છતાં તેની મર્યાદા અચૂક બતાવી છે. માટે તો તે ભોગ અને ત્યાગના, વિલાસ અને સંયમના કવિ છે. દુષ્યન્તના આચરણનો બચાવ પણ શાપ દ્વારાજ કર્યો છે. તેથી તેનું આચરણ સ્વાભાવિક લાગે છે. તે આપણા ક્રોધ કે અણગમાનું નહિ પણ સહાનુભૂતિનું પાત્ર બની રહે છે. આપણે પણ તેની વેદના અનુભવીએ છીએ. તેને પક્ષે પણ ક્રૂરતા ઓછી નથી તે અપૂર્વ છે. સાથે અદ્દભુતલાવણ્યવતી ગર્ભવતી સુંદરી પોતાને પત્ની તરીકે સ્વીકારવા વિનવી રહી છે. તેની પાછળ મહર્ષિકણ્વની અનુજ્ઞા અને આજ્ઞાનું બળ છે. તેથી રાજાના મનમાં ગડમથલ જાગે તે સ્વાભાવિક છે. આની લોભામણી પરિસ્થિતિમાં લપટાઇ જવાને બદલે તે ધર્મલક્ષી રાજા રૂપ અને સંતાનમંગલને બદલે ધર્મને વધારે મહત્વ આપે છે. મુદ્રિકા મળતાં તેને થયેલો પશ્ચાતાપ તેના ચારિત્ર્યને માટે કોઇ શંકા રહેવા દેતો નથી. નાટકની શરૂઆતનાં દુષ્યન્ત અને શકુન્તલા અંતમાં તો સાવ બદલાઇ જાય છે. તપ અને

પશ્ચાત્તાપમાં તવાઈને તે વધારે ઠરેલ, કોમળ, વિચારશીલ, ઉદાર અને સંસ્કારી બને છે. મૂળનાં પાત્રો કરતાં વધારે કમનીય બન્યાં છે. ઉદાર ચેતા, સમર્થ, વત્સલ અને ક્ષમાશીલ કણ્વ, પ્રકૃતિવશ, અગ્નિકલ્પ છતાં કલ્યાણકામી દુર્વાસા, નિઃસ્પૃહ અને કલ્યાણભાવક મહર્ષિ મારીચ, અનસૂયા પ્રિયંવદાની ચિરસ્મરણીય સખી હિતકારી સખી બેલડી, ધીરગંભીર શારદ્વત અને ઉગ્ર તેજસ્વી શાર્ઙ્ગરવ, વત્સલા વૃદ્ધા ગૌતમી, માનવજીવન સાથે સમવેદના વ્યકત કરતી જીવંત પ્રકૃતિ, પરંપરાગત વિદૂષક, સેનાપતિ, અમાત્ય, સારથી માતલિ, તપસ્વીઓ, રાજકુમાર ભરત, ભગવતી અદિતિ, દૂતી દેવરાજ ઇન્દ્ર — આ પાત્રસૃષ્ટિ વિવિધ અને મનોરમ— નાટકને ભર્યું ભર્યું બનાવે છે. તેમની રેખાઓ ભલે આછી, પણ એક સમર્થ કલાસ્વામીને હાથે દોરાયેલી છે.

નાટકમાં નવનવા પ્રસંગોને રજૂ કરવાની અનેક તકો હોવા છતાં કલાસ્વામી અને કલાસંયમી કવિએ એનો લોભ જતો કર્યો છે. શ્લોકો અને સંવાદોમાં પદે પદે કવિત્વ પ્રગટે છે. નિરૂપણ ધ્વનિયુક્ત છે. કહે છે તેના કરતાં ઘણું સૂચવી દેવાની ધ્વનિયુક્ત પદ્ધતિ નાટકને હંમેશને માટે આકર્ષક બનાવે છે. જેમ એનાં બીજાં અંગો મોહક, અનવદ્ય અને આકર્ષક છે, તેમ એનું જીવનદર્શન અને રહસ્યનિરૂપણ અવિસ્મરણીય અને મંગલમય છે.

દલસુખરામ પ્રાણજીવનદાસ બખ્ખર ૧૮૬૪ –

મહાકવિ કાલિદાસના સર્જનમાં તેમને અમરકીર્તિ અપાવનાર ગ્રંથોમાં રઘુવંશ અને અભિજ્ઞાન શાકુંતલમ્ સ્થાન મોખરે છે. તે રચનાઓને જેમ દેશી વિદેશી ઘણી ભાષાઓમાં, તેમ ગુજરાતીમાં ઉતારવાના પ્રયત્નો પણ, ઘણા થયા છે. શાકુન્તલને તો સવિશેષ ગેલવો તેનો ગુજરાતી અનુવાદ કરવાનો પ્રથમ પ્રયત્ન શ્રી બખ્ખરે કર્યો છે. ૧૮૬૪ માં તેમણે શાકુન્તલનો આ અનુવાદ કટકે કટકે "બુદ્ધિવર્ધક ગ્રંથ" માં છપાવ્યો. એ મૂળ ઉપરથી કરેલું ભાષાંતર નથી. શ્રી પરશુરામ ગોડબોલેના મરાઠી અનુવાદ ઉપરથી ગુજરાતી અનુવાદ છે. તેને છપાવતાં પહેલાં અનુવાદકે મોનિયર વિલિયમ્સની વાચના સાથે તેને સરખાવીને સુધારવાનો દાવો કર્યો છે,[૧૪] અને નાટકના વસ્તુનો સાર આપ્યો છે. તેની ત્રણ આવૃત્તિ થઇ છે.

આવૃત્તિ પહેલીમાં : નાન્દી શ્લોક – ૧.

> જે આદ્યા સૃષ્ટિ હોત્રી, કરતિ જગતને જે હવિ ભોગવે છે,
> જે છે બે કાલમાનો રવગુણ ધરિ જે વિશ્વમાં વ્યાપી રહે છે:
> જેને સર્વે કહે છે, બિજ પ્રકૃતિવાળી, જે જિવાડે રહે તે,
> એ જેની આઠ મૂર્તિ પ્રગટ દિશતિ તે ઇશ રક્ષા ત મૂને.

પંક્તિ ૧ માં સ્રષ્ટુઃ શબ્દ છોડ્યો છે ૨ "જે કાલ નિર્માણ કરે છે" માટે, ૩ "શ્રુતિવિષય ગુણ માટે", ૪ જેનાથી પ્રાણીઓ પ્રાણવાન છે" માટે, ૫ ને "આ આઠ પ્રત્યક્ષ શરીરથી યુક્ત છે" માટે છે, ૬ "તેવો ઇશ તમારું રક્ષણ કરો" માટે છે. આમ આ અનુવાદ મૂળની ઝાંખી છાયા આપે છે. મૂળનું શબ્દાર્થનું લાલિત્ય કે ખૂબી પણ ઓછા ઉતર્યાં છે. તેમાં જોડણીની પણ અવ્યવસ્થા છે. છંદને કારણે તેવી છૂટ લીધી હોય તો પણ તે અનુવાદને અસંતોષકારક બનાવે છે.

---

૧૪. પ્રસ્તાવના પૃ. ૧

પૃષ્ઠ. ૧ સૂત્રધાર : आर्ये यदिनेपथ्यविधान मवसितम्० માટે "હે પ્રિય સ્ત્રી , વસ્ત્રાભૂષણ સજીને તૈયાર થઇ હોય તો વેહેલી બહાર આવ."

નટી : હે પ્રાણનાથ , હું આ આવી. શી આજ્ઞા ?

મને હુકે કેમ મારી વારું ? આપને જે કંઈ કામ હોય તે કહો.

સૂત્રધાર : આ પરિષદના કાનને આનંદ આપવા વિના બીજું શું ? તો તો આ હમણાંજ શરૂ થયેલી અને ઉપભોગ ક્ષમ ગ્રીષ્મ ઋતુ વિષે ગાઓ. હમણાં , સુભગ सलिलावगाहा: दिवसा: - આદિને અનુવાદક આમ રજૂ કરે છે :-

સૂત્રધાર. બીજું શું કહેવાનું છે વળી ? આ પંડિતોની સભાને આનંદ થાય તેવું ગાયન ગાવું

નટી : ગાયન ગાઉં ? ગાઉં છું. પણ કયી ઋતુને અનુકુળ આવે એવું ગાઉં ?

સૂત્રધાર : એમાં વળી પૂછે છે શું ? સર્વ ભોગવિલાસને યોગ્ય એવોજ આ ગ્રીષ્મ ઋતુનો તે હમણાંજ બેઠો છે , તેને શોભે એવું ગાયન ગાવું. આ સમયે કેવા કેવા ચમત્કાર થાય છે તેનો

રોળાવૃત્ત

શીતળ જળમાં સ્નાન કરતાં અતિ સુખ થાયે
ચંદન પુષ્પને અડી સુગંધી લઇને ધાયે,
સહજ આંખમાં ઊંઘ આવી જાયે તરૂછાયે,
શોભા સાંયંકાય , નિરખતાં રમ્ય જણાયે, (૩)

નટી : હા, એમ છે ખરું. (કહીને ગાવા માંડે છે) એમાં રેખાંકિત ઉમેરો છે. તો બાકીનો અનુવાદ પણ ઉમેરાવાળો અને છુટ્ટા હાથનો છે તે ઉપરથી અનુવાદકની વિશેષતાનો પરિચય મળે છે. શ્લોક -૪ નો અર્થ ઠીક ઊતર્યો છે , પણ તે ફરી ઉમેરો છે.

કુંજતણે વન જઈએ, ચલ સખી, કુંજ તણે વન જઈએ,
કઠણ રવીના કપરાં કિરણ તજી વિસામો લઈએ ચલ૦
શીતળમંદ સુગંધ સરતણા, પવને ઠંડા થઈએ. ચલ૦
પુષ્પિત તરૂવર જનિત મનોહર, મધુરી પરીમલ લઈએ ચલ૦

આ આખોય બીડ અનુવાદક કેવો છુટ્ટા હાથનો અનુવાદ કરે છે. તેનો નમૂનો રજૂ કરે છે. માટે ઉતાર્યો છે.

શ્લોક—૭ સ્વભાવોકિતનું સુંદર ઉદાહરણ છે.

ग्रीवाभिङ्गाभिरामम् નો અર્થ છે: ગરદન વાંકીવાળીને અભિરામ રીતે, રથપર દૃષ્ટિ રાખીને વારંવાર કૂદે છે. બાણ વાગવાના ભયથી શરીરના પાછલા ભાગે જાણે, આગલા ભાગમાં પ્રવેશે છે. શ્રમથી પહોળા થયેલા મુખથી પડતા દર્ભથી માર્ગને છાઈ દે છે. ખૂબ કૂદવાને લીધે જમીન પર થોડુંકજ અને આકાશમાં વધારે જતો હોય તેમને તે જાય છે: તેનો અનુવાદ.

ધનાસરી

દૂરિ દૂરિ પાછળ રથપર જોઈ દીસે છે આ કેવો દોડતોજી,
રખે બાણ વાગે નિજતનને માટે શરીર સંકોડતોજી
ઝાઝો શ્રમે કરી થાકી જવાથી મુખમાંથી વેરતો ઘાસજી,
ભૂપર પગ જો થોડો ધરે છે ઊઠે છે ઝાઝો આકાશજી.

ग्रीवाभिङ्गाभिरामम् નો અને રેખાંકિત બીડોમાં બાકીના ભાગનો અર્થ પણ આછોજ રજૂ થાય છે.

શ્લોક—૯. यदालोके सूक्ष्मम्

(પૃ.૭)

કાવ્ય છંદ: રોલાવૃત્ત

ઝીણું હોયે જેહ, પલકમાં જાડું થાયે,
તેમ મોટું જે હોય, નાનું પલમાં દેખાયે,
ભાગૂ ટૂટૂ જેહ, તેહ આખું થઈજાયે,
વાંકૂ ચૂકૂ જેહ, સીધું તે સહજ જણાયે.

<u>ચોથાઇ</u>

દૂર હોય તે પાસે થાય, તેમ નજીક તે દૂર થઇ જાય,
આપાસેને તે છે દૂર, ભેદ ચક્ષુને નથી જરૂર,
<u>વેગ મળ્યો રથને એટલો, અહા વિચક્ષણ તે કેહવો</u> (૧)

આમાં પુનરુક્તિ છે. છેલ્લી પંક્તિ વધારાની છે. તેજ રીતે ૧૨મી કડીના પાદ ૩-૪ પણ ઉમેરો છે. નેપથ્યમાં " હે રાજા, આ આશ્રમમૃગ હણવો ન ઘટે, ન ઘટે " - ને બદલે

<u>ઇન્દ્રવજ્રા છંદ</u>

હાં હાં નૃપા ! પાપ આ શું કરે છે. સારંગ તો આશ્રમ કેરું એ છે,
<u>એનો પછાડી હય હાંકી કાંઇ</u> તારે અરે મારવું યોગ્ય નાંહી.
નિર્વૈર ભૂમિ ખરી આ છતે હું મિથ્યા કરે છે શ્રમ ભૂપ એ શું ?
મુની તણે આશ્રમ અવિતારે પ્રજ્ઞાતા ઘટે લોપવિ ના લગારે ૧૨.

જોડણી ખરાબ છે. રેખાંકિત ૧ માં નૃપા સંબોધન છે. તેનો "આ" મરાઠી ભાષાની અસર છે. બાકી રેખાંકિત અશવધારા જેવો છે. ને મૂળનો અર્થ - આછોજ આપે છે. મૂળ શ્લોકની પંકિત ૩-૪ છોડી છે. રંગભૂમિને ધ્યાનમાં રાખીને આમ રચના કરી હોય, ગીતો-કાવ્યો વધારે આપ્યાં હોય, તો પણ તે મૂળને વફાદારતો નજ ગણાય, તેથી મૂળનાં લાલિત્ય, લાઘવ, ઓટ અને ધ્વનિને ભારે હાનિ પહોંચે છે.

પૃ. ૧૦ " વૈખાનસ: રાજા, અમે સમિધિ લાવવા વનમાં નીકળ્યા છીએ, આ કુલપતિ કણ્વનો માલિનીને તીરે આવેલો આશ્રમ દેખાય છે. જો કાર્ય વણસતું ન હોય તો પ્રવેશ કરીને અતિથિ સત્કાર ગ્રહણકરો " અને " જેનાં વિઘ્નો નાશ પામ્યાં છે એવી તપોધનોની રમ્યક્રિયાઓ જોઇ ધનુષની પણ છતાં ચિહ્નવાળો મારો હાથ કેટલું રક્ષણ કરે છે તે જાણો " આ મૂળને બદલે વૈખાનસ: રાજા અહિંથી પાસેજ માલિની <u>નદિને તીરે</u> કણ્વ

મહાર્મુની નો આશ્રમ દેખાય છે, જો બીજા કામને હરકત ન પડે તેમ હોય તો અતિથિની આગતા સ્વાગતા કરવામાં આવે છે. તે ત્યાં જઈને – સ્વિકારવી, એ સાથે આવત, પણ ગુરૂની આજ્ઞાથી સમિધાં લેવાને નીકળ્યા છિએ, તે પણ ત્યાં જશો એટલે જણાશે.

ગીતિ

મુનિજનનાં કર્મો ત્યાં દેખિશ નિર્વિઘ્ન ચાલતાં જ્યારે,
જનરક્ષવા સ્વભુજ તુજકેવા છે દક્ષ તે લખિશ ત્યારે.

मौर्वीकिणाङ्क: વગેરે છોડ્યું છે. અનુવાદ આછો અને નીરસ છે.

પૃ. ૧૧ રાજા : અતિથીની આગતા સાગતા કરવાનુ કામ તેણે પોતાની કન્યાને માથે નાંખ્યું છે કે ? ત્યારે તો તે ઘણી ચતુર હોવી જોઇએ.
વૈખાનસ : હા, તે તેવીજ છે. રાજા : વાહ, કેવી છે તે તેને મલ્યો એટલે હું ઋષિના દર્શને આવ્યો હતો તે તે મહાઋષિને કહેશેજ કહેશે.
રાજા : હું જોઇશ,

છેલ્લા વાક્યને બાદકરતાં આ આખો ખંડ ઊમેરો છે. મૂળકૃતિ અને રાજાના પાત્રને તે અન્યાય કરે છે. પૃ. ૧૪ શ્લોક–૨૪ :

રોજ સ્ત્રીને દુર્લભ મેળવ્યું રૂપ ચારૂ વનવનિતાએ,
નિજ ગુણ થકી હરાવી બાગલતા તું જો વનલતાએ
અનુવાદ ઠીકજ છે. મૂળનું પુરૂ સૌંદર્ય ઉતરતું નથી.

પૃ. ૧૫ રાજા : કણ્વઋષિની કન્યાને આજ કે શું ?
કણ્વ ઋષિ મોટો તો ખરો પણ ... असाधुदर्शी तत्रभवान् काश्यप: માં રાજાને મુનિ માટે જે માન વ્યક્ત કરતો બતાવ્યો છે તે અહીં હણાય છે. અનુવાદ નીરસ પણ છે.

શ્લોક ૧૭ इदं किलाव्याज० ને માટે

સુંદર સ્વભાવ શું કષ્ટનાં કામમાં આવ્યું લાવવું.
કદી કમલ પલ્લવ તણું શાસ્ત્ર શું કાષ્ટ તેથી કાપવું

તદ્દન આછો અને નીરસ પડધો પાડે છે.

नियंत्रितास्मि " કસકસાવીને બાંધ્યું છે " તે માટે " તેથી મને જાણે ઝીકરી લીધા જેવું થયું છે "– ગમાળવું છે મૂળ: પયોધરને વિસ્તારનારા પોતાના યૌવનનેજ ઠપકો દેને – માટે " ભર જોબન આવે છે તેને લીધે પોતાની છાતી ખીલતી જાય છે. તેથી એમ થાય છે, માટે પોતાના જોબનેજ દોષ દેને " પણ એવુંજ. શ્લોક ૨૦ નો અનુવાદ પ્રસ્તારી છે. શ્લોક ૨૧ નો પદમાં કર્યો છે :

ધન્ય છે અંતર તારું રે ભમરા૦ ધન્ય છે.
એવું પુણ્ય તે ક્યાંથી અમારુ રે, ભમરા૦
ભિકણ ભિયારી આંખની પાંપણ ચંચળતાથી હલાવે,
તો પણ વારંવાર તું ત્યાં જઇ, બીડયો રહે કમળને ભાવે રે૦
ગું ગું ગું ગુંજારવ તું કરે છે મૃદુ, જઇ કરી તેની પાસે,
જાણે ગુજ ગોઠડી કરવા કંઇ, કાન આગળ જતો ભાસેરે૦
હાથે તુજને હડે છે તો પણ બળથી લગાવી સગાઇ,
ફરી ફરી પ્રેમે જઇને પિયે છે, અધરામૃતનું ધાઇ રે,૦
વિચાર કરતાં મધુકર અમને, ભાગ્યશાળી તું દેખાયે,
લાભ થયો તુજને તે અભાગિને કેમ કરીને થાયે રે,

સરળ સુંદર છતાં પ્રસ્તારી છે, એને ઘણી ગાંઠનું ઉમેરવું પડ્યું છે.
પૃ. ૧૯ "કેયે " – "ક્યાંના " અર્થમાં સુરતી અસર છે.
પૃ.૨૦ " પૌરવરાજ્ય વિષે તે, ભૂપર અન્યાય કોણ કરવાને,
તત્પર થયો કપટ ધરિ છળવા મુગ્ધતપસ્વિ કન્યાને.
માં शासितरि दुर्विनीतानाम् છોડ્યું છે. બાકી પણ નિર્મળ છે. કોઇ વાર સૂચનોને પણ ઉક્તિ સાથે જોડી દે છે.
પૃ.૨૧ અનસૂયા : "હાલ અતિથિ વિશેષનો લાભ થયાથી વગેરે રાજાને ઉદ્દેશીને છે તે જાણે તે શકુન્તલાને કહેતી હોય. એમ મૂકે છે, તેમજ,

અનસૂયા : સખી શકુન્તલા, આપણે અતિથિની સેવા કરવી લાયક છે, તે માટે તેમની ઇચ્છા પ્રમાણે આપણે પણ થોડીવાર અહીંયા નીચે બેઠાં તો એ પણ કાંઇ ચિંતા નથી." પ્રસ્તારી છે.

તેજ રીતે, શકુન્તલા : "કેમ આમને જોઇને તપોવન વિરોધી વિકારનું સ્થાન બની છું હું ?" ને બદલે

" આ પુરુષને જોઇને મારી ચિત્તવૃત્તિ જાણે બધી બદલાઇ ગઇ એ શું વારુ ?" છૂટ લીધી છે, મૂળમાં કવિનો દરેક શબ્દ સહેતુક – ધ્વનિપૂર્ણ (યુક્ત) છે. તે અહીં માર્યો જાય છે. ત્યાં શકુન્તલા પોતાનો વિકાર તપોવનવિરોધી છે એ સમજે છે, અહીં તેની સમજને એને તેથી તેના પાત્રને હાનિ થાય છે. ધર્માચરણ અને વિકાર વચ્ચે જે ભારે સંઘર્ષ શરૂ થયો છે તેનું સૂચન અહીં ઊડી જાય છે.

પૃ. ૨૨ મૂળ : અનસૂયા : " આર્યના આ મધુર આલાપથી ઉત્પન્ન થયેલી શ્રદ્ધા મને કહેવા પ્રેરે છે. આર્ય કયા રાજર્ષિ વંશને શોભાવે છે ? અથવા કયા દેશના માણસોને વિરહથી ઉત્સુક બનાવ્યા છે ? અથવા આ ઘણી સુકુમાર જાતને શા માટે વનગમન પરિશ્રમની ભાગી બનાવી છે ?

અનુવાદ : વળી બરાબર ને કેવું ? એજેવી રીતે હશે તેમ પૂછાશે. (રાજા ભણી ફરીને તેને કહે છે) મહારાજ, આપના મધુર ભાષણથી અમારા મનને ભરોસો લાગે છે કે અમારાથી કાંઇ અનાડીપણાથી પૂછાયું તો પણ આપને રીસ લાગશે નહિ તેથી હું પૂછું છું તે કહેશો.

સાખી (મરાઠીચાલની)

જન્મધરી કોણ રાજર્ષિનો, વંશ રાજ શોભાવ્યો,
નિજ વિયોગથી કયા દેશને શોકાબ્ધિ ડૂબાવ્યો,
કિયા દેશને હર્ષિત કરશો આપી દરશન દાન
તપોવન આવ્યાનો શ્રમ કાં તમ તને દીધ રાજન

રેખાંકિત ચાતો ઉમેર્યા છે, યા અર્થવિપર્યય કરે છે. ફેરફાર, ઉમેરો કે નીરસતાને પરિણામે આવતી શુષ્કતાનું સારું ઉદાહરણ છે.

~~પૃ. ૨૬ ધર્માસરી~~

માનવને પેટે કમળ આવું સુંદર રત્ન અવતરેજી

પૃથ્વીકેરા પેટમાંથી કયમ ઝળકારો વીજનો નીસરેજી

માં બીજી પંક્તિનું લાલિત્ય બરાબર આવતું નથી.

પૃ. ૨૯ શ્લોક-૨૭ ધનાસરી

હાથેળી કુમળી , આરકત થઇ છે , કુંપળ જેવી ઝાલેજી ,

સ્વાસ ભરાઇ જી આવે , છાતી ધીમે ધીમે કેવી હાલેજી

શ્રમકેરી પરસેવતાં બિંદુ ગાલ ઉપર વેહેજી

મસ્તકનો કેશ પાશ સુશોભિત, છૂટેલો આ દીસે છે જી

માં પં. ૩ છોડી છે. પંક્તિ ચોથીનો અને આખા શ્લોકનો અર્થ પણ નિર્બળ છે. મૂળ છે. " મુખ પર , કાનના શિરીષને રોધતું પરસેવાનું જાળ બંધાયું છે., અને વિખરાયેલા વાળ છૂટી જતાં એકહાથે તેને નિયમનમાં રાખ્યા છે." થાકેલી શકુન્તલાનું મનોહર ચિત્ર અહીં દેખાતું નથી. તે ઝાંખું બની ગયું છે.

અંક.૨. પૃ ૩૩ થી છે. વિદુષકની ઉક્તિનો અનુવાદ પ્રસ્તારી થયેલ છે. તે કચાશવાળી ભાષાનો નમૂનો છે. શ્લોક ૧ નો આર્યાની ૪ પંક્તિમાં , અને શ્લોક ૨ નો ૮ પંક્તિમાં અનુવાદ કર્યો છે. શ્લોક ૨ મૂળ છે. " બીજે નયનો ફેરીને સ્નિગ્ધતાથી જોયું હોય , નિતંબભારે મંદ ચાલે તે જાણે વિલાસથી હોય , સખીએ અસૂયા પૂર્વક જતાં – રોકી હોય તો તે બધું મારા માટે છે, એમ માનું છું અહો ! કામી જન કેવો પોતાનીજ વાત જુએ છે ? " ને માટે "

સુંદર જોતી હોય કદાપિ જો કો ભણી બીજી મેર,
તો કહેશે મુજઅર્થીને જોયું પ્રેમે નહીં કાંઇ ફેર,
ચાલે મંદ ગતીએ તો કહેશે , ગમન કર્યું જે ત્યારે,
લટકો બતાવવાને કીધું તે જાણી જોઇ નિરધારે.

ગુજ ગોઠડી રાખીશું બેસીને કરતિ હોય જો નારી
તો કહેશે કાંઈને કરે છ વાતો જરૂર તે મારી,
એ પરકારે કામી જનના મનના તરંગ હોયે છે,
તિનો તમામ કૃતિને પોતા પર માનિ મન્થી લે છે.
પ્રસ્તારી, શુષ્ક અને ફેરફાર લાગે વાળો અનુવાદ છે.

પૃ. ૩૭ મૂળ : વિદૂષક :

"શું લાડુ જમવામાં ? તો આ ક્ષણજ જેમ છે. " ને બદલે " લાડુ બાડુ ખાવાના છે કે ? ત્યારે તો મારા પર મોહોટી કૃપા થઇ " એમ કરે છે.

રાજા : ઘેલા ! અહીં રાનમાં લાડુ કયાંથી ?

વિદૂષક : ત્યારે વળી બીજું સહેલું કામ તે કયું ? ઉમેરો છે.

શ્લોક ૪ થી ૭ સુધીનો અનુવાદ મૂળનો આછો અને લાલિત્યહીન પડઘો પાડે છે.

પૃ. ૪૧ વિદૂષક : "ત્યારે એને તકજ ન આપું." માટે અનુવાદ.

વિદૂષક : (મનમાં) એનું મન તો તેના ભણી લાગ્યું હોય તેવું દેખાય છે. વારુ, હવે એ કામમાં ઢીલ નાખવી તે ઠીક નહીં. ઉતાવળ કરવી જોઈએ.

પહેલું વાકય ઉમેરો છે. તો રેખાંકિત અર્થ વિપર્યય છે.

શ્લોક ૮. ભુજંગી છંદ

ખરે જન્મ દેવાંગનાને જ પેટ
ઋષિરાજને પુત્રિ રૂપાળિ નેક
તજિ જન્મ તેવી ગઇ માત હાંથી
જડી તે મુની કણ્વને રાનમાંથી

ગીતિ.

આદિત્ય રત્ન મુનિને મમ ભાગ્યે શું રાનમાંથિ જડિયું ?
મંદાર પુષ્પ દૈવે આકંતરૂપર જયમે ખરી પડિયું ?
અનુવાદ શિથિલ અને નિર્બળ છે રેખાંકિત અંશ ખોટો છે.

શ્લોક ૯–૧૦નો અનુવાદ પણ આવા અને ઉમેરાવાળા પણ છે.

પૃ. ૪૩ શ્લોક ૧૧ મૂળ છે.

"હું તેના તરફ અભિમુખ હોઉં ત્યારે નજર ફેરવી લે છે. બીજા નિમિત્તે હાસ્યનો ઉદય થાય છે, વિનયથી વારેલી વૃત્તિને લીધે તેને મદનને નતો ઢાંક્યો કે નતો પ્રગટ કર્યો." અનુવાદ.

દ્રુત વિલંબિત પદ.

નિરખિ તે મુજને બહુ લાજતી,
ગુપ્ત રીતિથી મ્હોં મલકાવતી,
ઉપજતો મનમાં યદિ કામ[ના]
ભયથિ ના જનમાં કરતી છતો.

આ નિર્બળ અનુવાદ ઉપરાંત તેજ ભાવ શાર્દૂલ વિક્રીડિતની બે કડીમાં ઉતાર્યો છે. તે નિરર્થક વિસ્તાર છે. શ્લોક ૧૨–૧૩ પણ એવાજ છે. વિદૂષકનું નામ માધવ્ય છે. તેને માટે "માધવી" શબ્દ ઘણા સ્થાને વાપર્યો છે. પૃ. ૪૮ વિદૂષક : "મને તો ત્યાં જવાનીજ બીક લાગે છે. કેમકે એકાદા રાક્ષસે મને ઊંચકીને સોપારીના કટકાની પેઠે મ્હોંડામાં નાખ્યો, તો પછી શું કરું ? –

આખી ઉક્તિ ઉમેરો છે.

પૃ. ૫૧ રાજા. આ બેટીનો બામ્હ કોઇ વડો લફંગો જણાય છે. શકુન્તલા વિષે મેં જે તેને કહ્યું છે તે ઘરનાં બઇરાં આગળ રખેને પ્રગટ કરી દેતો, માટે તેને કાંઇ ઊંધું ચતું સમજાવવું જોઇએ. (વિદૂષકને હાથે ધરીને) મિત્ર, ઋષિઓએ મને બોલાવ્યો છે, તેથી હું તેમનું કામ બજાવવાને આશ્રમમાં જઉં છું. હું ઋષિકન્યાની ઇચ્છાએ જાઉં છું, એમ કંઇ નથી. તારા આગળ જે હું બોલ્યો તે માત્ર ગમ્મતનેજ સારૂ જો.

ગીતિ.

ક્યાં હું ને ક્યાં હાં તે, મુગ્ધા અજ્ઞાત જોબના વનની,
હાસ્યવિનોદ ક્યોં તે , ઇચ્છા સમજ્યા ના તુંમય મનની.

રેખાંકિત ભાગ વધો અશુભગ ફેરો છે. તે પ્રયોગો ગ્રામ્ય પણ છે. રોજબરોજની ભાષાના, અસંસ્કારી માણસો કરે તેવા છે. ક્યાં મહાકવિ કાલિદાસનીસરસ સુરુચિ પૂર્ણ વાણી અને ક્યાં આ તેનો સ્થૂલ અસંસ્કારી અવતાર !

અંક. ૩ " એ છોકરીને આપણા કણ્વ ઋષિ તો કેવળ જીવ પ્રાણ છે. માં રેખાંકિત પણ ગ્રામ્ય પ્રયોગો છે. "अद्यापि नूनं हरकोपवह्नि: નો અનુવાદ વસંતતિલકામાં કર્યો છે. તે પણ નીરસ છે.

પૂ. ૫૬ શ્લો. ૩ : (અનુવાદક મોનિયર વિલિયમ્સની વાચનાને અનુસરે છે તેથી કેટલાક વધારાના શ્લોકો પણ જોવા મળે છે.)

તને કુસુમશરને શીતરશ્મી કહે છે જેમ શશીને,
પણ એ નામ તારાં ખોટાં લાગે જન કામીને,
શીત કરે અગ્ની રેડવો કામ શશીનું ખોટું,
વજ્ર સમું તુજ શસ્ત્ર કરે તું કઠિન એ તુજ મોટું.

શ્લોક ૪. वृथैव समत्यशनै: (મો. વિ.) ને કાલેની આવૃત્તિના શ્લોક ૪ પછી મૂક્યો છે. શ્લોક - ચોથાનો અનુવાદ કંઇક સારો છે. બાકી બધાનો નીરસ છે.

શ્લોક ૫ शंयमनअरविन्द०

શીતળ સસુગંધ પવન જાઝણ પુન મંદમંદ વહે જેહ,
દુ : ખી મુજ તનને તે આલિંગન યોગ્ય છે ખરે તેહ ,

રેખાંકિત – ૧ માં " માલિની " શબ્દ છોડ્યો છે. ૨ માં "અનંગથી તપેલાં મારાં અંગોને" એ મૂળ છે " ખિન્ન " ને માટે " મહેનતથી થાકેલા " કર્યું છે. શ્લોક – ૬ માં "પાંડુસિંચ્તૈ०" છોડ્યું છે.

પૃ. ૫૮ રાજા "बलवद स्वस्थ शरीरा शकुन्तला दृश्यते " વગેરે. "એની પ્રકૃતિ સ્વસ્થ નથી. એ ઘણી વ્યાકુળ થઇ હોય એમ લાગે છે. વારુ એ તડકાના તાપને લીધે હશે કે જે વાત મારા મનમાં છે તે વાત એના મનમાં આવીને એને દુ:ખ કરે છે એમ હશે ? "

રેખાંકિત–૧ અયોગ્ય પુનરુક્તિ છે. ૨ ઉમેરો છે.

પ્રિયંવદા. "અમારી આગળ કહેવાને તારે કાંઇપણ સંકોચાવું ન જોઇએ, તારે પોતાના દુ:ખની દરકાર કરવી નહિ. રેખાંકિત માટે મૂળ છે, " ઉપેક્ષા કરવી જોઇએ નહીં." અર્થવિપર્યય છે.

શ્લોક – ૮ મૂળ છે. મુખતદ્દન સૂકાઇ ગયેલા ગાલવાળું થયું છે, સ્તન ઢીલા થઇ ગયા છે, કટિ વધારે કૃશ થઇ છે, કટિ ખભા તદ્દન નમી ગયા છે, કાંતિ ફિક્કી પડી ગઇ છે, તેથી તે કામદેવે સંતાપેલી હોઇ પત્રોને શોષતા પવને સ્પર્શ કરેલી માધવી લતાની પેઠે પ્રિયદર્શના લાગે છે. અનુવાદ

ઇન્દ્રવજ્રા.

પ્રિયાતણા ગાલ ગયા સુકાઇ,
છોડી કુચે તેમ કઠીણતાઇ,
થાકી કટિ પાતળી છેક જેહ,
બાહુ દીસે શીથિલ બહુ તેહ.

વસંતતિલકા

નાંખ્યું વિંધી સ્મરશરે કુમળું શું તન,
ફીકું પડી ગયું ખરે અતિશે વદન,
સોસાઇ તાપથી ગયું તન એનું એમ,
તાપે કરી રવિતણા શર તોય જેમ.

પ્રસ્તાર છે, છતાં મૂળનો અર્થ પૂરો આવતો નથી. પં. ૩-૪ નો રેખાંકિત અનુવાદ નિર્બળ છે. મૂળને બદલે રેખાંકિત પંક્તિઓ કૈંક જાદુજ કહે છે.

શ્લોક-૧૧ મો રાજાની વિરહવ્યથિત કૃશ સ્થિતિનું સુંદર સ્વભાવોક્તિમાં નિરૂપણ કરે છે. " ઉશીકે મૂકેલા હાથ પર અંત:તાપથી ઉષ્ણ બનેલાં અને સરતાં આંસુથી વિવર્ણ થયેલા રત્નોવાળું, અને જે પહેલાં જ્યાંના આઘાતનાં આંટણને સ્પર્શતું એ નહોતું તેવું સુવર્ણ વલય મણિબંધનથી વારંવાર સરકી પડે છે, અને મારાથી ફરી ફરીને ઊંચુ ચડાવાય છે." અનુવાદ.

કનક વલય મુજ પેસતું આવતું કરમે જેહ,
પડી ગયું છે છેકજ ઢીલું, દીસે છે કરતેહ
કરથી નથિ કહોણિ પર ચઢતાં લાગ તિ/ર
એવો કૃશ હું મુજને દેખું છું નિરધાર.

હરિણી છંદને બદલે દોહરામાં કરેલો આ અનુવાદ અત્યંત નિર્બળ અને શુષ્ક પડ્યો પાડે છે.

શ્લોક ૧૨. મૂળ છે : હે ભીરુ, તેના જેના તરફથી અવગણનાની તું શંકા કરે છે તે આ તારા સંગમ માટે ઉત્સુક બનીને ઊભો છે. લક્ષ્મીની ઇચ્છા કરનાર તો તેને પામે કે ન પામે, પણ જેને લક્ષ્મી પામવા ઇચ્છે છે તેની પ્રાપ્તિ તેને શી રીતે દુર્લભ હોય ? તેને માટે :

ધરે જેની શંકા પ્રિયા મનમાંહી,
ઊભો તે પ્રીતિકાજ આતુર આંહી,
રમા દુર્લભા તેહના દાસને તો,
કહે તેમ શું છે રમાને મને તો.

પં. ૩-૪ માં તદ્દન આછો અનુવાદ છે. તે શુષ્ક છે.
પ્રિયંવદા : "એમ અટકી શું બેસે છે ?" જેવા ઉમેરા તો ઠેર ઠેર છે. શકુન્તલાની પ્રણય ગાથાનો અનુવાદ ગીતિમાં કરવાને બદલે શાર્દૂલમાં કર્યો છે, તેથી નિરર્થક વિસ્તાર થયો છે. રાજાની તેવીજ ઉક્તિનો અનુવાદ માલિનીમાં કર્યો છે.

મદન અલિતને તો સુંદરિ તાપે છે,
પણ ક્રૂર મુજને તો શું કહું બાળી દે છે.
દિનકર દુઃખ આપે ચંદ્રને જેમ ભારે,
તેમ કમલિનીને ના તેવું લાગે જ ત્યારે

રાજા : "अनुपंत मनुतापं जनयति – કેમકે કહિયે નહિ તો તેનો મનમાં ખીતરો રહી જાય." भद्रे, साधारणोऽयं प्रणय: માટે : અમારા બન્નેનો પ્રેમ પરસ્પર છે. રે. પંડિત પ્રયોગ સ્થાનિક અસર બતાવે છે. અનુવાદ શિથિલ છે.
શ્લોક ૪૭ મૂળ છે. "હે હૃદયમાં વસનારી, આ અન્ય પરાયણ હૃદય વિષે તું અન્યથા ધારીશ તો, હે મદિરેક્ષણે"

મદનબાણથી હણાયેલો હું ફરીને હણાઉં છું " – ને બદલે

નથીજ હૃદય માહરૂં કંઈજ રાજિ પીછે પરે,
સુધાબિંદુ તજી મુખે કવણ કાજિને ધરે.
કરે છે મનમાનતી કલ્પના મને તાહરે
પરંતુ સ્મર બાણથી હત થયો ફરી હું અરે.

પૃથ્વીમાં છે, તેમાં રેખાંકિત ઉમેરો છે. બાકી પણ મૂળના ભાવ કે શી અર્થનો પડઘો પડતો નથી.

શ્લોક ૧૮ મૂળમાં અનુષ્ટુપમાં છે. તેનો અનુવાદ ભુજંગી છંદમાં કરે છે :

ઘણી વલ્લભા છે કદિ મુજ જોય
ખરે બે થકી શોભશે કુળ તોય,
સમુદ્રે વીંટાયેલ છે એક ધાત્રી,
બિજી તો કહું છું સખી આ તમારી.

રેખાંકિત " द्वे प्रतिष्ठे कुलस्य मे " માટે છે. અનુવાદ નિર્બળ છે રાજા શકુન્તલાને પોતાનો પ્રેમ સ્વીકારવા સમજાવે છે. ત્યાં એક ૩માં " ભીરુ, ગુરુનો ભય રાખવાની જરૂર નથી. ધર્મને જાણનાર શ્રીમાન કુલપતિ આ જોઈને તારો દોષ નહિ માને" વગેરે માટે અનુવાદક :

અરે બિકણ, તને ગુરુજનનું ભય લાગતું હશે, પણ તે ભય મનમાં શું કરવા આણે છે? તને જોઈને તારા પિતા ભગવાન કણ્વ મુનિ(ઋષિ) ન્યાય પ્રમાણે થયું એમ સમજી, તને ઠપકો નહિ દે, કેમકે

રાજર્ષિ કન્યકા બહુ, ગંધર્વ વિવાહથી વરી પતિને,
તેના કોઈ ગુરુજને ક્રોધ ધાર્યો નથી તે વિષે રતિને.

આમાં મૂળનું કંઇ લાલિત્ય આવતું નથી. ધ્વનિ અને ગૌરવ પણ નથી. કાલિદાસે સુંદર રીતે વ્યકત કરેલા ભાવોનું લાલિત્ય આમ ધવાયે જાય છે.

શ્લોક.૨૨ અપરિક્ષત૦ अपरिक्षत०

રોળાવૃત્ત

નૂતન સ્પર્શ રહિત કળી કોમળ તે માંઇ
રહ્યું મધુર મધુ જેહ, જેમ અલિ હરે લુભાઇ
તેમ અધર રસ મધુર, તુજ પીવા દે પ્યારી,
શોક મટીને થશે પ્રિયા થી શાંતિ મારી,
કામે કીધું હૃદય અતિશે તપ્તજ મારૂં,
કરવા દે તે શાંત, લઇ અધરામૃતતારૂં.

રેખાંકિત માટે કંઇ ટીકા કરવા નીચે જરૂર છે ?

પૃ.૭૧ શકુન્તલા : "હે સંતાપહારક લતાવલય, ફરી ઉપભોગ માટે હાલ હું તારી રજા લઉં છું" એમ મૂળમાં છે તેમાં રાજા અને સંતાપહારક. લતાવલય એ બંને સંબોધન છે. તે માટે અહીં : હે સંતાપ હારક લતાવલ્લિયો તમે મારો સંતાપ દૂર કીધો, એ તમારો મારા ઉપર ઉપકાર થયો. હવે હું રજા લઉં છું. પણ સુખના ઉપભોગને વાસ્તે મારો તમારો ફરી સમાગમ થાઓ એવી આશા રાખું છું." એમ કહે છે.

શ્લોક ૨૪ નો ગરબા અને વસંતતિલકામાં અનુવાદ અતિ પ્રસ્તારી થયો છે. તે વખતની રંગભૂમિ ઉપર એવી ગરબી હશે, તોયે તે અનુવાદમાં – અનિર્વાહ્ય ગણાય. શ્લોક – ૨૫ નો અનુવાદ પણ શુષ્ક અને પ્રસ્તારી છે.

ર,૧૫

પૃ.૭૭ અં.૪ દુર્વાસાનો શાપ :

અરે મૂર્ખ પોરી ! અતિથિનો અનાદર કરે છે કેમ ? ત્યારે લે આ મારું શાપ વચન.

ચોપાઇ.

ધિક ધિક તુંને નાખી બાળ, તુચ્છકારે છે અતિથિ આકાળ,
હું ઊભો છ અનાદર થકી, મુનિ મોટો તપસા એ નકી,
મોટી આ તપની હું ખાણ, સૌ આદરનું યોગ્ય પ્રમાણ,
તેવાને તું ઉવેખ્યો/વીછતે, આવિયો જ્યારે વળી,
દૂર પરોણા ગતને કરી, ઉલટી પ્રિયને ચિંત ધરી
તે માટે તું લે આ શાપ તુંજ ચિંતવ્યો જાશે ભૂલ થાપ
પ્રાણે પ્રેરવશે તું પ્રીત, તોય સ્મરણ થાશે નહિ ચિત્ત,
રૂદે ચિત તુજ નવ રેહશે, વિતી વાત સૌ ભૂલી જશે.
છાકટ છકિ ચધરાતે જેમ, રંગે બકર્યું નકારે તેમ.
ગણે પડે છે એનું કહી, નકારશે તે તુજને સહી.

પ્રસ્તાવ/નીરસ, બિન જરૂરી અને હાનિકારક છે. પૃ. ૭૭-૭૯પર, મૂળમાં શકુન્તલાની સૌભાગ્ય દેવતાના પૂજનની વાત છે. તેને મંગળા ગૌરીની પૂજા ગણાવે છે. यात्येकतो स्तशिखरं " શ્લોકનો અનુવાદ પણ શુષ્ક છે. તેમાં ઘણું છોડયું પણ છે. પૃ. ૮૨ પર અનસૂયાની ઉકિતમાં ગોટાળા છે. " હું જાણતી હોઉં તો પણ મજથી શું થઇ શકે ? મારી ધીરજ તો મૂકાતી ચાલી. રોજના કામકાજમાં પણ હવે મારા હાથ પગ ચાલતા નથી. ચાલો, થયું તે થયું. પણ જે કામે અપ્રમાણિક જન ઉપર મારી સખી પાસે વિશ્વાસ મૂકાવ્યો તે કામ તેના મનમાં જાગ્રત થઇને તેના પ્રેરણા કરો. અથવા રખેને દુર્વાસા

ઋષિના શાપને લીધે ભૂલી ગયો હોય ? નહિતો આવી આવી વાત કરીને હમણાં સુધી કાગળનો કટકોયે કેમ ન મોકલે ? એટલા માટે તેણે આપેલી મુદ્રિકા તેના પર મોકલવી જોઈએ, પણ આ દુ:ખિયા તપસ્વી જનમાંથી તે લઈને જાય એવો કોણ છે ? એમાં શકુન્તલાનો (દોષ) વાંક, એમ કહીને બેસી રહિયે તો પણ ઠીક નહિ. તાત્ કણ્વ પણ હજુ હમણાંજ પ્રવાસથી ચાલ્યા આવે છે, તેને દુષ્યન્ત સાથે ગાંધર્વ વિવાહે વરીને શકુન્તલા ગર્ભિણી છે તે પણ મુજથી કેમ કહેવાય ? હવે અમે શું કરિયે ?

રેખાંકિત ભાગો અસંબદ્ધ અસુભગ ઉમેરા છે અથવા અર્થ વિપર્યય છે. અંક ૪ મૂળમાંજ સુંદર છે. અને " तत्रापि च चतुर्थोंकः " એવી યોગ્ય પ્રશસ્તિ પામ્યો છે, તેનો અનુવાદ પણ ફિક્કો છે.

શ્લોક ૬: यास्यत्यद्य० નો અનુવાદ,

નારાચ છંદ

શકુન્તલા જવાથી દિલ દુખી મુજ થાય છે,
વહે છ અશ્રુધાર મુજ કંઠ તો રૂંધાય છે.
સનેહ દુ:ખ થાય વનવાસિ તે મુને અતી,
થતી હશે શિ ગૃહસ્થની સુતા વિજોગથી ગતી.

મૂળ તો અત્યંત નિષ્પ્રાણ પડશી પાડે છે. શ્લોક ૯ થી ૧૨ ના અનુવાદ પણ એવોજ છે. શ્લોક ૧૪ પછી શકુન્તલાની ગદ્યોકિત પદ્યમાં મૂકી છે તે શિખરિણી છંદમાં છે. પ્રસ્તારી અને ફિક્કી છે.

शुश्रूषस्व गुरून् નો અનુવાદ

મોટેરાંની કરજે સેવ, શોક્યુધરવી સખી સમટેવ,
પ્રીતિ ઉતારેજ દક્ષિણાથ, કોપતિ કદિ નવ્યૂ પતિસાથ
રે, હું સાવધ છોડી ગર્વ, દયા કરવી સેવક પર સર્વ,
એમ ચાલતી ધરણી થાય, કુળકંટક બીજી ગણાય.

અહીં પણ મૂળનાં અર્થ ગૌરવ કે લાલિત્ય ભાગ્યેજ દેખાય છે. અંક. ૫ હંસપદિકાની ઉક્તિને ભૈરવી રાગમાં આમ મૂકી છે.

લુબ્ધ થઈને નવા મધુરસમાં ચૂસી મંજર અંબાનીરે ... લુબ્ધ૦
મંજરીમાં તું કરીને વાસો રહે તો અતિ સુખ માનીરે લુબ્ધ૦
પણ હવે તું પાછો જઈને કમળમાં સુખે બેઠો રે લુબ્ધ૦
અરે ભમરા તું મંજર ભૂલીને કમલગ્રહે કાં બેઠોરે લુબ્ધ૦

અહીં પણ મૂળનાં લાઘવ અને લાલિત્ય ઓછાંજ ઊતરે છે.

પૃ. ૧૦૨. रम्याणि वीक्ष्य० વસંતતિલકા છંદ ને બદલે.

જોઇ ચીજો રમણિ શબ્દ સુણી મધુરા,
સુખી છતે જન બને ઉત્સુક પૂરા
ત્યારે બહૂ કરિ ન ચિંતવશે કદાપી,
સ્નેહીજનો તરત સાંભરશે તદાપી.
જાણું હશે જનતાન્તરનાજ માટે,
આ સાલ અતીશ વલખાય છે તે જ માટે.

રેખાંકિત 'રમ્યાણિ' માટે છે. અર્થ બદલાઇ જાય છે. તે ખરાબ છે. ભાષાંતર નિર્બળ છે.

પૃ. ૧૦૮ રાજાનું વચન: પર સ્ત્રીને ધ્યાનપૂર્વક જોવી ન જોઇએ " મૂળમાં સ્વગત નથી છતાં શકુન્તલા તે સાંભળતી નથી. તેના મનમાં ચાલતી ગડ મથલના એકભાગ જેવી તે સૂચક ઉક્તિ અનુવાદક શકુન્તલા એ સાંભળી છે, એમ સૂચવે છે, તે ભૂલજ છે. શ્લોક ૧૫ त्वमर्हतां० અનુવાદ કવિત છંદમાં કર્યો છે.

અધિક પ્રતાપવાન સહુ શ્રેષ્ઠ સ્વામી થકી
તુજને ગણિયે છીએ અમેનીજ મનમાંહિ,
તેમ સહુ સદ્ગુણેકરિ શકુન્તલા શુભ
હુવે હુણ પ્રતિમા પ્રગટ, સ્ત્રીને રૂપે આંહિ
કંથને કામિનિ કેરૂં જોડું તે અનૂપ જોઇ
રીઝિયે છિયે અમે સુજ્ઞ વિધિ કેરી ચતુરાઇ
કજોડાથી રિઝે છે એ દોષ હવે તેના પર
કોઇને મૂકવા તણી રહી ન જરૂર કાંઇ,

પ્રસ્તાવલી છે. ભાષા અશુધ્ધ છે. કેટલાક બિન જરૂરી ઉમેરા પણ કર્યા છે.

મૂળ: શાર્ઙ્ગરવ: શું કરેલા કાર્યપ્રતિ ક્ષોભ ને કારણે ધર્મ પ્રતિ વિમુખતા અને અવજ્ઞા કરી છે?

રાજા : આ અસત્ કલ્પનાનો પ્રસંગ ક્યાંથી?

શા : ઐશ્વર્ય મદ લોકોને ઘણું કરીને આવા વિકારો થાય છે.

આમાં શાર્ઙ્ગરવની ઉક્તિ શ્લોકમાં છે તેને બદલે પૃ. ૧૧૧ પર ગદ્યમાંજ અનુવાદ કર્યો છે.

શા : પોતે કરેલું કામ ઊલટું લાગે છે. માટે પોતાનો ધર્મ ત્યાગ કરીને આડે માર્ગે ચાલવું એ રાજાને ઘટમાન છે?

રાજા : આવો ખોટો મુદ્દો ઉઠાવીને કેવો પ્રશ્ન પૂછે છે?

શા : "એટલું સારું છે કે જે લોકો સંતોના ધેનમાં છે તેઓ સિવાય બીજાઓમાં આવું પે વચની પણું જોવામાં આવતું નથી." અહીં ગદ્યમાં અનુવાદ છે તે – ઉપરાંત તે નબળો પણ છે. શ્લોક ૧૯ इदमुपनत० જેવા ધ્વનિગર્ભ સુંદર શ્લોકનો અનુવાદ દોહરામાં લાલિત્યહીન કર્યો છે. એકમાં સ્થળે સ્થળે ગ્રામ્યતા પણ દેખાય છે. પૃ. ૧૫૪

ગૌતમી : કેમરે પોરી ! આંગળીમાં વીંટી નથી ? નીકળી ગઇ કે શું રે ? વધારાનું છે, તેમાં સુરતી લહેકો નોંધપાત્ર છે.

રાજા : સ્ત્રીઓને <u>જુઠ્ઠા ઉઠાવતાં વાર ન લાગે તેનો જુઓ આ પ્રત્યક્ષ દાખલો.</u>

શકુન્તલાની ઉક્તિ : " અનાર્ય પોતાના હૃદયના અનુમાનથીજ જુએ છે ધર્મનો ચંપળો ધારણ કરેલા અને ઘાસથી ઢંકાયેલા કૂવા જેવા તારું અનુકરણ બીજો કોણ કરે ?" એમ છે તેને બદલે,

અરે દુષ્ટ, તું પોતાના મનના વિચારો પરથી પારકાના મનના વિચારની તુલના કરે છે કે ? અરે તું દગલબાજી કરવામાં તો એકજ. તારો બરોબરિયો તો બીજો કોઇજ નહિ ! લીલાઘાસની વનસ્પતિથી ઢંકાઇ ગયેલા મુખવાળા, ખડકની પેઠે, ઉપર ઉપરથી " આસ્તિકની " અને નીતિને ધર્મવિશ ધારણ કરીને "ભીતરકી તો રામજી જાને" એવું આચરણ કરે છે. " મૂળના લાઘવ અને ગૌરવનું તો અહીં નામ નિશાને નથી. વાગ્યુદ્ધને અંતે રાજા શાર્ઙ્ગરવને પૂછે છે " તમને અહીં ગૌરવ લાઘવ (लघरोत्तरम्) પૂછું છું." રાજાના આ કથનનો જવાબ તેને જડતો નથી. તે ચૂપ થઇ જાય છે.

એ છે રાજાનો વિજય, એ વાત અનુવાદકના ધ્યાનમાં નથી. એતો : રાજા : (પોતાના ગોરને :) " હે ગોર મહારાજ ! હવે મારે શું કરવું તે કહો. આ બેમાંથી કયામાં વધારે અને કયામાં ઓછું પાપ છે ? " આ ભૂલજ છે વળી "ગોર" શબ્દનો પ્રયોગ પણ અનુચિત છે. અંક ૬ માં વિષ્કંભકમાં માછીમારની ઉક્તિઓમાં સુરત તરફના કોઇ દુબળા કે માછીનીભાષાનો. પ્રયોગ કર્યો છે, પૃ. ૧૨૪ ચોર (બીધા જેવું ગરીબડું મ્હોં કરીને) અરે છાબ ! કીરપા કરો કે હું એવું ખોટું કામ કરવા વાળો માણહ નીતો. ધેણી તેને મને હારોજ છે, અથવા, ધ્યાયબ તમે મને અહોના. જેનો કે, પૃ. ૧૨૭ નું રાજા છાયા છે. મારાપર મોટી કુરપા કરી. કેમ ધણી છાયાબ, તમે તો મને પેલી ફૂલની માળા પહેરાવતા હતાને ? આ લો મને જે મળ્યું છે તેમાંથી અર્ધું તેના વહેલાયાં.

પોતે સ્વીકારેલા બોલી સ્વરૂપને લેખક પૂરેપૂરા વળગી રહેતા દેખાતા નથી. મૂળમાં વપરાયેલું પ્રાકૃત માછીને યોગ્ય હો, છતાં અહીં આ પ્રકારની ભાષા તેના મુખમાં મૂકવાનીયે જરૂર દેખાતી નથી. પૃ. ૧૩૩ શ્લોક – ૫ નો અનુવાદ સમશ્લોકી છે.

> છોડ્યા ભોગ વિલાસ મૈત્રી પણ તે નિત્યે ન કાંઇ જે,
> ચિંતા જાગ રહે નિશાનિ રગમે, લોટીજ શય્યા વિષે,
> જો જાયે વચ્ચા વિવેક ધરી તે અંત:પુરે સ્ત્રી થકી,
> દેતાં નામ ભૂલ ફરી લજવાઇ જાયે સદા તે થકી.

મૂળના : " રમ્ય વસ્તુનો દ્વેષ કરે છે. પહેલાંની જેમ રોજ પ્રકૃતિથી સેવાતા નથી. શય્યાના છેડા પર પડખાં ફેરવતાં જાગતાં જાગતાંજ રાત વીતાવે છે. દાક્ષિણ્યથી ઉચિત વાણી અંતઃપુરમાં બોલતાં નામમાં ભૂલ થઇ જવાથી લાંબા સમય સુધી મૂઢ બની રહે છે. ને બદલે ઉપર્યુક્ત અનુવાદ નીરસ છે.

પૃ. ૧૩૭ વિદૂષકની મૂળ ઉક્તિ, "હું ભૂલ્યો નહતો. પણ બધું કહીને અંતે તમે, "આનો પરિહાસમાં કહ્યું છે. તે હે મિત્ર સાચું નથી. એમ કહેલું. અને મેં પણ માટીના ઢેફા જેવી બુદ્ધિ વાળાએ એમજ માની લીધું. અથવા ભાવિજ બળવાન છે." ને બદલે "નાના, હું કંઈ ભૂલી નથી ગયો, પણ તેં તે વખતે બધી વાત કરી રહ્યા પછી છેલ્લે એવું નહોતું કહ્યું કે હું તો તે અમથો હસતાં હસતાં બોલ્યો છું. માટે હું તે ખરું માનીશ નહિ. હવે હું જડબુદ્ધિનો તેથી હું તો તેમજ સમજ્યો. તારા તો પેટમાં કંઈ અને બહાર કંઈ તેની મને શી ખબર પડે ? પણ નસીબ બળવાન છે. તેનું ધાર્યું મિથ્યા થાય નહીં." અહીં રેખાંકિત ઉમેરો અને અનુવાદ શુષ્ક છે. રાજા વિદૂષકને "તૂં" કારે સંબોધે છે તે ય ખટકે તેવું છે.

શ્લોક – ૯ શિખરિણીમાં છે, તેનો અનુવાદ દોહરામાં કરે છે.

પ્રિયાતણો જવ અહિં થકી સ્વીકાર મેં નવકીધ,
શિષ્યો પાછળ તે જવા કળકળતી થઇ સિદ્ધ
શિષ્ય મુનિનો બોલિયો ધમકાવીને એમ,
રહે અહીં શું કામ છે, પાછળ આવે કેમ ?
ગુરુ સમ ગણી તેહને, માટે સુણતાં બોલ,
કંઠ થયો બહુ ગદ અતિ, અશ્રુ અંખ અતોલ,
એવી અવસ્થે પૂંઠીને, દૂરથી તે નાચાર,
આ અંજળિયે આંખી નજરે, કરતી મુજ પર પ્યાર,
કઠણ કરીને કાળજું, પ્રિયાતણી દરકાર,
મેં દુષ્ટે કીધી નહીં, તેહ સમેજ લગાર.
માટે મિત્ર માધવી તેની યાદ જવ થાય,
તે માટે મુજ કાળજું, વિષ તીરે વિંધાય.

આને માટે મૂળ છે : " અહીં અસ્વીકાર થતાં તે સ્વજનની સાથે જવા તૈયાર થઇ, ગુરુ જેવા ગુરુ શિષ્યે ઊંચે સાદે " ઊભી "રહે એમ કહ્યું ત્યાં અટકી ગઇ, પછી આંસુને કારણે કલુષ દૃષ્ટિને મારા ક્રૂરના ઉપર નાંખી, તેમને સવિષ બાણની માફક ખટકે છે. " પ્રસ્તાર અને શુષ્કતાનો નમૂનો છે. શ્લોક ૧૨ નો અનુવાદ એવોજ છે. ત્યાં " આણુ વર્વાળીશ " પ્રયોગ કર્યો છે. પૃ. ૪૭ વિદૂષક : એ પોતે તો પોતાનો રાગડો પૈચ્યા કરવાનો અને મને જોઈએ તો ભૂખ આવીને ખાઈ જાય " તથા એવી એમાં તો ઊંચા નીચા કાઢાડ્યાં છે કે તે ઉપર મારી આંખ ઠરતી નથી. અહીં બેઉમાં વિપર્યય છે. મૂળતો દૃષ્ટિ ત્યાંજ સ્થિર થઇ જાય છે. " એમ છે.

પૃ. ૪૯ વિદૂષક : " પોતાની જાતને, એમ કહીને, ગૈતમપુરની આ ઝંઝટ માંથી છૂટો ત્યારે મને મેઘપ્રતિચ્છંદ મહેલેથી બોલાવવા મોકલજો " ને બદલે – વિદૂષક (હસીને) " ચિત્ર સંસાળ એમ કાં કહે છે ? તારા જીવને સંસાળ, એમજ કહેતી. પેલા મેઘાડંબર નામના મહેલમાં જઇને સંતાઇ રહું છું. રાણિએ ઘણા દિવસનો ઊભરો તારે વાસ્તે દાબી મૂક્યો છે તે જેમ શિવે પ્રલય થયા પછી સમુદ્રમાં મંથનને વખતે પીધો હતો તેમ તે તારે પીવો પડશે, પછી તું જ્યારે એના સપાટામાંથી છૂટ એટલે મને તેડાવી લેજે " રેખાંકિત ઉમેરો છે. તેથી અનુવાદ ખૂબ શિથિલ બન્યો છે.

શ્લોક ૨૪ મૂળ છે.

જેમ યોગ્ય કાળે વાવેલી અને મહાન ફળ આપે તેવી પૃથ્વીને

ત્સાઇ છે તેમ આ સાનું સંરોપણ કરી મેં કુલ પ્રતિષ્ઠા રૂપ ધર્મપત્નીનો ત્યાગ કર્યો . તેને માટે :

આવી ધરે ધાવી મેં સ્વકુલ પ્રતિષ્ઠા
જેમાં કરી હતિજ વાવિ મુજપ્રતિષ્ઠા,
દેનાર ભારિ ફળ તેમજ ધર્મપત્ની,
વાવ્યા પછી જ્યમ ધરા ત્સાઇ છે પ્રયત્ને.

આ તેમ શ્લોક ૨૫-૨૬-૨૭ નું યે ફિક્કું અને શિથિલ છે. પૃ. ૧૫૭ પર માતલિની ઉક્તિનો અનુવાદ

" સ્વજન મહીં ન સાધુ છેડશે શરમ વૃષ્ટિ

ખરાબ અનુવાદ છે. રેખાંકિત અંશ — સાતમો શ્લોક ૨ : "અંતરમાં માળાની ઇચ્છાવાળા એને પાસે રહેવા જયન્ત તરફ સસ્મિત થયેલી મંદારમાળા મને પહેરાવી " — ને માટે

ઇંદ્ર તણા તનપર પીત હરિચંદની લેપ શોભતો જેહ,
મંદાર પુષ્પમાળા તેથી સુવાસિત થયેલ અતિ તેહ
નિજકંઠથી ઉતારી ધાલિ મને દેખતાં સુરસ ભાવ
બેસાડિ અર્ધ આસન નિજ પર અતિમાન દઇ સુરરાય
સત્કાર મુજ નિહાળી જયન્તને ઇર્ષ્યા ઉપજી મન,
તે જોઇને હસ્યાં ત્યાં સભાવિષે આપ ઇંદ્ર રાજન્.

રેખાંકિત ભાગ શિથિલ અને પ્રસ્તારી છે. મૂળ માટે ભ્રમક ખ્યાલ ઉત્પન્ન કરે છે. શ્લોક ૩ થી ૬ ના અનુવાદ પણ એવા જ છે. શ્લોક -૭"આ આરાઓના વિવરમાં પડતા ચાતકોથી , અસ્થિર પ્રકાશવાળી વિદ્યુતના તેજથી લેપાઇ જતા અશ્વોથી, જલશીકરોથી ભીની થયેલી નેમિવાળો તારો રથ જલ સભર વાદળો પર રહેલ છે."તેને માટે.

ચાતક અહિં આભનાગાળા થકિ ઉડતા સુદીસે છે,
વિદ્યુતને ચમકારે રથકેરા અશ્વ જોતિ ચમકિ છે
વળી તુજ રથનાં ચક્રો, ધૂમ્રતણા ઓસથી ભિંજાય છે
સજલ જલદ માર્ગ વિષે રથ આવ્યો એમ તેથિ લાગ્યો છે.

ગદ્યાળુ અને નીરસ છે. ત્રીજીપંક્તિ વિશેષ તેવી લાગે છે. શ્લોક ૧૭ માં કવિ રાજાના મનમાં સર્વદમનને જોઈને ઉત્પન્ન થતા ભાવ અને વિચારો નું નિરૂપણ अनुपनीतवर्ण रमणीय वचः प्रवृत्तीन् માં કરે છે. અનુવાદક તેની બોલીને તોતડી બતાવે છે. પણ આ વર્ણન સામાન્ય બાળકનું છે, સર્વદમનનુંજ છે, એમ ભાગ્યેજ કહી શકાશે. ધાવતા સિંહ શિશુને તેની માતા પાસેથી ખેંચી લેનાર બાળક સહેજે પાંચ છ વર્ષનો હોય, અને તો તે તોતડું બોલતો હશે એમ ન માની શકાય.

શ્લોક – ૨૭ " આંસુથી રૂંધાયેલા જય શબ્દથી હું જીત્યોજ છું, કેમકે તારા આ સંસ્કૃત છતાં પાટલ સમા ઓષ્ઠપુટ વાળું મુખ હું જોઇ શક્યો છું" એનો અનુવાદ ઝૂલણામાં :

અશ્રુ પરવાહમાં જય તણા શબ્દને
જો પ્રિયા તુજ ખોવાઇ જાયે,
તોય પણ તાહરિ છબી તણે દર્શને,
આજ અદકોજ આનંદ થાયે.
મુજ વિયોગે કરી શરીર સુકઇ ગયું,
અધર ફીકા જ પડિયા જ જોય,
એક વિજયી વડા નૃપ થકી તેહના
છે જ વિશેષ કરનાર સોય.

મૂળમાંનો ઘણો અર્થ બદલાઇ જાય છે. આ ઉપરાંત પ્રયોગોની બાબતમાંયે આ અનુવાદમાં નોંધપાત્ર વિશેષતા છે. સૌથી નાટકોના અનુવાદ થવાની શરૂઆત થઇ તે કાળનો આ અનુવાદ છે. તેના પ્રયોગોમાં ભૂલો પણ ઘણી છે. શિથિલતા પણ છે, જેમકે,

" આંખો આકુળ કરીને – માટે, 'દુખ દઇને", મને ખબર પડતી નથી, ને બદલે " 'તું શું બોલે છે તેનો મતલબ મને સમજ પડતી નથી,' "એક દિવસ પણ રજા આપ, દૂત માટે " જાસૂદ " (જે એક પુષ્પનું નામ છે.), ટાઢક માટે "તાડક " श्रुतं श्रोतव्यम् ને માટે "હું " જેવા વ્સાબ્ભળવા ઇચ્છતો હતો તેજ તેના મોમાંથી નીકળ્યું." प्रजागरकृश: માટે "ઉજાગરાથી હિજરાયેલો જેવો " તેમને એક મદન લેખ મોકલો ને બદલે " આ વાતનો ભેદ એક પત્રમાં લખવો " 'તમારી સૂચનામાં વળી – વિકલ્પ શો | 'તમારી યોજનામાં શંકા કરવાની ન હોય', ને બદલે, શું લખવું તેમને સૂઝતું નથી. દિષ્ટયા માટે તેને વધાવી, વિનિપાત : માટે " સત્યાનાશની પાટી " पर्याकुलोस्मि માટે મારી આંખોમાં ઊંઘ બહું આવે છે. " મને બચાવ માટે, મિત્ર " શું શોક દુ:ખ કરી વ્યાકુળ થયો છું માટે તું મને સંભાળજે હોં " रमणीय: समय: માટે 'ગોઠવણનો બહુ સારી કીધી હતી ", વંદન કરતાં ને બદલે " નાહાતાં નાહાતાં" ઘટે છે તે બદલે એ બધું મળતે મળતું આવે છે. જેવાં સ્થળોના અનુવાદ અને – ન્યાહાળીને, મોટી સવારમાંજ, પત્નિઓ, તુજઉપર, નીકલતું, નિમ્યાં માટે " નેમ્યા ", રહિયે છિએ, ઉત્સવ માટે "ઓત્સવ", વાહાલા, હુબહુબ, વાહ, છ, હાંકિ, નથિ, છોડિ, થતૂ, પિડિત, ચક્રવર્તિ, દેની, કહેની, – વિટાયૂ, અસાગિયા જ્વને, સમજિયે છિયે, ચુપ, ઠિક, પાન્ના (ક. પાંદડા) બાબોમાં રેહે, કેહે, અગની, મેહેનત, ટાહાડો, સંધિ માટે "સીપે", મુની, મંદીર, કલાપિ, બાળ માટે "બાળા", રૂષિ, "તડાક કરીને મારી" ને, વગેરે પ્રયોગો તે વખતની લેખન પદ્ધતિનો કેટલેક અંશે ખ્યાલ આપે છે. કેટલીક

વિશેષતાઓ અને સુરતી વાણીની અસર લેખકગત પણ છે . ૧૦૦ વર્ષ જૂની હોવા છતાં તે ભાષા કઠે છે . જોડણી પણ તેવીજ છે. તે વખતે જોડણી વિષયક – સ્થિરતા કે એક વાક્યતા આવ્યાં ન હતાં છતાં કેટલાક પ્રયોગો અને જોડણીનો તે રીતે બચાવ કરી શકાય તેમ નથી . કાલિદાસના આવા સર્જનના અનુવાદમાંતો જાગ્રતિની સવિશેષ જરૂર ગણાય .

(૨) અનુવાદ મૂળ ઉપરથી નહિ પણ એક મરાઠી અનુવાદ પરથી કરવામાં આવ્યો છે. તેને મોનિયર વિલિયમ્સનો વાચના સાથે સરખાવ્યો હોવાનું પણ અનુવાદક કહે છે. તો પછી તેમાં ઠેરઠેર આવતા ફેરફાર કે ઉમેરા નિર્વાહ્ય – ન ગણાય. શૈલી અને આ બધાને કારણે અનુવાદ નીરસ અને ગ્રામ્ય પણ બને છે. શબ્દ અને અર્થનું લાલિત્ય , લાઘવ , ગૌરવ , ધ્વનિ આદિનો પડઘો ભાગ્યેજ પડે છે. તેથી તે અસંતોષકારક છે . તેમાં અનુવાદકની રસવૃત્તિની ખામી પણ એક કારણ જાણી શકાય તેથી મૂળ કવિ અને કૃતિને અન્યાય પણ થાય છે.

(૩) સ્થળે સ્થળે પાદટીપો આપી છે. તે મોટે ભાગે સમજૂતીના પ્રકારની છે. પણ કેટલેક સ્થળે છંદ – અલંકાર વિશે ચર્ચા અને ઉલ્લેખો પણ જોવા મલે છે.

(૪) ભાષા -પ્રયોગો તત્કાલીન લેખનના નમૂના તરીકે રસપ્રદ છે. મૂળ શ્લોકોનું સમ શ્લોકી રૂપાંતર તો કોઇકજ જગ્યાએ કર્યું છે. ઘણે સ્થળે છંદ બદલ્યો છે. તેવે સ્થળે લાંબો છંદ પસંદ કરવાને લીધે બિનજરૂરી અને ઘણી વખત હાનિકારક , આધારહીન અને નીરસ ઊમેરો છે. તે શૈલી અને અર્થ તથા ધ્વનિના પોતને પાતળું પાડી નાખે છે. અનુવાદને વધારે રસિક બનાવવા એમ કર્યું હોય તો પણ તે હેતુ સધાયો છે નથી. મરાઠીના અનુકરણને કારણે એમ બન્યું હોય તો પણ તે નિર્વાહ્ય થતું નથી. આ અનુવાદની બીજી આવૃત્તિ ઇ. સ. ૧૯૦૧ માં થઇ છે. તેમાં પહેલી આવૃત્તિની લેખન પદ્ધતિમાં ઠેરઠેર, મોટે ભાગે જોડણીના, પ્રસ્તાવના તો કોઇ કોઇ વધારાના અંશ કાઢી નાંખવાના, સુધારા કર્યા છે. પ્રસ્તાવનાનો વિસ્તાર કરી તેમાં કાલિદાસના જીવન, કવન અને સમય વિષે માહિતી આપી છે. તે કવિને ઇ. સ. ના ૫-૬ સૈકાંમાં મૂકવાનું

વર્ણન ધરાવે છે. અને તેમના વિષેની દંતકથાઓ આપે છે.[૧૫]

નાન્દી શ્લોક ૧. પૃ. ૧

સૃષ્ટિ સ્રષ્ટાની આદ્યા વિધિવત હવિ લૈ જેહ હોમે બીજે, માં રેખાંકિત પ્ર. આમાં છૂટી ગયું હતું તે ઉમેર્યું છે. અનુવાદ પણ વધારે સારો બન્યો છે. પાદટીપ વિસ્તારી છે. શ્લોક નાટકના વિષયનું સૂચન કેવી રીતે કરે છે તે બતાવ્યું છે.

પહેલી આવૃત્તિમાં રાજાના " આ પાછું ખેંચ્યું " ને માટે આજ્ઞા માથે ચડાવું છું " કર્યું છે. તેને બદલે અહીં " ત્યારે આલો પાછું મૂકી દીધું" કહે છે, તે ઉપરાંત વૈખાનસની ઉક્તિ :
" રાજા અમે સમિધા લેવા નિકળ્યા છીએ, માલિની નદીને તીરે કણ્વ મહામુનીનો આશ્રમ દેખાય છે. જો બીજા કામને હરકત પડે એમ ન હોય તો અમારી અતિથિ તરીકેની આગતા સ્વાગતા સ્વીકારશો.

ગીતિ

રમ્ય ક્રિયા મુનિ જનની દેખિશ નિર્વિઘ્ન ચાલતી જ્યારે
જ્યાકિણ અંકિત ભુજ ભુજ રક્ષે કેવો જાણિશ તે ત્યારે"

આખો બંધ વધારે ખીલતું સારો અને શિષ્ટ છે. સંવાદોમાં પણ મોટે ભાગે કે ને કે સુધારો કર્યો છે. इदं किलाव्याज मनोहरं वपुः નો અનુવાદ પણ આ આવૃત્તિમાં વધારે મૂલાનુસારી છે. પ્રથમ આવૃત્તિમાં છોડી દીધેલા શ્લોક ૨૬ નો અનુવાદ આમાં કર્યો છે. ઉપજાતિ

---

૧૫. પ્રસ્તાવના પૃ. ૩૭ થી ૩૨

(૩)

જ્યાં જ્યાં ઊડીને ભમરોજ આવે,
ત્યાં ત્યાં ફરી ચંચળ નેત્ર લાવે,
ભયે નિર્યાં ભ્રૂ કરી આજ બાળા,
શિખે અકામી પણ નેત્ર ચાળા

એમાં રેખાંકિત પદો અસુભગ છે, આમ પૃ. ૨૫ થી ૩૧ સુધી ચાલે છે, પ્રથમ આવૃત્તિમાં રાજાની ઉક્તિના શ્લોકનો અનુવાદ :

મુનીતણું વ્રત આચરિ કરિને આમજ એણે શું રેવું જી
મેન ગ્રારી કામનું ધન કરિને શિદને હું બહુ સહેવું જી
પરવાંગના સંગાથે વનમાં જોઈએ વસવું શાનેજી,
સ્વતંત્રતા શું મૂળથી ન જોઈએ રંકડિએ અબલાતેજી.

કર્યો છે, ત્યાં રાજાના સહજ કુતૂહલજનિત પ્રશ્નનો ભાવ બદલાયો છે. અહીં પૃ. ૩૨ પર તે દૂહામાં છે.

કામતણા વિકારને ઈંધન કરતું જેહ,
શું પરણ્યા સુધી પાળશે તપસ્વિવ્રત એ તેહ,
કે નિજ સરખી આંખથી જે મનહર સોહાય,
તે હરણીના સંગમાં રહેશે એહ સદાય.

વધારે ચૂસ્ત અને મૂલાનુ સારી છે, પૃ. ૩૪ પર રાજા જે થાકેલી શકુન્તલાનુ ચિત્ર આપે છે તે પ્રથમ આવૃત્તિમાં ધનાસરીમાં છે. તે અહીં ઝૂલણામાં રજૂ કર્યું છે.

ઝૂલણા છંદ

ઉંચકી ઉંચકી કુંભ ઢીલા પડ્યા

સ્કંધ હથેળી થઇ ખૂબ રાતી,
શ્વાસ અતિશય ચઢયો તે થકી હજુ સુધી
ઉછળે છે ઘણી એની છાતી,
મુખ પર જાળ બંધાઇ પરસેવની
કાનનાં શિરીષ જેણે રૂંધેલાં,
કેશનો બંધ છૂટવાથિ વિખરાયલા
વાળ તે એક હાથે ધરેલા.

આ પણ એવુંજ છે. અંક-૨ ની શરૂઆતમાં વિદૂષકની ઉક્તિમાં રહી ગયેલા કોઇ શબ્દો ઉમેરી ને તથા અન્વય સુધારીને ત્યાં પણ અનુવાદને વધારે સારો બનાવવા પ્રયત્ન કર્યો છે.

> ચિમડ થયું ભરે છે આ સૂકાણું જોય,
> વન્યચર ગજ પેઠે કષ્ટ સેહે છે તોય ૮

ને બદલે અહીં.

> સતત ધનુષ્ય ખેંચિ ખેંચિને ગાંઠ આવી
> રવિ કિરણ સહેવા થાકની શક્તિ આવી,
> ચિમડ થયું ન દીસે સ્થૂલ કાયાથી જોય,
> વન્યચર ગજ પેઠે સત્વ તેજસ્વી હોય, ૪૨

વધારે સારું અને મુલાનુસારી છે. અંક ૨ ના શ્લોક -૧૪ અને ૧૫ નું ગીતિમાં.

> રક્ષણ મુનિનું કરવા તપોવન વિષે વસે છે રાજન
> સેવા કરિ આપણિ એ પુણ્ય તણો ઢગ કરે છે અનુદિત
> એનેજ ઇંદ્ર પુરિમાં રાજ ઋષિનું નામ એ અપાયે છે.
> શચિદેવી શિલ એ નૃપને સિદ્ધ મુનિ સર્વકાળ ગાયે છે.

ને બદલે બીજી આવૃત્તિમાં

> સર્વ ભોગ્ય એવો જે આશ્રમ તણો કર્યો સ્વીકાર,
> રક્ષા કરવા થકી એ પુણ્યતણો ઢગ કરે છે નિરધાર
> એનેજ ઇંદ્રપુરિમાં રાજઋષી નામ એ અપાયે છે,
> શચિદમશિલ એ નૃપને અહોનીશ સૌ ચારણ ગાયે છે.

પણ વધારે મૂલાનુસારી છે. પહેલી આવૃત્તિમાં પડતો મૂકેલા શ્લોકનો પૃ. ૬૦ની શરૂઆતમાં અનુવાદ કર્યો છે. અંક ૪ ની શરૂઆતમાં પ્રિયંવદા અને અનસૂયાની વાતચીતમાંના ઉમેરો પણ છોડ્યા છે.

અંક ૪ શ્લોક यस्मात्साधुविचिन्त्य०

ચિત્તે આણી મુની તણી સુપદવી ને ઉચ્ચ તારું કુળ
પુત્રીએ પ્રિત બાંધી તુજ શું પૂછ્યા વિના જે મૂળ,
તેથી રાણી બીજી સમાન ગણજે રે ભૂપ તું એહને,
થાનારું પછિ જોનાર નિશ્ચે તે હાથ છે દૈવને -

આ પ્રથમ આવૃત્તિનો અનુવાદ છે. તેમાં રેખાંકિત અંશોમાં જોડણી ખરાબ છે. કેટલુંક છોડયું પણ છે. મૂળનો ભાવ નિર્બળ રીતે ઊતરે છે. બીજી આવૃત્તિમાં પૃ. ૯૮ પર,

તું છે ઊંચ કુલીન સંયમધના છીએ અમો જાણજે,
પુત્રીએ તુજ પ્રિત બાંધિ છે સ્વતઃ, તજો નથી માનજે,
તેથી રાણી બીજી સમાન ગણજે રે ભૂપતું એહને,
ભાગ્યાધીન ભવિષ્ય છે પછી રંગત બોલે નહિ કોઈએ.

આ તથા તેની પછીના શ્લોકનું કડિ ૧૧૩ માં આવૃત્તિમાં વધારે મૂલાનુસારી તથા ભાષાની દૃષ્ટિએ વધારે સુઘડ છે. તો અંક ૫ માં પ્રથમ આવૃત્તિ ૧૧૧ અને બીજીમાં પૃ. ૧૦૭ માં કડી ૧૨૨-૧૨૩ માં તેથી ઉલટું છે. પહેલીમાં.

વસે પી હરે સ્ત્રી અકારી ધણીની,
ધરે લોક સંદેહ ભારીજ તેની.

છે તે બીજી આવૃત્તિમાં

વસે પીહરે માનુની હોય સારી,
ધરે તે વિષે લોક સંદેહ ભારી,
ગુરૂજન તેના મને તેથી ચાહે.
સુતા રાખવા સ્વામી ધામે સદાયે.

ના કરતાં વધારે મૂલાનુસારી છે. પ્રથમ આવૃત્તિમાં અંક ૫ નો શ્લોક ૨૧ રહી ગયો હતો તેનો અનુવાદ,

કૂળને મુજ લાંછન શું કરવા,
તું લગાડ મને હલકો કરવા,
જ્યમ સિંધુ નદી તટને ધસડે
જળમેલું કરે તટને કિચડે

તેમાં મૂલાનુ સાદૃશ્ય આછુંજ છે. મૂળ છે.

મારા કૂળને મલિન કરવા અને મને પાડવા
કિનારાને ધસડી જતી અને તટતરુને પાડતી

નદી સ્વચ્છ પાણીને મલિન કરે તેમ, તું શા માટે કરવા ઇચ્છે છે ?
પૃ. ૧૨૩ પર શકુન્તલાની ઉક્તિ "ધર્મનો અંચળો ઓઢનાર " ને " વાહરે, મુંખે રામ બગલમેં છૂરી, ભગતસ્વે પણ દાનપૂરી " એ રીતે આધારહીન લોકોક્તિથી રજૂ કરી છે.

અંક-૬ ના વિષ્કંભકની પાળીની સુરતી બોલીની છાંટવાળી ભાષાને અહીં કાળજી પૂર્વક સુધારી છે. એતે પાદટીપમાં વિષ્કંભકનો સાર, મહત્વના મુદ્દા રજૂ કરતો, કવિતામાં આપ્યો છે. પૃ. ૧૪૨ પર વિદૂષક : (રાજાને) " આજે તારું ખસી તો નથી ગયું ? " અનુભગ અેરો છે.

આ અનુવાદની ૧૮૬૪, ૧૮૯૬, ૧૯૭૧ એમ ત્રણ વર્ષોમાં ત્રણ આવૃત્તિઓ થઇ છે. છેલ્લી આવૃત્તિની પ્રસ્તાવનામાં તેમના પુત્ર જણાવે છે કે બીજી આવૃત્તિનું કાળજીપૂર્વક અનુસરણ કરીને આત્રીજી આવૃત્તિ છાપી છે. તેથી ત્રણે આવૃત્તિઓને ધ્યાનમાં રાખતાં,

(૧) પ્રથમ આવૃત્તિની જોડણી, ભાષાની ક્યાશ અને અવ્યવસ્થાને સુધારવાનો ૧૮૯૬ ની આવૃત્તિમાં — પહેલી આવૃત્તિ પછી ૩૨ વર્ષે અનુવાદકે પ્રયત્ન કર્યો છે. કેટલાક ઊમેરા કાઢી નાંખ્યા છે. કેટલુક રહી ગયેલુ ઊમેર્યું છે. તો કોઇ કોઇ સ્થળે જોડણી અને અન્વયમાં સુધારો કર્યો છે. કોઇ સ્થળે અસુભગ ઊમેરો પણ દેખાય છે. ત્રીજી આવૃત્તિનાં પ્રકાશન વર્ષોને ધ્યાનમાં રાખીએ તો મૂળ આવૃત્તિને સુધારવાનો આ પ્રયત્ન ભાગ્યેજ સંતોષ આપે છે. સરસ્વતી ચંદ્રનો ચોથો ભાગ રચાયો તેજ વર્ષમાં આ આવૃત્તિ પ્રગટ થઇ છે. તે જોતાં, આ નિર્બળતા કે ક્યાશનો કશો બચાવ કરી શકાય તેમ નથી. મહાકવિ પોતાના કાલિદાસના અર્થ ગૌરવ, લાઘવ, લાલિત્ય અને ધ્વનિયુક્ત સર્જનને ગુજરાતીમાં રજૂ કરવાનો આ પ્રયત્ન નિર્બળજ લાગે છે.

શ્રી. ઝવેરીલાલ ઉ. યાજ્ઞિક ઇ. ૧૮૬૭

આજથી ૬૭ વર્ષ પૂર્વે થયેલો આ અનુવાદ છે. અનુવાદકે ગુજરાતી અને અંગ્રેજીમાં પ્રસ્તાવના આપી છે. નાટકની રસ જમાવટનો અં. ૬-૭ માંથી ઉદાહરણો લઈને ખ્યાલ આપ્યો છે. કવિના સમયનો વિચાર કરતાં તેમને હર્ષ વિક્રમાદિત્ય ના સમયમાં ઇ. ૬-૭ માં સૈકામાં મૂકે છે. રઘુવંશ, કુમાર સંભવ, મેઘદૂત, અભિજ્ઞાન શાકુન્તલ, વિક્રમોર્વશીય, માલવિકાગ્નિમિત્ર, તેમજ ઋતુસંહાર અને બીજી એક બે કૃતિઓનો તેમના સર્જન તરીકે ઉલ્લેખ કર્યો છે.[15]

નાન્દી શ્લોક - ૧

આઠે પ્રત્યક્ષ રૂપે, અખિલ જગતમાં, વ્યાપ પામી રહેલો
રક્ષા તે ઈશ કેરી તમપર હજો । એજ આધાર છેલો,
બ્રહ્માએ નીરરૂપે પ્રથમ જણસ જે સર્જી છે સૃષ્ટિ મધ્યે,
તેથી બીજાગણો આ વિધિવત હુતને અગ્નિ જે લે છ ઉર્ધ્વે.
હોતા ત્રીજો તથા આ શશિ દિનકર બે કાલ નિર્માણ કર્તા
વિશ્વે વ્યાપી રહ્યું છે. શ્રવણ ધ્વનિ તણો ધર્મ આકાશ ધર્તા,
ને આ પૃથ્વી વળી જે જગત પ્રકટ તે વસ્તુની બીજ સ્થાન,
વાયુ આધારથી છે સકલ ભુવનમાં પ્રાણીઓ પ્રાણવાન.

મૂળના શ્લોકને સમાન છંદમાં પણ બે કડીમાં રજૂ કર્યો છે.

મૂળ છે :

જે સ્રષ્ટાની આદ્ય સૃષ્ટિ છે, જે વિધિપૂર્વક હોમેલું હવિ વહે છે જે હોતા છે, જે બે કાલ સર્જે છે, જે વિશ્વને વ્યાપીને કાનના ગુણ - શબ્દગુણ

---

૧૫. પ્રસ્તાવના પૃષ્ટ ૧૬/૨૬.

વાયુ છે, જેને સર્વ બીજની પ્રકૃતિ કહે છે, જેનાથી પ્રાણીઓ પ્રાણવાન છે, એ આઠ પ્રત્યક્ષ શરીરથી યુક્ત ઇશ આપનું રક્ષણ કરો."

મૂળની તુલનામાં નિર્બળ, પ્રસ્તારી અને ફિક્કું છે. શ્લોક ૩ માં પણ, આર્યાગીતિકા " ની બે કડી કરવાથી અનુવાદ પ્રસ્તારી અને શિથિલ બન્યો છે. તેમ છતાં શુષ્કતા અને અસ્વાભાવિકતા ન હોવાથી પ્રયત્ન કૈંક સારો છે. તેવુંજ શ્લોક ૪ નું પણ છે.

શ્લોક – ૫. ग्रीवाभङ्गाभिरामं

(શ્લોક અથવા અનુષ્ટુપ વૃત્ત)

કાળામૃગ ભણી ભાળી પછી નિહાળું આપને,
ચઢાવી પણછ જેણે ધનુ રાખ્યું નિજકરે .૧૦
એ છબી જોઈને સાક્ષાત જાણે શિવપોતે ખરા,
પિનાક હાથમાં રાખી, મૃગયા કારણે ચઢ્યા. .૧૧

રેખાંકિત ભરતી છે. વિસ્તાર અને શુષ્કતા લાગે છે. પૃ.૭ રાજા : આ ઘોડાતો ઇંદ્રના ઘોડાઓને પાણીભરાવે તેવા છે. મૂળમાં अतीत्य हरितो हरींश्च वर्तन्ते वाजिनः । માં સૂર્યના અને ઇંદ્રના ઘોડાઓનો ઉલ્લેખ છે. તે અનુવાદકને ધ્યાનમાં રહ્યું નથી. રેખાંકિત વિશિષ્ટ રૂઢ પ્રયોગો છે. શ્લોક ૯ શિખરિણી -સમશ્લોકી છે.

દિસે જોતાં ઝીણું, વિપુલ થઇ જાયે પલકમાં,
દિસે અર્ધું ભાગ્યું પણ અખમ થાયે તરતમાં,
સ્વભાવે વાંકું જો તદપિ સમ લાગે નયનને,
ન પાસે ના છેટે, નથિ કંઇજ વેગે રથતણે.

રેખાંકિત –૧ સહસા માટે છે., ૨. प्रतिसन्धानं માટે છે. ૩ समरेखम् માટે છે. बाणान् છોડ્યું છે.

શ્લોક-૧૦.

નહિ નહિ તુજ છાજે બાણનો આ પ્રહાર
મૃદુ હરણ શરીરે પુષ્પમાં જેમ આગ,
અતિ ચપલ અરે ! રે જીવ એવા મૃગો ક્યાં ?
કઠિણ શર અને ક્યાં વજ્ર જેવાં તમારાં. ૧૬

મૂળનું લાલિત્ય આછું ઊતર્યું છે. છતાં મૂલાનુસારી છે.

પૃ. ૯ રાજા : " તે મારી ભક્તિની જાણ મહર્ષિને કરશે " ને બદલે ઋષિની ભક્તિ કેવા પ્રકારની છે તેથી તેમને માહિત કરશે."

શ્લોક-૧૭. इदं किलाव्याजमनोहरम्०

સ્વભાવથી સુંદર રૂપ આજે,
ઘડાય તે તાપસ કર્મ કાજે,
ધરે છે એવો અભિલાષ હીલે,
ઉમેદ તેમાં ઋષિની નભેલ. ૨૬

જ્યારે કરૂં પંકજ પત્ર ધારે,
શમીલતા છેદન એ ~~લગાર~~
ન થાય રે છેદન એ લગાર
વૃથા જ તેવો મુનિનો વિચાર. ૨૭.

અહીં મૂળના લાલિત્યનો અભાવ તેમજ વિસ્તાર દેખાય છે.

શ્લોક ૧૮ નું પણ એવુંજ થયું છે.

પૃ. ૧૮ રાજા : " પ્રગટ થવાનો આ યોગ્ય અવસર છે. (ન બીશો, નબીશો) એમ અહીં બોલાયે મારું રાજત્વ જણાઈ જશે. ભલે, તો આમ કહું — " ને બદલે " — હવે ઉઘાડે છોગ પ્રગટ થવાનો અવસર આવ્યો છે.

બીહીશમાં – (એમ અર્ધું બોલીને) (મનમાં) પણ રોહો, પ્રગટ થયો તો મને ઓળખશે કે રાજા છે અને તેથી ચમકશે. હશે ઓળખશે તો ઓળખ, એઓને અભિવંદનતો કરીશ. રેખાંકિત ૧ ૩૦ પ્રયોગ છે.

રેખાંકિત ૨ માં મૂળનો ભાવ બદલાય છે. પૃ. ૧૯ અનસૂયાની ઉક્તિમાં–

" આપની મધુર વાણીથી મારા મનને ધીરજ આવે છે કે કંઇ ગાંડુ ઘેલું બોલાયું તો રીસ ચડશે નહીં અને પૂછવાનું મન થાય છે કે " એમ કહે છે. રેખાંકિત છૂટા હાથનો અનુવાદ છે.

પૃ. ૨૬ અંક–૨ "काम प्रिया". મૂળ છે. "ભલે પ્રિયા સુલભ ન હોય પણ મનતો તેના ભાવના દર્શનથી આશ્વાસન પામ્યું છે. મનસિજ કૃતાર્થ નથી થયો તોયે ઉભયની પ્રાર્થના આનંદ જમાવે છે."
તેને માટે.

" પ્રાપ્ત થવી ન સુલભ એ પ્યારી તોયે જરી ન ગણકારું,
તોયે લટકાએના જોતાં રીઝે ખરેજ મન મારું,
કામ તણી એ આશા જો કે પૂરી પડ્યા વિના હજી છે,
તોય કાળજાં બેનાં સુખ ભોગવવા તૈયાર બેઠાં છે. પ૨–પ૩

કરે છે તેમાં મૂળના અર્થનો આછોજ પડઘો પાડતો પ્રસ્તાર છે.

શ્લોક–૪ નો (કડી પ૭–પ) અનુવાદ પણ શુષ્ક, ગ્રામ્ય અને પ્રસ્તારી છે.

શ્લોક–૮

મુનિ દુહિતા કે વાઇ પણ છે દેવાંગનાતણી પુત્રિ,
ઋષિને માત્ર જડી એમજ એ સૂની મૂકી હતી ચતુરી,
જાઇનું ફૂલ જાણે આ નાજુક, ઊખડી ગયું છે ડાળેથી
પડતું આકડા પર તે શિથિલ ડાંખળી થયેજ કાળેથી.

માં અને શ્લોક ૯ માં પણ પ્રસ્તાર અને શિથિલતા છે.

શ્લોક-૧૦ अनाविद्धम् रत्नम्०

દિસે કન્યા જાણે, ફૂલ વગર સૂંઘ્યુ હજી જેને,
નખેથી જાણે એ કદિ કદિ જ ચૂંટી નથિ વને,
ખરા પાણી વાળું તરત છિપમાંથીજ નિસર્યું,
દિસે મોતી તાજું સરસ એણું વીંધેલ ચિકણું
વળી જાણે એ તો નવિન મધ છે શુધ્ધ મીઠડું
નરે કોયે એનું અમૃત રસનાએ હજુ ધર્યું
મને શોભા લાગે મળ રહિત એને નીરખતાં
કરેલાં પુણ્યો જે ઇતર ભવમાં તેજ ફળતાં,
હશે એવું અહીં મુજ હૃદયમાં તો ખુબ ઠસે
ન જાણું જે ભોક્તા વિધિ પણ કિયાને નિપજશે.

અતિપ્રસ્તારી અને શુષ્ક અનુવાદ છે, તો એક ૩ શ્લોક ૬ નો સમ છંદમાં એકજ કડીમાં કરેલો અનુવાદ :

પડેલ પગલાં તાજાં આગળ ઊંચાં પૂંઠે ઊંડાં ભારે
એના નિતંબો ભારે દેખાયે શ્વેતરેતસર દ્વારે.

સારો છે. પૃ. ૪૬ શકુન્તલા : બહેનો તમે મને વા ઉરાડવાની શું કામ મહેનત લો છો ? માં "किम्" નો અર્થ શું " તે બદલે " શા માટે" કર્યો છે. તે ખોટો છે.

શ્લોક ૧૪ નો સમછંદમાં એકજ કડીમાં કરેલો અનુવાદ પણ સારો છે. શ્લોક ૧૭ મૂળ છે. " હે હૃદયમાં વસેલી મદિરેક્ષણા, આ મારા અનન્ય પરાયણ હૃદયને માટે તું બીજું ધારશે, તો મદન બાણથી હણાયેલો હું ફરીને પણ હણાઉં છું. " નો અનુવાદ.

અવર કોજનમાં મુજ કાળજું,
નથિજ સફલ થયું લગિરે હજું,
હૃદય વાસ કર્યો બહુ તેં સદા,
મુજ વિષેનધરીશ મતો જુદા,
ત્યમ છતાં મનમાં મહિરેક્ષણી,
કદિ વિચાર ઘટે ઉલટો ક્ષણે,
મદન બાણ થકી મૃત હું હતો,
પુનરમૃત્યુ થશે મુજ તેમ તો. (૧૧૩-૧૧૪)

રેખાંકિત પ્રયોગો અસુભગ છે, અનુવાદ પ્રસ્તારી, નીરસ, અને શિથિલ છે. કડી ૧૧૬-૧૭ માં શ્લોક ૧૯ નો પણ એવોજ છે.

અંક – ૪ નો વિષ્કંભક :

દુર્વાસા : અરે ઓ અતિથિનો તિરસ્કાર કરવાવાળી,
વિચાર કર્તાં અતિ એક ચિત્તે,
પિયૂ તણો જે મનમાં વિશેષે,
સામેય આવેલ તપસ્વિ અ હું,
લગીર રે ઓળખતી ન તે તું
કદાપિ તારી સ્મૃતિ કોઇ દેશે,
તથાપિ એને નહિ તું સાંભરે
નિશા ચઢે જેમ થયેલમત્ત,
સ્મરે ન તે પૂર્વ કરેલ વાત.

વિસ્તારી છતાં શ્રી. બખ્ખરના અનુવાદ કરતાં સારો છે.

પૃ. ૬૨. પ્રિયંવદા : હે ભગવન્ આપના તપનું બલ કેટલું, તે મેં કોઇ દિવસ જોયું નથિ માટે હું બાલક બુધ્ધીવાળી દિકરી માણસનો પહેલ વહેલો અપરાધ છે, એવું જાણીને ક્ષમા કરો " અહીં પ્રિયંવદાના અપરાધની વાતજ નથી, શકુન્તલાના અપરાધની છે, માટે તે ભૂલ છે.

શ્લોક-૨ यात्येकतोऽस्त शिखरं ०

આ ચંદ્ર અસ્તશિખરે ઊતરે છે આમે,
બીજી દિશા તરફ સૂર્ય પ્રકાશ પામે,
પૂર્વે કરે અરૂણને રથ અગ્ર ભાગે,
એના થયે પ્રગટ લોક તમામ જાગે,
બેને પદાર્થ અતિ તૈજસ એક કાલે,
અસ્તોદયે જઇ ખરો ઉપદેશ આલે,
જોવી દશા આપણી સુખ દુ:ખ કેરી
દેખો છ તેમ ગણજો જનરે તમારી.

રેખાંકિત અંશો કાંતો ભેરા છે, કે અસુભગ અને શિથિલ છે. "આલે" દુષ્ટ પ્રયોગ છે.

શ્લોક -૫ क्षौमं केनचिदिन्दुपाण्डु०

એક વસ્ત્ર સફેત ચંદ્ર સરખું આપ્યું તરૂ એમને,
થાશે મંગલાર્થ સિદ્ધ એમ એ જાણે કહીને મને
આ લાક્ષારસ રંગવા ચરણને થાશે તને કામનો,
કાઢ્યો એમ ખરા પન થકી આપ્યો ખરો ~~કામનો~~ દાનનો.

વીજીએ વનદેવતા કરકને ઊંચી કરાવેલ આ,
હાથેલી મણિબંધ ભાગજ સુધી જેની કરે સ્પર્ધતા,
પોતાની સુકુમાર સુંદર અને તાજી ફૂટેલી કળિ,
આ આભૂષણ તે વડે મને થકિ દીધાં છે સંમેળી.

માં રેખાંકિત પ્રસ્તાર છે. શુષ્કતા આવે છે. ચોથા અંકના ચાર શ્લોક સુંદરતમ ગણાય છે. તેમાં શ્લોક –૬ यास्यत्यद्यशकुन्तलेति॰

જાશે આજ શકુન્તલા ઘેર થકી એવા વિચારે કરી,
ચિંતામાં મૂળ કાળજું વિરહની કોરાઇ જાયે ફરી,
બેઠો છે મુજ કંઠ ગદગદીત આ અશ્રુપ્રવાહે કરી,
ચિંતાથી નબળી પડી નયન આ દેખે ન શોકે કરી.
એવો શોક અરણ્ય વાસી અમને થાયે ખરા સ્નેહથી
તો શી વાત કરું ગૃહસ્થ ધર્મી સંસારમાં જે રહી,
પામે તે જનની વિયોગ સમયે કન્યા જતી સાસરે
પીડાયે અતિ માત્ર એ નવિન આ પુત્રિ વિયોગે ખરે.

રેખાંકિત ઉમેરો અને સમગ્ર તથા પ્રસ્તારને લીધે મૂળની લલિત અસરને હાનિ પહોંચી છે.

શ્લોક–૯ पातुं न प्रथमं॰

પી પીધેલું નથી જ્યાં સુધી જલ તમે તે કાલ પર્યંત એ,
પોતાના મનને વિષે કદિ કરે ઇચ્છા ન પીવા ખરે,
એ પલ્લવ શોભતાં તમ તણાં તોયે તમારા તણી,
ભારે સ્નેહથકી ખરે કદિ નએ ચૂંટે જરા પાંખડી.
જ્યારે પુષ્પતણી પ્રસૂતિ તમને આવે વસંતે ખરે,
તે કાળે નવ કોઇ બિ ઇતરને સંતોષ એવો વળે,
આનંદે મલકાય એ અતિ ઘણી એવી સખી સાસરે,
તે આ જાય શકુન્તલા સહુ કરો એને અનુજ્ઞા માટે

મૂળ સાથે સરખાવતાં અત્યંત શુષ્ક, પ્રસ્તારી અને અસંતોષકારક છે. શ્લોક –૧૮ નો સમશ્લોકી એકજ કડીમાં હોઇ સારો છે. શ્લોક ૧૭, ૧૬ અને ૧૯ ના પણ એવાજ છે. શ્લોક ૧૯ નો પધ દોહરામાં હોઇ પ્રસ્તારી અને નબળો છે.

પૃ.૭૭ मा भैषीः। अतिस्नेहः पापशङ्की । માટે " બીહીશમાં, બીહીશમાં, થવાનું તો શું હતું પણ કહેવત છે કે अतिस्नेहः पापशङ्की જ્યાં હા ઘણો સ્નેહ ત્યાં હા મનમાં નઠારી નઠારી વાતની શંકા આવ્યા વગર રહેનહિ –" પ્રસ્તારી અલક્ષિત અને અશુદ્ધ ભાષાવાળો અનુવાદ છે. અંક ૫ માં હંસપદિકાની ગીતિનો અનુવાદ સારો છે. શ્લોક ૬ મૂળ છે. "પ્રતિષ્ઠાથી માત્ર ઔત્સુક્ય દૂર થાય છે. પોતાના હાથે પકડેલા દંડવાળા છત્રની પેઠે રાજ્ય શ્રમ દૂર કરે છે, તે કરતાં વધારે શ્રમ આપે છે. " અનુવાદ ૯

ઇચ્છેલ અર્થ મળવે ભુખ માત્ર લાગે,
પીડા મળેલ ધન સાચવતાંજ લાગે,
રાજ્યાધિકાર પણ છત્રસમાન લેખો,
ના થાય દૂર શ્રમ દંડ ન હસ્ત રાખો

પંક્તિ ૩–૪ અસરળ છે. અને અર્થ વિપર્યયી છે. અનુવાદ નીરસ પણ છે.

પૃ.૮૫ શ્લોક–૭ स्वसुखनिरभिलाषः ०

નવ રવ સુખ ગણકારી લોક કલ્યાણ થાવા,
દિન દિન અતિ વેઠો દુઃખ રાજા, વધું આ
પણ તુંજ અથવા એ ધર્મ એવો હશે જે,
સકલ તુજ પ્રજાને પાળવી એ પ્રકારે,
તરુ સહન કરે છે સૂર્યનો તાપ જેવો,
નિજ શિર વિષમે જે તીવ્ર લાગે છે તેવો,
તદપિ પુરુષ પેસે તાપથી હેઠ તેને,
સુખકર નિજ છાયા દે છે એ આશ્રિતોને ૬ શ્ર - ૨૭૯-૭૮

પણ શિથિલ અને નીરસ છે.

શ્લોક ૧૨ નો અનુવાદ એકજ કડીમાં સમશ્લોકી હોઇ સારો છે. સત્સુશ્રુષા : શબ્દ છોડયો છે. પૃ.૯૦ રાજા અને શાર્ઙ્ગરવની ઉક્તિઓ વચ્ચેના ૧૮ માં શ્લોકનું ગદ્યમાં ભાષાંતર કર્યું છે. શ્રી. બખ્ખરે પણ તેમજ કર્યું છે. અંક ૫ થી ૭ ના અનુવાદમાં સૂક્ષ્મ દ્રષ્ટિથી તુલના કરતાંશ્રી. બખ્ખરના અનુવાદની આ અનુવાદ પર છાયા દેખાય છે. બેઉ એકજ શ્લોકનો , એકજ રીતે અને તેય ગદ્યમાં અનુવાદ કરે છે, ત્યાં એ સ્પષ્ટ થાય છે, જ્યાં જ્યાં સમાનતા છે ત્યાં ત્યાં બધે એ છાયા કે અસર ભલે ન માનીએ પણ ભૂલોય સમાન હોય ત્યાં બેઉ અનુવાદકો સ્વતંત્ર રીતે સરખીજ ભૂલો કરે એમ માનવું વધારે પડતું લાગે છે. રાજાની इदं तत्प्रत्युत्पन्नमति० એ તથા નાયક નાયિકાના સંવાદમાં હરણનો ઉલ્લેખ આવે છે, તે પ્રસંગના અનુવાદ પણ એ પ્રકારના છે.

પૃ. ૯૫ રાજા : "કેમ ભાઇ ! આ સ્ત્રીના બોલવા ઉપર તમામ વિશ્વાસ રાખીને અમારા ઉપર ગાળોનો વરસાદ વરસાવો છો ? ત્યાં મૂળમાં "આક્ષેપ મૂકીને યુક્ત વચનોથી અમારા પર પ્રહાર કરો છો " એમ છે. પૃ.૯૬ પરનો રાજા અને શાર્ઙ્ગરવનો સંવાદ , તથા રાજા : અરે સત્યવાદિના દીકરા, કબૂલ કીધું કે હું આ સ્ત્રીને પરણ્યો છું, પણ આ રીતે એને ઠગવાથી શું ફળ થવાનું છે ?

શાર્ઙ્ગ૦ આ તો સત્યાનાશની પાટીવાળી.

રાજા : કોઇ એવું નથી માનવાનું કે પુરૂ કુલનો રાજા પોતાનું અથવા બીજાનું સત્યાનાશ વાળી નાખશે — " એ બેઉમાં, તેમજ શારદવત : અરે શાર્ઙ્ગરવ , હવે ઝાઝી રકઝક કરવામાં શું વળ્યું ? આપણે ગુરૂનો સંદેશ હતો તે કહ્યો, ચાલો હવે પાછા વળીએ " આ બધાં સ્થાનોમાં અનુવાદની સમાનતા કેવળ અકસ્માત હોય એમ માની શકાતું નથી.

શ્લોક–૨૨ स्त्रीणामशिक्षित०

સ્ત્રીમાં જનાવર તણી અણશીખવેલું
દેખાય છે કપટ આપ થકી થયેલું
તો વાત શી છલતણી કરવી અમારે,
જ્ઞાને કરી અધિક માણસ જાતિ ત્યારે.
જો અંતરિક્ષ ઉડતાંજ ખગ ઉ પોતે,
સ્ત્રી કોકિલો અવર પક્ષિ કને કરાવે,
સંભાળ બાળક તણી નિજ તે પછીથી,
પોતે કરે ગમન, સ્નેહ ન હોય તેથી.

રેખાંકિત અલૌકિકારક પ્રયોગ છે. અનુવાદ શુદ્ધ અને પ્રસ્તારી છે. અંક–૬ ના વિષ્કંભકમાં માછીની ભાષામાં ચરોતરી લઢણ આવે છે, જાનુક અને સૂચકની ઉક્તિઓમાં હાલના પોલીસો વાપરે છે તેવી હિન્દી ભાષા વાપરી છે. તે વખતે નહતી, હિન્દી કે નહતા મુસલમાનો. પોતાના વખતના સિપાહીઓની ભાષા સ્વાભાવિકતાની છાપ પાડવા મૂકી હોય તોયે તે કાલવ્યુત્ક્રમ અને અસ્વાભાવિકતા ગણાય. પણ છેવટે તો તે અભિપ્રાયનો પ્રશ્ન છે. બીજા કેટલાક અનુવાદકોએ પણ તેમ કર્યું છે. નમૂના પૃ. ૧૪૨. બેને સિપાઇઓ " જી, બહુત અચ્છા. જાઓ ખુદા બેલા ઐસા કરે કે આપ પર રાજાજી બહુત મહેરબાની હોવે..

શ્લોક ૪ નો અનુવાદ સારો છે. શ્લોક ૫ નો બે કડીમાં હોઇ પ્રસ્તારી છે. પૃ. ૧૦૯ થી ૧૧૬ પર અને પછી પણ અવારનવાર બબ્બરના અનુવાદની છાયા દેખાય છે.

પૃ. ૧૧૭ વિદૂષક :" ત્યાં હાં હું માહારા હાથે કાહાડેલી શકુન્તલાની છબી તકતામાં બેસાડેલી છે તે લેતી આવજે પૂળમાં " તકતામાં બેસાડેલી" નો ઉલ્લેખ નથી.

પૃ. ૧૪ વિદૂષક : " શું મને ભૂખ્યો ભૂખ્યો થઇ ખાઇ જવા માગે છે ? મૂળમાં છે : " શું ભૂખ મને ખાઇ જશે ? અનુવાદ ખોટો છે. એ વાકયનો કર્તા કોણ ? જો રાજા કર્તા તરીકે અભિપ્રેત હોય તો અનુવાદ ખરાબ ગણાય.

પૃ. ૧૧૭ कार्यां सैकतलीन०

કાઢો ચિત્ર વિષે વિદૂષક રૂડાં જ્યાં હંસને હંસિની,
મ્હાલે સૈકતને વિષે સુખ થકી એવી નદી માલિની
ન્હાના ડુંગર રે હિમાલય તણા બે બાજુએ દોરવા
બેઠાં ઓથ ધરી બધાં હરણ જ્યાં ટોળા થઇ ચારવા.
ઝૂલે વલ્કલ વસ્ત્ર જ્યાં મુનિતણાં તે વૃક્ષના ડાળથી
છે મારો અભિલાષ જે તરુતણી નીચે વિશેષે મથી,
કાઢું હું હરણી અહીં હરણના શૃંગે ઘસે એકલી,
ડાબી પાસ તણી સ્વત : નયનને શૃંગાર ઇચ્છાકરી

રેખાંકિત ઉમેરા છે. ભાષાન્તર શિથિલ અને પ્રસ્તારી બની જાય છે. તેવુંજ શ્લોક ૧૮ નું પણ છે. શ્લોક ૨૦–૨૧ નું સમશ્લોકી અને સારું છે.

શ્લોક ૨૭ દોહરા.

કંઠતણા તુજ લોહીને તાજું પીવા આજ,
તલપું છું આ કાળ હું અવર નહરવા કાજ,
ચેષ્ટાકરતા ઢોર પર ઊડી પડે છે વાઘ,
તે પરમાણે તુજ કરું ચૂરે ચૂરા લાગ,

અહીં મૂળ છે. " તારા ગળાના તાજા લોહીની ઇચ્છાવાળો આ હું વાઘ પશુને હણે તેમ ચેષ્ટા કરતા તને હણું છું. આર્તોના ભયને દૂર કરવા

ધનુષ સજ્જ કરનાર દુષ્યન્ત ભલે તારો શરણદાતા થાય. " પૂર્વાર્ધ પ્રસ્તારા છે તો ઉત્તરાર્ધ છોડ્યો છે. અંક છમાં માં શ્લોક ૧ થી ૬ નું ભાષાંતર બધો કડીમાં હોઇ પ્રસ્તારી છે. શ્લોક-૬ त्रिस्त्रोतसं वहति० નો અનુવાદ દોહરામાં છે.

પરિવહ જેને કે'છ તે પવનતણો આ માર્ગ,
વહે છ જ્યાં મંદાકિની ઠેઠ પહોંચતી સ્વર્ગ.
ત્રિમાર્ગ વાળી એ નદી તે પર વાતો જાય,
સપ્તર્ષિને પણ નિયમમાં ફેરવતો તે હોય.
ને તારા મંડળતણા કિરણ જતાં ચોપાસ,
તેને વર્તાવે બધે સમાન રીતે ખાસ.
મળરહિત છે માર્ગ આ કાં કે બીજો માર્ગ,
હરિયે રાખ્યો ક્રમ આ વામનને અવતાર,
પગ મૂકવાનું ક્રમ દે કહ્યું થઇ વિકરાળ,
બલિ રાજાનો ગર્વ તો ઝટ જીતર્યો તત્કાળ.

૨૬૮-૨૭૩

રેખાંકિત ઉમેરો છે. અનુવાદ પ્રસ્તારી અને શિથિલ છે.
શ્લોક ૮ નો સમશ્લોકી છે.

શૈલો ઉર્ધ્વ ચડે તથા શિખરથી નીચી જતી ભૂમિએ
વૃક્ષોના થડનો થવે ઉદયજો ! પર્ણો પડે દૃષ્ટિએ
થાયે સ્પષ્ટ નદી તણું જલ હંમે અદૃશ્ય પૂર્વે હતું
જાણે કે પૃથ્વીજ કોઇ ઉંચકી મારીકને આણતું.

એકંદરે સારો અનુવાદ છે. પં. ૨-૩ નો પડઘો નિર્બળ પડ્યો છે. તેથી સામાન્ય ગણાય.

શ્લોક ૧૧–૧૨ નો બચ્ચે કડીયાં છે, તેથી પ્રસ્તારી પૃ. ૪૫.

શ્લોક ૨૧ वसने परिधूसरे वसाना०

> જીર્ણાં વિધવા વસ્ત્રો એ પૅરી બેઠી બાઇ,
> જ્યાં તપ કેરા નિયમથી મુખડું ગયું સુકાઇ,
> એકજ વેણી મસ્તકે એવી સુશીલ નાર,
> મુજ નિર્દયનું વિરહ વ્રત પાળે બન નિરધાર.

અનુવાદ નબળો છે. રેખાંકિત બરાબ વિપર્યય છે. મૂળ અર્થ છે " મેલાં વસ્ત્રો "તેને વિધવાના ગણાવવાં તે ગંભીર ભૂલ છે. પૃ. ૧૫૪ " ગાલવ, હમણાંને હમણાં " દોડતો દોડતો જઇ " માં મૂળ વિહાયસા છે તેનો વ્યૂથી એને આકાશ માર્ગે પણ અર્થ થઇ શકે. ઘણાએ " આકાશ માર્ગે " અર્થ લીધો છે તે બરાબર લાગે છે. કારણકે કણ્વનો આશ્રમ તો ત્યાંથી ઘણો દૂર હોઇ દોડવાનું હોય નહિ.

પૃ. ૧૫૧ રાજા : જો ભગવાનની પ્રિય કરવા ઇચ્છા છે તો... તે બદલે " પરંતુ જો ભગવાનની એવી ઇચ્છા હોય કે મારે બીજું કંઇ માગવું, તો હું એટલું આપની પાસે માગી લઉં છું કે ભરતમુનિનું વચન મને ફળે.

ભરત વાક્ય.

> રાજા કરો પરમ યત્ન જનાર્થ જાણી,
> પૂજો સરસ્વતી સદા શ્રુતિશાસ્ત્રજ્ઞાની
> લાવો પુનર્ભવ તણો મુજ અંત શંભુ,
> દો સર્વ શક્તિ યુત મોક્ષ મને સ્વયંભૂ

'પં.૨ અને ૪ નો અર્થ બરાબર ઊતર્યો નથી. नील लोहित: શબ્દ છોડ્યો છે.

પ્રયોગો, શબ્દ પ્રયોગો અને સંવાદોના અનુવાદમાંય અવ્યવસ્થા છે, જેમકે પૃ. ૯૫૨ नोदयाश्वान् માટે "ઘોડા ચમકાવ, आर्द्रपृष्ठा० માટે "ઘોડાઓને નવરાવીને તૈયાર રાખજે, भवन्ति द्वाराणि सर्वत्र માટે "સર્વત્ર દ્વાર છે. છાનાં" કરે છે. પણ ત્યાં છાનાંનો અર્થ મૂળમાં તો નથી જ. स्वप्रमाणानुरूपैः हटैः માટે "સરખે સરખા ઘેડાથી" એનો સાચો પરિચય મેળવું" માટે "તથાપિ ખરું શું છે એની હમણાં ચોકશી કરું છું" भवति માટે "અહો સૌભાગ્યવતી", ગૌતમીને બદલે "ગોદાવરીને તીરે" પૃ. ૩૫ પર उपक्रमः માટે "મોજશોખની સુખવાડી, પૃ. ૪૦ પર अथ किम् માટે "શું કહેવું? પૃ. ૫૨ ઉપર पौरव रक्ष, विनयम् માટે "તમારા ભારમાં રહેજે" પૃ. ૫૬ પર દર્ભાંદકની "ઉજણી નાંખ્યાથી" – તે વખતે ઉજણી નાખવાનો રિવાજ હશે – મૂળ છે સિંચનથી, નવમાલિકા માટે "ફૂળાં ફૂળાં જૂઇનાં ફૂલ" પૃ. ૬૪ પર प्रफुल्ल માટે "બધુય" જાણું છું. विकारयति માટે "વિકાર કરાવતો હશે. "सुलभजीवनं ते भवतु માટે " આ મંગળ સ્નાનથી તારો ચાંલ્લો ચોટલો અક્ષય રહે એ," મંગળપાત્રો લાવીને", આ ત્રણે શણગાર સજાવિએલે બદલે "આ તને પીઠી ચોળીયે" ચિત્રકર્મના પરિચયથી માટે "ચિત્ર કાઢતાં આવડે છે, તેથી એમ કરે છે. પૃ. ૮૯ મે રાજાની ઉક્તિમાં" એમને રૂડે જગત રૂડું" ઉમેરો છે. "હવે એનો સહધર્મચરણ માટે સ્વીકાર કરો" ને બદલે "હવે એ ગર્ભિણી છે માટે તમારે બંનેએ ગર્ભાધાનનો સંસ્કાર કરવો જોઇએ" પૃ. ૯૯ પર पर्याकुलोस्मि માટે "થાકીને નરક થઇ ગયે છું ૧૧૧ પર "શાબ, મને અહો નહિ," પારપૂર્વનો ધધો ઉજળી વેંટીમે દેખી, ચઉટામાં, "હું એ વેચવા હારૂ " જેવા ચરોતરની ધારાળાઓની ભાષાની છાયાવાળા પ્રયોગો, પૃ. ૧૦૭ પર वैमनस्याद् માટે ચિત્તભ્રમ થયું છે. पतिदेवताम् માટે "ધણીએ પૂજવા લાયક દેવી સરખી માનેલી" પૃ. ૧૨૬ પર બાણતકાવે છે. પૃ. ૧૩૮પર તોફાન કરીશમા, શું તારા સ્વભાવ પર ગયો કે"ને બદલે

" હું આડી વેડા કરતાંમાં તારી શુદ્ધિ કરી જતી રહી છે. (ઊમેરો) લુચ્ચા માટે લુચ્ચી, તારા ભાગ્યને પૂછ " ને બદલે " તારી સૌભાગ્ય દેવીને પૂછ, આ દુઃખી જન માટે " અભાગણી ," વિષાદનું શલ્ય કાઢી લેવાયા પછી ને બદલે " શોક રૂપી શિલા મારા હૈયાપરથી ખસે તો, 'ગૃહણ, રૂઠું, પૃથ્વીઢ પર " અજિત " માટે "અજય્યો " ભાન માટે : "ફોમ", મોહોટી આદિ પ્રયોગો કરતાં ખોટા છે, અથવા પ્રસ્તારી છે, ગ્રામ્ય છે, કાં અશુદ્ધ છે. એકંદરે આ અનુવાદ

(૧) શ્રી. ખખ્ખરના અનુવાદ કરતાં વધારે ચોકસાઇ બતાવે છે.

(૨) શ્લોકોનો અનુવાદ ઘણું ખરું શ્લોકમાંજ કર્યો છે. પણ એકને બદલે મોટે ભાગે બે કડી કરી છે. તેથી નિરર્થક ઊમેરો અને પ્રસ્તાર થતાં મૂળના ગૌરવ, લાલિત્ય, લાઘવ અને ધ્વનિને ઘણી હાનિ પહોંચી છે. ગ્રામ્યતા કૈંક ઓછી છે, પણ જોડણી વિષયક સ્વૈરતાનું પ્રમાણ તો મોટું છે. સંવાદોના અનુવાદમાં પણ શ્રી ખખ્ખરના અનુવાદને મુકાબલે પ્રસ્તાર ઓછો છે, પણ છે તો ખરોજ. ઘણે સ્થળે અર્થ ન સમજાયાના કારણે વિપર્યય પણ થયો છે. પ્રસ્તાવનામાં કાલિદાસ વિષે જે વિગતો આપી છે. તે પણ ઓછા અભ્યાસનું સૂચન કરે છે. પાઠ નિર્ણય માટે ખાસ કાળજી લીધી નથી.

(૩) અવારનવાર શ્રી. ખખ્ખરના અનુવાદની છાયા આના ઉપર હોવાની ચોક્કસ છાપ પડે છે. છતાં તેના કરતાં તો આ અનુવાદ સારો છે. તે કાળને ધ્યાનમાં લેતાં રાખતાં તો તેને " સુવાચ્ય " પણ કહી શકાય.

તેની બીજી આવૃત્તિ (૧૮૯૬માં) ની પ્રસ્તાવનામાં અનુવાદક નોંધે છે.

" પહેલી આવૃત્તિમાં જે જે ઠેકાણે ચૂકો હતી તે સુધારીને આ પુસ્તક તૈયાર કર્યું છે. પહેલી આવૃત્તિ... વખતે વિલાયતમાં પ્રોફેસર મોનિયર વુલીઅમ્સે પ્રસિદ્ધ કર્યું હતું. તે પાઠ લીધો હતો પણ ત્યારપછી સંસ્કૃત પાઠ સુધારીને તેની આવૃત્તિઓ છપાઇ છે તેનો આધાર લઈને આ ભાષાંતર તૈયાર કર્યું છે.

૧૯૧૯માં
બીજી આવૃત્તિમાં છપાઇ છે તેમાં તેમના પુત્ર શ્રી. માધવલાલ ગ. યાજ્ઞિક નોંધે છે. " આ બીજી આવૃત્તિ તેમની હયાતી બાદ પ્રગટ થતી હોવાથી ભાષાંતરનું સ્વરૂપ છે. તેનું કારણ રહે એવા વિચારથી બીજી આવૃત્તિ ઉપરથી બનતા સુધી વગર ફેરફારે પ્રગટ કરવા ધારી છે."છતાં પ્રસ્તાવનામાં વિસ્તાર છે. " સંસ્કૃત કવિ કાલિદાસ " વિષયક લેખ શરૂઆતમાં મૂક્યો છે. તેમાં તેની મહત્તા, ગ્રંથરચનાઓ (પૃ.૪—૨૩), સમય(પૃ ૨૩—૨૮) વગેરે માહિતીની ચર્ચા છે. તે કવિને ઇ.સ. છઠ્ઠી સદીમાં મૂકે છે. ભાષાંતર પૃ.૩૨ થી શરૂ થાય છે. ઠેક ઠેકાણે જોડણીની પ્રથમ આવૃત્તિની ભૂલો સુધારેલી છે. એને ઉક્તિઓમાં પણ કેટલેક સ્થળે ભૂલો સુધારી લઇ તેને વધારે મૂલાનુસારી બનાવી છે. જેમકે, પૃ. ૪૧ નૃપ પ્રત્યે મારી ભક્તિ કેવી છે તેની તેમને એ જાણ કરશે."

પૃ.૪૫ શ્લોક—૧૯.

ભરતરૂણે અવસ્થામાં છતાં શુધ્ધ કાયા,
અખિલ નિજ ન શોભા , દાખવે જોબમાયા,
અખિલ નિજ ન
સ્તન પર લપટાવી ઓઢણી જો બસે બે,
વલકલ અતિ જાડી ગૂંથણી ગાંઠ સાથે ,
નવિન વયુતણી છે કાંતિ ખીલી રહેલી ,
પ્રકટિત તવ થાયે વરમ આ ઓઢણીથી

પ્રથમ આવૃત્તિની જેમજ પ્રસ્તારી છતાં રેખાંકિત સુધારાને કારણે વધારે મૂલાનુસારી બન્યું છે.

પૃ. ૫૦ રાજા : " હવે પ્રગટ થવાનો અવસર આવ્યો છે.
બીહીશમાં – (એમ અર્ધું બોલીને મનમાં) પણ રોહો – પ્રગટ થયો તો મને ઓળખશે કે રાજા છે. ઠીક હું આ પ્રમાણે કહીશ – " સુધારો મુલાનુસારી છે. વિપર્યય દૂર થાય છે. પૃ. ૫૬ પર, ૫૮ ઉપર પણ એવા સુધારા કર્યા છે તે વધારે મૂલાનુસારી અનુવાદ આપે છે.
પહેલી આવૃત્તિમાં શ્લોક ૩૪, પં. ૨

ધજા પટે રેશમની ઊડે પવન જે ભણી તહીં જાયે,

ને બદલે

જ્યમ છેડો રેશમની, ધજા વાયુની દિશા ભણી વળે.

કૈક ઠીક છે. અંક ૨ માં વિદુષકની ઉક્તિમાં અનુવાદ કરવામાં કર્યો છે. તે આવાં વર્ણનો માટે વધારે અનુકૂળ છે. કેમકે તેમાં એક પ્રકારની ગતિ છે. શુષ્કતા પણ ઓછી થાય છે. શ્લોક–૨ (પૃ. ૬૩)

બીજી પાસ વળેલ તો પણ હતી સ્નેહે ભરી આંખડી,
ચાલે મંદ નિતંબના વજનથી રામા વિલાસે ચડી,
બોલી રોષ ભરી મદે સખી પ્રતિ "જામા"કહીરોકતા,
સર્વેએ મુજકાજ ચિહન મનમાં કામીજનો માનતા.

પહેલી આવૃત્તિ કરતાં વધારે મૂલાનુસારી અને સારું છે. जलकुब्ज છોડને માટે " ઘુંઘાની પેઠે " અનુવાદ છે. પૃ. ૬૭ પર વિદુષકની સેનાપતિ પ્રતિ ઉક્તિ "જારેજા" દાસી થયા, હવે તારા ઉત્સવની વાત અફળ ગઇ " કરે છે પૃ. ૭૦ પર પણ અનુવાદ વધારે મૂલાનુસારી અને સારો કરવા પ્રયત્ન છે. કરભકના સંદેશમાં પુત્ર પિંડપાલન વ્રત " એ નામ પ્રથમ આવૃત્તિમાં આપ્યું છે. તે બીજી આવૃત્તિમાં કાઢી નાખ્યું છે, કેટલીક આવૃત્તિઓમાં એ નથી માટે તેમ કર્યું હશે. જો કે સંદર્ભમાં તો તે વધારે બંધ બેસે છે.

અંક—૩ માં શ્લોક ૩ નો અનુવાદ.

તુજ શર ફૂલ રૂપે ચંદ્રના શીત કિર્ણો
અઘટિત મુજ જેવામાં કરે છે વિકારો,
મૃદુગુણ તુજમાં છે. શીતતા ચંદ્રમામાં,
તદપિ અસર થાયે ભિન્ન કામી જનોમાં.
હિમ કિરણ છતાં આ ચંદ્રમાંથી ઝરે છે
અગન અગન એ વ્યાપ્ત થઈને રહે છે,
મૃદુ કુસુમ તણાં છે બાણ જોકે તમારાં,
તદપિ કઠિણ જાણે વજ્રનાં બાણમાર્યાં.

રેખાંકિત ભાગ વધોજ સુધાર્યો છે. તેથી અનુવાદ વધારે સારો થયો છે. શ્લોક ૭–૮–૯, ૧૨, ૧૫ ૧૮ થી ૨૦ માં પણ મુલાનુસારી સુધારો કર્યો છે. અંક ૪.

શ્લોક—૧ विचिन्तयन्ती॰

જેનું ધરી ચિંતન ચિત્તમાં હે,
અનન્ય ભાવે નવ જોતી આમ,
સમીપ આવેલ તપસ્વી આહું,
લગીરરે ઓળખાતી નથી તું, ૧૨૮
તેનેજ તારી સ્મૃતિ કોઇ દેશે,
ન તોય તારી સ્મૃતિ દેશ થાશે,
નિશા ચઢયે જેમ થયેલ મત્ત,
સ્મરે નહિ પૂર્વ કરેલ વાત.

રેખાંકિત પંકિતનો સુધારો તેને વધારે સારો અનુવાદ બનાવે છે. ત્યારપછી અનસૂયા, પ્રિયંવદા ની વાતચીત છે. ત્યાં અનસૂયા દુર્વાસાને પ્રસન્ન કરવા

પ્રિયંવદાને મોકલે છે. એમ પ્રથમ આવૃત્તિમાં નિરૂપણ છે. તે બરાબર છે. તે અહીં બદલી નાખ્યું છે।

શ્લોક. ૨.

અસ્તાચળે શિખર ચંદ્ર ઢળે છ આમે
બીજી દિશાતરફ સૂર્ય પ્રકાશ પામે,
પૂર્વે કરી અરૂણને રથ અગ્ર ભાગે,
એને થયે પ્રગટ લોક તમામ જાગે, ૧૩૦

બે વસ્તુ તેજમય આ ઉપદેશ આપે
અસ્તોદયે જાતને દ્રઢ એક કાળે
એની દશા આતણા સુખ દુઃખ કેરી,
લેખો છ। તેમ સમજો જનરે તમારી, ૧૩૧

પ્રથમ આવૃત્તિ કરતાં વધારે ઓપવાળી અને મૂલાનુસારી રીતે રજૂ થાય છે. અંત ધ્વનિ માટે "અંતરધામ" શબ્દ યોજ્યો છે. પૃ. ૧૧૧ શ્લોક ૬ માં ઉત્તરાર્ધમાં :

એવો શોક ચરણ્યવાસી અને થાયે ખરા સ્નેહથી,
તો શી વાત કરું ગૃહસ્થજનની સંસાર કેરી જૂઠી,
માયા ને મમતા થકી હૃદયમાં ક ન્યાજતે સાસરે,
પીડાયે અતિ માત્ર તે નહિન આ પુત્રી વિયોગે ખરે.

મૂલાનુસારી ફેરફાર અને સુધારો છે. ઉછરેલ મૃગલાલ હરિણીએ છે. એમ છે. તે ભૂલ છે તે અહીં સુધાર્યું છે.

અંક ૫, શ્લોક–૨

દેખી પદાર્થ રમણીય તથા મધુરી,
વાણી સુણી સહજ હર્ષિત થાય હૈયું,
તેવું છતાં પુરૂષ વ્યાકુળ થાય ચિત્તે,
ત્યારે ખરે ઘણું કરી મન સાખ પૂરે,
જે વાત એક સમયે ગઇ વિસ્મૃતિમાં
તેનું કરે સ્મરણ ચિત્ત અજાણતાં જો,
સામાન્યત: અપર જન્મ વિષે થયેલો,
જે ભાવ તે હૃદયમાં સ્થિર થૈ રહે છે. ૭૧–૨

પ્રથમ આવૃત્તિ કરતાં વધારે સારું છે. પૃ. ૧૩૯ પર તથા શકુન્તલા રાજાને હરણ બાળને પાણી પાવાનો પ્રસંગ કહે છે, તે તથા ત્યાર પછીની ઉકિત શ્લોક–૨૫ ની પંકિત ત્રીજી, ૨૭–૨૮–૨૯ શ્લોકો અને " હું પરાં ફુલ થઇ ગયો છું " એ અંક પાંચમાના અંત સુધીના ભાગમાં અવા નાના નાના સુધારા રૂપ ફેરફારો કર્યાં છે, અંક ૬ માં પણ તેવાજ સુધારા છે. – કોટવાળ તથા સિપાઇઓની અને શાલ માછીની ઉકિતઓમાં પણ સુધારા છે. જોકે હજાુ માનુમતી પેલાને ઓળખી બેસીને સખીની છબી જોઇશ " એમ કહે છે. ત્યાં સૈરિત્રતાનો ભાવ છે, તે અદૃશ્ય છે, એટલે તેને – છૂપાવાની તો જરૂર નથી એ વાત અનુવાદકના ધ્યાન બહાર રહી છે. શ્લોક ૧૦ તથા પૂ. ૧૬૨–૧૬૩ પરની રાજા અને વિદૂષકની વાતચીતમાં પણ સુધારા કર્યા છે. આ સુધારા મોટે ભાગે અનુવાદને વધારે મૂલાનુસારી બનાવે છે. ભાષા અને લેખનવૃત્તિ પદ્ધતિમાં પણ સુધારો છે. શ્લોક ૧૪ નો પહેલી આવૃત્તિમાં 'ચિત્રમાં જે નહિ શોભે ખોટું તે સર્વ જાણજે, એની લાવણ્યતા તોયે લગારે છબિના તજે " કંઇક જુદોજ અર્થ આપે છે તેને અહીં 'સઘળું તે સુધારું છું, ચિત્રમાં જે દિસે ખોટું, તોય લાવણ્યના એનું છબી પૂર્ણ પણે ધરે.' એ મૂળાનુસારી છે. આવા સુધારા અનુવાદને કેવો તો ઉપકારક નીવડ્યા છે, તેનો પણ એ સારો નમૂનો છે. તેવુંજ શ્લોક ૨૨, ૨૪, ૨૫ અને ત્યારપછીની –

પૃ. ૧૭૩ પરની સાનુમતીની ઉક્તિમાં સુધારા નું પણ , પરિણામ આવે છે. વિદુષક અને માતલિના પ્રસંગનો શ્લોક ૨૭ મો પહેલી આવૃત્તિમાં અપૂર્ણ હતો તેને અહીં પૂરો કર્યો છે. તે વધારે વ્યવસ્થિત પણ થયો છે. (કડી ૧૬૨—૬૩) અંક ૭ માંના શ્લોક ૫ થી ૧૦ માં પણ એજ સ્થિતિ છે.

શ્લોક ૧૫ महत: तेजसो०

ભાસે છે તેજનું બીજ ભારે બાળક આમને

કણિકો અગ્નિનો જેમ શ્રેષ્ઠ ભક્ષણ તત્પર.

પણ સુધારો બતાવે છે તેવુંજ શ્લોક ૧૬ થી ૨૦ માં પણ છે. જોકે એકને બદલે બે કડી કરવાને કારણે પ્રસ્તારતો રહે છેજ. પૃ. ૧૯૮માં શકુન્તલાને "વિધવાવેશે" — વર્ણવવાની જે ગંભીર ભૂલ પહેલી આવૃત્તિમાં કરી હતી તેયે સુધારી છે. ~~આમ આ આવૃત્તિમાં કરી હતી તેયે સુધારી છે.~~ આમ આ આવૃત્તિમાં શબ્દ પ્રયોગો અને ભાષામાં પહેલી આવૃત્તિમાં જે વ્યાપક કચાશ હતી તે મોટે ભાગે તો સુધારી લીધી છે. જોકે કેટલેક સ્થળે તે રહી પણ ગઇ છે.

શ્લોકોના પ્રસ્તારથી નીરસતા આવી છે. તે અંશો મૂળકવિની વાણીમાં થીંગડા જેવા લાગે છે. મૂળના લાલિત્ય અને અર્થ ગૌરવને તેથી હાનિ પહોંચી છે. તે સ્થિતિ બીજી આવૃત્તિમાં ઠીક પ્રમાણમાં સુધરી છે. તેમ છતાં પ્રસ્તારતો રહ્યો છે, ત્રીજી આવૃત્તિતો બીજીનું પુનર્મુદ્રણ છે. એકંદરે આવા મૂલાનુસારી સુધારા આ આવૃત્તિને પહેલી આવૃત્તિ કરતાં વધારે સારી બનાવે છે. તેમાં માત્ર ચોથા અંકમાંના વિષ્કંભકમાં જે ગોટાળો છે તે ખટકે તેવો અપવાદ છે, જ્યાં જ્યાં એકજ કડીમાં સમશ્લોકી અનુવાદ કર્યા છે, ત્યાં ત્યાં તે સારા થયા છે. તે જોતાં જો બધેજ એમ કર્યું હો તો વધારે સારો અનુવાદ થઇ શકત એમ લાગે છે.

પાને પાને જ્યાં જ્યાં જરૂર લાગી ત્યાં ત્યાં પાદટીપો મૂકી છે. પછીની આવૃત્તિઓમાં તેનો વિસ્તાર પણ કર્યો છે. અનુવાદને યથાશક્તિ સારો બનાવવાનો પ્રયત્ન કર્યો છે. તેમ છતાં તેને તે જમાનાની મર્યાદાઓ નડી છે તેથી એકંદરે તેને "ઠીક " કહી શકાય.

કવિ નર્મદાશંકર લાલશંકર ૧૮૮૧

" શ્રી. સાર શાકુન્તલ – શ્રી. મહાકવિ કાલિદાસના અભિજ્ઞાન શાકુન્તલ નાટકનું દોહન " એ નામે રચના કરી છે. ગુજરાતના આ વિખ્યાત અને લાડીલા કવિએ ઉત્તરાવસ્થામાં જરૂર પડયે કેટલાંક – પ્રયોગ પુસ્તક લખેલાં, તેમાંનું આ એક છે. તે તેને ગુજરાતી " પ્રયોગ પુસ્તક " કહે છે – " દોહન " કહે છે તે પણ સયુક્તિક છે. તેમનો ઉદ્દેશ : શબ્દશ: અનુવાદ કરવાનો નથી, રંગભૂમિને યોગ્ય રચના કરવાનો છે. કેટલાક ભાગો અને પ્રસંગો છોડી દીધા છે. પ્રસ્તાવનામાં પોતાના તરફથી કેટલુંક ઉમેર્યું પણ છે. પ્રસ્તાવનાને બદલે,

અભિનય યુત જન દર્શન સુંવેષ વાણી વિષે રસ હોય
સીતી કૃતિ વસ્તુ અનુકરણ નાટક રૂપક સુરમ્ય હિતુ હોય.

નાટકના સ્વરૂપ, હેતુ અને પરિણામનો ખ્યાલ આપતી આ ગીતિ–આર્યાનો એકે એક શબ્દ સહેતુક અને સૂચક છે.

શરૂઆતમાં મંગળ –

મોટો દેવ સમાધિ મગન પણ જે કર્મે રમે જો કદા
સૃષ્ટીનો સગળી હરી ફરી વળિ ઉપાવિ દે સંપદા
પૂર્ણજ્ઞાન પવિત્ર સર્વ શિવ તે કલ્યાણ દાતા સદા
સત્ય સ્નેહ તણો કથી રસ ખુસી ભાગ્યે લખી આપતી ૯૮

રેખાંકિત અંશ કવિના તત્કાલીન માનસ અને શ્રદ્ધાનો બરાબર પડઘો પાડે છે.

નાન્દી શ્લોક ૧ યા સ્રષ્ટુ:
જે પેલી સૃષ્ટિ પાણી, વિધિહુત વહે જે અગ્નિ જે હોમનાર,
જે બેઉ કાળ દાખે, રવિ શશિ નભને વ્યાપ્ત જે શબ્દકાર,
ઉત્પત્તિ સ્થાન છે જે પૃથિવિ પવન જે સાર છે પ્રાણિઓને
એ એ પ્રત્યક્ષ આઠે મૂરત જુગતેહ ઇશ રક્ષો તમોને,

રેખાંકિત-૧ यथा प्राणिन: (प्राणवन्त:) અને ૨ प्रयन्त: तनुमि માટે છે. બાકી મૂળના ભાવને સફળ રીતે ગુજરાતીમાં ઊતરે છે.

શરૂઆતમાં પૃષ્ઠ ૧ પર ઉમેરો છે.

સૂત્રધાર.

સંસ્કૃત શાકુન્તલનો પ્રાકૃત રચિયો પ્રયાણમાં સાર,
તે ગુજરાતી જનને દાખવવો છે પ્રથમજ આવાર

નટી : આ પ્રયોગ તો લોકને અતિપ્રિય થશે. કાન્ત !

સૂત્રધાર: એ આજે જોવાનું છે.

નટી : એમ સંદેહમાં કેમ પડો છો પ્રિય !

સૂત્રધાર: પણ વર્તમાન પ્રેક્ષકગણની પાત્રતા અને એને નાટકપાત્રની સિધ્ધતા ?

નટી : નિશ્ચિંત રહો, લોકની અભિરૂચિ જોઇ લેઇ કવિશ્રી નર્મદાશંકરે ખેલ રચ્યો છે તે હાવભાવ વિષયમાં તેમ બોધ રાજેશ્રી ગણેશજીત પંડ્યે દીધો છે. પાત્ર વગેરે.

સૂત્રધાર : છેજ, પણ,

સંતોષે વિદ્ વર્જન તો નમરું લહું પ્રયોગનું જ્ઞાન
શિખ્યો રૂડાના પણ ચિત્તને હોય પતીજ મિજમાન

ત્યાંથી મૂળનો તંતુ આગળ ચાલે છે. કાલિદાસની ગીતિ (શ્લોક-૨) નો અનુવાદ પુરો ગામીઓ કરતાં સારો છે. કવિની વ્યુત્ક્રમ યોજવાની પધ્ધતિ, રસિકતા, ભાષાની લાઘવયુકત ધ્વનિમયતા નો સારો પરિચય એમાં મળે છે.

શ્લોક -૪ આર્યા નો અનુવાદ ગીતમાં કર્યો છે.

ઋતુને પ્રભાવે, પ્રમદાનાર
કુમળાં કેસર શિર ભ્રમરે ચુંબિત કંઇ
ઓઢે સરસાં ફૂલ ઠાને સુહાવે. પ્રમદા૦

મૂળનો માત્ર ભાવાર્થ છે, પણ તે સારી રીતે રજૂ કરે છે.

શ્લોક ૬ ને ગદ્યમાં વણી લીધો છે. શ્લોક.૭

> ડોકી તો વાંકિ વાળી રથભણી કરતો દૃષ્ટિએ વારવારે,
> કાયા સંકોડિ પૂઠે શરપતન ભયે આગલીને વધારે,
> અર્ધો ચાવ્યાં તૃણો મોં શ્રમથિ ખુલે રહે માર્ગમાં વેરિ દે છે,
> ને ઝાઝો ઊંચી ફાળે ગગન ગતિ કરે ભૂમિમાં સ્વલ્પ રે છે

પંક્તિ ૨ નો અનુવાદ નબળો છે. રેખાંકિત ૨ દર્શ માટે છે, ૩ માં છંદ તૂટે છે, ૪ માં પુનરુક્તિ છે, अनुपतति છોડ્યું છે. છતાં અનુવાદ એકંદરે સારો છે.

શ્લોક ૯ નો યે સમશ્લોકી છે.

> ઝિણું જોવા ગયાં તે સહજ બનિ મોટું જ સઘળું,
> વચેથી તૂટેલું દિસતું સત સંજાુકત સઘળું,
> છતું વાંકું તે તો સરળ સિંધુ ભાસ ચાળ કંઇ
> ક્ષણે આઘું છે કે નિકટ રથ વેગે લહું નહીં

રેખાંકિત જોડણી છંદની અનુકૂળતા માટે કરી છે. બાકી મૂળનો ભાવ ઠીકઠીક પ્રગટ થાય છે. ભાગ્યેજ કંઇ છોડી દે છે विपुलतां માટે સઘળું કરે છે.

ઉક્તિઓના ગદ્યાનુવાદોનયે ચીવટ અને મૂલાનુસારિતા જોવા મળે છે. એકપણ શબ્દ વધારે ન વાપરવો પડે અને છતાં પોતાને સમજાયેલો અર્થ બરાબર વ્યકત થાય તે માટે પૂરી કાળજી રાખી છે. ઉત્તર વયે કવિએ રચનામાં વ્યુત્ક્રમ શૈલી અપનાવેલી, તે ગુજરાતી ભાષાની પ્રકૃતિને અનુકૂળ છે અને ઔચિત્ય પૂર્વક વાપરવામાં આવે તો સારી અસર પેદા કરે છે, એવો સ્વ. રા. વિ. પાઠકનો મત અહીં યોગ્ય લાગે છે. નર્મદ તેનો છૂટથી ઉપયોગ કરે છે. અને તેથી વકતવ્યમાં ચમક આવેછે.

શ્લોક–૧૬.

અંત પુરને દુર્લભ વપુ આ આશ્રમ તણાં જનનું છે જો,
વારુ વાટિકા તુચ્છ ગણી ગુણે વનલતાએ ત્યાં હાંતો
મૂળાનુસારી, પણ લાલિત્યમાં કૈંક ઊતરતું છે.

શ્લોક–૧૭. इदं किल व्याज०

ઋષિ ઇચ્છે વપુ પ્રકૃત સુંદર તપ કરવા દઢ થાએ,
નીલ કમળના પત્રની ધારે શમીલતા છે દાવે

માં માત્ર મૂળનો ભાવજ આવે છે, બધી ખૂબી નહીં. કવિએ મોનિયર વિલિયમ્સની વાચનાને ધ્યાનમાં રાખી છે. અને તેના इदमुपहितं सूक्ष्मग्रन्थिना શ્લોકનો (૧૮ માનો) અનુવાદ કર્યો છે.

કમળ વિંટ્યું સેવાળે પણ રમ્ય કહે સહુ કોએ,
મલિન લાંછને ચંદ્ર બિંબ પણ શોભીતું જોએ
પ્રેર્યું વલ્કલ પણ એથીએ અધિક અતિસોએ,
મધુરાં રૂપો તેને મંડન શું વપુ તવ હોએ,

શું વળી નમ્ર હોએ રે
દુષણ તે ભૂષણ થઇ સોહે

રેખાંકિત ભારાનું છે. પણ રંગભૂમિ પર સરસ અસર કરે તેવું છે. પંક્તિ ૨ નો અનુવાદ નબળો છે. પં. ૩ માં मनोज्ञा० છોડ્યું છે.

શ્લોક –૧૯ અધર કુંપળને રંગ મોહે છે,
કમળી ડાળી જેવા બાહુ સોહે છે,
અંગ વ્યાપ્યું જોબન ઝલકે છે,
પુષ્પ પરે જોઇ મન સાંકે છે. ૧૭

અહીં પણ બીજા જે વિસ્તાર કરીનેયે નથી લાવી શકતા તે કવિ સહજ રીતે, મૂળનું કૈંક છોડી દેવા છતાં લાવી શકે છે. શ્લોક ૨૦નો અનુવાદ સારો છે ૨૧ નો ગીત જેવા ઢાળમાં કર્યો છે. ૨૨ ને ગદ્યમાં લઇ લીધો છે.

અને શ્લોક-૧૦

નિમ્શે કો ભોગી વિધિફળ પુણ્ય ઘણાં જૂતે
સખા ન જાણું — ફળ૦
નિર્મળ રૂપને ફૂલ અણ સૂંઘ્યું,
કુણું અંકુરને નવન જે ચૂંટયું સખા૦
મધુ તે નવું જ નવકોએ ચાખ્યું
રત્ન વળી જે હજી ન વિંધાયૂં સખા૦

મૂળના લાલિત્યનો આછોજ પડઘો પડે છે. પણ રંગભૂમિ પર ગીત તરીકે શોભી ઊઠે એવો અનુવાદ છે. ત્યાર પછીની ઉકિતઓમાં ઘણું છોડ્યું છે. શ્લોક. ૧૧

પાતળી એ કીધું ચરિત્ર
પાતળી એ કીધું ચરિત્ર રે — પાતળીએ૦
પાતળીએ કીધું ચરિત્રરે
ચાલી જઈ થોડીક આઘી,
અકસ્માત ઊભી લાળી,
કુશ અણી પગમાં વાગીરે — પાતળીએ,
મારી સામી દૃષ્ટિ રાખી,
વલ્કલે હાથ નાખી,
ઝાડવે તારાયું દાખી રે — પાતળીએ

અર્થ આછોજ ઊતરે છે. પણ ગીત તરીકે સારું. આ અંકમાં કણ્વના રાજાને મળવા આવેલા શિષ્યો તેનું વર્ણન કરે છે. તે, રાજા અને વિદૂષકના સંવાદમાં તથા રાજમાતાનો દૂત આવે છે તે પ્રસંગ છોડતાં અંક ટૂંકો બન્યો છે. તેમાં કવિએ ઠીક વિવેક બુદ્ધિ વાપરી લાગે છે. અંક ૩ નો વિષ્કંભક છોડયો છે. શ્લોક ૩ થી ૬ નો ગીતોમાં અનુવાદ કર્યો છે. મોનિયેર વિલિયમ્સે આપેલા શ્લોકો પણ લીધા છે. શ્લોક ૫-૬ નો ગદ્યમાં અનુવાદ કર્યો છે.

શ્લોક ૬ (અહીં જુઓ)

આગળથી ઉપડેલાં પાછળ ઊંડાં નિતંબના ભારે,
પગલાં નવાંજ દીસે ધોળી રેતીચળકતી તે દ્વારે,

સારો અનુવાદ છે.

શ્લોક–૮ લલિત છંદ

મુખ પડયું બહુ ગાલ બેસતે,
છબિ ફિકી બના છે નસેલતે,
કઠિણતા ઉરે તો તજી વળી
કટિ થઇ ગઇ છે કે પાતળી
મદનપીડથી એ ફિલાય છે,
ઉભય શોચ્યને દર્શનીય છે,
દિસતી જેવીકે માધવી લતા,
સ્પરષિ વાયુએ પાત્ર શોષતાં

અર્થ બહુધા ઊતરે છે. પણ છંદપસંદગી બરાબર નથી.

શ્લોક–૧૨ अर्थ सते०

તે આ ઊભો સંગ ઇચ્છિત તારો,
શંકે બિરુ જે થકી તુચ્છ(?) ~~કાઢો~~
શ્રિયાર્થિ લાભે શ્રિય વા ન લાભે,
શ્રિયે ઇચ્છેલો કયમ હોય ઓછો(?)

અશુધ્ધ, કૈક લાલિત્યહિન અને અપૂર્ણ અનુવાદ છે.

શ્લોક –૧૬

ફુલ સજની ચંપતાં તેનુ છુંદાયે થયાં ~~સુગંધમાં~~ દિવામાં(?)
ગાત્ર ધિકેલાં તાળે યોગ્ય ન કરવે વિવેકના <u>ચાળા</u>

રેખાંકિત નણું,"ચાળા" શબ્દ તો ખટકે તેવોજ છે.

શ્લોક ૧૯ નો અનુવાદ અ લલિત છે. કૈક છોડ્યું પણ છે, ઉક્તિઓમાં પણ સ્થળે સ્થળે સંક્ષિપ્ત છે, પણ મૂળના અર્થનો સારતો આવીજ જાય છે.

શ્લોક-૨૩.

વારે વારે મુક્તિ અરે આંગળી નીજ એવૂં,
નાનાવાણુ વદતિ તુટતે અક્ષરે રમ્ય એવું,
પાંપણાળી મિઠિ જાુવતિનું બાંધ્મેરે વાળેલુ,
મોઢૂં ઊંચુ પ્રિય કર્યુ વળી નાથ્યુ રે ચૂમેલુ,

રેખાંકિત પદોની જોડણી ખરાબ. છંદને કારણે પણ આટલી બધી છૂટ અનિર્વાહ્ય છે અર્થ પણ આછોજ ઊતરે છે, લાલિત્ય પણ ઓછું છે.

શ્લોક-૨૪ નો અનુવાદ પણ નબળોજ છે.

અંક -૪ પૃ. ૨૫ થી શરૂ થાય છે. દુર્વાસાનો શાપ

શ્લોક-૧ विचिन्तयन्ती०

ચિંતિ છ જેને અન્ય મને તૂં.
ન જાણે તપસ્વી ઊભો આંગણે
ન સંભારશે તે દિધે બોધ સહ
કહ્યું પૂર્વનું જેમ પીધેલ મદ્ય.

એકંદરે ઠીક અનુવાદ છે,

પ્રિયંવદા / ધિક્ ધિક્ અરે માઠૂં થયું, શૂન્ય હ્રદયવાળી શકુન્તલાથી કોઇ પૂજ્યનો અનાદર થયો (આગળ જોઇ)કોઇ જેવા તેવાનો નહીં પણ તત્કાળ ક્રોધ કરે તેવા દુર્વાસા મહર્ષિનો શાપ દેઇ ચાલતા થયા. રેખાંકિત -૧ सुलभकोप: માટે છે, ૨ માં સંક્ષિપ્ત છે, તેમાં મૂળના કથનનું બાહ્યાંગજ ઊતરે છે. કાલેની આવૃત્તિના પૃ. ૧૨૦ પર બે, ૧૨૪ પર એક , ૧૨૫ પર બે ઉક્તિઓ છોડી છે. તેથી સબંધ કાંઇક તૂટક થાય છે. પૂર્વાપર સબંધ દુર્બોધ થાય છે,

શ્લોક ૨ ગીતમાં છે.

આ તો પ્રભાત થયું દીસેને, રંગ દિશાનો ફરતો રે,
આ પાસાં તો અસ્ત શિખરે ઓષધિપતિ ઉતરતો રે,
આ પાસાં વળી સૂર્ય ઉગેને અરુણને આગળ કરતો રે, આસો.
જુગલ રૂપે તેજ બિંબના અસ્તોદયથી કરતો રે,
નિયમ લોક વહેવારનો જાણે દષ્ટાંતરે અનુસરતો રે આતો.

અસુલભ લાગે છે. પણ ચોથી પંક્તિને બાદ ~~ભરત~~ કરતાં અર્થ બરાબર રજુ થાય છે. શ્લોક ૩ ઝૂલણા છંદની બે પંક્તિમાં ઉતાર્યો છે. પૃ. ૨૭ પર અનુસયાની ઉક્તિનો અનુવાદ પુરોગામીઓ કરતાં વધારે સુઘડ છે.

શ્લોક ૫ क्षौमं केनचिदिन्दु०

કો વૃક્ષે દિધું ક્ષોમચંદ્ર સરખું ધોળું સુમાંગલ્ય એ,
ને લાક્ષારસ રંગવા ચરણને દાખ્યો ઝર્યો કોઇએ,
બીજા એ નિજ અંકુરો થિ અધિકાં શોભિત કાંડા લગે,
દેખાતે વન દેવતા કરતળે, આપ્યાં બીજાં તે નગે.

રેખાંકિત ૧ વધારાનું છે. ૨. प्रतिद्वन्द्विभिः માટે છે. ૩. ~~આભરણ~~ આભરણો માટે છે. અનુવાદમાં તે શબ્દ મૂકી શકાયો નથી. અનુવાદ સામાન્ય જ.

શ્લોક ૭ यास्यत्यद्य शकुन्तलेति०

નીસે આજ શકુન્તલા હૃદયતો બીડાયું ખેદે ભર્યું,
બેઠો બાષ્પથિ કંઠને જડ પૂર્ણ ચિંતાથી આંખે ધર્યું
મોટૂં આવું અરણ્યવાસિ મુજને જો દુઃખ નેહે હવું,
થાયે પુત્રી વિયોગનૂં ગૃહિણીને કાંના વિશેષે નવૂં.

રેખાંકિત ૧ संस्पृष्टमुत्कण्ठया માટે છે. ૨. कण्ठः स्तम्भितबाष्पवृत्तिकलुषः માટે છે. ૩. वैक्लव्यम् માટે છે. અનુવાદ પૂરો સંતોષ આપી શકતો નથી. કૈંક શુષ્ક છે.

શ્લોક ૯ पातुं न० હરિગીત

પૃ. ૩૭ શ્લોક. ૧૩

સ્ત્રી ઉપર્યુક્તથી ઘૂંઘટાળી – કોણ હશે એ રે ? ટેક

સુંદરતા પૂરી નહીં દિસતી,
તપસ્વિઓની મધ્ય રહતી,
પકવપીળાં પત્રોમાં છે અંકુરપેરે.. સ્ત્રી.

મૂળનો માત્ર ભાવાર્થ આવે છે. ગીત તરીકે સારું ગણાય.

પૃ. ૩૮ શ્લોક. ૧૫

તું યોગ્યમાં અગ્રસર પ્રમાણિ આ,
શકુન્તલા મૂર્તિમતી જ સત્ક્રિયા
સમાન છે તુલ્ય ગુણે વધૂવર,
સદાનિ નિંદા ઊગશે પ્રજાકર.

એકંદરે સારો અનુવાદ છે. રેખાંકિત જોડણી ખરાબ છે.

શ્લોક ૧૮ નો અનુવાદ ગદ્યમાં કર્યો છે. પૃ. ૩૯ શ્લોક–૧૯.

સરસ સરળ કાંતીરૂપ આવું સુહાયે,
પ્રથમ હું પરણેલી કે ન નિશ્ચે ન થાયે.
મધુકર જિમ વહાણે કુંદ ઓસે ભર્યાં ને,
નહિ સમરથ લેવા ભોગ કે ત્યાગવાને.

એકંદરે સારો અનુવાદ છે. શ્લોક ૨૧ નો ગીતમાં છે.

શાંતપાપ એ થાઓ.
પાપ વાણી સંભળાવ મ સુંદરી. શાંત
શું તું ઇચ્છે રાજકુલને કલંક લાગે એવું
વળી પાડવા મુજને વહેતી નદી કરે છે જેવું,
નિજ તટને એ લઇ જતાં તો સ્વચ્છ નીર વણસાડે,
વળી ક્યારી બહુ મોટા સૌ તરુને તોડી પાડે. (શાંત.

રેખાંકિત ૧ વધારાનું છે. ૨ नातिविलंघितुम् માટે છે. ૩. ઊમેરો છે કૈંક શુષ્ક અને પ્રસ્તારી હોવા છતાં ગીત તરીકે સારું છે. प्रत्युत्पन्नमतिः स्त्रैणम् માટે સ્ત્રીઓ "ગતકડાંમાં કુશળ હોય છે" એમ અર્થ કરે છે. તેનો અર્થ સમયસૂચકતા વાળી થાય. આ અથવા "જુઠ્ઠા ઊઠાવવામાં કુશળ" અર્થ બરાબર નથી.

અંક-૬ શ્લોક ૨ માં " આમ્ર મંજરી જોઇ આનંદમાં આવી જઇ ચેટીએ કહેલી ઉકિતનો અનુવાદ ગીતમાં કર્યો છે.

દીઠો દીઠો રે અંબિ મોર, મોરલડું તૂંને ટેક
કંઇક રાતો લીલો ધોળો ઋતુ મંગળ દરશનરે,
જીવરસરવસ છે વસંત કેરો, થાજે તું પરસન. .. દીઠો

સામાન્ય અનુવાદ છે. શ્લોક ૩ નો યે ગીતમાં છે.

શ્લોક-૪

અંબિ મંજરી નીકળ્યે બહુ થયું તોયેન બાઝે રજ
ફુલોત્સવ થશે દિસે ફુરબકે , રેહે કળી તેમજ,
કોકીલી શિશિરે ગળે ગદગદો કંઠથિ કાટે સ્વર
ભીતી સંવરતો શકે સ્મરવળી , ભાથેથિ અર્ધો શર:

એકંદરે સારો અનુવાદ છે.

પૃ. ૨૧૨ (કાલે) થી આગળ સાનુમતીની ઘણી ઉકિતઓ છોડી છે. મૂળના શબ્દોને યે સારલેખક અનુસરતા નથી. તેથી મૂળમાં રાજાના વાણી વર્તનમાં વ્યકત થતો શકુન્તલા માટેનો પ્રેમ અને તેની ચિત્રકલાકુશળતા વિષે જે સુંદર સૂક્ષ્મ વિચારણા સાનુમતીની ઉકિતઓ દ્વારા વ્યકત થયા કરે છે, તેના પાત્રને ઉચ્ચ અને સહાનુભૂતિને પાત્ર બનાવે છે, તે ભાગ, ઉડી જાય છે.

વિદૂષકની ઉકિત (પૃ.૪૭) મૂળ છે. " હું નથી ભૂલ્યો , પણ બધું કહીને અંતે તમે આ તો પરિહાસ કથન છે , સાચું નથી" એમ કહ્યું હતું . મેં માટીના પિંડ જેવી બુદ્ધિવાળાએ તેમજ માની લીધું " એને બદલે ,

હું કેમ વિસરું ? છેલ્લું તે કીધેલું કે મેં હાસ્યકીધું તે મેં માટીનાં ઢેફાં જેવી મારી બુદ્ધિએ સાચું માન્યું. હોશે , હોનાર તેજ બળવાન છે." એમ કરે છે. અર્થ આવે છે. પણ નાના નાના ફેરફાર કેવા કર્યા છે. તેનો આ ઉપરથી ખ્યાલ પણ આવે છે. શ્લોક ૯ નો અનુવાદ ગીતમાં છે. તે આ બાણે છેજ જેવું બાણ , વિખે ભરેલું

અહીંથી છાંડી કે જ્યાં માંડ્યું સ્વજનથી વસિ,
વિશ્વપતી અને બીતી દુરબળ દેહરે. તે આ.

ત્યાં ગુરુ જેવા માન યોગ્ય ગુરુ શિષ્યે,
વારે વારે ઊંચા શબ્દે કહ્યું ઊભી રહે રે. તેઆ.
ત્યારે વળી ફરી તેણે કઠિણ નિર્દય હું ને
આકળી અર્પી દૃષ્ટિ આંસુભરી જોઈ રે તેઆ.

ને માટે મૂળ છે. "અહીંથી પ્રત્યાદેશ થતાં સ્વજનની પાછળ જવાલાગી, ત્યારે ગુરુજેવા ગુરુ શિષ્યે મોટેથી "રહે" એમ કહ્યું તો અટકી ગઈ પછી આંસુથી કલુષિતદૃષ્ટિ હું ક્રૂર પર નાખી તે વિષયુક્ત શલ્યની પેઠે મને દહે છે."

ગીત બનાવતાં પુનરુક્તિ અને વિસ્તાર થયો છે. શ્લોક ૧૦ નો ગીતમાં સારજ આવ્યો છે. તો શ્લોક ૧૧ નો અનુવાદ પ્રસ્તારી થયો છે. શકુન્તલા – ચિત્ર દર્શનનો સુંદર કરુણ કોમળ પ્રસંગ કવિ એકજ પૃષ્ઠમાં પતાવી દે છે. દુષ્યન્તના પાત્રનું કમનીયરીતે નિરૂપણ કરતા કેટલાયે પ્રસંગો છોડી દે છે. સાનુમતીની ઉક્તિઓના ધારાવાહી પ્રવાહનો કાલિદાસે કરેલો કલાત્મક ઉપયોગ પણ પડતો મૂકાયો છે. મૂળ નાટકની રચનામાં કવિ કાલિદાસે ભારે કલા સંયમ દાખવ્યો છે. છતાં શબ્દ, અર્થ અને ભાવનું લાલિત્ય તથા ધ્વનિમયતાની સુંદર દૃષ્ટિ તેમાં જોવા મળે છે. તે અહીં સાર – દોહને લેખકે જતી કરી છે. તેટલે અંશે તે મૂળના ધ્વનિને ઊતારવામાં ઓછાં ઊતર્યાં છે. સાત અંકના આ નાટકને તખ્તા યોગ્ય બનાવવા માટે કેટલુંક છોડી દેવું પડે તે બરાબર, છતાં આ પ્રસંગો કે અંશોને છોડી દેવાથી મૂળની અપૂર્વ રસાનુભૂતિને માણવામાં બાધા આવી પડે છે તે તો સ્વીકારવું પડે તેમ છે. મૂળમાં (કાલેની આવૃત્તિના) પૃ.૨૨૬ થી ૨૩૬ સુધીનાં શકુન્તલા ચિત્ર દર્શનના પ્રસંગમાં તન્મય બનીને શકુન્તલાના દર્શનનો આનંદ માણતો રાજા છેવટે વાસ્તવની ભૂમિ પર પછડાય છે, તે, તથા તેની વેદનાને વધારી મૂકનાર અપુત્ર વ્યાપારી ધનમિત્રના પ્રસંગને પણ અહીં એકાદ પૃષ્ઠમાંજ પતાવી દીધો છે. પૃ. ૫૧–૫૨ નો છઠ્ઠો અંક પણ પૂરો થઈ જાય છે. સાતમા અંકમાં પણ આકારણે મૂળની ઘણી ખૂબી અંશકથી રહી જાય છે. શ્લોક ૨, ૮, ૯, ૧૩, ૧૪, ૧૫, ૧૭, ૨૧, ૨૨થી૨૯ અને ૩૨ થી ૩૫ ના અનુવાદ કર્યા છે. તે સારા પણ છે, પણ ઘણું છોડ્યું પણ છે. પૃ. ૨૫૨ થી ૨૫૮ મધ્ય, પૃ.૨૬૨નું મારીચાશ્રમનું વર્ણન, ૨૬૬ની ચેઉક્તિ, ૨૭૦નો મોટોભાગ રાજા અને તાપસીના સંવાદનો પણ ઘણો ભાગ છોડ્યો છે. શ્લોક. ૧૧

રાફડે ઢંકાઇ ગઇ મૂરતિ અરધી ઉર,
વિંટલાતું સાપતણી કાંચળીએ હૃદય તો,
જીરણ વેલાની ઝુંડ કંઠે પીડે રૂંધલગી
જટા તણા મંડપમાં માળાકીધા શકુંતે,
ઝાડ કેરા થડ જેવી અચળ મુનિતો બેઠો,
સૂર્યબિંબણી મોઢું રાખ્યું જુઓ જ્યાં એને.

નિર્મળ અનુવાદ આવે છે. અર્થ ઊતરે છે, છતાં પ્રણ પંક્તિ કરવી પડી છે. શુષ્કતા પણ છે.

શ્લોક-૧૫

બીજકો તેજ મોટાનું, એવો બાળક ભાસતો,
ચિંગારીએ રહ્યો અગ્નિ જેમ ઈંધન ઇચ્છતો

સારો અનુવાદ છે.

શ્લોક-૧૭

કંઇ કંઇ દીસતી દંત કળીઓ વણ નિમિત્ત હસવા થકી,
ને કાલી કાલી બોલીના સમજાય તેવી તોતળી,
અંકે ચઢીને બેસવા બહુ તલપતા સુત જે લિયે,
થાયે મલિન વળી અંગ ધૂળે ધન્ય તેને લેખિયે.

પ્રસ્તારી છતાં એકંદરે સારો અનુવાદ છે. શ્લોક ૨૧-૨૩ ના અનુવાદ પણ સારા છે. શ્લોક ૨૫ નો અનુવાદ ગીતમાં કર્યો છે. સમગ્ર પણે જોતાં શ્લોકોના અનુવાદ પુરોગામીઓના અનુવાદ કરતાં સારા છે. પ્રયોગોમાં પણ કવિ પુરોગામીઓ કરતાં એકંદરે સારી છાપ પાડી શકે છે. છતાં પૃ. ૮ પર અમણાં (હમણા માટે) જ પૂછું છું. તારા ચિંત્યાનું પૃ.૯ "જીવનગાળો" (જીવન સર્વસ્વમાટે) ब्रह्मणि प्रतिष्ठितः માટે "બ્રહ્મ વિચાર કરે છે" સાંભળી જેવા પ્રયોગો માટે સાંભળવું જેવાં ક્રિયાપદોનાં, સામાન્ય રૂપના પ્રયોગો, શ્લોક ૬માં "ભરડિ" પ્રયોગ, પછી "રાન ઘેરૂ ઓને નિવર્તિ પ્રભાડો" આમલીનું બેડકું પૃ.૨૦ પર "સુકેલલો માટે સૂકો" મેં ગીત વસ્તુનો વિચાર કર્યો છે, માટે "મેં ગીતી જોડી તો ખરી," માટે પાછો થાઉં" તારી રજા લઉં છું, કે આમંત્રણ આપું છું માટે

રાખું છું, ત્રાસ પર્યાંડ તાને માટે " ત્રાસતા ", अर्चनीया માટે બે ફૂલ ધરાવી લઇયે

પૃ. ૩૫ પર महद्रुपालम्भनं गतोऽस्मि માટે હું તેના વાંકમાં આવ્યો છું.

मंवती માટે "બાઈ" (જેમાં શકુન્તલા માટે જે માન છે તે ભાગ્યેજ પ્રગટ થાય છે)

निपुणमुपालब्धास्मि માટે તેં અમને ઠીક વગોવ્યા પર્યાકુલો સ્મિ

માટે ઉધિ ઘેરાયા છું. " मणिबन्धनोत्कीर्ण नामधेयं માટે "પરૂથી "માં

જેવો પ્રયોગો સંતોષ કારક નથી. છઠ્ઠા અંકમાંના વિષ્કંભકમાં માછીની ભાષાને માટે

આવી ભાષા પ્રયોજે છે.

માવત : ધણી ઇમ મ બોલ.

હૂંહુ પણ વહિ જનમથી કીધાર કર્મ તે કદાનતજી દીનાંછું

ભાપણ દી આવાનજ હુઇ જાને પઠૂ ઘરે મારછું

ઇક દિ રાતો મછપાયો, તિના કટકા અંહતા તિના પેટમે રતને ઝરકતી આંગઠી મંઇદેખી

પછઇ ઇ ઇકવાને દિખાડતું ઇતર ઇ ધણીએ

સને ઘરે ઓ. ઇમ મુજ ગોઠ છિ માર કિ મૂચ

" વણકારણઇ તુ મારવાન છે જોગ નથી " વગેરે તેમાં સુરતી અસરતો છેજ પણ ઇનો વધારે પડતો ઉપયોગ અને રેખાંકિત શબ્દો એક વિચિત્ર શૈલી ઊભી કરે છે.

આમ આ અનુવાદમાં કવિની શાકુન્તલવિષયક સમજ સારી લાગે છે. તે મૂળનો અર્થ સમજે છે, પણ વિશેષે દોહન તરફ ધ્યાન હોવાને કારણે ક્યાંક ક્યાંક હાનિ પણ પહોંચી છે અને મૂળનો અર્થ પૂરો ઊતર્યો નથી. તે વખતની ગુજરાતી ભાષામાં અમુક ભાવોને વ્યક્ત કરવા માટે યોગ્ય શબ્દો સ્થિર થયા નહતા તેથી પર્યાય પસંદગી પણ તેમને મૂંઝવતી લાગે છે. નિરપેક્ષ દૃષ્ટિએ તો તે નિર્બળતાજ ગણાય.

(૨) રંગભૂમિની તત્કાલીન પરિસ્થિતિને ધ્યાનમાં રાખીને કવિએ કેટલાક શ્લોકોને ગીતમાં ઊતાર્યા છે, ત્યાં યે મૂળનો ભાવતો ઓછે વત્તે અંશે ઊતર્યો જ છે. બાકીના શ્લોકોનો અર્થપણ ઠીક ઠીક ઊતર્યો છે, પુરોગામીઓ કરતાં લાલિત્ય પણ કંઇક વધારે પ્રમાણમાં છે. આમ જોતાં સંસ્કૃતના સામાન્યજ જ્ઞાનવાળા કવિનો આ પ્રયત્ન નોંધપાત્ર ગણાય તેવો છે.

(૩) આ દોહન છે એ દોહનજ રહે છે. તેથી પ્રસ્તારનો પ્રશ્ન અહીં ભાગ્યેજ દેખા દે છે. જ્યાં મૂળનો અનુસરીને અનુવાદ કરવાનો પ્રયત્ન છે. ત્યાં સારી સફળતા મળી છે.

(૪) ભાષા સામાન્યતયા પુરોગામીઓ કરતાં વધારે પરિમાર્જિત છે. "હ"યુક્ત વર્ણોને લખતાં તે વર્ણ નીચે બિંદી (.) કરે છે પણ તે રીતને સર્વત્ર અનુસર્યાં હોય એમ બન્યું નથી. શ્લોકોના અનુવાદમાં છંદને કારણે ઘણે સ્થળે જોડણીની છૂટ લીધી છે. તે ટાળી શકાઇ હોત તો વધારે સારો અનુવાદ થઇ શકત. સંક્ષેપ કરવામાં વિવેક બુધ્ધિ સારી વાપરી છે. છતાં તેમાં મૂળનું સૌંદર્ય પૂરું તો નજ ઊતરે તે સમજી શકાય તેવું છે. જ્યાં મૂળને અનુસરે છે. ત્યાં મળેલી સફળતા જોતાં દોહનને બદલે અનુવાદજ કર્યો હોત તો આજથી ૮૩ વરસ પહેલાં પણ ગુજરાતી ભાષાને શાકુન્તલનો એક સારો અનુવાદ મળ્યો હોત એમ લાગે છે. તે જમાનાના લોકોને રંગભૂમિ ઉપર શાકુન્તલનો ઠીક ઠીક ખ્યાલ આપવામાં આ દોહન ઉપયોગી બન્યું હશે.

શ્રી મગનભાઇ ચતુરભાઇ પટેલ – ૧૯૨૫

પ્રસ્તાવનામાં કાલિદાસની આકર્ષક કાવ્ય કલાનો વિચાર કરી, તેમની જીવનદૃષ્ટિને મૂલવવાનો અનુવાદક પ્રયત્ન કરે છે. તેની ચિરંતનતાને કારણેજ કાલિદાસ આવા ભારત પ્રિય અને વિશ્વવિખ્યાત કવિ બન્યા હોવાનું તે જણાવેછે. એક એડવોકેટને શોભે તેવી શ્રેણી બદ્ધ દલીલોમાં તેમાં આવતી શૃંગાર ભાવના, પ્રેમભાવના અને તેના ચોથા અંકમાં તે કેવા તો શુદ્ધ સ્વરૂપમાં ઝળકી ઊઠે છે તે, તથા તેમાં નિરૂપેલા બ્રાહ્મણ ધર્મ, ક્ષાત્ર ધર્મ, નાયક નાયિકાનું વ્યકિતત્વ અને અંકવાર નાટકના વસ્તુનો પરિચય પણ આપ્યો છે. તે કવિને ઇ.સ.પૂ. પહેલી સદીમાં મૂકવાનું વલણ ધરાવે છે.[૧૬] તથા પોતે જોડણી શબ્દ અને વાકય રચના વગેરેમાં કઇ પદ્ધતિને શાથી અનુસર્યા છે તે પણ ચર્ચે છે.[૧૭]

નાન્દી શ્લોક–૧ પદ.

કર્તાની જે પ્હેલી સૃષ્ટિ, ને જે વિધિએ હોમેલી,
આહુતિને વહી રહીને, જે બે કાળ રહયાં ધારો,
હોત્રી જે વળી, તે જે વિશ્વે શબ્દ ગુણે વ્યાપીજ રહી,
કે' છે જેને બીજ પ્રકૃતિ સર્વ તણી ને, જે વિભૂતિ,
પ્રાણિ માત્રમો પ્રાણ બની, પ્રત્યક્ષ થયાં આ અંગોથી,
કરો તમારું રક્ષણ શ્રી હરિ, પ્રસિદ્ધ આઠે વિભૂતિથી.

અનુવાદ છ પંકિતમાં કર્યો છે. છંદ રચના માટે જોડણીની છૂટ લીધી છે.

મૂળમાં હોત્રી ત્રીજા ક્રમમાં છે તેને પશ્ચિમક્રમે મૂકી છે. રેખાંકિતમાં "ઇશ" તે માટે શ્રીહરિ કર્યું છે. તેમને આ આઠ શરીરવાળા માનવાનો શાસ્ત્ર સંપ્રદાય નથી. તે તો ભગવાન શંકરને માટે છે. તનુભિ: માટે વિભૂતિથી પણ એવુંજ છે. એ બે ભૂલો છે.

૧૬. પ્રસ્તાવના પૃ. ૧ થી ૨૮

૧૭. પૃ. ૩૦ સુધી.

શ્લોક-૩ सुभगसलिलावगाहा:०

વહાલું જળમાં રમવું, વાયુ સુગંધી પાટલ સહવાસે,
સુલભ છાંયડે નિદ્રા, દિવસો રમણીય આ સંધ્યાકાળે.

રેખાંકિત परिणामरमणीया: दिवसा: માટે છે. તે નિર્બળ છે.

શ્લોક ૫ માં 'ચિત્ત વેધી' છે. તે "ચિત્તવેધી" જોઈએ.

પૃ. ૩ શ્લોક - ૬ कृष्णसारे०

ચઢયે ચાપ તને જોઉં, ને જોઉં કૃષ્ણસારને,
સાક્ષાત્ પિનાકીને દેખું પડેલા મૃગ પાછળે.

अधिज्यकार्मुके અને ददत्चक्षु: માટે છે. "ઈવ" નો ધ્વનિ અનુવાદમાં આવતો નથી.

શ્લોક ૭. ग्रीवाभङ्गाभिरामम्०

ગ્રીવા ભંગે રૂપાળો, વળી વળી ધસતો દૃષ્ટિ બાંધી રથે હા,
સંકોચાતો પૂંઠેથી શર પતન ભયે, આગલાં અંગમાં હા,
અર્ધાં ચાવેલ થાકે વિવૃત મુખથી આ ગે રવ્યા દર્ભ રસ્તે,
દોડયો જાતો ફલંગે ભૂમિતળ અડકયો કૈંક ઊડયો અગાસે.

રેખાંકિત અનુક્રમે मुहुरनुपतति, पश्चार्धेन प्रविष्ट:, भूयसा पूर्वकायम्, कीर्णवर्त्मा, उदग्रप्लुतत्वात्, वियति बहुतरम् માટે છે તે સામાન્ય છે. બીજી પંક્તિનો અર્થ કૈંક બદલાય છે.

પૃ.૭ શ્લોક-૧૫ शान्तमिदम् ०

શાન્ત દિસે આશ્રમને,
ફરકે ભુજ અહીં હશે શું ફળ એનાં?
અથવા સર્વે સ્થળમાં
ઉઘાડે દ્વારો થનાર ભાવિનાં!

રેખાંકિત-૧ भवन्ति માટે છે. ૨ માં પુનરુક્તિ છે. બાકી અનુવાદ સારો છે.

શ્લોક–૧૭ इदं किलाव्याज ।

સ્વભાવથી સુંદર આ શરીરને,
ચહે કવિ વૃત્તિ તપે સધાવવા,
ખરે ઋષિ તે લઇ પત્રધારને,
શમીલતા છેદનમાં મથી રહ્યા.

અનુવાદમાં મૂળનું લાલિત્ય ઉતરતું નથી, તેથી તે નબળો છે.

શ્લોક–૧૮ પં. ૪ માં

મધુરરૂપ ભર્યાંને શોભતું શું ન થાય ?

પણ નિર્બળ અનુવાદ છે.

શ્લોક–૨૧. चलापाङ्गां ।

રહી કેવી વાંકી ચપળ પડતી દૃષ્ટિ અડક્યો,
ભમીકાને છાતી મધુર ગગણી વાત કરતો,
રહીવારી હાથે તદપિ રસ પીતો અધરનો,
કૃતાર્થી સંયોગે ભ્રમરનું, વિચારે હું રખડ્યો.

રેખાંકિત પદો અનુક્રમે चलापाङ्गां दृष्टिं માટે છે वेपथुमतीं છોડ્યું છે, ૩ અસુભગ પ્રયોગ છે, ૪ करौ व्याधुन्वत्याः માટે છે.
૫. रतिसर्वस्वं છોડ્યું છે. ૬. બિન જરૂરી છે.
૭. वयं तत्त्वान्वेषात् मधुकर हतास्त्वं खलु कृती । માટે અપૂર્ણ અને ખરાબ છે. મૂળના સુંદર શ્લોકનું લાલિત્ય ઊતરતું નથી. અનુવાદ નીરસ, અપૂર્ણ અને નબળો છે.

શ્લોક–૨૭ स्रस्तांसाव ।

ઊપાડી ઘટ સ્કંધ છેક નમિયા રાતી હથેળી થઇ,
થાકે શ્વાસ વધ્યા હજુય સ્તનશા તેથી રહ્યા ઉછળી,
ચોટ્યું કર્ણ શિરીષ સ્વેદ જળનું જાળુ વળ્યું ગાલમાં,
વેણી બંધ છૂટ્યેથી કેશ વિખર્યા, ઝાલી રહી હાથમાં.

રેખાંકિત – ૧ घटाक्षेपणात् ૨. स्तनवेपथुं जनयति ૩. पर्याकुला:
૪. नियमिता: માટે છે. પર્યાય પસંદગી સુભગ નથી. તેથી મૂળનાં અર્થ અને લાલિત્ય આછાંજ ઊતર્યાં છે.

પૃ. ૧૯ શ્લોક. ૩૧ गच्छतिपुर: ०

આગળ જાય શરીરને પાછું ભાગે શિથિલ મન માહું,
સ્હામે પવને લેતાં, ધ્વજને તેનું ચિનાંશુ પટ જેવું.

રેખાંકિત असंस्तुतम् માટે છે. બાકી અનુવાદ સામાન્ય છે.

અંક૨ શ્લોક. ૨. स्निग्धं वीक्षितं०

નાંખી દૃષ્ટિ કહીંક તોય પ્રમદા જોઇ રહી સ્નેહથી,
ચાલી મંદ નિતંબભાર થકી તે જાણે વિલાસે ભરી
૨ અટકી જા નહિં એમ સખી તો એ બોલી તર્જૌંઠથી,
એ સર્વે મુજ અર્થ એમ નિરખે હા ! કામીની દૃષ્ટિથી!

રેખાંકિત कामीस्व (स्वपरतां) पश्यति માટે છે. બાકી અનુવાદ લાલિત્યમાં ઊતરતો હોઇ સામાન્ય છે.

શ્લોક-૪ પણ છ ફરી ફરીને વાગતાં રોઢી છાતી,
રવિકિરણે સહીને સ્વેદ બિંદુ વળે જૈ,
કૃષ પણ ન જણાયે સાયું સૌંદર્ય તેથી,
ગિરિચર ગજ પેઠે ગાત્ર ભર્યું બહેથી.

રેખાંકિતમાં છંદ તૂટે છે, બાકી સામાન્ય, ૪૪

પૃ. ૨૬ જો એમ હોય તો રૂપવતીઓના ગર્વનો ઉતાર છે – ને બદલે "એમ હોય તો હવે રૂપાળીઓનો શો હિસાબ રહ્યો ? એમ કહે છે.

શ્લોક. ૧૧ જઉં છું સન્મુખ તો દગ ફેરવે,
પણ નિમિત્ત બીજું કરીને હસે,
વિનયને પડદે રમતાં રતી,
થઇ ન છેક ઉઘાડી ન આવરી.

રેખાંકિત ૧ બરાબર અર્થ આપતું નથી. ૨. मदनः માટે છે. અનુવાદ સામાન્યજ છે.

શ્લોક-૧૬ વૃદ્ધોને પગલે ચાલી તમારું યોગ્ય રૂપ આ,

પૌરવોએ લીધી દીક્ષા પીડ્યાને રક્ષવા સદા

રેખાંકિતમાટે મૂળમાં છે. युक्तरूपमिदं तव - 'તમને આ ઘટે છે.'

તેને બદલે આમ કરતાં અર્થ બદલાઇ જાય છે. શુષ્કતા પણ છે.

પૃ. ૬૦ વિદૂષક : મૂળ છે. " પહેલાં તો ઊભરાઇ રહ્યું હતું, હવે રાક્ષસોના

વૃત્તાંતથી ટીપુંયે રહ્યું નથી. " તેને બદલે " પહેલા તો પુષ્કળ મન હતું, પણ હવે

રાક્ષસનું વૃત્તાંત સાંભળીને જરાય નહીં " પણ નિર્બળ અનુવાદ છે.

શ્લોક-૧૮ ગીતિ

કહી હું ને કહી પ્રીછયું હરણાં સાથે મદન અજાણ જનેયું

કરી વાતો મશ્કરીએ ન માનીએ બહુ, મિત્ર સત્ય કરીને.

રેખાંકિત परिहास विजल्पितम् માટે છે. અનુવાદ નિર્બળ અને શુષ્ક છે.

વિદૂષકની છેલ્લી ઉક્તિ अथ किम् છોડી છે.

શ્લોક ૬-૮ ના અનુવાદો પણ ફિક્કા છે. શ્લોક.૯

પૂછયું સમાન સુખ દુઃખની આ સખીએ,

રે ના કહ્યા વિણ ખરી હૃદય વેદનાને

પાછી વળી તલસતી નજરેથી એણે

જોયો છતાં શ્રવણ વ્યાકુળ શો હું આજે

રેખાંકિત ૧ मनोगतमाधि हेतुम् અને ૨. श्रवण कातरत्वम्

માટે છે. અનુવાદ નબળો છે. ત્રીજી પંક્તિમાં बकुश: છોડ્યું છે. શ્લોક. ૪

તવ મન નવ જાણું હું પણ હે નિર્દય તપે રાત દહાડો

મદન પ્રબળ આ તમમાં આસક્ત થયા રહયાં એવા

રેખાંકિત ૧ ग्लपयति માટે છે. બાકી અનુવાદ સામાન્ય. ૧૫ માના અનુવાદમાં પણ

મૂળનું લાલિત્ય ઊતરતું નથી.

શ્લોક-૧૬ કહે તો તને શીતળ પર્ણો દળે ભરેલો,
ઢોળુ પ્રશાંત કરતાં શિત વાયુ પંખે,
કે પદ્મ તામ્ર ચરણો લઇ અંક મધ્યે,
ચંપી કરું સુખદ હે / કરભો રુ તારાં.

રેખાંકિત જોડણીની છૂટ છે ર. અશુભ છે. અનુવાદ લાલિત્ય હીન છે.

અંક.૪ શ્લોક. ૧ विचिन्तयन्ती ०

જેને રહ્યે કરી તું ચિંતન એક ચિત્તે,
આવ્યો તપોધન હું જોઇ શકી ન એને,
સંભારતાં પણ તને ભૂલશેજ જાતે,
ભૂલે પ્રમત્ત જ્યમ આગલી વાત સર્વે.

રેખાંકિત प्रतिबोधितोऽपि सन् માટે છે. સમગ્ર રીતે જોતાં મૂળનું લાલિત્ય ઓછું આવે છે. પર્યાયપસંદગી શિથિલ છે. અર્થ વ્યકત થાય છે, પણ પૂરો નહીં.

પ્રિયંવદાની ઉકિત મૂળ છે. " જ્યારે પાછા વળવા ન ઇચ્છયું' ત્યારે મેં વિનંતી કરી - ભગવાન પહેલોજ જાણીને, તપના પ્રભાવને ન જાણનારી દીકરીનો એક અપરાધ ક્ષમા કરવો જોઈએ.

તેને બદલે - " જ્યારે પાછા વળવાનું તેમનું મન ના દીઠું ત્યારે મેં મહારાજને વિનંતી કરી કે ભગવન્ આપના તપનો પ્રભાવ એ બાળકી કયાંથી જાણે ? એ તો તમારુંજ બાળક છે. આ એનો પહેલોજ અપરાધ જાણી ક્ષમા કરવો ઘટે.

રેખાંકિત, ૧ બિન જરૂરી છે. અર્થમાં ગોટાળો પેદા કરે છે. રચનામાં ફેરફાર એને પ્રસ્તર અનુવાદને હાનિ કરે છે. પૃ.૪૯ પર " હવે આશ્વાસન પામવાનું શકય છે."ને માટે "હવે જીવમાં જીવ આવ્યો " એવો રૂઢ પ્રયોગ કરે છે, તે સારો છે.

શ્લોક-૨ यात्येकतो स्त०

આ આમ ઔષધિપતિ થઇ જાય અસ્ત,
પેલો ઊગે અરુણ આગળ આવી સૂર્ય,
બે તેજના ઉદય અસ્ત થતાંજ સાથે,
જાણે રહ્યાં નિયમી લોકની આ દશાને.

રેખાંકિત-૧ પ્રયોગ અસુભગ છે. ૨ માં જાણે સૂર્ય અરૂણની આગળ આવીને ઊગે છે એવો અર્થ થાય છે. પહેલા અરૂણોદય અને પછી સૂર્ય એ ક્રમજ બદલાઇ જઇને વિપર્યય થાય છે. "આવી" ને બદલે "રાખી" શબ્દ યોજ્યો હોત તો એમ ન થાત. મૂળ શ્લોક ૫ મો પણ સુંદર છે. તેનો અનુવાદ શુષ્ક છે કૈંક અર્થ વિપર્યય પણ થાય છે.

શ્લોક-૬ यास्यन्त्यद्य

જાશે આજ શકુન્તલા કરી હૃદે ઉદ્વેગથી ઉકળ્યું
રોકયાં અશ્રુથી કંઠ ગદગદ થતો ચિંતાથી ચક્ષુનું,
સ્નેહે જો દુ:ખ આવડું અમસમા આરણ્યકોને થતું
પહેલો પુત્રિ વિયોગ કેમ ન દહે સંસારીને સૌ ઘણું

રેખાંકિત બીડો સુભગ નથી. આખા શ્લોકનો અર્થ અપૂર્ણ ઊતરે છે. લાલિત્યનો પણ અભાવ છે. ગૌતમી : પુત્રી, આ જાણે આનંદથી ઊભરાઇ જતી આંખે તારી ભેટ લેતા ગુરૂ પાસેજ આવીને ઊભા છે" "ઇવ" નો અર્થ છોડવાથી મૂળને હાનિ પહોંચે છે. શ્લોક ૭મો વૈદિક જેવા છંદમાં છે, તેને બદલે ગીતિ કરી છે. અર્થ આછો જ ઊતર્યો છે.

શ્લોક. ૯ पातुं न प्रथमम्०

પીતી ના જળજે પ્રથમથી પીધા તમારા વિના,
વ્હાલું મંડન તોય પલ્લવ નહીં ચૂંટે તમારા જરા,
પહેલો કાલ કુસુમનો પ્રખરતાં જે પાળતી ઉત્સવો
તે આ જાય શકુન્તલા પતિ ગૃહે તેને વળાવો તમે

રેખાંકિત-૧ જે પહેલાં પીતી નથી, માટે છે. ૨. છંદ પણ બરાબર નથી. આગળ स्नेहेन છોડ્યું છે. ૩. कुसुमप्रसूति समये અને ૪. सर्वैरनुज्ञायताम् માટે છે. મૂળની ખૂબી આવતી નથી. તેથી અનુવાદ નબળો લાગે છે.

શ્લોક-૧૧ મૂળ વસંત તિલકામાં છે તેને બદલે લાંબો છંદ પસંદ કરવાથી પ્રસ્તાર અને કૈંક શુષ્કતા આવ્યા છે.

અતિરમ્ય વચ્ચે કમળ ભર્યાં સરો ઘડી ઘડી આવતાં
છાયા ભર્યાં તરૂવર ઘટાથી તાપ રવિનો કાપતાં,
થાજો પ્રવાસે કુસુમરજથી મૃદુલ મૃદુ રેણુ ભર્યો,
બહુ શાન્ત અનુકૂળ પવનવાળો માર્ગ મંગળ તાહરો.

રેખાંકિત -૧ सरोभि: માટે છે. ૨-૩ વધારાના ૭૪. नस्या: ને બદલે છે. રેખાંકિત અન્ય પદો પણ નિર્બળ છે. પ્રથમ પંક્તિ શિથિલ છે.

શ્લોક -૧૭ अस्मात् साधु॰

વિચારી ઠીક સંયમે ધની અમે, ઉંચા કુળે છો તમે,
ને આણે કરી સ્નેહ વૃત્તિ તમમાં જાણીય ના બંધુએ
રાણીમાં ગણી યોગ્ય ગૌરવ ભરી આને તમે રાખજો,
દૈવાધીન અધિક આથી વધૂનાં કહેશે શું બંધુજનો.

મૂળ કરતાં નબળું અને ફિક્કું છે. મૂળ છે. "અમે સંયમધન સાધુ છીએ. તેનો તથા તમારા ઉચ્ચ કુળનો વિચાર કરી, આની બંધુ જનોએ ન કરેલી તમારામાંની તે સ્નેહવૃત્તિને ધ્યાનમાં રાખી, તમારે એને રાણીઓમાં સામાન્ય માનપૂર્વક રાખવી જોઇએ તેથી વધારે તો ભાગ્યને અધીન છે. એને વધૂનાં બંધુઓએ કહેવું ન ઘટે. રેખાંકિત અંશો નિર્બળ છે.

શ્લોક ૨૨ अर्थो हि कन्या॰

કન્યા ખરે વિત્તજ પારકું છે,
વળાવી તેને પતિ ઘેર આજે,
થયો સુખી અંતર આત્મા મારો
સોંપી દઇ થાપણ પાછી જેવો.

પંક્તિ ૩-૪નો અનુવાદ ફિક્કો છે. રેખાંકિત ૧. परिग्रहीतु: માટે છે.

અંક ૫ મો.

શ્લોક—૨ रम्याणि वीक्ष्य ०

જ્યારે સુણી મધુર શબ્દ અને રૂપાળું
જોઇ થતું સુખી તથાપિ સચિંત જંતુ,
નિશ્ચે સ્મરાય ચિતમાં ન જણાય તેમ,
ભાવે થયા સ્થિર ભાવો ભવના સબંધ

અર્થ આવે છે. પણ પંક્તિ ૧—૨ નો અનુવાદ નબળો છે. पर्युत्सुकी માટે સચિંત અને नूनमवोधपूर्वम् માટે પંક્તિ ૩ માં અનુવાદ નબળો છે શ્લોક ૬ નો અનુવાદ પ્રસ્તારી છે. ૧૧—૧૨ ના લાલિત્યને અભાવે ફિક્કા લાગે છે.

શ્લોક—૧૯. સ્વરૂપ સમીપ આવ્યું નિર્મળી કાંતિવાળું
પ્રથમ કદી વરેલું હોય નિશ્ચે ન જાણું
ગરભ હિમ ભરેલા કુંદ શું ભૃંગ પેઠે,
ત્યજી શકું નહિ કે હું ભોગવી ના શકું એ.

રેખાંકિત—૧ रूपमक्लिष्टकान्ति માટે છે. ૨. नतेत्य वृयवस्यन् માટે છે.
વિનાતે છોડ્યું છે. શ્લોક ૨૪ નો અનુવાદ પ્રસ્તારી છે.

અંક ૬ ના વિષ્કમ્ભકમાં માછીના ઉક્તિના શ્લોકને સોરઠામાં મૂક્યો છે. લાઘવને કારણે અર્થ પૂરો ઉતરતો નથી.

શ્લોક— ૪

આંબાની ફૂટીં ક્યારની કળી હજી બંધિન ત્યાગીએ રજ,
પણ આપું કળિએજ બ્હાર નીકળી જો પુષ્પ આ દુર્બક
વીતી ત્હોય શિશિર કંઠથી છુટ્યો કોકિલનો ના સ્વર.
બ્હીકે બાણ મૂકે શું ખેંચી અરધું ભાથેથી પાછું સ્મર.

એકંદરે સારો અનુવાદ. રેખાંકિતમાં છંદ તૂટે છે. પૃ. ૯૩ " આની દૃષ્ટિ નિષ્ફળ છે."ને બદલે " આની આંખજ અંજાઇ ગઇ " કરે છે.

શ્લોક—૨૭. સુંદર સ્વભાવોકિતનું ઉદાહરણ છે. "જેની રેતીમાં હંસ યુગલો છૂપાઇ બેઠાં છે. તેવા હિમાલયની તળેટીના પવિત્ર ડુંગરો રચવાના છે. લટકતાં વલ્કલો વાળી શાખા નીચે કાળિયાર મૃગના શીંગડે ડાબી આંખ ખણતી મૃગનીયે ચીતરવા ચાહું છું " — ને બદલે

ચિત્રુંશે પડયાંજ હંસ મિથુનો એવી નદી માલિની,
ને હિમાચળ પાદ પુણ્ય હરણાં આળોટતાં જ્યાં જઇ,
ઇચ્છું ચિત્ત હું આ વલ્કલ ભરી શોભાતણે વૃક્ષની,
ડાબી આંખ પ્રેમી રહી મૃગતણા શૃંગથી એવી મૃગી.

રેખાંકિત અંશમાં છંદ બરાબર નથી. મૂળની સૂક્ષ્મ ખૂબી આમાં ભાગ્યેજ આવે છે. પૃ. ૯૫ "વિનીતીને દંડ દેનાર આપજ તેને વારી શકશો " રેખાંકિત માટે મૂળ છે. दुर्विनीत. અહીં અર્થ વિપર્યય છે.

પૃ. ૯૮ "પિતાનો વારસો ગર્ભને મળવો જોઇએ" ને બદલે " ત્યારે પિતાનો, વારસો ગર્ભને મળે છે " કર્યું છે. ત્યાં મૂળના 'अर्हति' નો અર્થ આવતો નથી. ચાલુ નિયમને બદલવાનો ભાવ પણ પ્રગટ થતો નથી. શ્લોક—૨૭.

ખારું જો અભિનવ કંઠ લોહી પીવા,
ચિત્તો હું પશુસમ તક્ષકડીંચો તને આ,
પીડયાનું ભય હરવા ધનુષ ધારો,
આવે છો તુજ શરણે દુષ્યન્ત દોડી.

રેખાંકિત ૧—૨ અસુસંગ છે ૩-માં અર્થજ બદલાઇ જાય છે. માતલિ રાજાના સત્ત્વને જાગ્રત કરવા તેના પર આક્ષેપ કરવા માગે છે. તે વાતતો રહેતીજ નથી.

શ્લોક —૨૦ મૂળ છે " જે તારા મિત્ર ઇંદ્રથી અજેય છે. તેને સંગ્રામમાં હણનાર તું કહેવાયો છે. જે રાત્રિના અંધકારને સૂર્ય હરી શકતો નથી. તેને ચંદ્ર દૂર કરે છે."

જીતાયે નહી તુજ મિત્ર ઈન્દ્રનાથી
તેને તું હણીશ ઠર્યું રણે ચડયાથી
જેને કદી ના હણવા સમર્થ સૂર્ય
કાપે તે તિમિર નિશાનું ગાઢ ચીર

રેખાંકિત પ્રયોગો નિર્બળ છે. અનુવાદ નિર્બળ અને શુષ્ક છે. મૂળનું લાલિત્ય તેમાં આવતું નથી. અંક ૭ શ્લોક.૨ મૂળ છે. "પાસેજ રહેલા અને મનમાં માળાની ઇચ્છા રાખતા જયંત તરફ જોઇ સ્મિત કરીને, વૃક્ષસ્થળે ઘસાવાથી હરિચંદનના ચિહ્નવાળી થયેલી મંદાર માળા ઇન્દ્રે મને પહેરાવી " તેને માટે.

પાસે રહયો ઉત્સુક પહેરવાને,
જયન્તને જોઇ હસી મહેન્દ્રે,
ધાલી મને ચંદન વક્ષ ચોળેલ
સુગંધી મંદારની માળ કંઠે.

રેખાંકિત અંશ અનુભવ બક્ષુગ છે. મૂળનું લાલિત્ય ઊતરતું નથી.

શ્લોક-૬ त्रिस्रोतसम् ।

ધારી રહયો ગગનમાં જ ત્રિવેણી જેને,
ફૂંકી છૂટી લહર મંડળ ફેરવે જે,
તે વાયુનો પુનીત પાદ બીજે હરીને,
કહેવાય ઉજ્જવળ પરિવહ માર્ગી આતે.

રેખાંકિત ભાષાંતર નબળુ છે. અનુવાદ પણ એવોજ. અન્વય પણ અસરળ છે. શ્લોક૧૧-૧૨ નો અનુવાદ સાધારણ સારો છે.

શ્લોક ૧૫ માં मेधापेक्ष इव स्थितः માટે વર્ષા શો ઇન્દ્ર માગતો "
કરે છે. તે ખરાબ છે.

શ્લોક-૧૭ आलक्ष्यदंत ।

જેસાંજ દંત કળિઓ અનિમિત્ત હાસે,
અસ્ફુટ શબ્દ વદતા રમણીય લાગ્યે,
બેસારવા ઉમળકે સ્વજ પુત્ર અંકે,
લેતાં ધૂળે મલિન થાયજ ધન્ય છે તે.

રેખાંકિત–૧ तनयान् એને બે तरुंगरजसा માટે છે. તે નિર્બળ છે. શ્લોક ૩૩ ની પંક્તિ ૧–૨ નો અનુવાદ પણ એવોજ છે.

શ્લોકોના અનુવાદોનો સમગ્ર રીતે વિચાર કરતાં તેમાં લાલિત્યની ઓછપ વરતાય છે. મૂળનાં અર્થ ગૌરવ, લાઘવ એને ધ્વનિ બરાબર ઊતરતાં નથી. સંવાદોના ગદ્યાનુવાદમાં પણ પૂરો સંતોષ થતો નથી. પૃ.૪ प्रगृह्यन्ताम् માટે "તાણી ઝાલ" संनिहितः માટે "ઘેર", तामेव માટે "તે શકુન્તલાનેજ" उद्यानलता માટે "બાગલતા" नियन्त्रितास्मि માટે "એમને નડે છે.", તેથી જહું પ્રિયંવદા છે તે માટે "આમ જહું પ્રિયંવદા કહેવાઇ તો", તેણ[illegible]ર કોણ છે તે જાણીશ– ને "બદલે તો પણ ખાતરીપૂર્વક હમણાંજ તેની ચોકશી કરીશ" તપ તો વધે છે ને ? ને માટે "તપ તો ઠીક ચાલે છે ને ?" "એ તો જાણીતુ છે" ને બદલે "એતો અમે જાણીએ છીએ", જો હું જાતની માલિક હોઉં તો" ને બદલે "મારો જીવ મારા હાથમાં હોય ત્યારેકની ?" પૃ.૧૯ પર "સત્કાર બની ગયો" निर्मक्षिकं कृतं भवता માટે "માખીનો બણ બણાટ ઉડાડી મુક્યો ! "આકડે ગરી પડેલાને" માટે "ને જાણુ પારકી રહી બાલા" नियोजितेदानीमस्मि માટે લેત્યારે આ વિચારવા મંડી પડું" पितृभिः માટે "વૃક્ષોએ", મંડપ માટે "માંડવી", आकृति विशेषाः માટે "અસાધારણ આકૃતિવાળા પૃ.૪૯ सुलपकैतः માટે "કોપનું જાળુ" अनार्य मात्ररितम् માટે "અઘટતુ આચરણ કર્યું હોય), ननु सरवीगतः दोषः માટે "વળી બધો દોષ સખીના ઉપર પડશે. એ જાણી ધુંધવ મન કરું છું. પણ પ્રવાસેથી પાછા ફરેલા તાતકાશ્યપને કહેવાતું નથી. કે શકુન્તલા દુષ્યન્તને વરી છે. પૃ.૯૩ ઉપર गच्छावः માટે "હીંડ, જઇએ सुखमज्जनं ते भवतु માટે "સખી, તું સુખમાં ગરક થશે– ખોટો અર્થ છે – कातरासि માટે અકળાઉં છું" संदेहेन वाम् कम्पितास्मि (તમારા) "આવા સંદેહે તો મારું અંગ કુંપી ઊઠ્યું, પૃ.૭૨ પર वृत्ताभिमर्शम् માટે "અડ્યો" ૭૩ પર दुरधिरोहिणी "મોટી મોટી આશાનીઓતો, "ઉત્તમ વિચાર" ને માટે "એ તો ખરું કહ્યું," इदं तत्प्रत्युपन्नमतिस्त्रैणम् માટે સ્ત્રીને બુદ્ધિ ઉઠાવતાં વારજ નહીં" પૃ.૮૫ પર "સાળા" ને બદલે "શાળાજી"

એને मोहात् માટે "મદાંધ" કરે છે. " પતિ જેનો દેવતા છે. એવી " ને માટે "પતિવ્રતા" પૃ. ૯૦ " ભ્રષ્ટ થઇ " માટે "સ્થાનથી ભ્રષ્ટ થઇ " (અર્થ વિપર્યય છે) प्रतिपत्तिम् दास्यति માટે " ક્યાર સોરા આર્ય પુત્ર મને તેડવા મોકલશે "विसंवादित: માટે " ધૂળ મેળવ્યો " " ત્યારે " ને બદલે "તારે " दु:खेन परिवर्तते માટે " દુ:ખ રૂપ પછી થતું ", अपत्य निर्विशेषाणि માટે છોકરા જેવા " અહો ! બહુ બી ગયો તો ! " ને બદલે " બહુ બીવરાવ્યોતો " – વગેરે નમૂના રૂપ પ્રયોગો કોતો પર્યાય પસંદગીની બાબતમાં ઊણા ઊતરે છે, કાં અનુવાદકે તેને માટે પૂરો વિચાર કર્યો લાગતો નથી.

આમ, અનુવાદક એક એડવોકેટ છે. ચરોતરના વતની હોવાના કારણે ક્યાંક ભાષામાં ચરોતરી લઢણ દેખા દે છે. બાકી ભાષા સરળ છે. પુરોગામીઓ કરતાં કૈંક શિષ્ટ પણ છે, તોયે, જોડણી તથા છંદને કારણે તેમાં જે છૂટ લીધી છે તે બાદ કરતાં પણ ભાષામાં અવ્યવસ્થા ઘણી છે. શબ્દોનું લેખન પણ એવું અશુદ્ધ છે જેમકે, રૂષિ, અતિતિ, પુત્રિ, સુર્જ, પત્નિ, રૂણ, હમેશ, શિતળ, બીલે ને બદલે "પ્રણરે" રક્ષિ, અદભુત, મધરણી (કે બાઉ) ઝુકાવીને બદલે " ઝુકાવી " તપસ્વીયો, પુશ્કળ, ..., બીચારું, સારૂ, થાવો, બ્હીઉં માટે "બ્હીવું" ચિન્હ, "પ્રિતમ", ઉઠ્યા, મધુર, અપણુ, રૂપણે, પ્રયોગોના નમૂના છે. વ્યાકરણની દૃષ્ટિએ "તું શું કરું છું." જેવા દુષિત પ્રયોગો છે. ઇકારાન્તી નાર્યોના બ.વ. માં "ય" કરીને ઓ પ્રત્યય લગાડ્યો છે. આમાં પ્રયોગોમાં ચરોતરની બોલીનો રણકો પણ ક્યાંક ક્યાંક જોવા મળે છે. છતાં, એકંદરે અનુવાદક પુરોગામીઓ કરતાં મૂળને વધુ સારી રીતે સમજ્યા છે. મૂળના અર્થ ગૌરવ અને લાલિત્યને ઉતારવામાં અસફળ રહે છે. તેથી અનુવાદ સરળ અને સામાન્ય ગણાય.

કવિ. ચિત્રકાર શ્રી. ફુલચંદભાઇ ઝ. શાહ ૧૯૧૫.

આ અનુવાદ ૧૯૫૮ માં પ્રગટ થયો છે. ધંધાદારી રંગભૂમિને યોગ્ય અને તે માટે જ રચાયેલી આ કૃતિને " મુદ્રાપ્રતાપ " નામ આપ્યું છે. તેથી કેટલીક વિશેષતાઓ પણ જોવા મળે છે. તે "શ્રી વાંકાનેર નૃસિંહ ગૌતમ નાટક સમાજ " ના સંચાલક શ્રી. પ્યારેલાલ મહેતાની વિનંતીથી રચ્યું છે. અને લેખકના ભાવનાશીલ ભક્તહૃદયની ભાવનાથી અંકિત બન્યું છે.

મૂળ શ્લોકોના ભાવને કેન્દ્રમાં રાખીને કવિ ચિત્રકારે ગીતો રચ્યાં છે. નાટકમાં તેવાં ૬૦ ગીતો છે, તેથી શ્રી. રમણીકલાલ દલાલ તેને Musical Extravaganza યોગ્ય રીતેજ કહે છે. નાટકના આ નામની પાછળ પણ ઇતિહાસ છે, તે ધંધાદારી રંગભૂમિ માટે આવશ્યક પ્રહસનવાળું છે, તેમાં છાયા નામે મુખ્યપાત્ર છે. તેથી લેખકે તેને " છાયા શાકુન્તલ " નામ આપી બેઉ નાયિકાઓનો નિર્દેશ કરેલો પણ શ્રી. ઘેલાભાઇએ " શકુન્તલા " નાટકની રજૂઆત કરી તેથી તેમણે એ નામ બદલી મુદ્રા પ્રતાપ નામ રાખ્યું.[17] શરૂઆતમાં શ્રી." વિદ્યા વિનોદ નાટક સમાજ " ના દિગ્દર્શક શ્રી. વિઠ્ઠલભાઇ ચંદુલાલ મહેતાએ તેની રજૂઆત કેવી તો ભવ્ય રીતે કરવામાં આવતી તે નોંધ્યું છે.[18] લેખકે નાટકના મૂળ વસ્તુને, સંવાદોને સ્વેચ્છ બદલ્યાં છે, તેમાં પ્રહસન ઉમેર્યું છે. અને અંકો અને દૃશ્યોમાં તેને વહેંચ્યું છે.

મંગલાચરણ : સૂત્રધારના ગીતથી શરૂ થાય છે.

શ્રીધર શ્રી ધરણી ધર,
કમલ નયન કમલા વર,
વંદુ પદ વિશ્વેશ્વર,
કરો કૃપા કિંકર પર, શ્રીધર શ્રી ધરણીધર.
આદિત્ય વૈશ્વાનર,
હોતા ચંદ્ર પ્રભાકર,
નભ ભૂ પ્રાણ સુધાસર,
અષ્ટ સ્વરૂપ મંગલકર... શ્રીધર.

---

૧૭. પ્રસ્તાવના. પૃ. ૧૪ ૧૮. પૃ. ૧૬ થી

મૂળમાં આઠ પ્રત્યક્ષ દેહવાળા ભગવાન્શંકર નો ઉલ્લેખ છે. તેનો ભાવ બીજી કડીમાં આવી જાય છે. પણ કવિ વૈષ્ણવ હોઇ તેમને શ્રી. વિષ્ણુરૂપે નિરૂપે છે. પૂરપર વડીલોની આજ્ઞા લીધા વિના દુષ્યન્ત સાથે પ્રણયપરિણય કરનાર શકુન્તલાની શી દશા થઇ તે કુશળતાપૂર્વક સૂચવ્યું છે. મહાભારતના આદિપર્વમાં આવેલા તે ઉપાખ્યાનનો, સંસ્કૃતમાં ગેય ગુજરાતી કાવ્ય રચનામાં સુંદર રીતે, નિર્દેશ કર્યો છે.

મૂળ બીજ મહાભારત કેરું, આદિપર્વ વિશે જેનું,
પોષી કવિ પૂર કાલિદાસે નાટકવૃક્ષ કર્યું તેનું
સાતડાળ સુંદર છે જેમાં પૂરણ રસ ભરિયો મીઠો,
પાને પાને રગે રગે રસ રાજ તણો મહિમા દીઠો.

તેની પરદેશોમાં અસર વિષે :

પુષ્પતણા પરિમલથી મધુકર વૃંદ વિદેશ થકી આવ્યાં,
રસના લોભી રસિક જનોએ નિજભાષી ભૂમિમાં વાવ્યાં,
અનેક ભાષા રૂપે ભાસે, સર્વ પ્રશંસા કરે વાણી
ચિત્કાર પૂરે ત્રિપૂટી કૃતિ કવિવર કાલિદાસ તણી.

રેખાંકિત–૧ સાત અંક–૨ તેમણે રચેલાં ત્રણ નાટકોનો ઉલ્લેખ છે.

સૂત્રધાર અને નટીની વાતચીતનો માત્ર ધ્વનિજ લીધો છે. અંક ૧ માં મૂળના અંક ૧ થી ૩, ૨ માં ૪–૫ અને ૩ માં ૬–૭ સમાવી લીધા છે. પ્રથમ પ્રવેશ જલસિંચન કરતી શકુન્તલા અને સખીઓ તેમજ તેમને છૂપાઇને જોતા રાજા દુષ્યંતના દૃશ્યથી શરૂ થાય છે. પૃ. ૫–૬ પર સખીઓની વાતચીત ગીત–કાવ્યમાં છે. (કાલેની આવૃત્તિનાં પૃ. ૧–૨૨ છોડયા છે)

શ્લોક–૧૬

રાજ્ય જીવનમાં દુર્લભ એવું રૂપ અનુપમ કેવું ?
કમલાક્ષીનું એમ મંજરિ કલ્પલતાના જેવું,
ચપલા ચંચલ નયન ફેરવી જુએ અગાડી પછાડી
વાડીની વેલોને વનની વેલે ઝાંખીપાડી.

પંક્તિ ૧ અને ૪ મૂળનો મુક્ત આછો પડધો પાડે છે તો ૨–૩ ઉમેરો છે.

પૃ.૭ રાજા કણ્વઋષિની દુહિતા શકુન્તલા, એ શું આજ હશે ? જો એમ હોય તો એ વૃદ્ધ તપસ્વીની મતિ ખસી ગયેલી જણાય છે, આવું કઠિન કાર્ય તે શું આવી કોમલાંગીને

સોંપાતું હશે ? – મૂળ છે. શું આજ તે કણ્વકુલી ? તો શ્રીમાન કાશ્યપ એને આશ્રય ધર્મમાં મોજે છે તે યોગ્ય દૃષ્ટિ નથી. આવા સ્વભાવ સુંદર રૂપને જે તપને માટે યોગ્ય બનાવવા મથે છે તે ઋષિ નીલકમળના પત્રની ધારથી શમીલતાને છેદવાનો ઉપક્રમ કરે છે.

કર્તા મૂળનો તો માત્ર ભાવજ અર્થ તેનુ સ્વીકારે છે અને તેને પોતાની રીતે ગુજરાતીમાં રજૂ કરે છે. એ તેમની વ્યાપક પદ્ધતિનો આ નમૂનો છે. તે ઓછે વતે શ્રી કર્તાની સર્વવ્યાપી નીતિનો ખ્યાલ આપે છે. સંવાદોમાંથી :

શકુન્તલા : સખિ અનસૂયા ! આ પ્રિયંવદાઓ આજે મારા વલ્કલની ગાંઠ બહુજ તાણીને બાંધી છે.

અનસૂયા : લાવ હું તેને જરા ઢીલી કરું.

પ્રિયંવદા : હવે એમાં મારી સામે ડોળા શાની કાઢે છે ? વઢ તારા જોબનને. એ દોષતો એનો છે.

આ ઉપરાંત એજ ભાવનું ગીત બેઉ સખીઓના મુખમાં પૃ. ૮ પર મૂકયું છે. શ્લોક ૯

રાજા : (સ્વગત) અહો ! સુંદરાંગીના સુંદર અંગ વલ્કલ શું વીંટાયું ?

જાણે સુંદર કુસુમ કમળ જળ સેવાળે ઢંકાયું ?

કંઇક અંગ નિશાકરનું જ્યમ લીધું લાંછને ઘેરી

તેમ કલંક અપાર વધારે કાંતિ કાંતા કેરી.

મૂળનો પડધો તો આછો જ પાડે છે. પં. ૪ નો જાણ તો આવતોજ નથી. છતાં અનુવાદ કની પોતાની શૈલીની આકર્ષકતા પણ અહીં પ્રગટ થાય છે. પૃ. ૯ થી ભ્રમર પ્રસંગ છે.

પૃ. ૧૨ થી રાજા : પણ આ તમારી સખી ભગવાન કાશ્યપની દીકરી કે ?

અનસૂયા : ના મહારાજ. રાજા : ત્યારે ?

અનસૂયા પ્રિયંવદા તેનો જવાબ કાવ્યમાં આપે છે. (પૃ. ૧૩)

રાજા : હવે હું સમજ્યો તે વિના આવા અનુપમ

રત્નનો ઉદ્ભવ તપોવનમાં કયાંથી હોય ? પણ

સખિ તમારી શું સદા તપસ્વી વેશ ધારશે

રહી મૃગોની સાથ આખી જીંદગી ગાળશે ?

પ્રિયં : એ તો અમે શું જાણીએ ? પણ કોઇ યોગ્ય વર મળે તો પરણાવવાનો દાદાઓ વિચારથી છે.

શકુન્તલા : કેમ અલિ પ્રિયંવદા " આજે કાંઈ આવડે એટલું બોલવા માંડ્યું છે. માજી
ગૌતમીને હું આ કહી આવું. "આમ માત્ર મૂલના અર્થતંતુને લઈને કરેલી

રચનામાં ક્યાંક સંક્ષિપ્ત છે, ક્યાંક ઉમેરો છે, તો ક્યાંક ફેરફાર પણ છે. પણ તે નાટક રચનામાં વિરોધી કે વિસંવાદી લાગતો નથી. પ્રાસાદિકતા તો સર્વત્ર છે.

બીજો પ્રવેશ પૃ. ૧૭ થી છે. ૧૭ મે વિદૂષકની ઉક્તિ છે, ૧૮-૨૪ મા તેનો તથા રાજાનો સંવાદ છે. પૃ. ૨૪ રાજા : (મનમાં) આ ભોળિયો કંઈ શકુન્તલાની વાત કહી દેશે તો મોટી પીડા થશે (પ્રકાશ) ભાઈ, કેવળ તપસ્વીઓના કાર્યને માટેજ મારે અહીં રહેવું પડે છે. બાકી શકુન્તલા વિશેનું કાંઈ બીજું સમજતો નહિ હોકે! (જાય છે.)

વિદૂષક : માઢવ્ય : પણ હું ક્યાં બીજું કાંઈ સમજું એવો છું ? આપણે તો જેવો વખત તેવાં ગીત ગાનારા.

ગીત ૮

ગીત વખતનાં ગાવાની ગત પૂછી જુઓ ગાનારાને,
જેવું તેવું ખાવાની ગત પૂછી જુઓ ખાનારાને
મહાજન મોટાથાવાની રીત પૂછીજુઓ થાનારાને
વણબોલાવે જાવાની ગત પૂછી જુઓ જાનારાને,
ત્યાં ધાવાની ગત પૂછી જુઓ ધાનારાને
જેને તેને ચ્હાનારાની ગત પૂછી જુઓ ચ્હાનારાને.

છેલ્લી પંક્તિમાં નાટકના કેન્દ્રસ્થ ભાવનો, તેના નિરૂપણનો પડઘો થયો છે: આવા ગીતો એને પ્રહસનમાં પણ દુન્યવી ડહાપણ ગૂંથીને કર્તાએ સામાન્ય જનરુચિને ઘડવાનો જે પ્રયત્ન કર્યો છે. તેનું એક સુંદર ઉદાહરણ છે. અંક-૨ માં ઘણાક શ્લોકોનો અનુવાદ ગદ્યમાં છે.

નાટકમાં શંખદત્ત અને છાયાનું પ્રહસન ગૂંથ્યું છે. તેમાં શકુન્તલનાં પાત્રો ધનમિત્ર અને સાનુમતી ને જોડી દીધા છે. ત્રીજા પ્રવેશથી શંખદત્તનું પાત્ર આવે છે. અહીં તો તે માત્ર તેના તે પરિચય પૂરતું છે. બાકી કણ્વશિષ્યો હારિત અને ગૌતમ દુષ્યન્તના

પ્રતાપનું વર્ણન કરે છે. એમ પ્રવેશથી ~~શંખદત્તનું સાત્ર~~ થાય છે. શકુન્તલાની વિહ્વળ અસ્વસ્થ દશાનું પ્રિયંવદા સૂચન કરે છે. ત્યાં પોતાને થતા વિવિધ અનુભવોને એક લાંબા કાગળમાં લખીને શંખમાં રાખતો શંખદત્ત પ્રવેશે છે. પૂ. ૩૫ માં દુષ્યન્તની કામયમાનાવસ્થા નિરૂપી છે. પ્રવેશ ૪ માં નાયક નાયિકાનું મિલન થાય છે.

પૂ. ૩૯ પ્રિયંવદા : સખિ !

કહેવી ઘટે નવ ત્યાં ન કહેવી વાત જરીએ આપણી,
કહેવાનું ત્યાં ન કહ્યા થકી કહેવત રહે દિલ્હીવાતણી.
માટે તું અમને તારી વાતજ કહેજ,

શકુન્તલા : કહેવાનું તો ઘણું યે કઈં છું પણ આ જીભડીજ ઉપડતી નથી.

દુષ્યન્ત : (સ્વગત) ઠીક હવે બધુંયે સમજાયું. બધો ઇન્સાફ આપણા લાભમાંજ ચૂકવાતો જાય છે. ! પ્રિયં : ભલે ! તારી ઇચ્છાજ એવી હોય તો ભલે એમ કર. એ મહાભાગ તારે યોગ્યજ છે, તારા જેવી મહા નદી એવા રત્નાકરને નહિ મળે તો બીજા કોને મળશે ?

(અહીં શકુન્તલાએ દુષ્યંન્તમાં પોતાનો અભિલાષ વ્યકત કર્યો તે ઉકિતઓ છોડી દીધી છે.)

માન : ત્યારે એમના પ્રેમ પ્રસંગનું મંગળાચરણ શી રીતે કરીશું ? વગેરેમાં મૂળને રજૂ કરવાની કવિની દૃષ્ટિ અને પધ્ધતિઓ પરિચય થાય છે.

મૂળ અંક ૩ ના શ્લોક ૧૪–૧૫ માટે પૂ.૪૧ શકુન્તલા :

દર્શ દઇ પરવશ કરી, પીડે પ્રેમનુ સાલ,
મદન તાપથી હું બળું, પણ નવલ્યો સંભાળ,

દુષ્યંત : અરસ પરસ ઉર આપણા પૂરે પૂરી સાખ,
મદન તાપથી તું બળે હું બળી જાઉં પાખ,
એમ મૂકે છે. રંગભૂમિ ઉપર તે બરાબર લાગે છે.

શ્લોક ૨૦ પછીનો ભાગ સહગીત (Duet) માં છે.

શકુ : રાજાજી ! રહેજો તમારા ભારમાં (૨)

દુષ્ય : બાળો છો શાને હજી ? ધગધગતા ક્ષારમાં.

શકુ : રાજાજી ! રહેજો તમારા ભારમાં.

દુષ્યન્ત: ઓ બાળા ! હવે બોલો ન બોલ તમે આવા, જવાનું કશું માટે હું કેમ દઉં જાવા.

શકુ : મને મુકી દો.

દુષ્યન્ત: હમણાં નહીં.

શકુન્ત : તો ક્યારે ?

દુષ્ય : દેખી ખીલતી , નાજુક ફુલકલિ , મધુર આ ભ્રમરો પાસે મધનો લોભી, મધુસ્વાદ વિણ , એમ ન ઊડી જાશે.

શકુ : એ કોઇ આવ્યું !

દુષ્યન્ત : એમ કંઇ જવાશે ?

શકુ : હો રાજ તમે ગુણી થઇ પાપ્યા ગમારમાં,

રાજાજી, રહેજો તમારા ભારમાં.

તત્કાલીન રંગભૂમિ પર આવા સહગાન સ્થાતાં ગવાતાં, આ તેનો સુંદર નમૂનો. સ્ટેજ પર તેની અસર કેવી થતી હશે તે કલ્પી શકાય છે.

પ્રવેશ ૫ માં (પૃ.૪૭-૫૪) તત્કાલીન લગ્ન વિષયક સ્થિતિ અને તેમાંનો સડો ધનમિત્ર, તેની પત્ની લક્ષ્મી , પાલિતાપુત્રી છાયા , અને તેની સખીઓના સંવાદમાંથી સ્પષ્ટ થાય છે. ધનમિત્રનો ધણોતર બોધડશા , ઓધડશા પાસેથી દલાલી લઇ છાયાનું વેવિશાળ તેના રોવાડશા નામે રોગી પુત્ર સાથે કરે છે. લગ્ન વખતેજ તેનીતબીયત બગડી જતાં બધા મુંઝાય છે. તેવામાં તબિયત સંપાદત્ત આવી પડતાં તેને પરાણે ભાડુતી વર તરીકે લઇ જાય છે. ૭ માં પોતાના પ્રત્યાખ્યાન વખતે શકુન્તલા રાજાને દિર્ઘાપ્રંગ નામના હરણબાલનો પ્રસંગ કહે છે, તે મૂળ પ્રસંગ બનતો બતાવ્યો છે. (પૃ. ૬૯-૭૨) પૃ.૭૩ થી દુર્વાસાના શાપનો પ્રસંગ અને સાનુમતીનો તેનો અનુગ્રહ કરાવવા જાય છે, એવું નિરૂપણ છે. તે મૂળથી કરેલો ફેરફાર છે.

પૃ. ૮૩ થી " શકુન્તલા વિદાય " નો પ્રસંગ છે. શ્લોકોનો અનુવાદ ગદ્યમાં છે. શકુન્તલાને શણગારતાં સખીઓ તે યુગની રંગભૂમિના વારનું એક સુંદર ગીત ગાય છે. કણ્વ આશીર્વાદ આપે છે.

યયાતિને વ્હાલી થઇ સતી શર્મિષ્ઠા જેમ,
પુરૂ સમ સુત પામી સદા, થજે વ્હાલી તું તેમ.

શ્લોક-૬નો અનુવાદ ગીતમાં છે, સખીઓ કોકિલ નાટકૂકાનો ઉલ્લેખ કરે છે, તે પણ ગીતમાં પૃ. ૯૦

સખીઓ :

પુત્રી એ ધન સદા પરાયું પુત્રી શોભે સાસરિયે,
બીજાની થાપણ રાખી શીદ ઋણવાળા ખાલી ઠરિયે,
સ્ત્રીનું સુખ સાસરિયું ભાસે,
માન ઘટે બહુ પિયર વાસે,
આર્ય માતનાં બાળ આપણે જેમ રહેણી આચરિયે.

મહર્ષિ કણ્વની ઉક્તિ શ્લોક-૧૮ પણ ગીતમાં છે : તે પણ સર્વના મુખમાં અંક-૨ ના પ્રવેશ ૫ માં સંક્ષેપમાં શકુન્તલા પ્રત્યાખ્યાનનો પ્રસંગ છે. પોતાની વિશિષ્ટ રીતે, મૂળના અર્થ અને ભાવતંતુને ખ્યાલમાં રાખીને લેખક તેને પોતાની વિશિષ્ટ રીતે રજૂ કરે છે. પછીના પ્રવેશમાં છાયા અને શંખદત્ત વચ્ચેનો હાસ્ય ભરપૂર પ્રસંગ ભાડૂતી વરનો ભેદ ખોલી દે છે. પછી પરભૃતિકા અને મધુરિકા નામે દાસીઓને માટે લઢું બનેલા કંચુકીને તેઓ બનાવે છે, તેને સજા કરાવે છે તે પ્રસંગ છે. શંખદત્તને ભાડું આપ્યા વિના કાઢી મૂકવામાં આવે છે. રાજાની શકુન્તલાના હાથેથી સરી પડેલી વીંટી લઈને વેચવા આવતા માછીને છેતરી લઇ તે પડાવી લેવા મથતા ઓધડશા અને બોધડશા કોટવાળ સાથે જાનુક અને સૂચક સિપાઇઓ આવી પડતાં પકડાય છે. અને જેલમાં પડે છે. તે પ્રસંગ સૂચક અને બોધક રસિક રીતે નિરૂપ્યો છે.

છાયાને વિદાયના પ્રવેશમાં ભાડૂતી વરના કાવત્રાનો ભેદ પકડાય છે. તેમાં રાજાનો પુરોહિત સોમદત્ત પણ સંડોવાયેલો છે. છેવટે રોબડશા ભાગી જાય છે. ધનમિત્ર પરિવાર સાથે વહાણમાં ચઢી ચાલ્યો જાય છે. પ્રવેશ ૮માં મહેલમાં વસંતોત્સવ ઉજવતી છોકરીઓને રૈવતક રોકે છે. પૃ. ૧૪૫ થી ૧૫૪ સુધીમાં મૂળનો છઠ્ઠો અંક —રાજાનો પશ્ચાત્તાપ રજૂ કર્યો છે. ત્યાં ચિત્ર દર્શનનો પ્રસંગ છોડી દીધો છે.

અંક ૩ માં (પૃ. ૧૫૭ થી) તાપસીઓથી પ્રસંગ શરૂ થાય છે. પ્રવેશ ૧ માં સાનુમતી ધનમિત્રના ડૂબતા વહાણમાંથી છાયાને ઉગારી લાવે છે. ત્યાં દાનવ વસ

કરીને પાછો વળતો દુષ્યન્ત આવી પહોંચે છે. પ્રવેશ રમાં સર્વદમનનો પ્રસંગ છે. ૩માં પુનર્મિલન યોજ્યું છે. ૪માં છાયા અને શંખદત્તનું મિલન છે. ૫માં મારીચ દર્શન અને દેવો રાજાને આશિષ આપે છે તે ઇંદ્રસભાનું ભવ્યદર્શન છે. ત્યાં નાટક પૂરું થાય છે.

આમ મુદ્રાપ્રતાપ નથી, અનુવાદ, નથી છુટ્ટા હાથનું ભાષાંતર પણ મૂળને આધારે આધારે, ૧૯૧૫ આસપાસ ગુજરાતની રંગભૂમિની વિશેષતાઓ અને આવશ્યકતાઓને પૂરી પાડવા મથતું નાટક છે. પ્રહસન મૂળ સાથે એવું કુશળતાથી ગૂંથી લીધું છે કે તેને કાઢી લેતાં નાટકની સમગ્ર છાપને હાનિ પહોંચે તેમ છે. ગંભીર વિપ્રયોગના પ્રસંગોની વચ્ચે વચ્ચે તે હળવાં દૃશ્યો રજૂ કરી માનસિક રાહતનું કામ પણ કરે છે. તે રચના કાળના સમાજ જીવનનો એક મહત્વનો પ્રશ્ન પણ ચર્ચે છે. મહાકવિ કાલિદાસની અદ્વિતીય અને અપૂર્વ કલાનો તો તે આછો જ પડઘો પાડે છે. શ્લોકોને અને ઉક્તિઓ સાર કથનરૂપ જ બની જાય છે. મૂળનું રહસ્ય દર્શન આછું જ પ્રગટે છે. પણ વિશિષ્ટ સંગીતપ્રધાન નાટક તરીકે તે સારી છાપ પાડતું જ હશે.

આમ તેને ભાગ્યેજ અનુવાદ કહી શકાય. પણ બીજી રીતે ભાવનાશાળી લેખક તેને આકર્ષક બનાવી શક્યા છે. ભાષા શિષ્ટ અને પરિમાર્જિત છે. ગીતો સુગેય અને મનોહર તથા તત્કાલીન પરિસ્થિતિ વિષયક કર્તાનું મંતવ્ય વ્યક્ત કરનારાં છે. તે વળી તત્કાલીન નાટક રસિયાઓની રુચિને ઘડે અને સંસ્કારી બનાવે તેવું છે. તેથી જ તો રંગભૂમિ ઉપર સફળ પણ થયેલું છે.[૧૯] સરળ પ્રાસાદિક પ્રવાહિતા, લેખકનું વક્તવ્ય ની વિશેષતા અને ધ્વનિ જોતાં, આ કૃતિમાં શાકુન્તલ નોંધપાત્ર રીતે રંગભૂમિ પર રજૂ થયું છે.

૧૯: શાકુન્તલના ગુજરાતી અવતારને રંગભૂમિ પર ભજવવાના ત્રણપ્રયત્ન થયા છે. તેમાં મુંબાઇ, ગુજરાતી નાટકમંડળીએ તેને "કામલતા" નામે ભજવેલું. તે નાટક રજવાડી ઢબનું હતું. ગુજરાતના અત્યંત કુશળનટ શ્રી જયશંકરભાઇ ભોજક :સુંદરી: પોતે તેમાં કામલતા બનતા.

૧૯૨૬માં નડિયાદના રસકવિ શ્રી રઘુનાથ બ્રહ્મભટ્ટે શાકુન્તલને રંગભૂમિ માટે સ્નેહ મુદ્રા નામે રચેલું. શ્રી લક્ષ્મીકાન્ત નાટક સમાજે તેને રંગભૂમિ પર રજૂ કરવા પ્રયત્ન કરેલો, તેનાં ગીતો મૂળ શ્લોકોનના અર્થને અનુસરે છે. તે સુંદર છાપ પણ પાડતાં.

ફૂટનોટ ચાલુ. નમૂના તરીકે : ગીત, ૧૩.

નવમાસે હું નવ જાણું પણ પ્રબળ મદન આઠે પહોરે,
સંતાપે છે નિર્દય , પ્રિયજન તુજ પ્રેમકીના મુજ જીવને .

અને

તપવેપદન તને મદિરાક્ષી પણ અંગ અંગ મારા બાળે,
દિનકર કરતો મલિન શશિ, તેમ નહિ કુમુદિનીને કો કામે.

તેમજ ગીત — ૪૭

ભ્રમર કમળ કોશ તજો આવે રજનીકાન્ત,
મધુર મિલન બાકી રહે મળજો કાલ પ્રભાત.

(૧૯) કન્યા છે મિલ્કત બીજાની કન્યા સાસરિયે સોહાય,
કન્યા કેરા દાન દઈને માતપિતા આનંદિત થાય -
બાળપણમાં મહિ પર શોભાવે,
જુવાનીમાં પતિ ગૃહ શોભાવે.
ઘડપણમાં ડહાપણનો સાગર જગ જનની કહેવાય,
માતપિતાને મોટું દેવું પરણાવી ઋણ મુક્ત થવાય.

એવાં સુંદર ગીતો તેમાં આવે છે. તેમાં એ મુદ્રાપ્રતાપમાં રચનાની યોજનાનું સામ્ય ઠીક ઠીક છે. એમાં પ્રહસન માધવ્યના ઘર સંસાર પણ છે.

(શ્રી. જશવંત ઠાકર શકુન્તલા પ્રસ્તાવના પૃ. ૪)

ન્હાનાલાલ દલપતરામ કવિ – ૧૯૨૬.

અનુવાદક " ગુર્જર કુંજની રસસરિ ચેણ શકુન્તલા આંનેચ " અર્પણનું એક સુંદર લાંબું કાવ્ય શરૂઆતમાં આપે છે. પ્રસ્તાવનામાં શકુંતલને " નાટકોની રસરાણી " કહે છે. ઈતિહાસના વિપ્લવોમાંયે તેનું સ્થાન સદા અધિષ્ઠિત રહેતું આવ્યું છે. મહાનયુગો કરતાંયે તેની મહત્તા વધારે ચિરંજીવી નીવડી છે તે બતાવી, વસ્તુ ગુંથન અને – કાલિદાસની કાવ્યકલાનો વિચાર કરતાં તેની શબ્દોની full import of words પ્રમાણે પ્રયોજવાની કલાની ભારે પ્રશંસા કરી છે. તેજ મહાકવિની યોગ્યતમ કસોટી છે. એમ પણ જણાવ્યું છે. નાટકનો રસ સંદેશ " રસકુંજ અને તપોવન" છે. " સુવર્ણ એટલે બહુીને સૌન્દર્ય, સંસાર એટલે રસકુંજ અને તપોવન " એમ કહે છે.

નાન્દી શ્લોક–૧.

~~સર્જું રસ સંદેશ રસકુંજ અને તપોવન~~

સર્જું જે પહેલું સૃષ્ટિ વિધિવત્ હવિનો વહન જે જેહ હોતા,
રાત્રી દીનાં વિધાતા શ્રવણ ગુણ વતું જે રહ્યું વિશ્વવ્યાપી,
તેને કહે બીજ સૌનું પ્રકૃતિ કરીજ જે પ્રાણીને પ્રાણ અર્પે,
પ્રત્યક્ષ આઠ એવાં રૂપધર તમને રક્ષ જો શ્રી ભુનાથ

રેખાંકિત–૧ वहति માટે છે. ૨ ये द्वे कालं विधत्त: માટે છે. બેઉ નબળાં છે. રેખાંકિત – ૨ માં જે બે સત્વો કાલ વિભાજન કરે છે તેમાં સૂર્ય અને ચંદ્રનો અર્થ છે. તે એમાં આવતો નથી.

શ્લોક ૩, ૩ માં " છાંયડી નિર્ગુણ ટોળે " કરે છે. તે રેખાંકિત રૂઢ પ્રયોગ સારો લાગે છે. શ્લોકોના અનુવાદ બહુધા સારા કરે છે. પણ એક ગુરુને સ્થાને બે લઘુ મૂકી શકાય એમ માને છે. એ મૂકે પણ છે. તેવાં સ્થાનો અસુભગ બન્યાં છે.

પ્રસ્તાવના
૨૦. પૃ. ૭૭ સુધી.

શ્લોક-૧૬ (પૃ. ૧૪)

શાન્તજ આશ્રમ સ્થળ આ ફરકે બાહુ અહીં શું ફળ એનું ?
અથવા ભવિતવ્યોને, દ્વાર ઉઘાડાં શું હોય છે સઘળે ?

રેખાંકિત-૧ वृता માટે છે. ૨ માં મૂળના સાદા વિધાનને પ્રશ્નના રૂપમાં મૂકવાની જરૂર નથી. શ્લોક-૧૭.

સાચેજ આ દેહ સ્વભાવ સુંદર,
તેને કરે કોઈ શ્રમાવવા તપ,
મિથ્યા : નીલા પદ્મની પત્રધારથી,
શમીલતા તે મુનિ છેદવા મથે.

પુરોગામીઓના કરતાં સારો અનુવાદ છે. જોકે તોયે મૂળના લાલિત્યને ભાગ્યેજ પહોંચે છે. કવિએ મોનિયર વિલિયમ્સનો પાઠ નજર સમક્ષ રાખ્યો છે. તેથી બે શ્લોકો વધારે લીધા છે. તેથી કાલેની આવૃત્તિમાં ૧૯ મો શ્લોક અહીં ૨૧ મો બને છે.

શ્લોક-૧૮ सरसिजमनु विद्धम्।

સરઝૂલતુંજ પદ્મે, રમ્ય શેવાળ વિંટ્યું,
મલિન સમું શશાંકે ચંદ્ર શોભા વધારે,
ત્યમ વધુ મનહરણી તન્વી આ વલ્કલે એ,
શુંય નવ શણગારે માધુરી મૂર્તિઓને.

રેખાંકિત-૧ સપ્તમી તત્પુરુષ સમાસ છે. એને વધારાનું બાકીના રેખાંકિત અંશો નિર્બળ છે. અર્થ અસ્પષ્ટ રહે છે. મૂળનું લાલિત્ય આછુંજ આવે છે.

શ્લોક -૧૯ अधर: किसलयराग:।

અધર કૂંપળ રંગીલો, કુમળી ડાળખી સરિખી કરવેલી,
ફૂલડાં સમું લોભવતું યૌવન એને અંગ અંગ ઝૂલતું.

રેખાંકિત ૧ માં પર્યાય અર્થ આવે છે. પણ મૂળનું લાલિત્ય ભાગ્યેજ આવે છે.
૨. ~~[illegible]~~ માટે છે. તે પણ અસંતોષકારક છે.

શ્લોક.૨૧ चलापा गाम्०

કટાક્ષે નાચંતી વળી વળી અડે બોલ ભ્રુગને,
રહસ્યો કહેલાં શુમધુરાં ગણે કર્ણ જઇને,
કરો વીંઝે ત્હોયે, અધર અમીનો સાર તું પીએ,
તું જીત્યો હું હાર્યો, ભ્રમર રસના તત્ત્વમથને

રેખાંકિત-૧ व्याधुन्वन्त्याः માટે છે. ૨ रतिसर्वस्वमधरम् માટે છે.
પં.૪ નો " તત્ત્વની ખોજ કરતા અમે હણાયા અને હે ભ્રમર તું ખરેજ કૃતાર્થ થયો છે" ને માટે અસંતોષકારક છે. પૃ.૨૩ " કોઇ એક શંકા જન્મી હશે " કહે છે તે કવિ વાપરે છે બહુવ્રીહિ સમાસ તરીકે, પણ તૃતીયા તત્પુરૂષ થઇ શકે તેમ છે. અર્થ અસ્પષ્ટ રહે છે. આવા અનુવાદમાં તો તે અશુભગજ છે.

શ્લોક ૨૩. कथं वा०

શી રીતે માનુષી સ્ત્રીથી આ સમું રૂપ સંભવે,
આવી ઝળ હળતી વીજ, ના પ્રગટે પૃથ્વી પારથી

મૂળમાં ઉપમા નથી. અહીં "સમું" શબ્દ વાપર્યો છે. પં.૨ માં છંદ અવ્યવસ્થિત છે. છેલ્લું પદ વર્ણસગાઇ વાળું છે, છતાં કર્ણ કટુ લાગે છે.

શ્લોક ૨૭ નો અનુવાદ સારો છે. પણ છંદમાં છૂટ લીધી છે. ક્ષમા, નિશ્વાસ, ઝૂમખાં જેવા શબ્દો સંતોષ આપતા નથી. કવિતા કામિનીના વિલાસ જેવા મહાકવિ કાલિદાસની રચનાના અનુવાદમાં આવી છંદની છૂટ કે પર્યાયપસંદગીની શિથિલતા, કે જોડણીની અવ્યવસ્થા, ખટકે તેવી બને છે.

શ્લોક ૩૦ ના અનુવાદમાંયે એમજ છે.

પૃ.૩૨ " આ છેરી છે ઉત્સુકતા નગર ભણી જવાની
ખરેખર નથીજ નિવારી શકતો નિજને હું શકુન્તલા પ્રત્યેની વૃત્તિ
પ્રવૃત્તિ થી – શૈલીની છટામાં ડોલન શૈલીના સર્જકની આડંબર યુક્ત
વ્યુત્ક્રમવતી શૈલી દેખાય છે. એવું તો ઘણે સ્થળે છે.

શ્લોક ૩૧ માં चीनांशुकमिव केतोः ને માટે "ચીની ચીરથી " – નિર્બળ પ્રયોગ છે.

અંક–૨ શ્લોક–૧.

બંને સુક્ષ્મ નથી પ્રિયાએ ફરે હોય હૈયું ભાવ દર્શનથી
મદન જાણે માણે એ પરસ્પરની ઝંખના રંગ જમાવે.

अकृतार्थेपि मनसिजे उभयरति ० માટે નિષ્ફળ છે. રતિ/ની આનંદ કે પ્રેમ એમાંથી એ અર્થ " રંગથી " પ્રગટતો નથી.

શ્લોક.૪ (પૃ.૩૫)

અવિરત ધનુ દોરી આકૂર્ષ્યે છાતી રોઢી,
રવિકીરણ સહન્તાં સ્વેદ ફોરું ન ફૂટે
અવયવ સુચિક્કાળા પાતળા પણ દીસેના,
ગજ ગિરિ ઘૂમતા શા સોહ્ય સામર્થ્યસાર.

શરીરના આગલા ભાગ માટે " છાતી" શબ્દ યોજે છે. स्वेदलेश: માટે " સ્વેદ ફોરું " કહે છે. રેખાંકિત સમાસ ગજના વિશેષણ તરીકે વાપર્યો છે. અનુવાદ સામાન્ય જ છે.

શ્લોક–૧૦–અ मनाघ्रातं ०

ન સૂંઘેલું ફૂલડું , કુંપળ નખથી યે અણચૂંટી,
ન વીંધેલું મણિએ , નવ મધુ ન ચાખ્યાય રસનો,
અખંડ પુણ્યોના ફળ શું રૂપ એનું સુચિક્કણું
ન જાણું ભોક્તાનો કળશ વિધિ ઢળશે કયણને

આ અનુવાદ કવિ છંદો રચનામાં જે છૂટ લે છે તેનો નમૂનો છે. રેખાંકિત ૧–૨ પંક્તિનો શિથિલ અનુવાદ છે. ૩ માં કળશ ઢોળીને પસંદગી કરવાની વાત લોકકથાઓમાં આવે છે. તેના સંસ્કાર લાગે છે. એ રૂઢ પ્રયોગ છે. છતાં વિધિને હાથણી સાથે જોડવામાં ઔચિત્ય ભાગ્યેજ છે.

શ્લોક–૧૧ अभिमुखेमयि०

મુજ વળ્યે લીધ વાળીજ આંખડી,
પણ ઉઠ્યું સ્મિત અન્ય નિમિત્તનું
વિનયવારી રતિત્ત્વ તેનીયે
મદને છતી કીધ ન છાવરી.

પંક્તિ ૨માં સ્મિતને માટે "છૂટ્યું"નો પ્રયોગ કરે છે. પં. ૩-૪ નિર્બળ છે. મૂળમાં "મદન ન પ્રગટ કરાયો કે ન ઢાંક્યો રખાયો" એમ છે. તેને બદલે અહીં મદન કર્તા બને છે. રાજાને તેડવા આવનાર "કરભક"ને "કારભારી" બનાવી દીધો છે.

શ્લોક ૧૮ પં. ૨માં "કામ કલા અજાણી" સમાસ વાપરે છે. તે અહીં અસુભગ લાગે છે.

> વાત શી બાણ સાંધ્યાની પણછ શબ્દેજ દૂરથી,
> હૂંકારે ધનુના માત્ર વિદારે એહ વિઘ્નને

પં. ૧માં છંદ શિથિલ છે. રેખાંકિત ૧. ધનુષ "હું કારતું" નથી. તેનો તો ટંકાર થાય છે" ટંકારે "નો પ્રયોગ કરી શકાત અને તે વધારે સારો થાત.

પૃ. ૫૪ અનસૂયા: હલા શકુન્તલા" નિઃસંદેહ અણ ઉતર્યાં છે એ અમે મદન મીણી કથાનો રેખાંકિત પ્રયોગ અસ્પષ્ટ છે. મૂળ છે. મદન વૃત્તાંત

શ્લોક -૧૧ तवमशिशिरै:०

> હૃદય ભડકે, ફાટી આંખે ભૂજેજ ઉન્હાં ઉન્હા
> પ્રતિ રજનીએ ન્હાયાં અશ્રુથી મણિ ઝંખાયું જે,
> પણછ કીધ એ રેખાને યે ન અડી, કાંડા થકી
> સરી સરી જતું સોના કંકણ ફરી ફરી સારું હું.

રેખાંકિત ૧. अंत: तापाद् માટે છે. ૨. प्रसारिभि: માટે છે. ૩. विवर्णमणि कृतम् માટે. ત્રણે પ્રયોગો અસંતોષકારક લાગે છે.

શ્લોક ૨૦

> તજી ફુલ શય્યા કમલિની દળનો ત્યજી કલ્પિત પાલવડો,
> ક્યમ તાપમાં જઇશ તું, પૂરાં પીડા કુમળાં લઇ અંગો.

રેખાંકિત ૧. "બનાવેલો" માટે છે. ૨. "શી રીતે" ના અર્થમાં છે. ૩. નિર્બળ પ્રયોગ છે. ત્રણે પ્રયોગો અસંતોષકારક લાગે છે.

અંક ૪ શ્લોક–૨ यात्येकतो ०

આ જાય અસ્ત શિખરે પતિ ઔષધિનો,
ને સૂર્ય આ અરૂણ સારથી સંગ આવે,
બે તેજના ઉદય અસ્તની સાંકળે એ,
બાંધ્યો ન લોક શું દશા પરિવર્ત યોગ.

પંક્તિ ૩–૪ નો મૂળ અર્થ છે. "બે તેજના ઉદય અને વ્યસનના એક સાથે થવાથી જાણે જગત આ સ્વ દશામાં નિયમાય છે." તે અહીં બદલાય છે અને અસંતોષકારક છે. પૃ.૮૦ બેઉ કુમારો " લ્યો આ અલંકારો, અલંકારો એમને " એક વખત નામ અને એક વખત ક્રિયાપદ તરીકે એકજ શબ્દનો પ્રયોગ કરે છે. શ્લોક–૬

આજે જાય શકુન્તલા લહીજશે હૈયું હીલોળે ચડ્યું
ઊઠતાં અશ્રુજ કંઠ થંભો રૂંધતાં ન્હોય ચિંતાજડ,
વાત્સલ્યે વનવાસી વિહ્વળ હું એવું આમને આવડો,
તો સંસારી – ય ને શું શું નવ પીડે, પુત્રી વિરહની પીડા.

રેખાંકિત –૧ संस्पृष्टमुत्कण्ठया ૨. स्तंभित वाष्पवृत्ति कलुषः માટે છે.
૩. ईदृशमिदं પંક્તિ ૪ નો અનુવાદ નિર્બળ છે. અનુવાદ તેથી સામાન્યજ છે.

શ્લોક–૯ पातुं न प्रथमं ०

પાણીએ ન પીવા જતી પ્રથમ એ તમને અ–પીધાં મૂકી,
ભૂષણ વ્હાલાંયે ચૂંટતી ન તમને જે સ્નેહે કદી પલ્લવો,
ને જેને ફૂલ ફૂટતાંજ તમને પ્હેલો થતો ઉત્સવ,
તો આ જાય શકુન્તલા પતિગૃહે સર્વેય આપો રજા.

રેખાંકિત ૧. पातुं न व्यवस्यति માટે ૨.प्रियमण्डनापि માટે છે.
૩. વધારાનું છે. ૪. सर्वैरनुज्ञायताम् માટે છે. અહીં મૂળ સૌન્દર્ય અને લાલિત્ય જાણે હાથમાં આવે આવે ને સરકી જાય છે, ને મૂળની સુકુમારતા ઓછી ઊતરે છે. ફૂલ " ફૂટતાં " નથી. પણ "ખીલે" છે. છેલ્લે ભેદ બદલ્યો છે ને મૂળ ભેદ કર્યો છે.

શ્લોક ૧૭ માં પણ પર્યાયપસંદગી અને છંદમાં લીધેલી છૂટને કારણે સંતોષ થતો નથી.

અંક ૫ શ્લોક, ૨ रम्याणि वीक्ष्य ०

રમ્યો નિહાળી મધુરાં સુણી કોઇ શબ્દો,
ઉત્કંઠી થાય જગનાં સુખિયાંય પ્રાણી,
સાચે પછી મન સ્મરે છ અજાણતાં એ,
હૈયે જડેલ જન્માન્તરનાંય વ્હાલાં

રેખાંકિત-૧ नूनमबोधपूर्वम् અને ૨. भावास्थिराणि जननान्तर सौहृदानि માટે છે. તે અસંતોષકારક છે.

"પુષ્ટાંગ ભાગ્યશ" રાજા માટે ખોટો પ્રયોગ છે. "પુષ્ટાંગ" જોઇએ. શ્લોક ૧૩નો છંદ છૂટવાળો છે, એક ગુરુને સ્થાને બે લઘુ વાપરે છે.

શ્લોક-૧૫. છોજી અમારે મન મેર પૂજ્યમાં,
શકુન્તલા પુણ્યની મૂર્તિમંત છે,
મેળાવી એ સમગુણનાં વધૂવર,
લાવો સભ્ય વિધિએ ગાળથી બચ્યો.

રેખાંકિત-૧ अर्हताम् प्राग्रसरः માટે છે. ૨. सत्क्रिया માટે, ૩. वाच्य માટે છે તે પ્રયોગો નિષ્ફળ હોઇ અનુવાદ નબળો બને છે.

શ્લોક-૧૯ इदमुपनतमेवं ०

વિમળ રૂપની મૂર્તિ આજ સહેજે મળન્તી,
પ્રથમ પરિગ્રહીતી વા ન ? અણનિર્ણયે એ,
નથી શકું જ માણી ના હું ત્યાગી શકુંયે
ભ્રમર જ્યમ પ્રભાતે મોગરો ઓસ ભરિયો

રેખાંકિત ૧ અને ૩ માં છંદો ભંગ છે, તેને વાંચવા જતાં અણ અને ઓસ કરવું પડે છે. કુંદ માટેનો પર્યાય મોગરો પણ કાવ્યને હાનિ કરે છે. તેમાં મૂળ શબ્દનું લાલિત્ય પ્રગટતું નથી. પાદ પૂરક "જ" અપકૃતાની નિશાની છે. કાલિદાસ જેવા વર્ણે વર્ણ અને શબ્દે શબ્દ વિચારપૂર્વક યોજનાર કવિની અનુપમ કૃતિના અનુવાદમાં તો તે અનિવાર્ય લાગે છે.

અંક-૬ શ્લોક-૧ सहजं किल०

> કહિ નિન્દિત હોય જન્મ થી
> નણરે । કર્મ વિવર્જ્યા સહુ તે,
> પશુનો વધ ઘોર કર્મ હોયે,
> અનુકમ્પા કુમળોજ હોય શ્રોત્રી.

પં. ૩ માં "પશુને મારવાના કર્મમાં દારૂણ હોય છતાં" એ અર્થ બદલાઇ જાય છે. અનુવાદ નબળો છે.

પૃ. ૧૧૯ પર મૂળ "ભાવે અકારણ મારનાર ન થવું ઘટે" ને બદલે " ન ઘટે તમને અકારણે વધનો અભાવ " અર્થ કર્યો છે. ત્યાં ભાવ કર્તા છે. અહીં તે કર્મ બને છે ને અર્થ બદલાય છે. તેજ રીતે " ભટ્ટારક આમાંથી અંકુરા ફૂલીનું મૂલ્ય હો " ને બદલે " બહાદુરો આમાંથી અંકુર તો તમને ફૂલ પાંખડી ભલે થાય " કહે છે.

પૃ. ૧૨૫ શ્લોક-૪ चूतानां चिर०

> અપિ કંઇ દિનથી કળીય ઊંઘડી હોયે ન આવી રજ
> ! ફુટ્યા છે, પણ હોંઠડા ! કુરબકો ઝીણી કળીની સમા,
> ને વી ત્યેય શિશિર કંઠ ખળકે બોલ્યું ન કોકિલનું
> ધારું પાછું ધરે સ્મરે ચકિત થઇ ભાથેથી ખેચ્યું શરે

સામાન્ય અનુવાદ છે. રેખાંકિત પદો વિશેષ નિર્બળ છે.

શ્લોક-૫ रम्यं द्वेष्टि ०

> નથી રમ્ય, ન પૂર્વવત પ્રતિ દિને મંત્રીય સેવે હવાં,
> રાત્રિ ઊંધઊંડીજ હા શયનમાં ઓળોટતાં વીતવે,
> દાક્ષિ ણ્યે રણવાસની રમણીને કહે બોલ બોલ્યા સમાં,
> ને થાયે નિતગોત્ર નામ ભળતાં લજ્જીત ભોળા રાજવી.

તુલના કરતાં કવિએ મૂળમાં કરેલા ફેરફાર નજરે ચઢે છે. પં. ૧ માં રેખાંકિતનો અર્થ " મંત્રીઓની રાજાને સેવતા નથી " એવો થાય, પણ ખરેખર તો તે " મંત્રીઓની સેવા સ્વીકારતા નથી " એમ છે. રેખાંકિત ૨. રાત્રિના વિશેષણ રૂપે છે. તેય સુભગ નથી. તેવુંજ રેખાંકિત ૩ પણ. શ્લોક ૬ માં " ના કર્યો " પ્રયોગ પણ એવોજ છે. તેજ રીતે "પ્રિયાએ જગાડવા મથ્યું પણ, છિદ્રો અનર્થો ને નોતરે છે " કરે છે. પણ " છિદ્ર હોય ત્યાં, તે નોતરે કે ન નોતરે તોય અનર્થો તો આવીજ પડવાના" એ મૂળનો ભાવ છે.

પૃ. ૧૩૦ " એજ હવે હૃદય વિનોદનું સ્થાન છે." એવો ખેદનો ભાવ છે તે " એવડું હૃદય વિનોદન નું સ્થાન ? " માં આવતો નથી. શ્લોક ૯ પં. ૩ માં " આંસુથી ઝાંખી કે કલુષિત દૃષ્ટિ " ને માટે " મલિન નજર " પ્રયોગ પણ ખરાબ છે. શ્લોક. ૧૦

સ્વપ્ન શું ? માયા શું ? મતિ ભ્રમે શું ?
કે અલ્પ ફળનું હતું અલ્પ પુણ્ય એ ?
પાછું ન આવે ત્યમ તે ગયુંજ સૌ ?
પડતા તટો શાજ પડે મનોરથે !

રેખાંકિત ૧મનું "વાળું" ના અર્થમાં પ્રયોગ છે. ૨ માં છંદ બરાબર નથી. અનુવાદ ઠીકજ.

શ્લોક-૧૭ कार्या सैकतलीन ०

દોરવું હંસનું જોડું વેળુરમતું વ્હેતી નદી માલિની,
મૃગ સોહન્ત ઢળેલ બેઉ પડખે ગૌરી પિતા પાવન,
ને વલકલ સુકવેલ વૃક્ષ વિટયો, ઇચ્છુ નીચે માંડવા,
ડાબી આંખડી શામળા હરણને શીંગે ઘસંતી મૃગી

રેખાંકિત ૧, " રેતીમાં લીન હંસનાં યુગલો વાળી " માટે છે. ૨ तामगितो માટે ૩. निमर्तुं માટે, ૪. कृष्णमृग માટે, અને ૫. कण्डूयमानां मृगीम् માટે છે. તે બધા પર્યાયો અસંતોષકારક છે. છંદરચનામાંપણ તેમના આગ્રહ પ્રમાણે છૂટ લીધી છે.

શ્લોક-૧૮ મૂળ છે " હે મિત્ર કાનમાં બાંધેલું અને ગાલપર ઝૂલતાંતંતુઓ વાળુ શિરીષ રચ્યું નથી. શરદચંદ્રના કિરણો જેવું કોમલ મૃણાલસૂત્ર પણ સ્તનો વચ્ચે દોર્યું નથી."

નથી કર્યું કાન ધર્યું ફૂલું સખે !
શિરીષ ગાલે ઝૂલતાંજ તંતુનું
નથી શરચ્ચંદ્રશી કિરણ કૂંળી
રચી સ્તનો મધ્ય મૃણાલ માળ.

રેખાંકિત પ્રયોગ ખોટો છે. સુસ્પષ્ટભાસી છે: અનુવાદ સામાન્ય છે.

અંક ૭ શ્લોક -૬ त्रिस्रोतसं वहति ०

છે જ્યાં ત્રિવેણી સુરગંગ તમ પ્રતિષ્ઠા,
જ્યાં ઘૂમતાં કિરણ વેરીજ તેજ ગોળ,
વિરાટની પદ પ્રભાથી તમસ નિવાર્યો,
કહેવાય છે પથપરિવહ વાયુનો આ

પં ૧–૨ નો અનુવાદ ભ્રમજનક છે. શ્લોક. ૮ શૈલાનામવરોહ તીવ॰

પર્વતશૃંગે ઊંચે ચડ્યાથી પૃથિવી જાણે ઉછાળી વાતે,
પર્ણોમાંહો છુપાતું વૃક્ષત્યજતાં પડદા ઊઠ્યે ડાળના
જ્યાં લોપી હતી ક્ષીણી વિસ્તરીજ તે વ્યકિતત્વ નહી ઓરે,
જો કોઈય ઉછાળી જેવી ધરણી આવે છે મ્હારી ભણી.

પંકિત ૧–૨ માં વિશેષે, અને સામાન્યતયા બધા શ્લોકમાં મૂળનો ભાવ બરાબર વ્યકત થયો નથી.

શ્લોક–૨૪ सुतनुहृदयात् ०

સુતનુ ઉરથી નાકાર્યોનો અભાવ ઉતાર તું,
શું કહું ? મનથી મ્હારે સંમોહ મુજ બળિયો હતો,
તમસ કુબિલ્યા પ્રાય : વર્તે છે એમ સુણેય તે
અહીં લહિજ તર છોડે ફૂલમાળ ગૂંથ્યા શિર પડી.

રેખાંકિત ૧ માં ચલિલંગ છે. ૨. व्यलीकम् માટે છે. ૩ किमपि માટે છે. ૪. प्रबलतमसाम् માટે છે. ૫. "અહીં" જોડણી ખરાબ છે, અહિં જોઇએ.

અનુવાદ સામાન્ય જ છે.

પૃ. ૭૭૧ મહર્ષિ મારીચની ઉકિત " સંમોહ જ તેને થયો હતો " મૂળ છે " સંમોહ પણ તને ઘટતો નથી, " અર્થ વિપર્યય છે. પૃ. ૭૭૨.

શકુ : આર્ય પુત્રે મને અકારણ તરછોડી ન હતી તે સહભાગ્ય " ને બદલે " હૈવે અકારણ તરછોડી હતી મ્હને, ન આર્ય પુત્રે " કરે છે. અર્થજ બદલાઇ જાય છે.

શ્લોક ૩૫ भरतवाक्य:

પૃથ્વીશસ સૌ જગત હિતે પ્રવર્ત એ।
સરસ્વતી શ્રુતિ વિદને વધારજે,
સ્વયંભૂને જસકલ વ્યાપી શક્તિના
મ્હારો પુનર્ભવ પણ શંભુ ટાળજે.

नीललोहित: પદ છોડ્યું છે. પં. ૨નો અર્થ બરાબર નથી. અનુવાદ નબળો છે. કવિશ્રી ડોલન શૈલીની સમર્થ ઘડવૈયા હતા. તેની અસર નીચે કે ભાષામાં લાલિત્ય લાવવાનો હેતુથી કેટલોય પ્રયોગો, સમાસો વગેરે અપરિચિત અને ભાષામાં સામાન્ય રીતે ન પ્રયોજાતા હોય તેવા હોઇ રસભગ કે રુચિ ભંગ કરે છે.

હૃદયાળી, શ્રમઝંખાતો, અછોડ્યા : અછોડા માટે: સાચુ માટે છે. તે જે, આત્મગત માટે" આતમવાસી", બાઇ જન્મી, અંત: કરણ પ્રવૃત્તિમાટે "અંતર ભાવ", દુર્વિનીત માટે "દુર્જન", તપોવન વિરોધી માટે "વન વિરોધી" : જે મૂળના અર્થને નુકશાન કરે છે: भवति માટે "સુબુદ્ધિનીઓ", મૃગાક્ષી માટે "મૃગક્ષી", સ્પર્શક્ષમ માટે "માણ્યાં સંરખું", વ્યાકુળ માટે "ગાભરા", ત્યાગને માટે "ઉશેટીને", મિત્ર વચન ને બદલે "વહાલનાં વેણ", સ્પર્શાનુકૂળ માટે "અડવે શીળા", અપ્રગલ્ભ માટે "ઠાવકી" પીડાને માટે "અગન", અનિમેષને બદલે "મટકવું ભૂલી આંખડીયે, વસ્ત્રના પડદાને બદલે "ચંદરવો" આવી મળેલા મનોરથનું સ્વાગતહો" ને બદલે "મનોરથ નિર્વિલંબે પધાર્યા આતો" શરણે આવેલા ને બદલે "શરણી", ભદ્રે આ પ્રણય તો સાધારણ છે ને બદલે "અવિરલી છે," આ સ્નેહ પ્રાર્થના " अन्विच्याति માટે "વલખે" છે. અશરણ માટે "નિરાધારિણી" અનિર્વિણ્ણો દિવસ: માટે "દિવસ હજી પાક્યો નથી, "ધર્મ જાણ ણ હાર, ચક્રવાક વધૂ કે જે માટે "ચક્રવાકની લાડિલી,"

બાધા વિનાનુંમાટે "પીડાઉતર્યું", વિશિષ્ટ આકૃતિવાળાને બદલે "રૂપમુદ્રાઓ, પૂજવાની છે માટે "વધાવવાની છે. "પ્રવાસવળયા, "સુખાળવી તો સુતી "તીને?" સ્વામીમાનવતી, ઘણી ઉત્કંઠા થાય છે. ને બદલે "મને અતિશે તમમનાટ થાય છે.' खिद्यसे માટે "મથો છો", તપેલોમાટે "સિજેલો",

નવા સમાર્જનથી ને માટે " નવાધોવાણથી ", અવગુંઠન માટે " બુરખો" किमिदमुपन्यस्तम् આવળી શું ઓઢાડો છો ? कृताभिनशर्म् માટે "બ્રહ્મહંદી ", હવે સાંભળવાનું થયું ને બદલે " સાંભળવાજ બેઠો છું . અત્યારે उपच्छन्दित: માટે "બૂ બૂ કરી બોલાવ્યો, " આપે ખરેજ સેવા કરી " ને બદલે "જેવી જેવી સેવાની આપ કૃપાળુની ", ઉત્સવભંગી ," कौलीनम् માટે " લોકવાર્તા " આવઆવડા વિહ્વળા , प्रियम् मे ને માટે " ભલું થાય, "પ્રિયાએ જગાડવા મથ્યું , " ઉછાળે ચડ્યો વળી એ શકુંતલા - રોગ," અવ્યભિચારી માટે અપવાદવિહોણી " શોચનીય ને માટે " દામણી " ક્રૂર આતમાવાળાને બદલે " ધીરઆત્માના " ચિત્ર ચિતર્યા , सज्जते ને માટે " ઠોકરાય છે.", "દહાડિયાળા " "ચકિત ચકિત સરીખડાં", " અભિજાત રીતે " ને બદલે "સજ્જનશા," सदयमेव માટે 'ડસડસી', પીરો ભાગ્યે માટે " હતભાગ્ય ", સાકેત માટે " સકેત ," હસ્ત વ્રણ માટે " મ્હોળિયું , સોપાનપથ માટે " નિસરણી" उद्दिशति માટે સંભાળે છે. सहस्त्रकिरण: માટે "કોટિકિરણી " अरविवरेभ्य: માટે "આરડીથી " अव्यग्रवर्ण માટે "અધુકો ", વિશ્વાસપાઆ, પ્રાણઊંડી , પાનેઢગળા " , "પંખીડોલોભીઓ, ""શિકારપ્રાણી" મૃગયા ઓસર્યું, તિરસ્કરણ વહીતું , ગુરુ અવમાનેતી , પીડાકુમળા , અર્ધ બની , નાથની હૈયાળી , સ્વભાવકોમળી , જાઠુંબોલા, કાળાન્તરનસ્ત્રી, અભિષેકપરવાર્યા, દુ:ખ વધારે નારિણી " સંપદ સંપાડિગા "પરિચય અજાણ્યો , "અંગાલ ઝ્વ " વગેરે અનુવાદ બેડો, પ્રયોગો કે સમાસો અપરિચિત અને સામાન્ય રીતે અપ્રયુક્ત હોઇ કોઈને કોઇ રીતે કઠે છે અને કાલિદાસના મર્મને ગુજરાતીમાં ઊતારતાં અસંતોષકારક બને છે.

એકંદરે આ અનુવાદમાં , કવિ (૧) અક્ષરમેળ છંદમાં એક ગુરુને બે લઘુ વાપરી શકાય એમ માને છે. અને એ છૂટ લે છે. તેની ટીકા પ્રત્યે મેઘદૂતના અનુવાદની પ્રસ્તાવનામાં તેમણે બેપરવાઈ પણ વ્યક્ત કરી છે. તેમ છતાં તેમની દલીલ સ્વીકાર્ય લાગતી નથી. સુંદરી વનિતાના મુખ ઊપરના કોઢના ચાઠા પેઠે તે રચનાના સૌન્દર્યને હણે છે , ખેદ અને જુગુપ્સા પેદા કરે છે. અહીં પણ ઘણા જુદા જુદા છંદો કવિએ યોજ્યા છે , ત્યાં પણ તે છૂટ લીધી છે. તેવે સ્થાને એક શ્રુતિને હલન્ત

બોલવી પડે છે. તે આવા અનુવાદમાં નિર્વાહ્ય ન ગણાય.

:૨: આગળ જોયું છે તેમ અવનવા સમાસો રચવાનો કવિનો શોખ પણ એવોજ છે. તે ઘણી વખત અર્થમાં ગોટાળો ઉભો કરે છે. સંપદસાંપડિયા "સમાસ બહુવ્રીહિ છે. એવો ખ્યાલ તરત ભાગ્યેજ આવે છે.

:૩: ડોલન શૈલીના સર્જકને વ્યુત્ક્રમ તો સહજ છે. ગુજરાતી ભાષાની પ્રકૃતિને અનુકૂળ છે. પણ અતિરેક તો એકતાનતા અને કંટાળોજ જન્માવે છે.

:૪: મૂળનાં અર્થગૌરવ, લાલિત્ય, અને ધ્વનિ ભાગ્યે જ પૂરાં ઉતરે છે. ક્યાંક કૈંક છોડે છે, તો ક્યાંક ઉમેરે છે. પણ કાલિદાસ જેવા પ્રત્યેક શબ્દને હેતુપૂર્વક વાપરનારા કવિની એવી ઝીણી ઝીણી રચનામાં આવો ફેરફાર તેની અદ્દભુત કુશળતાપૂર્વક કરેલી એવી ઝીણી ઝીણી નકશી રચનાને બદલે છે. શ્રી ઉમાશંકર જેમ કહે છે, તેમ તેના ગદ્યનો અનુવાદ કરવો કદાચ વધારે મુશ્કેલ છે.[૨૧] તેવા કવિના ધ્વનિ કે લાલિત્યને ફેરફાર કરીને અનુવાદને લાલિત્યમય કરવા જતાં, હાનિ પહોંચે છે. અને ક્યાંક વિસંવાદ સર્જાય તેમ બને છે. તેથી આ અનુવાદ સામાન્ય કક્ષાનો બન્યો છે.

૨૧: શકુન્તલાનો અનુવાદ: નિવેદન.

બળવંતરાય કલ્યાણરાય ઠાકોર
(૧૯૦૬) - ૧૯૩૨

૧૯૦૬માં એમણે પ્રથમ અનુવાદ કરેલો જે હવે ઉપલબ્ધ નથી, પણ ત્યારે જ તેમને આ નાટકનો પાઠનિર્ણય કરવાનું કામ અગત્યનું લાગેલું. તે તેમણે ભારે શ્રમ અને ચીવટથી પૂરું કરી ૧૯૧૮માં પૂનાની ઓરીએન્ટલ કોન્ફરન્સમાં The Text of Sha. નામે નિબંધ વાંચીને પૂરું કર્યું. પ્રથમ આવૃત્તિની પ્રસ્તાવનામાં તે લખે છે:

"રસિક વર્ગને પ્રસાદ, વિદ્વાન વર્ગને શબ્દ, શુદ્ધિ અને સામાન્ય વર્ગને સરલતાની બાબતમાં સંતોષવાનું કામ ઘણું કઠણ છે. તેમ એ ત્રણે ગુણો સર્વત્ર એક સરખા આણવા અશક્ય છે. વળી સંસ્કૃતનું મનોહરત્વ સંસ્કૃતમાંજ છે, કવિતાના દેહ અને આત્મા એટલાં બધાં સંલગ્ન હોય છે કે તેને એકમાંથી બીજી ભાષામાં ઉતારવાનું કામ દુષ્કર છે અને કાલિદાસનો કાલિદાસજ છે.[22] .....કાલિદાસના સર્વોત્તમ નાટકનો કાર્યગુણસંપન્ન છબી ગુજરાતીમાં કોઈપણ કાળે થવા પામશે તો તેપણ ત્રણ કે ચાર નહીં પણ ઘણા પ્રયત્નો અને નાના પ્રકારની શક્તિઓ વાળા લેખકોની ઉત્તરોત્તર વધતી જતી સફળતા દ્વારાજ બની શકશે."[23]

સુધારેલી વધારેલી આવૃત્તિના નિવેદનમાં તે નોંધે છે " પરંતુ મ્હારી ભાવના મૂળના જે જે પાઠ સ્વીકાર્ય ઠરે તેના અતિનિકટ પ્રતિબિંબરૂપ તરજુમો જ કરવાની અને સંસ્કૃત પંડિતો તથા મૂલના પરિચયીઓ અને અભ્યાસીઓ સામાન્ય તરજુમા, સરળતા શૈલી પ્રસાદ કે એવા કોઈ બીજા ગુણો માટે જુવે,

---

૨૨: આ અનન્વય જ કેટલું બધું કહી દે છે!

૨૩: પ્રસ્તાવના પૃ. ૨

ત્યારે આ તરજુમાને મુખ્યત્વે શુદ્ધિની દૃષ્ટિએ અને શાસ્ત્રીય ધોરણે તપાસે એ તો આ સાહસ માગીજ લે છે."

"રાજકોટ રહ્યો ત્યાં લગી પાઠભેદના ગહન કોયડાઓને ઉકેલવામાટેની થોડી સામગ્રી મેળવવી પણ અશક્ય હતી. પૂના ડેક્કન કોલેજમાં બદલી થતાં આ મ્હોટા અને વિકટ કામમાં ઝંપલાવ્યું અને ૧૯૧૮માં યથા મતિ પૂરું કરીને મ્હારા મુખ્ય નિર્ણયો અને વલણોના સમર્થનમાં એક અંગ્રેજી નિબંધ .....૧૯૧૯માં વાંચ્યો!

ટૂંકામાં આ સુધારેલી આવૃત્તિ તે નવીજ ચોપડી કહેવાય એટલી બધી ફરી ગયેલી છે. આખો તરજૂમો નવેસર કરેલો ગણવાનો છે".[24]

અંક ૧ પ્રસ્તાવના શ્લોક ૧

પ્હેલી સ્રષ્ટા કૃતિ જે વિધિહુત હવિજે લૈ વહે, ત્રીજી હોતા,
જે બ્હે દિરાત અર્જે શબ્દગુણવતી જે રહે વિશ્વવ્યાપી,
જે માતા બીજમાત્ર પ્રસવતિ વળી સૌ પ્રાણિમાં પ્રાણ છે જે,
મૂર્તિ પ્રત્યક્ષ આઠે થકી પ્રગટ જ તે રક્ષતો ઇશ સૌને.

રેખાંકિત ૧ વધારાનું -- ૨. બેવણી છંદાનુસારી કરી છે. ૩. પુનરુક્તિ છે. છંદની આવશ્યતાનુસાર બેવડી બદલી છે. બાકી અનુવાદ સારો છે.

પ્રયોગોમાં કેટલીક વખત શૈલીગત વિશેષતા હોય છે. भूतार्थम् માટે "મુદ્દાનીવાત" आत्मन्यप्रत्ययमम् चेत: માટે હોય નવપતીજ પોતાની, અને न साधुमन्ये प्रयोगविज्ञानम् માટે "કલા સજીવ તો શેની" કરે છે. પતીજ જેવો તદ્ભવ શબ્દ વાપરે છે. શ્લોક -૫

ચિતહાર તમારા એ રાગે હેક તૈ ગયો,
:પડદા સામું જોતો:
રાજા દુષ્યન્ત આ જેમ મહાવેગી કુરંગએ.

અનુવાદ સારો છે. ઘણા બીજા શ્લોકોનો પણ સારો છે. તેમણે કરેલાં બીજાં બે નાટકોના અનુવાદની તુલનામાં લલિતપણ છે.

૨૪: પ્રસ્તાવના પૃ. ૪.

અંકોનાં નામ આપ્યાં છે. પહેલા અંકને આખેટક કહે છે.
શ્લોક ૮માં વદચ્ચલુ: પદ છોડયું છે.
શ્લોક ग्रीवाभंगाभिरामम् ०
વાળી ગ્રીવા રૂપાળું વળિ વળિ નિરખે પૃષ્ઠ ધાતા રથેઆ,
પશ્ચાંગે પૂર્વ કાગે ફરિ ફરિ ફરિ ફેંકી શરપાત ભીત,
વતા શ્વાસે મુખેથી પથપર વિખરે ધાસ ખાધેલું અર્ધ,
એ ફાળે તે ફલંગા ચડિ ન અડિ ધરા જાય ઊડયો હવામાં.
રેખાંકિત જોડણી છંદ માટે છે. યતિભંગ કરે છે.
૨-૩ પ્રયોગો નબળા – ૩માં મૂળમાં દર્ભ છે. :૪: જોડણીમાં
છંદ માટે ફેરફાર છે. છતાં અર્થ અને છંદનો નિર્વાહ સુંદર થયો
છે.

શ્લોક ૮-૯ના અનુવાદ સારા થયા છે. ૧૦માં પં. ૩માં
મૂળનું લાલિત્ય જરા ઓછું ઊતરે છે.

"અરર હરણ કાંનાં, આયખાં મંજુરાં ક્યાં!

શ્લોક ૧૧માં तत्साधुकृत संधानम् માટે "એની રૂતાકેળો"
માં સાધુનો અર્થ આવતો નથી.

પૃ. ૧૭ શ્લોક ૧૮ इदं किलाव्याज ०

અરે નયીં આ કોમલ આ શરીરને,
તપ: ક્રિયા યોગ્ય બતાવવા ચહેસ,
ખરેજ ઇંદીવર પત્ર ધારથી,
મથે છે તે શાળ શમીની છેદવા.

સુંદર છે. ત્યાર પછી રાજા શકુન્તલાને विस्रब्ध જોવા માગે
છે. ત્યાં विस्रब्धां પાઠ આવે છે. તે બરાબર છે. તેને
સંકોચ વિનાની જોવી છે. ત્યાં રાજાના સંકોચનો નહીં પણ
પોતે રાજા છે તે પ્રગટ થાય તો શકુન્તલાના સંકોચનો પ્રશ્ન છે,
તો તે તેને તેના સ્વાભાવિક રૂપમાં ન જોઇ શકે માટે આ
પાઠજ સારો છે.

શ્લોક ૧૯ सरसिज ०

કમળ નયન જેવું હોય શેવાળ છાયું,
મલિન પણ કુરંગે ઇંદુ ઓપે અનેરો,
અધિકપણ યુવતિ આ વલ્કલાંગી સુહાતી,
મધુર વપુતણી શું શું વધારે ન શોભા.

રેખાંકિત ૧ रम्यम् માટે છે. ૨. शैवलेनापि विद्धम् માટે ૩. तन्वी માટે છે. ૪. किमिव માટે છે. શબ્દરચનાને કારણે મૂળથી કંઇક જુદો પડવા છતાં અનુવાદ સુંદર બને છે તેનું આ ઉદાહરણ છે. શ્લોક ૨૦

અધર રંગ પલ્લવનો, બાહુ સુકુમાર ડાળને મળતાં,
મોહક નવ જોબનનો, ફૂલ ફૂલશો બહાર અંગાંગે".

સુંદર અનુવાદનો નમૂનો છે. नकिमपि अत्याहितम् માટે "અવિનયવળી કેવો"? એમ કરે છે. પણ રાજાની ઉક્તિમાં, "અવિનય" શબ્દ છે તેના અનુસંધાનમાં આ સુભગ લાગે છે.

"સત્કાર સર્વસ્વ પામ્યો" વાક્છટાનો નમૂનો છે. कर्मणा માટે પુણ્યકાર્ય શબ્દ યોજે છે, પણ રાજાને મધુર અને પ્રિય બોલનાર કહ્યો છે તે જોતાં તે તેવું કહે તે ય સ્વાભાવિક લાગે છે.

શ્લોક ૨૪:

મર્ત્યમાતા થકી ક્યાંથી સંભવે રૂપ અદ્ભુત
વિદ્યુત્ઝળહળ જ્યોતિ ભોંયથી નીકળે કદી?

રેખાંકિત अस्य रूपस्य માટે છે. તે જુદું પડતું લાગે છે. પણ રાજાનો ભાવ તો તે જ છે. રેખાંકિત ૨. નો અનુવાદ એવો જ છે.

શ્લોક ૨૮ શાર્દૂલવિક્રીડિતનો ઝુલણામાં:

રોડિ રેડી ઘડા આંસ નીચા પડ્યા,
બની ગઇ લાલ કેવી હથેલી,
શ્વાસ વેગે હજી કુચયુગલ ઉછળે,
સ્વેદ જલે વદનકાંતિ મેલી.

કર્ણકુંડલ શિરીષો હે—ચ ફૂલાંગાલને
વળગતાં ઝુલવું હે ચ ભુલ્યાં,
કેશપાશે સરી ઉડતાં કુન્તલો
એક હાથે ક્યેમે તેહ ઝાલ્યાં,

રેખાંકિત ઉમેરા કે ક્વચિત કિંચિત ફેરફાર છે. પણ નથી મૂળની કલ્પના ક્લિષ્ટ થતી કે નથી અનુવાદના દેહમાં વિસંવાદ લાગતો.

પૃ. ૩૦ની શરૂઆતમાં શકુન્તલાની સ્વગતોક્તિ અને પ્રગટઉક્તિ વચ્ચે પ્રિયંવદાની ઉક્તિ ઉમેરી છે તે સ્વાભાવિક લાગે છે. પૃ. ૩૨ અપિચ – પછી ઉમેરો છે તેનો નિર્ણય કોઈ અન્ય પ્રતને આધારે કર્યો છે, પણ તેનો ઉલ્લેખ કર્યો નથી. પણ ઉમેરો સુસંગત છે. પૃ. ૩૨ – ૩૩ પર કાશ્મીરી વાચનાને આધારે ઉમેરા અને ફેરફાર કર્યા છે. અંક ૨ને આશ્રમપ્રવેશ નામ આપે છે. પૃ. ૧૫૨ વિદુષક "તપસ્વીકન્યા" ને બદલે શકુન્તલાને "જોગટાની બેટી" કહે છે તે નિર્બળ. જો કે વિદુષકનું બોલવાનું ઠેકાણું તો આવું જ!

શ્લોક ૧ ખરે પ્રિયા દુર્લભ છે,
સ્મૃતિ પોષ્યું પણ ધરે છે દિલ આશા,
મનમથ અસિદ્ધ તો યે
બેય ઉભયની મનોહારી.

अकृतार्थे અને रतिमुभयप्रार्थना कुरुते માટે છે તે ભાગ્યેજ સુભગ લાગે છે.

શ્લોક ૨-

આંખો રાખી દિગન્ત તોય નિરખ્યું મારા ભણી ભાવથી,
ચાલી મન્દ નિતમ્બભાર થકી તે માને થયું હાવથી,
"ના ના" એમ સખી કરી અટક ત્યાં, ભ્રૂભંગિ જે કોપથી,
તે સર્વે મુજ માટ, એમ કળતો રે કામિ મિથ્યામથી.

પૃ. ૩નો અનુવાદ નિર્બળ છે. રેખાંકિત कामी स्वतां पश्यति માટે છે. દૌવારિક રાજા માટે "બાપુ" શબ્દ વાપરે છે તે કાઠિયાવાડી – રજવાડાનો ખ્યાલ આપતો હોઇ અહીં કઠે છે. શ્લોક ૬ થી ૧૨નો અનુવાદ સારો છે. જો કે શ્લોક ૯માં કંઇક ફેરફાર છે.

પૃ. ૧૬ ..... "તે દરમિયાન રાક્ષસો અમારા યજ્ઞોમાં વિઘ્ન નાખે પછી – મૂળથી જુદું પડે છે. ફેરફારની આવશ્યકતા કે સ્વારસ્ય જણાતાં નથી.

શ્લોક ૧૮, મૃગલાં સહ ઉછરેલ જે,

સરલા ક્યાં, વયસ્ય ક્યાં એમ!

ગણી આ ખિ મજાક ગૂંથણી

સમજુ છો નવ સત્ય માનશો.

परिहासविजल्पितं વગેરે માટેનો આ અનુવાદ અનુવાદકની વિલક્ષણ ફાંટાબાજીનો નમૂનો છે.

અંક ૩. સંયોગ અહીં જુદી જુદી વાંચનાઓમાંથી શ્લોક ૧ થી ૮ના સ્વારસ્ય અને જરૂરની સુંદર ચર્ચા કરી છે. શ્લોક ૬ બંગાળી વાચનામાંથી છે. શકુન્તલાની ઉક્તિમાં क्षीर ને માટે "છીર"નો પ્રયોગ ધ્યાન ખેંચે છે. શ્લોક ૧૭ પછી સ્વગત ઉમેરો છે: "હૃદય આટલું આટલું તલસતું " તુંને અત્યારે તો કશું જ નીપજતું નથી." બંગાળી કાશ્મીરી વાચનામાંથી છે. રાજા વેતસમંડપમાંથી અચાનક પ્રગટ થાય છે તેના પ્રત્યાઘાતો સખીઓ વિના વિલંબે પધારેલા મનોરથનું સ્વાગત કરે છે. પણ શકુન્તલાની પ્રતિક્રિયા જણાતી નથી. તે ખોટ આથી પૂરી પડે છે. તેથી ઉચિત.

૧૮. भद्रे समानोऽयं प्रणयः માટે બ્હેના મારી યે પ્રાર્થના એ જ છે" અને पितृभिः अभिनन्दिता માટે "સંમાની છે, ગુરુજનોએ" એમ ફેરફાર છે. અહીં પણ શ્લોકોના અનુવાદ સુંદર છે.

અંક ૪ શકુન્તલા પ્રસ્થાન: વિષ્કંભક શ્લોક ૧ विचिन्तयन्ती०

હૈયા મુની જેહ ધ્યાને બની તું

આવી ઊભો ના જુએ આ તપસ્વી!

ના દેશ યાદ પણ ભૂલિ જશે તને એ,

પોતે કરેલું પણ જેમ પ્રમત્ત ભૂલે.

રેખાંકિત कथां प्रथमं कृतामिव માં કહેલું ભૂલે" તેવો અર્થ છે. તે બદલાયો છે. બાકી અનુવાદ અને છંદનું પ્રભુત્વ સારું છે.

શ્લોક ૨ यात्येकतो स्त०

આ ઓષધિપતિ જતો અહીં અસ્ત શૃંગે,

આદિત્ય આ અરુણ પાછળ આમ ઊગે,

બે જ્યોતિના સહ થતા ઉદયાસ્ત આજે,

આલોક સૌ અડવડે નિયમાય આગે.

શ્લોક ૩ અદૃશ્ય થાય શશિતેજ કુમુદ્વતી કે,

પીડાય થાય સ્મૃતિશેષ જ એનિ શોભા,

વ્હાલાં જનો વિરહ પીડ ઊઠયે ભભૂકી,

સ્હેવાય કેમ કુમુળી સુનિ અંગનાએ.

શ્લોક ૪ વધારાનો :

વૃક્ષોની ઝાકળ પર ઉષા છાંટતી રંગ હાવાં,

નિદ્રાછાંડી કુટિરપાલે છાંડતો આ મયૂર,

આ સારંગે અવયવ પસારે ઉઠી પૃષ્ઠકાયે

ઓટાપાએ ખણિ સરભિમાં જેભોંય રાતે સુતેલો.

રેખાંકિત માં યતિભંગ છે.

શ્લોક ૫ વધારાનો:

મ્હેલીપાદો ગિરિગુરુ સુમેરુ તણે શીર્ષ જેણે

અંધારાંને જિતિનિજ શિખતેજ આકાશ ધોળ્યું,

તે આ ઇન્દુ ગબડી પડતો વ્યોમથી તેજ હીણો,

અત્યારોહે નિયત પડતી મ્હોટમ્હોટા તણીયે.

રેખાંકિત સ્થાનો કોઇને કોઇ રીતે ખટકે તેવાં છે. છતાં એકંદરે સારા અનુવાદના નમૂના છે. પોતે એવા નિર્ણય ઉપર આવ્યા છે કે આ ચારેય શ્લોકો જરૂરી છે. કેમકે તેમાં નાટકમાં હવે પછી બનનારા બનાવોનું સુંદર સૂચન છે. નાટકમાં તે અસ્થાને લાગતું નથી. વર્ણન લાંબુ થાય છે. પણ કાલિદાસ જેવા પ્રકૃતિપ્રેમી કવિ આવા સુંદર સ્વભાવોક્તિ યુક્ત શ્લોકો રચે ને તેમ શ્લોક ૫માં સુખની ચરમસીમા પછી શકુન્તલા પર આવી પડનાર દુઃખી દિવસોનું ચંદ્રના ઉદાહરણથી કલાત્મક રીતે સૂચન કરે છે, તે જોતાં એ યોગ્ય જ છે.

"ઋષિઓના ટોળામાં" શબ્દો મહર્ષિકણ્વને મોઢે શોભતા નથી.

શ્લોક ૭ क्षौमं केनचिदिन्दुपाण्डु ०

ચીરો મંગળ એક ઇંદુ ઉજળાં વૃક્ષે દિધાં આ જુવો,
બીજે આળખતો રહ્યો ઝવિઝલ્યો તે પાય શોભાવવા,
હાથેળી નવ પલ્લવોપમ વળી એ દેવતાઓ સણી,
સાંધાવૃક્ષતણા થકી પ્રગટિને આપ્યાં ઘરેણાં જુઓ.

રેખાંકિત ૧ स्पर्धिभिः માટે છે. ૨. आभरणानि માટે જોડણી છંદાનુસારી કરી છે. છતાં અનુવાદ સુંદર છે.

શ્લોક ૮માં वैक्लव्यं શબ્દ છોડયો છે. પં. ૪માં વદાય ને બદલે વિદાય શબ્દ મૂકી શકાત. બે શ્લોકો બીજી વાચનામાંથી લીધા છે. તેથી શ્લોક સંખ્યા વધતાં મૂળ કાલેની વાચનાનો ૮મો તે અહીં ૧૦ થાય છે.

શ્લોક ૧૨ : કાલે - ૧૦ :

વનતરુ તુજ બાલબાંધુઓ
કલરવ કોયલના થકી દિયે,
પ્રતિવચન ત્હને શકુન્તલા
અનુમતિનું સુણ લાગણી ભર્યું.

રેખાંકિત ૧ ઉમેરો છે. ૨. વિશ્રુતમ્ માટે છે. ૩. ફેરફાર છે. મૂળમાં वनवासबन्धुभिः છે. શ્લોક ૧૩નો અનુવાદ મંદાક્રાન્તામાં કરતાં પ્રસ્તાર થયો છે અને મૂળ લાલિત્ય ગાંખું પડયું છે. શ્લોક ૧૫, : અહીં ૧૭: नतोन्नतभूमिभागे માટે "ખડબચડ" કરે છે. શબ્દનો ઉચ્ચાર અર્થાનુસારી છે. શૈલી અનુવાદકની પણ એવી છે, પણ આ અનુવાદમાં તો ભાગ્યે જ તેવું બને છે.

મહર્ષિ કણ્વ સંદેશો વિચારે છે. દરમ્યાન મુનિઓની વાતચીતમાં શકુન્તલાની ઉક્તિ છે, એમ શ્રી ઠાકોર બતાવે છે તે બરાબર છે. અનસૂયાની ઉક્તિને અન્ય વાચનાઓને આધારે પ્રિયંવદાની ઠરાવે છે. વચ્ચે શકુન્તલા અને અનસૂયાની ઉક્તિઓ ઉમેરે છે, તે સંદર્ભ જોતાં યોગ્ય લાગે છે. અંક ૫ પૃ. ૭૨ થી શાપપ્રભાવ. શ્લોક ૨માં લાલિત્ય ઓછું ઉતરે છે. શ્લોક ૪

જોડયા રવિ અશ્વ જ એક વાર,
વાયુ અહોરાત્ર કરે પ્રચાર
શેષ વહે સંતત ભૂમિભાર,
છઠાંશિને યે કદીના કરાર.

રેખાંકિત ૧ પ્રવાતિ માટે છે. ૨. એવું જ. શબ્દપ્રયોગ વિલક્ષણતા છે. છતાં તેનો અને શ્લોક ૫નો અનુવાદ સારો. सबहुमानम् માટે "ચકિત થતો" એવું જ.

શ્લોક ૬ રાજા:

ન એ અનવાપ્ત વિષાદ જાગે,
તો પ્રાપ્તપાલન સદોદિત કલેશ આગે,
ઓછો ન થાક કરતું શકવ્યા પ્રમાણે,
છત્રી સ્વહસ્ત ધૃતદંડ જ રાજ્ય જાણે.

રેખાંકિત ૧-૩ લાંબા સમાસ છે. ૨. શબ્દ નબળો છે. વધારાનો છે. શ્લોક ૭ થી ૧૦ના અનુવાદ સારા છે.

શ્લોક ૧૧ મ્હનેય ભોગી અરિહંતના

લાગે છે શુચિને અશુચિ જેવા,

ન્હાયાને તો મેલા,

જાગ્રતને ઊંઘેલા,

છૂટા ને બદ્ધાના જેવા.

अव्यक्त માટે "મેલા" એનું જ. બાકી અભ્યસ્ત આર્યામાં સરસ અનુવાદ છે.

શ્લોક ૧૫ અમે સુણ્યો નાયકનો તું આગ્રહી,

શકુન્તલા મૂર્તિ જ સત્ક્રિયા તણી,

સમાન જોડી વિધિએ જ સાંધીને,

કરી અવાચ્યા કરણી ઘણે દિને

રેખાંકિતમાં અર્થપદ્ધતિ બદલાઇ છે.

શ્લોક ૧૯ ગ્રહણનું દીપતું આ રૂપ મ્હારું વરેલું

સ્મૃતિ નવ કહીં આપે, ને ધરે ગર્ભ એતો,

શકું નવ અપનાવી એના કે નકારી,

ભ્રમર જ્યમ મળસ્કે કુન્દ ઓસે ભરેલું.

રેખાંકિત અંશ મૂળમાં નથી. તે ઉમેરો છે. મૂળ છે: ગ્રહણ કર્યું છે કે નહિ એમ વિચાર કરતો". પણ રાજાના ભાવને બરાબર વ્યક્ત કરવા સાથે તે અસ્વીકારનું કારણ રજૂ કરે છે. ઓસે ભરેલા કુન્દની ઉપમાનો ધ્વનિ સ્પષ્ટ થાય છે. શ્રી ડોળરરાય માંકડ, ન્હાનાલાલ, મનસુખલાલ વગેરેના અનુવાદો સાથે તુલના કરીને બતાવે છે કે તેઓ શ્રી ઠાકોર કરતાં આગળ જઇ શક્યા નથી. તેમને શ્રી ઠાકોરની જ વાત સ્વીકારવી પડી છે. તે કહે છે: "ઠાકોરનું ભાષાંતર એટલું તો સુભગ અને તાદૃશ થઇ ગયું છે કે એમાં ફેરફાર શક્ય નથી. ...વળી ઠાકોરે એવમનો "ને ધરે ગર્ભ એતો" અર્થ ઉતાર્યો છે તે અન્તઃતુષારમ્ સાથે અનુરૂપ હોઇ, એ ન સ્વીકારવાપાંચે બીજા બેઉ ભાષાંતરકારોએ ભૂલ

બાંધી છે.[૨૫]

પૃ. ૮૨ શ્લોક ૨૧

ક્યમ કુળ કાળપ ઇચ્છે,
અમ જેવાનો વળિ વિનિપાત જાણું",
તટ તોડતી નદી શી,
સલિલ મલિનતા તુરૂત્પાત.

ભાષાંતર સુંદર છે. પણ ઉત્પાત શબ્દ ખટકે તેવો છે. ઉત્પત્ ધાતુનો અર્થ ઊડવું, ઊંચે કૂદવું થાય છે. તે અહીં બરાબર ન ગણાય એમ લાગે છે.

શ્લોક ૨૨ સ્ત્રી જાત છે કપટિ આપથી પ્રાણિમાત્રે,
બુદ્ધિમતી તણી શું ત્યાં કરવી જ વાત,
આકાશને જે પરભૃતી ઊડિ જાય ત્યારે
બચ્ચાં બિજા દ્વિજકને મુકિ જાય માળે ત્યારે.

છંદ માટે જોડણીમાં લીધેલી છૂટનો નમૂનો છે. રેખાંકિત ૧ પર્યાય તરીકે નબળો છે. ૨માં પરભૃતા" શબ્દ છંદની દૃષ્ટિએ ચાલત અને શોભત. લાલિત્યપણ આછું જ છે. "અન્તરકટી" સમાસ વિલક્ષણ ટૂંટાળાનો નમૂનો છે.

શ્લોક ૩૦ बाहुत्क्षेपं क्रन्दितुं च प्रवृत्ता
માટે "ડુસ્કે કહેતી, હાય આકર્મ કૂટ્યાં" છૂટા હાથનો અનુવાદ છે.

અંક ૬ વિરહ: વિષ્કંભકમાં માછીની ભાષામાટે સુરત તરફના દરિયાપરજતી ભાષાનો ઉપયોગ કરે છે તે માછીઓ હોવાથી એક રીતે તેમાં ઔચિત્ય ગણાય, બાકી રાજાના વર્ણનમાં તે હોવા સંભવ નથી. પૃ. ૮૮

"છાંભલો ભાઇ ફીળ, હું તો કેનો આ છકોત્તારમાંનો માછી, હોવે.

: ૨: હું જલગર ઇવાઇવા વાનાથી માછા પકરી
મારા કટુમનું પેટ ભરું છું.

: ૩: ભાઇધીવા.ઘેળ

બાપુકો ધંધો પોતાના લોક વગોણે ના મેલ્યા જે,
ગોર કાળજે કૂણો હોયે, ભોગ વધેરે જાગે તોયે,

:૪: પૃ. ૮૯ ઇક દાડો રોહચમાણ કાપતો" તો નહિ તેને
પેટલા આ રતન જિમ ઝધારા મારતી આંગળી દેખી.
પસી ઇનો હોળો કરવા હું ઇને દેખાડતો તો તહિં
તો ભઇછાએ મને ઝાયલો સ્તો, હવે મારિકે જતો
મેલે હોવે, ઇમ જ છે આવી મચલાની હકીગત.
પૃ. ૯૧ ભાઇછાબા ભાપ્યા ઇનો આધભાગ આલું, લે આ, ફુલબુલ લેવા કાજે.

તે લોકોની ભાષાને અનુસરવાની અનુવાદમાં ચીવટ છે. પણ સામાન્ય વાચકને તે સમજતાં કંકમુશ્કેલી પડે તેમ છે.
શ્લોક૩માં "ફૂલતી રો મહીં" વિચિત્ર સમાસ છે.

શ્લોક ૪

આંબાની કાળી ઉઘડી બહુ થયું, તોયે ન બાઝે રજ,
આવ્યાં અંકુર થોડ આ કુરબકે, ખીલે નહીં તે કળી,
ઠંડી ગૈ વહી તોય કોયલગણે અર્ધાં જ હે ઉચ્ચાર્યાં,
ભાથાથી શર અર્ધ બે ચિત્રમરશું થમ્ભ્યે રહ્યો વિસ્મયે.

રેખાંકિત અનુવાદ संहरति માટે છે. અનુવાદ કંક છુટ્ટાહાથનો છે. શ્લોક ૯

તિરસ્કારી મેં તે ગુરુ તિ ગઇ વાસે સ્વજનની,
રહે રે ત્યાં! કોપી ગુરુસમ જને શાસન કર્યું,
અરે રે! ત્યાં બાષ્પપ્લુત દૃગ કરીને મુજ ભણી
રહીને આ બાળા વિષ શરસમી ક્રૂર મુજને.

રેખાંકિત ૧. गुरुशिष्ये गुरुसमे માટે છે. ૨. कलुषाम् માટે છે. ૩. विषदिग्धशल्य માટે. મૂળનું લાલિત્ય ઓછું થયું છે.

શ્લોક ૧૦

એ સ્વપ્ન કે ચિત્તભ્રમ કે શું માયા,
કે પુણ્ય મારું એટલડું ફળતું,
ગયું ગયું એ ફરિના મળતું,
મનોરથો તૂટિપડ્યા અતલ પ્રપાતે.

વસંત તિલકામાં છે. પં. ૩માં પ્રથમ શ્રુતિ હ્રસ્વ કરી છે. પં. ૪માં વિસ્તાર છે. અનુવાદ સારો છે.

પૃ. ૧૦૧પર વિદૂષક અને સાનુમતીની ઉક્તિઓમાંથી કેટલુંક બિન જરૂરી ગણીને છોડયું છે. તો કેટલુંક ઉમેર્યું છે. વિદૂષક સ્વગત: સસ્મિત: "હું પણ આ મારા દંડાને ઠપકો દઉં કે હું સીધો તોય તું કુટિલ કેમ ચાલ્યા?" આ કઇ વાચનામાંથી ઉમેર્યું છે. તે વિશે કાંઇ ખુલાસો નથી. કવિની આ નાટક ઉપરની ટીકાયે પ્રગટ થઇ નથી. તેથી એ વિષે કાંઇ કહેવું મુશ્કેલ છે. સ્વગત છે એટલું વળી સારું છે. બાકી રાજાનું ધ્યાન જાય જ. એનું ઔચિત્ય ચિંત્ય છે.

શ્લોક ૧૪નો અનુવાદ સોરઠામાં કરે છે. તે દુષ્યન્ત જેવા મહાન રાજાને છાજે નહિ. આતો જાણે કોઇ કાઠિયાવાડી બાપુ લલકારતા હોય એવો ભાસ થાય છે.

જુદી જુદી વાચનાઓના અભ્યાસ અને તુલનાને કારણે ઉક્તિઓમાં ક્યાંક ક્યાંક ઉમેરા પણ છે. પૃ. ૧૦૭ પર વિદૂષક:

"ત્યાં આ : ચિત્ર:ને હું એવી રીતે સાચવી રાખીશ કે એ કબૂતરો સિવાય કોઇની નજરે નહીં પડે."

પૃ. ૧૧૦ પર ચતુરિકાની અને પૃ. ૧૧૧પર ભાનુમતીની ઉક્તિમાંયે ઉમેરા છે. શ્લોક ૨૯

રક્ષી રક્ષ્ય બ્રાહ્મણને વધ્ય તુંજ વધીશ રશે
દુધપાણી થકી હંસ દુધ પી જલ છોડતો.

રેખાંકિત ૧. માં છંદ તુટે છે. ૨. અશુભવ છે.

અંક ૭ સંયોગ શ્લોક ૨

પાસે હતો ઇરણ જે ઝરણ,
નિહાળી તેને વિસ્મતથી મહેન્દ્રે,
મંદાર માલા ઉરબંધનાઈ,
કંઠેથી નાખી ભુજ કંઠ જાતે.

સારો અનુવાદ છે. શ્લોક ૧૪માં રમકડામાટે "ખેલણું" શબ્દ વાપરે છે. શ્લોક ૧૫

લોકોત્તર પ્રભાવીજ ભાસતો શિશુ આ મહને,
સ્ફુલિંગ શુદ્ધ વાલ્ક વહ્નિનો જેમ ઇંધન દીપવા.

રેખાંકિત વધારાનું છે. શ્લોક ૨૩માં "ગ્રામ્યજનો ઝૂંડ કૂટકું" સમાસ વિલક્ષણ છે. શ્લોક ૨૪માં वसने परिधूसरे वसाना માટે "વસનો કંઇ શ્યામમાં લપેટયાં" નિર્બળ અનુવાદ છે. શ્લોક ૨૫ ને વસંતતિલકાને બદલે મંદાક્રાન્તામાં ઉતારતાં વિસ્તાર થયો છે.

પ્રયોગોની દૃષ્ટિએ અનુવાદક ખૂબ સજાગ છે. ઉક્તિઓનો અનુવાદ પણ નિષ્ઠાપૂર્વક કર્યો છે. છતાં કેટલાક પ્રયોગો પૂરો સંતોષ આપતા નથી. જેમ કે, प्रस्थिता वयम् માટે "અમે પાછા રસ્તે પડીશું" असवर्णाप्रसंभवा માટે "આ અપ્રાપ્યાપત્ની થી", अंतःकरणप्रवृत्तयः માટે "ઉરપ્રેરણા", નવી જિજ્ઞાસા ઉપડે છે" મારો ઉત્સાહમંદ પડી ગયો છે માટે "મારો નાદ ઉતરી ગયો છે" अम्बाभिः માટે "બા મા", "તે સમયે" – એ ઉમેરો, विनोदयिष्यामः માટે નિવારી લઇશું, આદિ જેવા મળે છે.

આમ, આ અનુવાદ એક સમર્થ, નિષ્ઠાવંત અને દૃષ્ટિસંપન્ન અનુવાદકે કરેલો છે, તેમાં

:૧: જુદી જુદી વાચનાઓની સંનિષ્ઠ, તુલનાને અંતે પાઠનિર્ણય કરી તેને અનુસરવાનો તથા મૂળની વધારેમાં વધારે સંનિષ્ઠ અને નિકટની છબી પાડવાનો આશય બહુધા સફળ યત્ન છે.

:૨: શ્લોકોના ઘણાખરા અનુવાદ સારા છે. મુલાનુસારી ચુસ્ત અને દૃષ્ટિસંપન્ન તેમજ પૂર્ણ અને લલિત છે. ક્યાંક અનુવાદકની ફેંટાબાજ પ્રકૃતિને કારણે કંઈક ખટકે તેવું આવી જાય છે. અર્થની સમજ સારી છે. મૂળનું લાલિત્ય પૂરેપૂરું ઉતરે તે તો મુશ્કેલ છે. પણ અનુવાદક અહીં તો તે માટે યે સજાગ છે. સંવાદોના અનુવાદમાં પણ એ જ જાગ્રતિ જોવા મળે છે. વિલક્ષણ અને ખરબચડી શૈલી અનુવાદકની એક વિશેષતા છે, પણ તે તો અહીં બહુ ઓછે સ્થાને દેખાદે છે. પ્રવાહી અને વેગવંત નહીં પણ ધીમે ધીમે વહી રહેલાં નિર્મળસરિતાજળની પેઠે શૈલી વહયે જાય છે.

શબ્દેશબ્દની પાછળ વિચાર અને જાગ્રતિનાં દર્શન થાય છે. રંગભૂમિને ખાતર પણ કંઈક ફેરફાર કે ઉમેરા કર્યા વિના જ મૂળને અનુસરવાની વફાદારી પ્રશસ્ય છે. બહુધા શ્લોકોનું લાલિત્ય સારું ઉતર્યું છે. – જો કે ક્યાંક તે ઘવાય પણ છે. જોડણી છંદાનુસારી કરવા બદલી છે, ને ક્યાંક "અન્તરકટી" જેવા પ્રયોગો, અનુવાદકની વિલક્ષણતાની સાક્ષી દેતા, ડોકિયાં કરે છે. સમાસ બહુલતા ઘટી છે અને પ્રાસાદિકતા આવી છે. તેના પ્રકાશન વર્ષ સુધીના અનુવાદોમાં આ અનુવાદ ઉત્તમ હોઈ આ નાટકના સારામાં સારા અનુવાદોમાંનો એક છે.

શ્રી "ભાનુ" નામથી કોઈએ શાકુન્તલના ચોથા અંકનું ભાષાંતર કર્યું છે તે પ્રસ્થાન ૧૯૮૮ સં. :ઈ:૧૯૩૨:ના ભાદ્રપદ તથા આસોના અંકમાં પ્રગટ થયું છે. શરૂઆતમાં काव्येषु नाटकं रम्यं વાળા શ્લોકનો અનુવાદ મુક્યો છે. :

:કાવ્યોમાં નાટકો સારાં, નાટકોમાં શકુન્તલા,
તેમાંયે અંક ચોથો ને ચોથામાં શ્લોક ચાર છે. :

એકંદરે અનુવાદ સારો છે. તેમછતાં પ્રયોગો અને પર્યાયપસંદગી કેટલેક સ્થળે નિર્બળ લાગે છે. સંવાદોમાં સામાન્ય વાતચીતનો સ્વાભાવિક રણકો લાવવાનો પ્રયત્ન કર્યો છે. છંદોઉપર કાબૂ સારો છે, જો કે સ્થળે સ્થળે હ્રસ્વદીર્ઘની છૂટ લીધી છે અને તે ત્યાં ત્યાં ચિહ્નોથી બતાવી છે.

> વિચિન્તવે જે જન એક ચિત્તથી,
> ઉભેલ હું તાપસ તું ન જાણતી,
> કરે નહીં યાદ કહ્યા છતાં તને
> કરેલ કર્મો જ્યમ ભાનહીણ તે.

રેખાંકિત ૧ तपोधन માટે છે. ૨. "પ્રમત્તમાણસ પહેલાં કહેલી વાતને : સ્મરે નહીં: એમ -'માટે છે. તે બેઉ નિર્બળ છે. કહેલી વાતને માટે "કર્મ" અનુવાદ ~~બેઉ-નિર્બળ-છે.~~ બરાબર નથી.

શ્લોક ૨ આ બાજુ ઇન્દુપતિ ઔષધિનો ડુબે છે,
આગે કરી અરુણ ભાનુ પણે ઉગે છે,
બે તેજના ઉદય અસ્ત નિહાળી સાથે
આશ્વાસતા જન દશા બદલાય ત્યારે.

રેખાંકિત ૧-૨ "એકતો" માટે છે. ૩. માં "પોતાની દશાઓવચ્ચે લોક - જગતના લોકો જાણે નિયમાય છે - માટે છે. તે એવાં જ.

શ્લોક ૩ અદૃશ્ય થાય શશિ તેજ, કુમુદ્વતીની,
શોભા રહી સ્મરણમાં જ, ન આંખ ઠારે,
પોતાપણો હૃદયરાજ થતાં પ્રવાસી,
આર્તિ અસહ્ય બનતી અબળાની ભારે.

રેખાંકિત ૧ "સ્મરણ કરવા યોગ્ય શોભા" જોઇએ. ૨. "ઇષ્ટ" માટે છે. ૩. "અબળાઓનાં દુઃખ અત્યંત અસહ્ય બને છે" માટે છે. એકંદરે અનુવાદ સારો ગણાય તેવો છે.

શ્લોક ૫ ह्रीमंतैनचिदिन्दु०

જ્યોત્સ્ના ધોળું પટોળું એક તરુ માટે ૩ડું દિધું રેશમી,
પાનીને અનુકુળ લાખ આપતો આપ્યો બિજાએ વળી,
દેવીએ વનની વિભૂષણ દિધાં કાઢેલ કાંડા સુધી
ટીશીને શરમાવતા રતુમડા હાથે બિજાં વૃક્ષથી.

રેખાંકિત ૧ "રેશમી વસ્ત્ર"ને પટોળું કહે છે. પટોળું સામાન્ય રીતે રંગીન હોય ઉપરાંત તે યુગમાં પટોળાં હોવાનો સંભવ નથી. निष्ठ्युत: માટે "આપ્યો" પણ નબળું છે. રેખાંકિત ૩માં મૂળનો અર્થ આછોજ આવે છે. ટીશી, રતુમડા, શબ્દો ધ્યાન ખેંચે છે. તે શુષ્ક લાગે છે. ભાષાંતરમાં મૂળનું સૌન્દર્ય – લાલિત્ય આછું જ ઊતરે છે. તેવું જ શ્લોક ૬નું

આજે જાય શકુન્તલા હૃદય આ ઘીરાય ઉદ્‌વેગથી,
ખાળ્યે આંસુ રુંધાય કંઠ નયનો ચિંતાથી ભારે અતિ,
થાયે દુ:ખ અરણ્યવાસી મુજને આવું બધું સ્નેહથી,
સંસારી વિરહે નવા દિકરીના પીડાય ના કાં પછી?

અનુવાદ સામાન્ય અને શુષ્ક છે. રેખાંકિત ૧ संस्पृष्टम् માટે. ૨. चिन्ताजडं दर्शनम् માટે અને ૩ वैक्लव्यम् માટે મીળતી છે: શ્લોક ૭ થી ૧૦ અનુવાદ સારા છે. શ્લોક ૧૧.

रम्यान्तर: રૂડો બધે કમલનીથી સરોવરોથી,
લાગે કુંળો રવિ જહીં તરુની ઘટાથી,
થાઓ સરોજરજથી મૃદુરેણુ ધીરો
મન્દાનુકુલ અનિલે [illegible] શુભમાર્ગ એતો.

મૂળ છે: કમલિનીઓથી હારિયાળાં સરોવરોથી રમ્ય બનતો, છાયા માટેનાં વૃક્ષોથી સૂર્યના કિરણના તાપને ઓછો બનાવતો કમળોની રજથી મૃદુરજવાળો, શાંત અને અનુકુળ પવનવાળો, અને કલ્યાણકારક તારો માર્ગ થાઓ." આ અર્થ આછો જ ઊતરે છે. અનુવાદકે કેં કેં કેં સૂક્ષ્મ ફેરફાર કર્યા છે, તેને લીધે મૂળનું સૌન્દર્ય નંદવાય છે.

શ્લોક ૧૭ ग्रस्मान्साधु ०

જે એ સંયમ છે અમારું ધન ને ઉંચા કુલે છો તમે,
એનો સ્નેહ સ્વયંવર્યો તમ ભણી વાળ્યો ન કો બન્ધુએ,
જથાલાયક માન આપી ગણજે ભાર્યા મહીં એહ ને,
ભાગ્યાધીન વિશેષ, એ વહુના સંબંધી બોલી શકે.

પં. ૧માં साधुविचिन्त्य નો અર્થ આછો જ આવે છે. પં. ૨માં तामू પદ રાજાને શકુન્તલાના ને સ્વયંભૂ પ્રેમની યાદ આપવામાટે વાપરેલું છે. તે છોડી દીધું છે. તે સિવાય પણ અનુવાદ શુષ્ક છે. ત્રીજી પંક્તિનો "પત્નીઓમાં તેને તમારે સામાન્ય પ્રતિપત્તિથી જોવી" એ ભાવ અહીં બરાબર આવતો નથી. અનુવાદ સામાન્ય અને નિરસ છે. મૂળની ચારુતા ભાગ્યેજ આવે છે.

શ્લોક ૧૮ शुश्रूषस्व ०

પૂજ્યો ને નમી સેવજે, પ્રિયસખી થાજે સપત્ની તણી,
સ્વામીના અપમાનથી નવ થતી સામી કદી રોષથી,
થાજે સભ્ય અતીશ સેવક જને, ના છાકતી વૈભવે,
આ રીતે ગૃહિણી થતી યુવતીઓ, અંગાર બીજા કુલે.

રેખાંકિત ૧ વધારાનું છે. ૨. "પ્રિયસખી જેવી વૃત્તિ કરજે" એ અર્થ આવતો નથી. ૩. "સ્વામીએ કરેલા"ના અર્થમાં છઠ્ઠીનો પ્રયોગ અશુભગ છે. ૪. દાક્ષિણ્યમાટે ખોટો પ્રયોગ – ત્યાં સભ્યતાનો અર્થ નથી. ૫. "છકીજતી"માટે નામનું ક્રિયાપદ કર્યું છે. ૬. "ગૃહિણીનું પદ પામે છે." તે ભાવ આવતો નથી. ૭. બીજી તો બિનારૂપ છે એ ભાવ અહીં અત્યુક્તિમાં બદલાઈ જાય છે. અનુવાદ સામાન્ય જ.

શ્લોક ૧૯ કેં કાળે તું રહી અખંડ મહી સપત્ની,
દુષ્યન્તના અતુલપુત્રનું લગ્ન સાધી,
નાંખી કુટુંબ ધુસરી સુતકાંધ જોડે,
શાન્તાશ્રમે વળીશ તે તુજ નાથ સાથે.

રેખાંકિત ૧ अप्रतिरथम् માટે છે. તે નિર્બળ છે. ત્યાં જે અદ્વિતીય વીરતાનો અને વિજેતા પણાનો ભાવ છે તે આ પદમાં આછો જ આવે છે. રેખાંકિત ૨માં "સુંદરી" શબ્દ અસુભગ છે. અનુવાદ સામાન્ય છે.

અનુવાદકની મૂળની સમજ સારી છે. પણ સંવાદોમાં સ્વાભાવિકતા લાવવા જતાં કેટલીક લઢણો ~~ક્લિષ્ટ બદલી~~ બદલી છે, ક્યાંક થોડો ક વિસ્તાર પણ થયો છે. અને ઘણે ઠેકાણે પર્યાય પસંદગી સુભગ થઇ શકી નથી. જેમકે निर्वृतम् માટે "ટાઢક વળે છે", कथमिव માટે "તું શું કહેવા માગે છે?" અનુમતિ આપશે માટે "સ્વાનુમતિ આપશે" प्रथमः संकल्पः માટે "વડીલનો પહેલામાં પહેલો સંકલ્પ", सुलभकोपो માટે જરા જરામાં ચીડાઇ જનાર", "સ્વભાવથી જ વાંકા" માટે "આડા સ્વભાવના", "પુત્રીનો" માટે "અમો આપની પુત્રીઓનો", વિષયથી પરાઙ્-મુખ માગસ" માટે "દુનિયાદારીની પીડાથી અજાણ હોઇ મને", અનસૂયાની ઉક્તિમાં "સરળ હૃદયવાળી મારી સખી પાસે વિશ્વાસ કરાવ્યો" માં "સરળ હૃદયવાળી" એ શબ્દો પડતા મુક્યા છે. તે બરાબર નથી.,

શ્લોક ૪માં ब्रह्मन् માટે, ઋષિ, ઉત્કંઠા માટે દિલગીરી, किं नोदयिष्यामः માટે "દૂર થશે". લાંબા સમય સુધી રહી શકે/માટે "કેટલાક સમયસુધી સુગંધ રહે", લાવવાને બદલે "પહોંચાડવા", ભવતી ને બદલે "દેવી" નિવેદન કરીએ માટે "વાકેફ કરીએ", क्षौमयुगलम् માટે "હીરાગળ વસ્ત્ર," "તમારે જ શકુન્તલાને સ્થિર કરવી જોઇએ", માટે તમારે તો શકુન્તલાને ઠારવાની દેવી જોઇએ" अनाघ्रातवा માટે સુગંધ રૂપ લુટક બાવ્યા થાય.

"તું ઉછર્યો છે" ને બદલે "તારી જનેતા વિના મેં તને ઉછેર્યો છે", 'પાછા ફરવું યોગ્ય છે' માટે 'પાછા ફરો તો નહીં સારુ?' : પ્રશ્ન બનાવે છે, જો કે અર્થ તો સામાન્ય વાતચીતમાંયે એ રીતે વ્યક્ત કરવામાં આવે છે.: कातरा માટે "અકળાય છે શા માટે", उपरुध्यते માટે "માં વાંધો આવે છે" આદિ પ્રયોગો તેવા છે. એકંદરે, અર્થવિપર્યય થતો નથી, અનુવાદકની મૂળની સમજ બરાબર છે, પણ પર્યાય પસંદગી અને અમુક સંવાદોની લઢણનો પ્રશ્ન નડે છે. શ્લોકોમાં છંદ ઉપરનો કાબૂ સારો છે. તેમ છતાં એકંદરે અનુવાદ, મૂળના લાલિત્યને રજૂ કરવામાં ઘણો ઊણો રહે છે. તેથી સામાન્ય જ ગણાય.

શ્રી બટુભાઈ લાલભાઈ ઉમરવાડિયા

૧૯૩૫

આ કૃત અનુવાદ નથી, એક અપૂર્વ પ્રયોગ રૂપ અર્ધસ્વતંત્ર રચના છે. તેની ભૂમિકા શાકુન્તલની છે. છતાં રચનારે પોતાને ઠીક લાગ્યું, આ જમાનાને અનુરૂપ લાગ્યું, તેમ તેનું નવું જ ઘડતર કર્યું છે. છતાં તેમાં શાકુન્તલના પ્રસંગો, સંવાદો અને પ્રવેશોનો યથેચ્છ ઉપયોગ કર્યો છે. પ્રસ્તાવનામાં તે કહે છે:

"શાકુન્તલ વિશ્વસાહિત્યમાં અપ્રતિમ છે તેના અપૂર્વરસનો આસ્વાદ તો મૂળ સિવાય કેવળ અશક્ય છે. અનેક ઊર્મિઓવાળી, કલ્લોલ કરતી, નિરંકુશ વહી જતી સરિતાનાં જળને waterworks ના નળ મારફતે આપણે ઘેરે લાવીએ છીએ. જળ એજ સરિતાનું છે, પણ એમાં એ સરિતાની ઊર્મિ, એનો કલ્લોલ, એનું સૌન્દર્ય, એનું રસમાધુર્ય, અદૃષ્ટ (અદૃશ્ય) થયાં હોય છે. તેમાંયે પૂનમની ચંદ્રિકા એ સરિતાનાં નીરમાં અમી ઢોળી રહી હોય, કુલગુંથી વિહારનૌકામાં બેઠી બેઠી મંજુલસ્વરે કોઈ લાવણ્યવતી સુંદરી મધુર સંગીત છેડી રહી હોય, તેના સૌન્દર્ય અને સંગીતનાં રજકણો એ સરિતામાં ઝરમર ઝરમર વરસી રહ્યાં હોય, મંદ મંદ વાતો સમીર એ વિહારનૌકાનાં પુષ્પની પરાગ સરિતાનાં હૃદયમાં મૂકી જતો હોય, એવી સરિતાનાં એવાં જળ એ સ્વરૂપે ઘેર કેમ કરી લવાય? શકુન્તલા એવી સરિતાનું જળ છે."[૨૬]

મૂળ શાકુન્તલ એટલે તપોવન, ઋષિઓની ચમત્કારિક મારક, ઉદ્ધારક શક્તિના પ્રભાવનું જગત. આ કારણે આ નાટક આપણા જીવનથી દૂર અતિદૂર છે એમ કેટલાક માને છે. તેને આપણા જીવનની નજીક લાવવાના પ્રયત્નમાં લેખક આવી રચના કરે છે. તેમાં નરેન્દ્ર નામે એક અધિકારી તેની કારમાં ઉનાળાના બળબળતા બપોરે જવા નીકળ્યો છે. માર્ગભૂલ્યો છે. તેને તરસ લાગી છે. યાત્રાએ ગયેલા વડગામના જમીનદાર હરિદત્ત શાસ્ત્રીના પુત્ર અચ્યુતના નિમંત્રણથી તે તેમને ત્યાં જાય છે, સુમાલ પ્રદેશના જગતદેવનામે કાર્યકરની બંગાળી સુંદરી સુરેખાદેવીથી જન્મેલી, અને પ્રજાના તોફાનથી બચવા શાસ્ત્રીજીને સોંપીને તે ચાલ્યાં ગયેલાં તેથી તેમની પાલિતા પુત્રી, અનુપમ લાવણ્યમયી શકુન્તલાને તેમના ઘરના આશ્રમ જેવા શાંત સુંદર વાતાવરણમાં જુએ છે, ને તેના તરફ આકર્ષાય છે. તે જાણે છે કે શાસ્ત્રીએ તેને

૨૬: પ્રસ્તાવના પૃ. ૭-૮

સુયોગ્ય વરને વરાવવાનો સંકલ્પ કર્યો છે. વિદૂષકના સ્થાને તેનો મિત્ર સુધીર તેની પાછળ પાછળ ડિસ્ટ્રિક્ટમાં ભમી ભમીને થાકી ગયો છે. તે તેને આરામ લેવા વિનવે છે. નરેન્દ્રને પણ શકુન્તલાને જોઇને એમ જ થયું છે. તે ત્યાં તે ગામના ધાડપાડુઓથી રક્ષણ આપવા લોકો તેને વિનંતી કરે છે. તે વડગામમાં જ મુકામ નાંખે છે. ત્યાં શાકુન્તલના ત્રીજા અંકના જેવો પ્રસંગ ભજવાય છે. એક બાઇ પોતાના માંદા પતિને જોવા જવા માગે છે અને મદદ માગવા આવે છે. શકુન્તલા ~~તેની વાત~~ તેની વાત તરફ ધ્યાન પણ આપતીનથી. "તને યે મારા જેવો અનુભવ થશે" કહીને તે બાઇ ચાલી જાય છે. શાસ્ત્રીજી યાત્રાએથી પાછા આવે છે પણ તે બધા બનાવોથી અજાણ છે. ગર્ભવતી શકુન્તલાની સખીઓ સારંગધર નામના માણસને નરેન્દ્રપાસે યાદ દેવરાવવા મોકલે છે. તેણે વીંટી આપેલી છે તે મોકલતાં નથી. અકસ્માતને લીધે માથામાં ઇજા થવાથી નરેન્દ્રની પૂર્વસ્મૃતિ લુપ્ત થઇ છે. તે એક અમલદારને છાજે તેવા તોરથી સારંગધરને કાઢી મુકે છે. થોડા વખત પછી અચ્યુત નરેન્દ્રપાસે જાય છે. તેની સ્મૃતિ ધીરે ધીરે પાછી આવતી જાય છે, તેથી તે તેને ઓળખે છે. શકુન્તલાના જેવી હકીકતવાળો એક ભરણપોષણનો દાવો તેની પાસે આવે છે. એક ચોરીનો મુકદ્દમો સાથે જ આવે છે, તેમાં તેની પોતાની વીંટી સંડોવાયલી છે. તેને બધું યાદ આવે છે.

દરમ્યાન પાલકપિતાના કુટુંબને અગવડમાં ન મુકાવું પડે માટે શકુન્તલા માત્ર "જાઉં છું" એટલી જ ચિઠ્ઠી લખી ચાલી જાય છે. એક નદી કિનારેથી તેને મહાત્મા દેવાનંદજીના આશ્રમમાં લઇ જવામાં આવે છે ત્યાં તેને પુત્ર જન્મ થાય છે.

મૂળે વિજયપુરનો પ્રધાન હતો તે નરેન્દ્ર, ત્યારપછી અમલદાર થયેલો હોય છે. રાજાના પ્રજાપરના જુલમને કારણે રાજમાતા ઉપવાસ શરૂ કરે છે. તેથી, ત્યાં પરિસ્થિતિ વિફરે

છે. તેમાંથી રસ્તો કાઢવા સામંત તેને તેડવા આવે છે. વિમાનમાં ત્યાં જતાં સમારકામ માટે વિમાનને દેવાનંદજીના આશ્રમ પાસે ઊતરવું પડે છે. ત્યાં સાતમા અંકના પ્રસંગો ભજવાય છે. એક હાથિયારધારી બાળક તલવારથી પટ્ટાબાજી ખેલવા માગે છે. તેને રોકવામાં તે એક તાપસીને મદદ કરે છે. શકુન્તલા અને તે મળે છે. કાલિદાસના શકુન્તલા તો રાજાના પ્રણિપાત પછી તરત જ તેને ક્ષમા કરે છે, પણ ૨૦મી સદીની આ શકુન્તલા તો સહેલાઇથી તેને માફ કરતી નથી. છેવટે બધા ખુલાસા પછી સમાધાન અને પુનર્મિલન સધાય છે.

રચના સરળ, પ્રવાહી અને રસિક છે, પણ તેમાં મૂળનું અદ્ભુત રમ્ય તપોવનનું વાતાવરણ, તપઃક્રિયા, દુર્દૈવનિવારણ નિમિત્ત પ્રવાસ, ઇંદ્રલોકગમન, શાપ, પ્રત્યાખ્યાન, સ્મૃતિભ્રંશ અને સ્મૃતિપ્રાપ્તિ નથી. તેને બદલે મોટર, એરોપ્લેન, ગરીબસ્ત્રીનો નિઃશ્વાસ, ડાકુઓથી રક્ષણ માટે વિનંતી, કે વિજયપુરની પરિસ્થિતિ છે. અન્ય રાણીઓને બદલે નરેન્દ્રની માતાનો, તેને કુમુદ નામની કન્યા સાથે પરણાવી દેવાનો પ્રયત્ન છે. બાકીનો તફાવત પણ સમજી શકાય તેવો છે. જીવનમાં અકસ્માતો બને છે ખરા, પણ તેને ગુણિતાગ્રસ્ત રૂપે નિરૂપવાનો આ પ્રયત્ન છે. નાટકના પ્રથમ અંકમાં પહેલા ત્રણ, બીજામાં ૪–૫ અને ત્રીજામાં ૬–૭ અંકોના વસ્તુને નિરૂપવાનો પ્રયત્ન છે. પૃ. ૩૫ થી શાકુન્તલની છાયા આવવા માંડે છે. અહીં શકુન્તલાની સખીઓ યશ અને મધુરી છે.

યશ: અલી શકુન્તલા, જરા ઊભી રહે જોઉં, :મધુરીને:
મધુરી, જો તો ખરી, શકુન્તલા આમ લતા
જેવી ઊભી છે તે કેસર અને આસોપાલવ ઊભો
રહ્યો હોય એવું દેખાય છે.

પૃ. ૩૬ મધુરી: જાણ છે આ નવમાલિકાને

શકુન્તલા આટલી બધી કેમ નિહાળી રહી છે?

યશ: ના બહેન, કહે જોઉં.

મધુરી: જેમ આ નવ માલિકાનો તેને અનુરૂપ તરૂવર જોડે સંયોગ થયો તેમ મને મ્હારા ....

શકુન્તલા: એમ કહી ત્હારા જ મનોરથ જણાવતી હઇશ.

પૃ. ૪૦ યશ: એમ કે દાદાજી પાછા આવશે પછી ત્હારા........

શકુન્તલા: જા, જા, એમાં જરાયે સત્ય નથી.

નરેન્દ્ર: :શ્વાસ લેતો હોય એમ સ્વગત: હા-શ, આટલા એક વાક્ય ખાતર જીવ કેટકેટલાં બ્રહ્માંડોમાં ઘૂમી વળયો હતો! :જરાવારે: અરે, પણ મ્હારું શું થવા બેઠું છે?

યશ: તે.............

શકુન્તલા: મારે એવી આજથી વાતો સાંભળવી નથી.. હું તો મ્હારે જઉં છું :ઘર તરફ જવા માંડે છે:.

પૃ. ૬૪ પર નરેન્દ્ર એકલો વિચારે છે ત્યાં:

નહીં મળી સ્હેલથી પ્રેમ મૂર્તિ,
આશ્વાસું એનાં સ્મરી ભાવ દર્શનો.
ને છે હજી મન્મથને અસિદ્ધ,
વિલાસું અન્યોન્ય તણા મનોરથે.

:અં. ૨ શ્લોક ૧નો મુક્ત અનુવાદ છે.:

પ્રેર્યાં અન્ય દિશા ભણી નયન તો, ન્યાળ્યાં મને ભાવથી,
ધીમી ચાલ નિતમ્બ ભારથકી તો, માનું વિલાસે કરી,
"ના જતી" કહી રોકતી સખિશું, એ વાક્યી અસૂયા વડી.
માને એ મુજકારણે થયું બધું, કામી અહો રાગથી!

સામાન્ય રીતે સારો અનુવાદ. લેખક બીજી રીતે પણ નાયકને દુષ્યન્તના મનોરાજ્યમાં મૂકે છે.

તેમજ,

માટે, તવ શરની મૃદુતા, ચંદ્રનું શીત તત્ત્વ,
ઉભય ઉલટ લાગે મુજ જેવાં બધાંને,
હિમ શીત કિરણોએ અગ્નિ વર્ષેય ઇન્દુ
મૃદુલ ફૂલ શરોયે તેં વજ્ર શાં ક્રૂર કીધાં.

અંક ૩ના શ્લોક ૩નો અનુવાદ છે. રેખાંકિત પ્રયોગ નબળો છે. પૃ. ૭૪ પર અંક ૨ના શ્લોક ૯–૧૧ મૂકે છે. પૃ:૮૧થી અંક ત્રીજાનો મિલન પ્રસંગ શરૂ થાય છે. ત્યાં શકુન્તલા ફૂલને હીંડોળે બેઠી છે ને સખીઓ તેને પવન નાંખે છે. ત્યાં નરેન્દ્ર છુપાઇને:

મારા ગુપ્ત મનોરથોની અધિષ્ઠાતા દેવતા આ રહી.

યશ: શકુન્તલા, બહેન, આ વાયરો ઠીક લાગે છે?

શકુન્તલા : શું તમે લોક વાયરો નાંખો છો?

નરેન્દ્ર: એનું શરીર અસ્વસ્થ લાગે છે. એ આ પ્રખર ગ્રીષ્મના તાપને લઇને હશે કે પછી સંસ્કૃત કવિઓ કહે છે તેમ મદનકાર્ય હશે?

અંક ૩ શ્લોક ૭નો ભાવ આમ ઉતારે છે:

સ્તનો વાળે ચર્ચ્યાં શિથિલકરનું પદ્મવલયં,
પ્રિયાનું સોહન્તું વપુ અતીવ, જો કે દુ:ખભર્યું,
તપે તોયે ગ્રીષ્મે મદન સમ, તોયે નહિ બને,
મધુરું એનાથી યુવતિ જનને આમ પીડવું:

પછી અંક ૩નો પ્રવેશ યોગ્ય ફેરફાર સાથે પણ, શકુન્તલાને અનુસરીને આગળ ચાલે છે. ત્યાં ગૌતમી છે તો અહીં શાસ્ત્રીજીની પત્ની આવે છે.

બીજા અંકમાં મદદ માગવા આવતી બાઇનો પ્રસંગ છે. શાસ્ત્રીજી પરિસ્થિતિથી અજાણ છતાં સહજ રીતે કહે છે:

કન્યાપરાયું ધન છે જ સર્વથા,
એવી મતાને પતિઘેર સોંપી
પાછી દીધી થાપણથી જ જેવો,
પ્રશાન્ત થાયે નિજ અંતરાત્મા.

રેખાંકિત અનુવાદ નિર્બળ છે.

પૃ. ૧૦૭પર અંક ૪, ૨૨ અને ૫, ૨ના અનુવાદ છે.

શબ્દો મધુર સુણતાં, કંઇ રમ્ય ભાળી,
આનંદનું મન કદિ નીજ વ્યગ્ર થાતું,
ના જાણતાં સ્મરતું તો ગત જન્મ મૈત્રિ,
તેની સ્મૃતિ અદીઠ મુદ્રિત પ્રાણસત્ત્વે।

રેખાંકિત गावस्थिराणि માટે નિર્બળ છે.
પછીના સારંગધરના અપમાનનો પ્રસંગ છે. પણ લેખક અહીં શકુન્તલાને ~~અહીં~~ રજૂ કરતા નથી. પૃ. ૧૩૧ પર: અંક ૩માં: નરેન્દ્ર બોલે છે:

દેખાતી દંતકળીઓ અમથું હસેને,
ને કાલી વાણી મધુરં વદતી મથીને,
એવું તનુ પ્રીતિથી આશ્રયે અંકવાંછે,
તેની રજે મલિન થાય સુધન્ય એ તો.

અંક ૭. ૧૭નો એ સામાન્ય અનુવાદ છે. થોડા ફેરફાર સાથે ત્યાં સંવાદની છાયા પણ છે. પૃ. ૧૩૫ પર શકુન્તલા આવે છે. તેની આંખોમાં ક્રોધ અને પ્રીતિભાવની અથડામણ છે. નરેન્દ્ર કહે છે:

ભૂલીજા સખી મેં દીધી અવગણી એ દુઃખ તું ઉરથી,
~~સત્કારે નહિ આગમો ય શુભનાં અંધાર ઘેર્યાં જનો,~~
શાથી આચિત તે દિને ગ્રસ્તું હતું, ઉદ્દામ સંમોહથી,
સત્કારે નહિ આગમો ય શુભનાં અંધાર ઘેર્યાં જનો,
માની સર્પ કરે વિકંપ શિરનો માલા પડે અંધના.

પણ અંક ૭, ૨૪નું નિર્બળ ભાષાંતર છે. પૃ. ૧૩૮-૧૩૯ પર શ્લોક ૨૪-૨૮ના અનુવાદ છે.

આ અનુવાદ નથી. વિશિષ્ટ પ્રયોગ છે અને શાકુન્તલની તેનાપર છાયા છે. તે કારણે તેનો આછોપરિચય આપ્યો છે. પણ મૂળના રસિયાઓને તે તૃપ્તિકર ને બદલે ખેદકર અને અસંતોષકર લાગે તેવો છે. શ્લોકોના અનુવાદો ઠીક છે. ભાષાશૈલી સરળ પ્રવાહી છે.

મનસુખલાલ મગનલાલ ઝવેરી – ૧૯૨૮

"સ્મૃતિભ્રંશ અથવા શાપિત શકુન્તલા" નામક આ અનુવાદની પ્રસ્તાવનામાં લેખક લખે છે:

"જે અનુવાદ અનુવાદ છતાંયે સ્વતંત્ર જેવો જ લાગે તે ઉત્તમ અનુવાદ: જે વસ્તુનો અનુવાદ કરવાનો હોય તેના શબ્દે શબ્દને વળગી રહેવાનો આગ્રહ નહીં રાખતાં તેને, મનનપૂર્વક વાંચીને, ને તેનો સાર સમજીલઇને મૂળનો ભાવ, ભાષાલાલિત્ય અને અર્થગાંભીર્ય બરાબર જળવાઇ રહે એવી રીતે પોતાની ભાષામાં પરભાષાની કોઇ કૃતિને ઉતારવી તેનું નામ સાચ્ચો અનુવાદ: અનુવાદો મૂળ નથી, મૂળની છબી છે, એદવારા મૂળની છાયા કલ્પી શકાય". ૨૭

અનુવાદમાં શૈલી પર અને કેટલેક સ્થળે શબ્દો પર પણ ન્હાનાલાલની છાયા પડી છે. તેમણે પુરોગામીઓના અનુવાદ વાંચ્યા છે તે તેની છાયા આનાપર પડી હશે એમ સ્વીકારે છે. અંક ૧ પ્રસ્તાવના: શ્લોક ૧.

સ્રષ્ટિ જે આદ્યસર્જી વિધિહુતહવિને જે વહે નિત્યહોતા,
જે બે કાલો રચેને શ્રુતિ વિષયગુણે જે રહે વ્યાપી વિશ્વે,
કે'વાયે સર્વ બીજ પ્રકૃતિ વળી વસી પ્રાણિમાં પ્રાણરૂપે,
કાયાપ્રત્યક્ષ આઠે સ્વરૂપ થકી ધરે તે સદાઇશ રક્ષો.

પૃ. ૭ રેખાંકિત અનુવાદ વધારાનું. બાકી અનુવાદ સારો છે. શ્લોક ૨નો પ્રસ્તારી છે. અનુવાદક સંવાદોમાંયે મૂળના અર્થનું અનુસરણ કરી થોડું પોતાનું ઉમેરે છે. વાક્યોને નાનાં નાનાં બનાવે છે. તેની લાડભરી લઢણ લાલિત્ય લાવવાના પ્રયત્ન રૂપે છે. તેમાં તથા જોડણીમાં યે ન્હાનાલાલની અસર દેખાય છે.

૨૭: પૃ. ૭

સૂત્રધાર: આ સભાજનોના કાનનું રંજન કરવા સિવાય બીજું શું હોય? દેવિ? દેવિ! જુઓને આ કેવી સરસ ગ્રીષ્મઋતુ બેઠી છે? કેવી એ માણવા જેવી છે./ વળી પ્રિયે! એ બેઠી છે પણ હમણાં જ. એટલે તેના વિશેજ કાંઇ ગાઓને! સાચ્ચેજ આ દિવસોમાં તો,

ક્રીડા જળે સુભગને અતિરમ્ય લાગે,
મ્હેકંતવાયુ વનપાટલ પુષ્પ ગંધે,
છાયા તળે સુલભ કે સુખપૂર્ણ નિદ્રા,
સંધ્યાસમે દિવસની રમણીય શોભા.

આ ખંડ લેખકની આવી શૈલીગત વિશેષતા અને મૂળનાના છંદને બદલે મોટો છંદ વાપરતાં થતા પ્રસ્તારનો નમૂનો છે. પછી પણ સૂત્રધારની ઉક્તિને નાનાં નાનાં વાક્યોમા વહેંચી નાંખી છે અને કોઇ કોઇ શબ્દો લાડભરી લઢણ લાવવા માટે ઉમેર્યાં છે. તેની ગાયેલી આર્યાનો વસંતતિલકામાં કરેલો અનુવાદ પણ પ્રસ્તારી છે. પ્રસ્તાવનામાં અનુવાદ વિષે રજૂ કરેલા ખ્યાલને તે આમ અનુસરે છે. શ્લોકોના અનુવાદ સામાન્યરીતે સારા છે. શ્લોક ૭ પં. ૩માં હતો શબ્દ છોડયો છે, બાકી અનુવાદ સારો છે. શ્લોક ૯ના છેલ્લા શબ્દો "રથ વિશે" ને બદલે "રથ જવે" હોત તો અનુવાદ છે તેથી વધારે મૂલાનુસારી થાત. શ્લોક ૧૪ મૂળ છે:

"કોટરોમાં રહેલા શુકોના મુખમાંથી પડેલા નીવાર વૃક્ષોનીચે છે. કેટલેક સ્થળે ચીકણા પત્થરો છે તે ઇંગુદી ફળને તોડવા માટે વપરાયા હોય એમ સૂચવે છે. વિશ્વસ્ત મૃગો સમાન ગતિવાળા રહી રથવેગને સહન કરે છે. જળાશયના માર્ગો વલ્કલમાંથી ટપકેલા જળથી રેખાઓવાળા થયા છે. "અનુવાદ:

કીરોના મુખથી પડેલ જવ આ, એને તરુની નીચે,
લીસા પત્થર ઇંગુદિ ફળ વળી તોડયે થયા તે રહ્યે,
ને ત્યાં નિર્ભય દીસતા વિહરતા શબ્દો સહંતા મૃગો
ન્હાઇ વલ્કલની તર્યાં જળતણાં ચિહ્નો ભર્યાં આ પથો.

રેખાંકિત શબ્દો નિર્બળ છે. બાકી અનુવાદ સારો છે. શ્લોક ૧૫ થી ૨૦ના અનુવાદો પણ સારા છે. શ્લોક ૨૦. પં. ૪ માં

ગો સદા સજ્જન અંતરાત્મને.

માં 'સજ્જનોને અંતઃકરણની પ્રવૃત્તિ જ પ્રમાણ હોય છે" એ અર્થ આછો જ ઉતરે છે. શ્લોક ૨૧

અડે વારે વારે ચપલ અતિ કંપંત દૃગને
મીઠું મીઠું કર્ણે ગણગણ કરી છાનું લવતો,
કરે વારે ત્હોયે અધર રતિસર્વસ્વ ચૂમતો,
અમે જોતા બેઠા ભ્રમર પણ કૃતાર્થનું થયો.

રેખાંકિત અંશ નબળો છે.

પૃ. ૧૫ શ્લોક ૨૩ રાજા:

આવું રૂપ મનુષ્યોમાં હોય કે સંભવે કશે?
ન પ્રભા તરલુ જ્યોતિ વસુધાથી કદી ઉગે.

સારો અનુવાદ છે.

પૃ. ૧૬ પ્રિયંવદા: પણ આ બાપડી તો ધર્માચરણમાં યે સ્વતંત્ર નથી. આર્યગુરુજી કહે તેમ જ તેનાથી થાય. હા.... પણ એમ ખરું કે ગુરુજીએ એને એના અનુરૂપ વરને આપવાનો સંકલ્પ કર્યો છે.

આમાં રેખાંકિત ઉમેરો છે. શ્લોક ૨૫ ગીતિ છે. તેને વસંતતિલકામાં ઉતારતાં યે પ્રસ્તાર થયો છે.

પૃ. ૧૮ સખીઓ: આશ્રમની તપાસ કરવા આવવાની વિનંતી કરતાં લજવાઈએ છીએ! રેખાંકિત ઉમેરો.

રાજા:—અરે, એમાં શું? આપ સર્વે એ મારો સત્કાર ક્યાં નથી કર્યો? — ઉમેરો છે.

શ્લોક ૨ અંક ૨

બાણાર્ત અન્ય કશું છતાં ગણી લીધા એને કટાક્ષો અને,
ચાલી મન્દ નિતમ્બ ભારથકી તો માન્યું વિલાસે જ એ,
"ઊભી રહે" વદી રોકવા સખી શું ક્રોધ માન્યું કહે રીસથી,
"એ સર્વે મુજ કાજ" એમ ગણતો કામી સ્વકાજે અહો!

પંક્તિ ૧નું નિર્બળ છે. રેખાંકિત कामीस्वतां पश्यति માટે છે.
પૃ. ૨૨. રાજા: મને તો મૃગયા કરવા કરતાં પેલી કાશ્યપ પુત્રીનું સ્મરણ કરવામાં જ વિશેષ આનંદ મળે છે. કારણ કે .... ઉમેરો છે.

શ્લોક ૮

દેવાંગનાની તનયા પણ ત્યક્ત થાતાં
પોષી ઘણી નિજ સુતા ઋષિએ પછીથી,
જાણે મૃગીકુસુમકો નવ માલિકાનું,
હોયે પડ્યું શિથિલ થૈ પ્યારી અર્ક માટે

ગીતિને બદલે વસંતતિલકા યોજતાં પ્રસ્તાર થયો છે.
શ્લોક ૯ પં. ૩ "ધાતાની શક્તિ અને તેના દેહનો વિચાર કરતાં" એ મૂળને બદલે "ધાતાની શક્તિ સમ ચિંતવી દેહે તેનો," બરાબર નથી.
પૃ. ૩૧ વિદૂષક: પહેલાં તો શિકાર ખેલવાનું: કુતૂહલ ખૂબ હતું મહારાજ પણ ....પણ હવે આ રાક્ષસોની વાત સાંભળીને ટીપા જેટલુંયે નહીં રહ્યું. રેખાંકિત सपरिवाहमासीत "ખૂબ ઉભરાતું હતું," ને બદલે છે તે નિર્બળ છે.

અંક ૩માં રાજાની ઉક્તિમાં પાંચજ શ્લોક લીધા છે. તેનો અનુવાદ સારો છે.
પૃ. ૩૫ રાજા: लब्धं नेत्रनिर्वाणम् માટે "મારી આંખ્યોનું સ્વર્ગ, મારા દિલનો દિલાસો" એમ અનુવાદ કરે છે. શ્લોક૧૩–૧૪ ના અનુવાદ છંદ બદલવાને કારણે પ્રસ્તારી છે.

શ્લોક ૧૮

શું શીતને શ્રમ હરંત હું આર્દ્રવાયુ,
ઢાળું ધીમેથી, નલિનીદલ વીંઝણાથી,
કે પદ્મરક્ત ચરણો તુજ દાબું ધીમે
અંકે ધરી સુખમળે, કરભોરુ, તેમ.

રેખાંકિત શબ્દ संवाहयामि માટે નિર્બળ છે. શ્લોક ૨૧નો

અનુવાદ સારો છે પણ ત્યાં सकृदयम् માટે ધૈર્યથી કર્યું છે.
તે ખરાબ ગણાય.
ગીતમાં કહે છે: "આ દર્ભાંદક પીલે " તે વધારાનું અને નકામું છે.

શ્લોક ૨૨:

અંગુલિથી અધરને કંઈ ઢાંકી ઢાંકી,
ઇન્કારું ખણોની વદી અસ્ફુટવેણ મીઠાં,
વળી લીધું કુટિલ પક્ષ્મ સુંદર આસ્ય,
તે યત્નથી ઊંચું કીધું, પણ ના ચુમાયું.

સારો અનુવાદ છે. અંક ૪ શ્લોક ૧

આવ્યો ઉવેખી મુજ શા તપસ્વીને,
જેનું ધરે ધ્યાન અનન્ય ચિત્તથી,
સંભારી દેતાંય નહિ સ્મરે તને,
કેફે કહેલું જ્યમ કેફી વિસ્મરે.

અંતિમ પંક્તિનો પડઘો આપો જ પડે છે. વિસ્તારી થતા અનુવાદમાં મૂળનું લાલિત્ય ઓછું થાય છે. આ વિષ્કંભકમાં સખાઓના ઉક્તિમાં યે ઠેર ઠેર સ્ત્રી સહજ લ્હેકા અને લઢણવાળા ઉમેરા છે. તુલના ન કરીએ તો તે ઉમેરા છે કે અસ્વાભાવિક છે એમ ન લાગે.

શ્લોક ૫ क्षौमं केनचिदि०

આપ્યું મંગલ ક્ષૌમ ઇન્દુ ધવલું કોઈ તરુએ અને
ને લાક્ષારસ કોઈએ વળી દીધો શોભાવવા પાદને
બીજાએ વનદેવતાની કૂણી હાથથી કાંડા સુધી,
કાઢીને કરીકાઈથી અવનવા શૃંગાર દીધા વળી.

રેખાંકિત ૧. निष्ठ्यूत માટે છે. ૨. અને 3. स्पर्धिभिः માટે છે. બાકી અનુવાદ ઠીક છે. શ્લોક ૬

ઉત્કંઠા હૃદયે વસે ગળગળો થતો વળી કંઠ, ને
જશે આજ શકુન્તલા સ્મરીસ્મરી ચિંતા રૂંધે દૃષ્ટિને,
પીડાયે વનવાસી આમ મુજશો સ્નેહે કરી આવડો,
સંસારી ન પીડાય કેમ નવલા પુત્રી વિયોગે કરી.

રેખાંકિત ૧. संस्पृष्टम् માટે છે, ૨. વધારાનું છે. ૩. इतुरं માટે છે. મૂળનું અર્થગૌરવ તથા પ્રૌઢિ અહીં જ ઉતર્યાં છે.

શ્લોક ૯

પાણીયે પ્રથમે નપીતી ત્હમને સીંચ્યા વિના જે કદિ,
વ્હાલાં ભૂષણ ખૂબ તોય કદિના પલ્લવ જે તોડતી,
ને ફુલો ત્હમને ફુટે નવલ ત્યાં રાચે ગણી ઉત્સવ,
ને આ જાય શકુન્તલા પતિ ગૃહે: તેને અનુમોદીઓ.

રેખાંકિત ૧. पातुं न प्रथमंव्यवस्यति जलम् માટે છે. પં. ૨માં भवतास्नेहेन છોડ્યું છે. રેખાંકિત ૩ને બદલે "જેને થતો ઉત્સવ" વધારે મુળાનુસારી થાય. અનુવાદ સામાન્ય છે. શ્લોક ૧૦ થી ૧૫ના અનુવાદ મૂલાનુસારી અને સારા છે,

શ્લોક ૧૭ अस्मान् साधु०

જોઇ સારી રીતે તપોધન અમ્હે, ઉંચું કુલે આપનું,
આવી આપ વિશે સ્વતંત્ર નીરખી સ્નેહ પ્રવૃત્તિ વળી,
બીજી રાણી શું આપ આ નિરખજો સામાન્ય સન્માનથી,
ભાગ્યાધીન વધુ, પોયરીમાંથી તે ન બોલાય કૈં.

રેખાંકિત ૧ अबान्धवकृताम् માટે છે, તે નિર્બળ મુક્ત અનુવાદ છે. બાકી અનુવાદ સારો છે. શ્લોક ૧૮, ૨માં विप्रकृता માટે "અવજ્ઞા કરે" પ્રયોગ નિર્બળ છે.

અંક ૫ શ્લોક ૨.

અભિનવ પધના લોભી,
આમ્ર મંજરી ચુમી ચુમી લઇને,
હવાં ભ્રમર હોકમલે,
વસો, સુખી થઇ વિસરે ક્યમ એ?

રેખાંકિતમાં તથા परिवुम्ब्य નો અર્થ આવ્યો જ આવે છે.

મૂળમાં રાજાએ પહેલાં કરેલા પ્રેમનું મધુર સંસ્મરણ તથા આજની અવજ્ઞાની વેદના છે તે વ્યક્ત થતાં નથી.

વિદૂષક: : ઉઠીને: "અં..... જઈ તો ખરો, પણ વયસ્ય એ પેલી હંસપદિકાને જાણો છો? આ એ કેવી છે? ન કરે નારાયણને મ્હારી ચોટલી એ બીજાઓ પાસે ઝલાવીને મ્ડાવી મારી નાખે તો - તો ...ને ... કોક બાપડો નિષ્કામ મુનિ જેમ અપ્સરાના હાથમાં સપડાય ને - તેમ છે. છે તે મ્હ - મ્હારો ~~વશ-ઇશ્ક~~ છૂટકારો કેમેય નહિ થાય." માટે મૂળ છે:

"તેના વડે બીજાઓ પાસે ચોટલી પકડાવીને મરાવાતા મારો, જેમ અપ્સરાપાસેથી વીતરાગનો તેમ, કેમેય છૂટકારો નથી,"

ને બદલે આ અનુવાદ લેખકની લઢણ અને ઉમેરા કરવાની પદ્ધતિનો સારો ખ્યાલ આપે છે.

રાજા: એમ ગાળા શું આપે છે? ગૃહસ્થની રીતે વાત કરજે ને! આડું અવળું વેતરતો નહીં. રેખાંકિત ૧માં લોકરૂઢિનો સારો પ્રયોગ છે, ૨. પણ તેવુંજ છે., પણ વધારાનું છે.

શ્લોક ૪

અશ્વો રવિ એકજ વાર જોડે,
વાયુ અવિશ્રાન્ત સદા વહે છે,
સદા મહી ભાર ધરંત શેષ,
ભૂપાલ કેરો પણ ધર્મ એજ.

રેખાંકિત ૧ સારો પ્રયોગ. -૨.[1] ષષ્ઠાંશિનો અર્થ ભાગ્યેજ આવે છે.

શ્લોક ૬

વાઞ્છા અપૂર્ણ નવ રે'તી કદી, તથાપિ,
પીડાય પ્રાપ્તપરિપાલન કાજ ખૂબ,
એ રાજદંડ કર છત્ર સમો જ જાણો,
પીડા હરે સકળના, નવિશેષ પીડે.

સામાન્ય અનુવાદ. પં. ૪માં અર્થ બદલાય છે. મુળની ખુબી આવતી નથી. તેવું જ શ્લોક -૮નું. શ્લોક ૯નો અનુવાદ સારો છે. ૧૩નો પ્રસ્તારી છે.

શ્લોક ૧૯

સરળ મધુર આવું રૂપ આવી પડયું આ,
પ્રથમ હતું સ્વીકાર્યું કે નહિ તે વિચારું,
ભ્રમર સમ પ્રભાતે કુન્દ ઓસે ભરેલું,
શકું નહિ જ ચુમાણી, છાંડી યે ના શકું તો.

અનુવાદ સારો છે. રેખાંકિતરૂપદ પાદ પૂરક હોઈ કચાશ બતાવે છે. બ. ક. ઠા. ને અનુસરવું પડયું છે. પણ તે અનુવાદને પહોંચી શકાતું નથી.

શ્લોક ૨૦માં हृतामिमर्शाम् માટે "હરી લેઉં બલથી" પ્રયોગ નબળો છે. પૃ. ૭૬ પર રાજા મુળમાં તો આ કૂટપ્રશ્નને અંગે પોતે શું કરવું તે શાર્ઙ્ગરવને જ પુછે છે અને તે તેનો જવાબ આપી શકતો નથી તે રાજાનો વિજય અને શકુન્તલાની સ્થિતિની કરુણતા છે. અહીં તે પોતાના પુરોહિતને પૂછયું હોય એમ અનુવાદ છે. તે ભુલ છે. શ્લોક ૩૦ - ૩૧ના અનુવાદ સારા છે.

પૃ. ૭૯ અંક૬ માછીની ભાષા થોડી ગ્રામ્યતા સાથે સામાન્ય રાખી છે. શ્લોક ૧માં છંદબદલતાં વિસ્તાર થયો છે.

પૃ. ૮૦ श्याल: વિસ્રગંધી गोधादीमत्स्यबन्धक्लेव માં "ગોધાદી" માટે આ "ગંધાય છે" તે આ ગોગારો વળી માછી જ લાગે છે" માં તે પદનો અર્થ આવતો નથી. પૃ. ૮૨ રાજશ્યાલની ઉક્તમાં વિસ્તાર કર્યો છે.

શ્લોક ૪ ફુટી ક્યારની આમ્રમંજરી છતાં આવ્યા પરાગો નથી,
ઉગ્યા અંકુર તોય આ કુરબકો ખીલ્યાં હજુએ નથી,
વીતી શિશિર તોય કોકિલતણા કંઠોય ખુલ્યા નથી,
ધારું હું શર અર્ધું ખેચ્યું ભયથી પાછું જ એવે સ્મર.

અર્થ બરાબર છે. પણ લાલિત્ય ઓછું છે. ૫

પૃ. ૮૮ વિદૂષકની ઉક્તિ મૂળ: "આરસની શિલાવાળો આ માધવી લતાનો મંડપ જાણે આપનું સ્વાગત પુષ્પોના ઉપસારથી કરે છે. તો મહારાજ, પ્રવેશીને વિરાજો" – ને બદલે,

"વા! વા! આ માધવી મંડપ તો જાણે આપનું સ્વાગત ન કરતો હોય! જુઓ તો ખરા મહારાજ! કેવો એને શણગાર્યો છે.? આરસનાં તો આસન: જ્યાં જુઓ ત્યાં ફુલોના મઘ મઘતા ગુચ્છાઓ: વાહ શી આની શોભા? અંદર પધારીએ, મહારાજ! બિરાજીએ!

લાક્ષણિક વિસ્તાર યુક્ત લઢણનો નમૂનો છે. પૃ. ૯૨ વિદૂષક:-આમણે તો ઉન્મત્તોનો માર્ગ ગ્રહણ કર્યો – ને બદલે "વાજું બગડયું લાગે છે. મહારાજ ગાંડા થતા લાગે છે. – વધારાનું છે.

શ્લોક ૧૨

> પડી જાણે શો કર ચારુ કેરી, આ;
> લજી અરે, સુંદર કોમલાંગુલિ
> ખરે, ન હોયે જડમાં ગુણજ્ઞતા,
> પરંતુ મ્હેંયે તરછોડી શે પ્રિયા?

સારો અનુવાદ છે.

વિદૂષક: વાહ, મિત્ર! વાહ! ભાવદર્શન કેટલું સુંદર છે. રમણીય આકૃતિઓથી તે કેવું ખીલી ઉઠ્યું છે? જુદાં જુદાં અંગો એવાં તો ઊચાં નીચાં ને એવાં તો સરસ ચિતર્યાં છે કે એક ભોઇ ને બીજું ભુલું! મારી તો દૃષ્ટિયે સ્થિર નથી રહેતી! વિસ્તારી છે. રેખાંકિન सज्जते मे दृष्टि: નો વિપર્યયયુક્ત અનુવાદ છે. શ્લોક ૧૩ થી ૧૭ના અનુવાદ સારા છે. ૧૮માં વિસ્તારને કારણે ચોટ નબળી પડે છે. અંક ૭માં શ્લોક ૨ થી ૬ના અનુવાદો સારા છે.

શ્લોક ૮

શૈલ શૃંગ ઉંચા થતાં વસુમતી દીસંત નીચે જતી,
દેખાયે સહ્કૃપલ્લવો, પ્રગટતાં શાખા ઘેરી થડે,
દેખાતો જળહીન તે જળભરી દેખાય સ્ત્રોતસ્વિની,
જાણે કો મુજપાસ ભૂમિ ઉંચકી હોયે અહીં લાવતું

રેખાંકિત પંક્તિઓનો અનુવાદ નબળો છે. અને અર્થ કૈંક બદલાય છે.

શ્લોક ૧૩ मनोरथायनासंशे: ०

મનોરથ ફળે ક્યાંથી? ઓ હસ્ત! ફરકે વૃથા,
પૂર્વે જે તરછોડેલું તે શ્રેય દુઃખે ફરી જતું

રેખાંકિત માં છંદોભંગ છે. અર્થ વિપર્યય પણ છે.

શ્લોક ૧૯ मनोज्ञ वस्तु प्रणय प्रसारितो ०

મનોજ્ઞ વસ્તુ ગ્રહવા ધરંત આ
જાણે ગુંથી અંગુલીયુક્ત શો કરી,
ઉષા તણી નુતન લાલિમાથકી
સહાગ દાંસંત શું પદ્મ ખીલ્યું કો.

કૈંક અસ્પષ્ટ અર્થને કારણે સામાન્ય અનુવાદ.

પૃ. ૧૧૪ બાળક: દીકરા દીકરા કોને કરવા? તું કૈં મારો બાપ નથી થઈ આવ્યો. મ્હારા બાપુ તો દુષ્યન્ત છે. રેખાંકિત ઉમેરો છે.

"એજ એજ મહાદેવી" પણ ઉમેરો છે.

શ્લોક ૨૧

કંઈ શ્યામલ વસ્ત્ર ધારીને,
તપફીકકી ધરી એક વેણીએ,
મુજ નિષ્ઠુરના વિયોગનું,
વ્રત લાંબું સહતી વિશુદ્ધા એ.

રેખાંકિત नियमक्षामगुरुी ~~મો~~ અને अतिनिष्करुणस्य નો અર્થ બરાબર વ્યક્ત કરતાં નથી.

શ્લોક ૨૩, ૨૫માં असंस्कारम् છોડયું છે. ૨૪નો માલિની છંદને બદલે શાર્દૂલમાં અનુવાદ કરતાં તે પ્રસ્તારી થયો છે.

~~પ્રયોગોનો~~ પ્રયોગોના થોડા નમૂના: પૃ. ૫ સૂર્યને ઇંદ્રના ઘોડાને યે ઢાંકી જાય તેવા છે આ, ને બદલે "સાચે જ, આ તો ઇંદ્રના ઘોડાને ય હંફાવે તેવા છે", "તે મારી ભક્તિની જાણ મહર્ષિને કરશે" ને બદલે "મહર્ષિજીને તે મારા વંદન નિવેદશે. "જો તાત હમણાં અહીં હોય તો", ને બદલે "અત્યારે બાપુજી આવી ચડે તો?" શ્લોક ૨૪માં પાલે છે, પાલવાનું નબળા પ્રયોગો છે. પૃ. ૧૬ પર શકુન્તલા પ્રિયંવદાને કહે છે. "પ્રિયંવદૂડી" એ બાલિશપ્રયોગ છે: પૃ. ૧૭ પર "હવે બેચને તું ડાહ્યલી થતી!" પણ એવો જ. અને સ્ત્રૈણ પ્રયોગ છે. પૃ. ૨૧ ગોકીરોને બદલે 'હોકીરો' તાપસ કન્યકા માટે "લંગોટીઆની છોકરી" પૂજાજુજા", "ભાઇબંધ આ તરફ જ આવે છે ને શું?" પૃ. ૨૬ પર "છતી આંખે તું તો આંધળો જ રહયો." — "તને આંખોનું ફળ નથી મળ્યું" માટે, अभ्यर्थनीया માટે "પરણવું લાગે છે," પૃ. ૩૪ પર શકુ. "નકિતો મને આવશ્ય તિલોદક સિંચશે" ને માટે "નક્કી માની લેજો કે મારા અન્નજળ ખૂટયાં છે.", कम्पितास्मि માટે "~~ડહુ~~ ગભરઉં છું," "ગીતનો અર્થ સમજાયો કે?" ને માટે "ગીતનો અરથબરથ સમજ્યા કે વાહવાહ જ! "પૃ. ૭૦ પર "સાચાં અંગાર જેવી જ વાણી". "શરૂઆતમાં જ શીકણ? " રેખાંકિત રૂઢપ્રયોગ વધારાનો છે. પૃ. ૭૩ "હવે સાંભળવાનું થયું. ને બદલે "થાવા દો, હું તો સાંભળવા જ બેઠો છું ને?" તેમજ "તમે બેઉ વનવાસી ખરાને" — ને બદલે "બંને જંગલી ખરાં ને?" " માંનો જંગલી શબ્દ હવે ગુજરાતીમાં 'અસંસ્કારી' એ અર્થમાં વપરાય છે, ત્યાં આ પ્રયોગ

ન કર્યો હોત તો સારું હતું. પૃ. ૭૪ धर्मवृत्तचारिणः
ને બદલે "મુખમેં રામ બગલમેં છૂરીવાળાના", પૃ. ૮૫ સાનુમતી
માણસો ઉત્સવપ્રિય હોય છે. કોઈ મોટું કારણ હશે." ને બદલે
: સ્વગત: "કયો માનવી ઉત્સવપ્રિય ન હોય? અને છતાંયે
આ ઉત્સવ – વસંતોત્સવ ઉજવવાનો નિષેધ? મહાન કારણ હશે."
પૃ. ૮૭ "છિદ્રો હોય ત્યાં દુઃખો આવી પહોંચે" ને બદલે "સાચેજ
શું દુઃખો આ રીતે એકી સાથે જ આવી પડતાં હશે?" – મૂળ
વિધાન સાદું છે તેને પ્રશ્નાર્થ બનાવી દીધું છે. પૃ. ૮૪ "આ દંડો"
ને બદલે "આ લાલિયો ધોકો બેઠો" પૃ. ૮૯ હે મિત્ર મને બચાવ",
ને બદલે "હેં હે સખા મ્હને નહિ બચાવ?" નહિ ઉગાર?" પૃ. ૯૫
"કેમ ન બીએ?" ને બદલે "સગત સૂણ સાંભળીને તો એ ફાટી જ
પડશે" પૃ. ૯૯ પ્રતિહારી "શાંતમ્ પાપમ્, મહારાજ"! આપના શત્રુની
યે એવી દશા ન થાઓ" માટે મૂળ છે "અમંગળ દૂર થાઓ" પૃ. ૧૦૮
"આ પ્રસ્તાવ એવો છે કે રાજ જેવીએ પડે", ને બદલે, ત્યારે
"માતાજી, એમનો વિરોધ ન કરીએ તો?" પૃ. ૧૧૮ મારીચ:
મોહ પણ તને સંભવતો નથી, ને બદલે "એતો તને મોહ થયો હતો",
: ન્હાનાલાલ: પૃ. ૧૧૯, બેટા અમે જેનું વિધિવત જાતકર્મ
કર્યું છે તે આ શકુન્તલાના પુત્રને તો અભિનંદોને? ને બદલે "બેટા
જેને તેં હેતે અભિનંદ્યો તો તે આ શકુન્તલાનો પુત્ર છે." તેનો
જાતકર્માદિ સંસ્કાર અમ્હે વિધિપૂર્વક કર્યો છે", માં વિપર્યય છે.
"ભગવન એ તો મ્હારી કુલપ્રતિષ્ઠા છે" – ને બદલે "સાચે જ
મ્હારી કુલવૃદ્ધિ એ જ છે, પૃ. ૧૨૦ હમણાં જ "હું મહર્ષિ કણ્વની
પાસે જાને! ભૂલ છે. આપવામાં પણ હોય. ૭, ૩૪માં नीलमोहित:
નો અનુવાદ શંભુ કરે છે. આ બધાં ઉદાહરણોમાં કાંતો ઉમેરા છે,

વિપર્યય છે કે નિરર્થક વિસ્તાર છે. અનુવાદકે અનુવાદવિષયક પોતાનો ખ્યાલ તો પ્રસ્તાવનામાં જણાવ્યો જ છે, તેને તે બરાબર અનુસરે છે. નાના નાના ઉમેરા, લાડભરી લઢણ લાવવાનો પ્રયત્ન, જોડણીની બાબતમાં ન્હાનાલાલીય અસર, વસ્તુ ને મલાવી મલાવીને કહેવાની ટેવ, અર્થ વિપર્યયના પ્રસંગો વગેરે દેખાયા કરે છે. બીજા કોઈ પાઠનો આધાર લીધો હોય તો તેનો ઉલ્લેખ કર્યો નથી. એટલે બહુધા સામાન્ય વાચનાને જ અનુસર્યો છે એમ સમજાય છે.

મૂળના જ છંદમાં જ્યાં જ્યાં શ્લોકોનો અનુવાદ કર્યો છે ત્યાં તે સારો થયો છે. છંદ બદલીને વધારે લાંબો છંદ પસંદ કર્યો છે ત્યાં વિસ્તાર થતાં મૂળની ચોટ, ધ્વનિ, ગૌરવ, લલિતરચના આછાં ઓછાં જ આવે છે. તેટલે અંશે તે ફિક્કો બને છે. મૂળના પૂર્ણસૌન્દર્યને ગુજરાતીમાં ઉતારવાનું તો મુશ્કેલ છે જ, જો કે તેમ કરવામાં અહીં ઘણે સ્થળે ઠીક સફળતા મળી છે, સરળતા, પ્રાસાદિકતા, અને શૈલીની પ્રવાહિતા સારા પ્રમાણમાં છે, અને અણઘડપણું તો ભાગ્યે જ દેખાય છે.

શ્લોકોના અનુવાદમાં કેટલેક સ્થળે જોડણી મૂળની રાખી છે ᐡ– જેવી નિશાનીઓ કરી છે. તો કેટલેક સ્થળે જોડણી બદલી છે.

અમ્હે, તમ્હે, ત્હું, જેવા અપરિચિત અને વિચિત્ર પ્રયોગો કર્યા છે.

એકંદરે સુવાચ્ય ગણનાપાત્ર સમશ્લોકી અનુવાદમાંનો એક ગણી શકાય.

શ્રી કેશવરામ કા. શાસ્ત્રી : ૧૯૪૮:

પહેલાં નાટક સામાયિકના અંકમાં અને પછી, "મહાકવિ કાલિદાસનાં ત્રણ નાટકોનો ગુર્જરાનુવાદ" એ નામે પુસ્તકાકારે એક જ વર્ષમાં પ્રગટ થયેલો આ અનુવાદ બેચાર સ્થળે શાબ્દિક ફેરફાર, પણ કાંઈ મહત્ત્વનો નથી. શ્લોકોનો અનુવાદ ગદ્યમાં જ કર્યો છે. જોડણી વિષયક અનુવાદકના વિશેષ ખ્યાલો બીજાં બે નાટકોના અનુવાદમાં પ્રગટ થયા છે, તે જ છે. શાકુન્તલનો અનુવાદ પુસ્તકમાં પૃ. ૧૭૭ થી "શકુન્તલા" નામે છે.

નાન્દી શ્લોક ૧. જે : સૃષ્ટિ: સ્રષ્ટાની સૌ પહેલી સૃષ્ટિ છે, જે : અગ્નિ: વિધિપૂર્વક હોમના બલિદાનને સ્વીકારે છે, જે આચાર્ય બલિદાનનો હોમ કરનાર છે, જે બે : સૂર્યચંદ્ર: કાળને ધારણ કરે છે શ્રુતિના વિષયરૂપ રહેલ જે : આકાશ: વિશ્વને વ્યાપી રહેલ છે, જે : પૃથ્વી: ને બધાં સર્જનોની પ્રકૃતિ કહે છે, અને જે : વાયુ: થી બધાં પ્રાણીઓ પ્રાણવન્ત છે તે પ્રત્યક્ષ આઠ દેહોથી જોડાયેલા મહેશ્વર તમારું રક્ષણ કરો.

રેખાંકિત ૧. वहतिविधिहुतम् માટે છે. ૨. या चहोत्री मूत માટે, 3. ये द्वे कालं विधत्त: માટે ૪. ~~विवस्त:~~ માટે, ૫. प्रपन्न: માટે છે. અનુવાદને સરળ બનાવવા માટે લેખક ~~ત્યાં~~ ફેરફાર કરે છે, સ્પષ્ટ થવાનો પ્રયત્ન કરતાં બિનજરૂરી શુષ્કતાનો ભોગ થઈ પડે છે, પર્યાયપસંદગી અનુચિત હોય છે અને તેથી મૂળનાં અર્થગૌરવ, સાધેત, લાલિત્ય અને ધ્વનિને હાનિ પહોંચે છે. આ સ્થિતિ મોટે ભાગે બધા શ્લોકોના અનુવાદમાં ઓછેવત્તે અંશે છે. સ્થળે સ્થળે અર્થવિપર્યય પણ થાય છે.

શ્લોક ૨ સુભગજળમાં સ્નાન, પાડલ પુષ્પના સંપર્કથી
સોડમવાળા વનનાવાયુ, અને ઘાટી છાયામાં સુલભનિદ્રા: આ
જેનું લક્ષણ છે એવા દિવસો સાંજને સમયે રમણીય બની રહયા છે.
રેખાંકિત બિનજરૂરી અને અસુભગ ઉમેરો છે.

શ્લોક ૪ સોરઠ રાગના ગીતમાં અનુવાદ છે.

દિશાઓને મઘમઘાટથી ભરતાં,
શિરીષનાં ફુલડાં મ્હોયાં કે અદ્ભુત આભા ધરતાં, ધ્રુવપદ
કોમળ કેસરને ચૂમી લેતા, ભમરા ગુણ ગુણ કરતાં,
કોમળહૃદયી પ્રમદાઓને કાને ભુષણ બનતાં.

રેખાંકિત ઉમેરો છે. ધ્રુવપદ તરીકે સારું છે.

શ્લોક ૬ કાળિયાર પર જ નજર દેતા અને ધનુષમાં પ્રત્યંચા
ચડાવતા ત્હમારામાં જાણું કે મૃગની પાછળ જતા સાક્ષાત
પિનાકપાણિ શિવને જોઉં છું.

મૂળમાં સપ્તમીનો પ્રયોગ છે. છતાં રે. ૧ રાજાનું વિશેષણ
નથી તેને અહીં વિશેષણ બનાવી દીધું છે. તેથી અર્થ બદલાય છે,
મૂળ પહેલી પંક્તિમાં કર્તા સૂત છે અને રાજા તો કર્મ છે. તે બદલાઇ
જાય છે.

શ્લોક ૭ ग्रीवाभङ्गाभिरामम्०

સુંદર તે ગર્દનને વાંકી વાળી, વારંવાર પાછળ આવી પડતા
રથમાં દૃષ્ટિ ચોંટાડી, બાણ આવી પડશે એ ભયથી દેહના
વિશાળ પાછલા અર્ધા ભાગથી આગલા ભાગમાં ઘૂસી જતો, વળી
અર્ધ વાગોળેલી ને શ્રમને લીધે ખુલી ગયેલા મુખમાંથી ખરી પડતી
દાભની સળીઓ રસ્તાપર પાથરતો જતો મૃગ, જુઓ, ખૂબ
ઊંચે ઠેકતો જતો હોવાથી આકાશમાં તો ખૂબ અને જમીન
ઉપર તો જરાક જ ચાલ્યો જાય છે.

રેખાંકિત ૧. વધારાનું છે. ૨. दत्तदृष्टिः માટે છે. ૩. श्रमविततमुखभ्रंशिभिः
માટે છે. ૪. જેનો માર્ગ દર્ભથી છવાયો છે" માટે છે. રેખાંકિત પ્રયોગો

થી અર્થ કંઈક બદલાય છે. શુષ્ક અને પ્રસ્તારી બને છે. અન્વય અસરલ છે.

શ્લોક ૧૫: આ આશ્રમ શાન્ત છે, ભૂજા ફરકે છે એનું ફળ અહીં ક્યાંથી? અથવા ભાવી બનાવોનું સૂચન સર્વત્ર થાય છે. મૂળ: "ભાવિ બનાવોનાં દ્વાર સર્વત્ર હોય છે" એમ છે. રેખાંકિત નબળું છે.

શ્લોક ૧૮ કારણ વિનાનું આ સુંદર શરીર તપ કરવાને યોગ્ય થાય એમ જે ઋષિ ઇચ્છી રહ્યા છે તો મને લાગે છે કે એ ઋષિકાચા કમળના દળની ધારથી ખીજડીનાં પાનને છેદવાનો વિચાર કરી રહ્યા છે.

મૂળ: આ અવ્યાજમનોહર: સ્વભાવસુંદર: શરીરને જે ઋષિ તપને યોગ્ય બનાવવા ઇચ્છે છે તે નીલકમળના પત્રની ધારથી શમીલતાને છેદવા મથે છે.

તુલના કરતાં તદ્દન શુષ્ક ગ્રામ્ય અને ભૂલ ભરેલો અનુવાદ દેખાય છે. શ્લોક ૨૧માં संनद्ध માટે "પૂરાયેલું" પણ એવું જ છે. શ્લોક ૨૦ મૂળ છે: "મારું આર્યમન એની અભિલાષાવાળું છે. માટે તે જરૂર ક્ષત્રિયને વરવાયોગ્ય છે. સંદેહના સ્થાન રૂપ વસ્તુઓમાં સજ્જનોને પોતાના અંત:કરણની વૃત્તિ જ પ્રમાણરૂપ હોય છે. તે માટે: મારું સત્કુલશાલી મન આમાં કામના કરી રહ્યું છે. માટે જરૂર શંકાવિના જ એ ક્ષત્રિયને વરવાયોગ્ય છે. જ્યારે સત્પુરુષોને વસ્તુઓમાં સંદેહ ઉત્પન્ન થાય ત્યારે અંત:કરણ જે કાંઇ કરે તે પ્રમાણ માનવું. રેખાંકિત અનુવાદ અણઘડ અને અસુભગ છે.

શ્લોક ૨૪

ચપળ કટાક્ષવાળી અને ધ્રુજતી આંખને ખૂબખૂબ સ્પર્શ કરે છે, જાણે કે ખાનગી વાત કહેતો હોય તેમ કાનની નજીક ફરતો કોમલ ગણગણાટ કરે છે, હાથ હલાવતી રહે છે અને તું રતિના સારસર્વસ્વરૂપ અધરનું પાન કરે છે, અરે ભમરા! અમે સત્યશોધવામાં ને શોધવામાં માર્યાં ગયા છીએ અને તું ખરેખર ખાટી ગયો છે.

રેખાંકિત સ્થાનો શુષ્ક અને નિર્બળ છે. અન્વય પણ એવો જ.

શ્લોક ૨૪

એનું કન્યાદાન થાય ત્યાં સુધી સંસાર વ્યવહારથી રોકી રાખનારું તાપસોનું વ્રત એણે અનુસરવાનું છે કે અદલોઅદલ પોતાનાં નેત્ર જેવાં નેત્ર હોવા ને કારણે વ્હાલી હરિણીઓની સાથે એણે રહેવાનું છે?

રેખાંકિત ખંડો અસુભગ છે.

શ્લોક ૨૭

નમેલા ખભાવાળા, ઘડો ઉપાડવાને માટે લાલ લાલ હથેલીવાળા હાથ છે, હજીયે પ્રમાણથી અધિક શ્વાસ સ્તનને કંપાવે છે, કર્ણ શિરીષને રોધનારું સ્વેદજલ મુખપર બાઝ્યું છે અને બંધન સરકી જતાં વિખરાઇ ગયેલા વાળ એક હાથે નિયમનમાં રાખ્યા છે" – ને બદલે

ઘડો ઊંચો કરીને હથેળીઓ સાવ લાલચોળ થઇ ગઇ છે, ને ભુજાઓ સાવ ખભેથી ઢીલી પડી ગઇ છે, પ્રમાણ કરતાં વધુ થયેલી હાંફથી હજી પણ સ્તનનાં ભાગ પર થડકારો કરી રહી છે. કાનમાંનાં શિરીષ પુષ્પોને નડતું પશીનાનાં ટીપાનું બાઝું મોઢાપર બંધાઇ ગયું છે ને દોરી ઢીલી પડતાં વિખેરાઇ ગયેલા અંબોડાના કેશ એણે એક હાથે પકડી રાખ્યા છે.

રેખાંકિત સ્થળો કેવા અસુભગ, શુષ્ક અને ગ્રામ્ય છે તે પ્રથમ નજરે જ જણાઇ આવે છે.

શ્લોક ૩૧ શરીર આગળની બાજુ ગતિ કરે છે. એના મેળામાં રહેલું દિલ, પવનના પ્રત્યેક ઝુલાવાટે ખેંચાતા ધ્વજના રેશમી વસ્ત્રની જેમ પાછળની બાજુએ ગતિ કરે છે.

રેખાંકિત અનુવાદ असंस्तुतम् માટે છે. તે ખોટો છે. આનો અનુવાદ નીરસ છે.

શ્લોક ૩ અંક ૨:– જે મૃગોએ પ્રિયાના વાસમાં સાથે રહી મોહયુક્ત નજરથી જાણે કે મને સુચના કરી છે, તે મૃગોપર બાણ ચડાવ્યું હોય તે છતાં પણ ધનુષની દોરી ખેંચવાની – વાંકુ વાળવાની મારામાં તાકાત નથી.

મુળ છે:– જે મૃગોએ પ્રિયાની સાથે વસીને જાણે તેને મુગ્ધ દ્રષ્ટિ કરતાં શીખવ્યું છે તેમના પર જયાપર ચડાવેલા બાણવાળું આ ધનુષ્ય તાણી શકતો નથી.

અનુવાદ ભ્રમમૂલક, નીરસ છે. કેમકે અહીં શારીરિક તાકાતની નહિ પણ માનસિક અનિચ્છાની વાત રાજા કરે છે. તે જાણે અનુવાદકના ધ્યાનમાં આવ્યું નથી. શ્લોક ૪માં પણ એજ દશા છે.

શ્લોક ૬

શિંગડાંથી વારંવાર અફળાવાતા તળાવના જળમાં પાડા નાહ્યા કરો. છાંયડા નીચે ટોળાં વળી રહેલાં મૃગો રૂંવાડાં ધુજાવ્યા કરો, ડુક્કરોની હાર નિરાંતે ખાબોચિયામાં મોથ ચર્યાં કરો, અને દોરી ઢીલી થયે આ અમારું ધનુષ પણ વિસામો લો.

અહીં रोमन्थ એટલે વાગોળવાની ક્રિયા એ વાત ધ્યાને આવી નથી. બાકી પણ નીરસ ગરવસ્થ અન્વયવાળો અનુવાદ છે.

શ્લોક ૮, ૯, ૧૦, ૧૧નું પણ એવું જ છે. શ્લોક ૧૫

એમાં નવાઇ નથી કે આ નગરનાં દ્વાર સુધી પહોંચેલી ભુજાઓથી સમુદ્રપર્યંતની પૃથ્વીનો એક છત્ર ભોગ ભોગવી રહ્યો છે. દૈત્યોની સાથેની લડાઇમાં એમના પક્ષના દેવો એના પ્રત્યંચા ચડાવેલા ધનુષને અને ઇન્દ્રના વજ્રને વિજય મેળવવાનું ઇચ્છે છે.

મુળ પૂર્વાર્ધ છે. :– નગરદ્વારના પરિઘ જેવા વિશાળ દીર્ઘ બાહુથી તે ઉદધિશ્યામ મેખલાવાળી ધરિત્રીને તે એકલો જ ભોગવે

છે તેમાં આશ્ચર્ય નથી – ને માટે રેખાંકિત વિપર્યય અત્યંત ખરાબ છે. બાકીનું પણ નબળું જ છે.

શ્લોક ૧૭ મૂળ છેઃ– બેઉ કાર્યપ્રદેશ જુદા હોવાથી, જેમ આગળ પર્વત આવતાં રોકાવાથી નદીનો પ્રવાહ બને છે તેમ, મન દ્વિધા બને છે. ને માટે "બંને કામ જુદા જુદા વિષયની હોવાથી, સામે પથ્થરના ગડાઓમાં અથડાયેલા નદીના પ્રવાહની જેમ મારા મનમાં બે ટુકડા થઇ જાય છે.

અહીં માત્ર શબ્દાર્થ અને માત્ર લોકપ્રચલિત ગઠ સાદા પ્રયોગો યોજવાથી પરિણામ કેવું અનુભવ આવે છે! " :(નાટકનો અંક ૨ પૃ. ૧૪૧)

મિત્ર, ઋષિતરફના પૂજ્યભાવને લીધે આશ્રમ તરફ જાઉં છું. તાપસ કન્યા શકુન્તલામાં મારી લગની છે એ વાતમાં કંઇ માલ નથી.

આપણે (મૂળ – वयम् – હું) ક્યાંને પ્રેમનો ખ્યાલો નથી એવું હરણબાળો સાથે ઉછરેલું એ માણસ ક્યાં? હે મિત્ર, મશ્કરીમાં બોલેલું મારુ વચન તદ્દન સાચું ગણી બેસતો નહીં.

રેખાંકિત ૧ परोक्षमन्मथो માટે, ૨. બોધિત: માટે ૩. परमार्थेन न गृह्यताम् वचः માટે છે. અનુવાદ નીરસ તો છે જ.

શ્લોક ૨ जाने तपसोवीर्यं:

તપની શક્તિનો મને ખ્યાલ છે, એ છોકરી પરાધીન છે તેનો પણ મને ખ્યાલ છે, પાણી ઢોળાવમાંથી જેમ પાછું વળતું નથી તેમ મારું હૃદય એની પાસેથી પાછું વળતું નથી. રેખાંકિત ૧–૨ પ્રયોગો અનુભવ, ૨. ને માટે બીજા કોઇ વાચનાનો આધાર લીધો છે. તેનો ઉલ્લેખ કર્યો નથી. ઉપમા સુંદર છે પણ રજૂઆત લૂખ્ખ છે.

શ્લોક ૪ પૃષ્ટ૦

સરખો સુખિયો અને સરખો દુખિયો આ હું એ છોકરીને પુછું તો એના મનમાં રહેતી પીડા એ ન કહે એમ તો નહિ, આંખ ફાડી વારંવાર આતુરતા પૂર્વક વારંવાર એને જોયા કરું હું પણ અત્યારે એ શું કહેશે તે સાંભળવા ખાતર ઢીલો પડી ગયો છું." મુળમાં "સમાન દુઃખસુખવાળી સખીઓને પૂછવાથી" ને બદલે આખાતનો વાક્ય ખંડ અત્યંત ખરાબ અને ઉંધો જ ગેરમાર્ગે દોરવનારો અનુવાદ છે. જાણે મુળને સમજવાની તસ્દીજ લીધી નથી.

શ્લોક ૧૪

પ્રત્યેક રાત્રીમાં અંતરના ઉચાટને લીધે મારા હાથપર રહેલાં આંખોમાંથી નીકળતાં ગરમા ગરમ આંસુઓએ નંગોનો રંગ બગાડી નાંખ્યો છે એ આ વારંવારના ધસારાને પ્રત્યંચાના નીશાનવાળું કડું વારંવાર મારા કાંડામાંથી સરકી જાય છે અને હું વારંવાર તેને ચડાવ્યા કરું છું."

અન્વય તદ્દન અસુભગ છે તેથી અનુવાદ ખરાબ છે. શ્લોક ૧૬માં ભવાં માટે "ભમાં" શબ્દ વાપરે છે જે અનુવાદકની વિશેષતા છે. બાકી પણ અનુવાદ એવોજ. શ્લોક ૧૭નો પદ્યમાં છે. :

હે પ્રભુ! હું તલપું તુજ કાજ.

તારા દિલમાં શું છે એનો ખ્યાલ મને નહિ આજ. છૂવ

કામદેવ મુજ અંગો નિશદિન તપવી કરે ઉચાટ,

હે નિર્દય! હું ધણા મનોરથ બાંધી આ પડી વાટ." ૦

રેખાંકિત પ્રયોગ ખરાબ છે. બાકી ઠીક.

શ્લોક ૧૯

તારાં અંગોએ ફુલની પથારી કચડી છે, ને એઓ ઉજળી મૃણાલકંઠીઓને માંગીને સુગંધી બન્યા છે. એઓને ખુબખુબ વેદના થયેલી હોવાથી મારો ઉભો થઇ સત્કાર કરવાની જરૂર નથી. તદ્દન કઢંગો અનુવાદ છે. રેખાંકિત પદ શકુન્તલાને માટે

વાપર્યું છે તે તો અવધિ! તેવું જ શ્લોક ૨૨નું પણ.

અંક ૪ શ્લોક ૧ પંક્તિ ૩–૪:

પ્રથમ કરેલી વાતને ગાંડો માણસ સ્મરણમાં ન રાખે તેમ સમજાવવા છતાંયે એ તને સ્મરણમાંથી ભુલી જશે.

રેખાંકિત ૧. प्रमत्तः માટે છે. ૨. કઢંગું છે.

શ્લોક ૫–૬–૭નો અનુવાદ શુષ્ક છે. શ્લોક ૯

पातुं न प्रथमं व्यवस्यति जलम् : "અરે નજીકનાં તપોવનવૃક્ષો, તમને પાણી ન પીવડાવ્યાં હોય તો પોતે પ્હેલી પાણી પીવાનો વિચાર સુદ્ધાં કરે નહીં, જેને શણગાર કરવા ગમે છતાં તમારા પ્રેમને લીધે અંકુર તોડે નહીં, તમને પહેલવહેલાં ફુલ આવે ત્યારે જે ઉત્સવ ઉજવે, એ આ શકુન્તલા પતિને ઘેર જાય છે, તેને રજા આપો.

આખો અનુવાદ સામાન્ય અને શુષ્ક છે. રેખાંકિત અંશો વિશેષ ઉતરતા છે.

શ્લોક ૧૨ "લતાઓ આંસુ સારી રહી છે" ને માટે "જાણે કે આંસુ ખાળી રહી છે" એમ તદ્દન ઉંધો અર્થ કરે છે.

શ્લોક ૧૪

દીકરી દર્ભની અણીનો ઘા પડતાં ઘારું પુરવાને માટે તેં ઘારામાં ઇંગુદીનું તેલ પૂર્યું હતું, ને સાંબાની મુઠીઓ તેં પોષણ આપેલો અને પુત્ર કરીને માનેલો તે હરણબાળ તારો સગડ છોડતો નથી. રેખાંકિત પદો સ્થળે અર્થદોષ ભરેલા છે.

શ્લોક ૧૭ अस्मान्साधुविचिन्त्य० પણ શુષ્ક છે.

અંક ૫મો શ્લોક ૧નો ગીતમાં:

રાગ – આશાવરી

મધુકર, એને ભુલ્યો કેમ? – ધ્રુવપદ

લોભી નિત્ય નવા મધનો તું,

આમ્રમંજરી ચુમી વળ્યો તું,

આજ નવાઇ ઘણી આ મુજને

કમળ કળીમાં દાખલ થઈને
ભરાઈ બેઠો કેમ? – મધુકર૦

રેખાંકિત ઉમેરો છે. બાકી સારું છે.

કંચુકીની ઉક્તિ:– ભલેને દેવના ધર્મના કાર્યમાં વિલંબ ન થવો જોઈએ, પણ હમણાંજ ધર્માસનથી ઉઠેલા દેવને હરકત કરનારું કણ્વ શિષ્યોનું તેમને જણાવવાનો મને ઉત્સાહ થતો નથી. ને બદલે

"વારુ, મહારાજ ધર્મકાર્ય કરી રહ્યા હોય ત્યારે તેમાં વિઘ્ન નહિ કરવું જોઈએ અને તેથી ધર્માસન ઉપરથી હમણાં જ ઉઠ્યા છે, ત્યાં કણ્વના શિષ્યોનું ~~અતુ~~ આવવું નડતર કરનારું છે એટલે અમને એ વિશે જણાવવા હૃદય કામ કરતું નથી.

રેખાંકિત કઢંગુ છે. શ્લોક ૬નું પણ શુષ્ક જ છે. શ્લોક ૧૫ त्वमर्हतां प्राग्रसरः નો અનુવાદ:

અમારે મન તમે યોગ્યોનો પણ માન્ય છો, ને આ શકુન્તલા તો સત્ક્રિયાનો સાક્ષાત અવતાર છે. સરખા ગુણવાળા વહુ અને વરને એકઠા કરનારા વિધાતાએ ઘણા સમય પછી પ્રશંસાનું કાર્ય કર્યું છે.

રેખાંકિતમાં અર્થ બદલાઈ ગયો છે. શ્લોક ૨૦માં પણ

"કાંઠે ધસાઈને ચાલતી સિંધુ નદીનું સુંદર પાણીને દુષિત કરે અને કાંઠાનાં ઝાડ પાડી નાખે એની જેમ, મારા વંશને દુષિત કરવા અને મને પતિત કરવા માગે છે તું ?" એમ કરે છે, તેને માટે મૂળ છે: "જેમ નદી સ્વચ્છ જળને મલિન કરે અને કિનારાપરના તરુને પાડી નાખે તેમ તું મારા કુળને મલિન અને મને પતિત કરવા માગે છે શું?" એમ છે. શ્લોક ૨૬ तदेषा भवतः कान्ता ०

તો આ તું અને આ તારી ધરવાળી, તારે કાઢી મુકવી હોય તો કાઢી મુક અને રાખવી હોય તો રાખ. બરી ઉપરની

ધણીવટને ચારે દિશા ખુલ્લી છે. રેખાંકિત ખંડો તદ્દન અનિવાર્યરીતે ગ્રામ્ય છે. અર્થભ્રમ પણ ઉપજે તેવા છે.

શ્લોક ૨૬માં कुलाविलक ને માટે "ઉખડી ગયેલી" અને "યોગ્ય છે" ને માટે "નભાવી લેવામાં આવશે" એવા પ્રયોગો છે.

અંક ૬ શ્લોક ૩ મૂળ છે:- "હે મોર, મેં તને ધનુર્ધર કામદેવને અર્પણ કર્યો છે. તો પથિક જનની પ્રિયાઓને લક્ષ્ય બનાવનાર તું, પાંચે બાણોમાં શ્રેષ્ઠ બની રહે જે, " ને માટે

હે આંબાના મોર, ધનુષ ધારણ કરી રહેલા કામદેવને મેં તને બક્ષીસ આપ્યો છે. મુસાફરી એ ગયેલા પુરુષોની વિરહિણી સ્ત્રીઓ જોઇ શકે એવું તું છઠ્ઠું બાણ થઇ રહે.

અસફળ છે. રેખાંકિત ખંડો અર્થની અધૂરી સમજના નમૂના છે.

શ્લોક ૫માં गोत्रस्खलितम् માટે "નામમાં ગરબડાટ કરી નાંખે છે." એમ અનુવાદ કરે છે.

શ્લોક ૬

વધારે ઘરેણાં પહેર્યાં નથી. માત્ર ડાબા કાંડા ઉપર સોનાનું એક જ કડું પહેર્યું છે. હાંફોડાથી જે ચલો હોઠ રાતો થઇ ગયો છે. સારી રીતે પહેલા પાડેલા મહામણિની જેમ પોતાની તેજસ્વિતાને લીધે નબળા પડયા લાગતા નથી. રેખાંકિત ગ્રામ્ય છે. એક પંક્તિનો અનુવાદ છોડયો છે.

શ્લોક ૧૪

રાજા: છબીમાં જે કાંઇ બરાબર ન આવ્યું હોય તે તે ચિત્રકારે ખોટી રીતે આપ્યું હોય આમ છતાં એની સુંદરતાને માત્ર અહીં રેખાથી બતાવવાનો પ્રયત્ન કર્યો છે. મૂળ છે:

"જે જે ચિત્રમાં સારું નથી તે તેમાં ફેરફાર કરું છું છતાં તેનું લાવણ્ય માત્ર રેખાથી કંઇક આવે છે." જો અનુવાદક મૂળને સમજ્યા જ નથી.

શ્લોક ૨૩

જે જે સ્નેહાળ સગું પ્રજાઓનું મરી જાય તેની ખોટ એઓના કોઇપણ જાતના વાંકનો ખ્યાલ કર્યા વિના આ દુષ્યન્તથી પૂરીલો. રેખાંકિતમાં અર્થવિપર્યય થાય છે.

રાજા: :ઉનો લાંબો નીસાસો નાંખીને: અરે, "આમ જ સંતાન ન હોવાને કારણે આધારહીન કુળોના મૂળપુરુષોના અપમરણને કારણે તેમની સંપત્તિ પારકાને જાય છે" – તથા અરે, નિ:સંતાન જવાથી... મારા અંતે પુરુવંશની લક્ષ્મીની એજ વાત છે – ને બદલે ....કમોસમમાં બીજ પડ્યાં હોય અને જેવી જમીનની સ્થિતિ થાય તે રીતે મારો ય અંત આવતાં પુરુવંશની સમૃદ્ધિની એવી સ્થિતિ થવાની છે. અહીં રેખાંકિત ઉમેરો છે. અને બાકીનું શુષ્ક અને અસુભગ અન્વય વાળું છે.

શ્લોક ૩૦માં મિત્રો ઉપર સજ્જનોની પ્રસાદ સૌમ્ય દૃષ્ટિ પડે છે – દારુણ બાણો નહિ.

ને બદલે, "મિત્રો ઉપર સજ્જનોની કૃપાએ શાંત નજર જઇ રહે, દારુણ બાણો નહિ." અન્વય સારો નથી. શ્લોક ૩૧નું યે એવું જ છે.

અંક ૭ શ્લોક ૬ त्रिस्रोतसं वहति यो ०

"જ્યાં આકાશમાં રહેલી ગંગા વહી રહી છે, જ્યાં કિરણો છૂટાછવાયા થયે તારા મંડળ ગોળ ચકરાવો લઇ રહ્યું છે, બીજા હરિભગવાન વિષ્ણુએ પગ મૂકતાં જેનો અંધકાર દૂર થઇ ગયો છે, તેવા વાયુને ફરવાનો આ માર્ગ કહેવાયો છે.

શુષ્ક અને અસંતોષકારક અનુવાદ છે.

શ્લોક ૭ "ચાતકો આરાઓના ખાંચાઓમાં અટવાય છે ને ઘોડાઓ વિજળીના ચમકારના તેજથી લેપાય છે, ને પૈડાંઓની નાઇડી પાણીનાં ફોરાંથી આર્દ્ર થઇ ગઇ છે એટલે પાણી ભરેલાં વાદળાં પરથી તમારો રથ ગાળ્યો જાય છે." શુષ્ક છે.

શ્લોક ૧૨

"વનમાં કલ્પવૃક્ષો ઉભાં છે ત્યાં પવનથી માત્ર પ્રાણ ટકાવી રાખવા જેટલું જ છે. જલ સોનેરી પરાગથી પીળી ઝાંય મારી ઉભરાય છે ત્યાં પણ ધર્મ માટે જ સ્નાન કરવામાં આવે છે. રત્નની શિલાઓ માત્ર ધ્યાન કરવા બેસવા પૂરતી જ છે: જ્યાં દિવ્યાંગનાઓની હાજરીમાં પણ સંયમ જ રહ્યો છે, બીજા મુનિઓ તપ કરીને જે જે પદાર્થો (ઉપર બતાવેલા) ની કામના કરી રહ્યા છે તેના તેજ પદાર્થો પ્રાપ્ત કરીને ય આ મહર્ષિ તેના તેજ સ્થાન વિશે તપ કરી રહ્યા છે – અન્વય અસ્વાસ્થ હોવાથી અનુવાદ અસરળ, પ્રસ્તારી અને અસુભગ થયો છે.

શ્લોક ૧૫ પં. ૨

સ્ફુલિંગરૂપે રહેલો અગ્નિ જાણે ઈંધનની રાહ જોઇ રહ્યો છે – ને બદલે – "અગ્નિ તણખારૂપે રહીને જાણે કે ભભુકવાની રાહ જોઇ રહ્યો છે" શ્લોક ૧૮માં પણ અન્વય અસરળ છે. શ્લોક ૩૨ પછી રાજા અને મારીચની ઉક્તિઓ છોડી છે. રાજા બાળકને ઉદ્દેશીને મારીચને કહે છે :– "ભગવન્ એ તો મારા કુળની પ્રતિષ્ઠા છે" અહીં રાજા:– "ભગવન્ આ શકુન્તલામાં મારા વંશની પ્રતિષ્ઠા છે" – એ તદ્દન ખોટું છે. ?

ઉક્તિઓના અનુવાદમાં પણ ઘણા સ્થળે પ્રયોગો કે પર્યાયોની પસંદગી અસંતોષકારક, ~~નિરસ~~ નીરસ, ગ્રામ્યતામાં સરી પડતી અને ક્યાંક ક્યાંક અર્થવિપર્યયવાળી છે, તેથી કઢંગાપણું આવે છે. રૂઢ અને લોકપ્રચલિત પ્રયોગો કરીને અનુવાદને સરળ બનાવવાના લોભ ઉપર અનુવાદક ભાગ્યેજ કાબૂ રાખી શક્યા છે. પરિણામ સુભગ આવવાને બદલે ઉલટું જ આવ્યું છે. કેટલાક નમૂના : :૧: :"નાટક" સામયિક પૂ. ૧૨૩: प्रयत्नप्रेक्षणीय: માટે "આ મૃગને જોવામાં મુશ્કેલી કેમ ઊભી થઇ વારુ?" "રાશબલીકર", ની "આ મૃગને પાડ્યો", अनुमालिनीतीरम् માટે "ઉપમાલિનીને તીરે", "જો બીજું કાર્ય ન બગડતું હોય તો , ને બદલે " જો બીજું

કામકાજ ન આવી પડ્યું હોય તો", સ્વીકારો ને "સ્વીકારતા જાઓ", किणाङ्कः માટે "પ્રત્યંચાના ઘસારાવાળો", "તે મારી ભક્તની મહર્ષિને જાણ કરશે", ને માટે બદલે "મારી ભક્તનો ખ્યાલ મેળવી એ મારે વિષે મહર્ષિને કહેશે, "વિનીતવેશથી" ને બદલે "શિષ્ટ પોષાક પહેરીને", "માનીને" ને માટે "આરાધના કરીને", प्रतिपालयामि ને માટે "જોયા કરું છું", "વિચાર વિચાર", બનેલો હોય તેવો દેખાય ને માટે "બન્યો દેખાય", स्निग्धपल्लवतया માટે "પલ્લવો બંધાયાં હોવાથી", "તારો પોતાનો મનોરથ છે" માટે "તારા મનના ઊભા કરેલા ઘોડા છે", न विमर्ष्याहितम् માટે "કોઈએ કાંઈ મુશ્કેલી ઊભી કરી નથી.", "તમારી સુનૃતા વાણીથી સ્વાગત થઈ ગયું" ને બદલે "તમે પ્રેમે, માયાળુ સ્પષ્ટ વાણીએ મેમાનગિરી કરી સમજો", "ગાઢ છાયાથી શોભતા આ શીતળ સપ્તપર્ણના ઓટલા ઉપર, ને બદલે, "છાંયડે શીતળ આ સાતવણના ખામણામાં", "તપોવનવિરોધી" ને બદલે "તપો વનમાં ન હોઈશકે એવો", અનઃ.......... "અથવા કયા દેશના લોકોને વિરહથી ઉત્સુક બનાવ્યા છે અથવા શા કારણે આપની સુકુમારતર જાતને તપોવનમાં આગમનના શ્રમનું પાત્ર બનાવી છે" ને બદલે "વિયોગને લીધે લોકો રાહ જોઈ રહ્યાં હશે એવો તે કયો દેશ હશે? જાતે સુકોમળ છતાં આપે શા કારણે તપોવન ભણી પરિશ્રમ લીધો છે?" "જીવનસર્વસ્વ વડે પણ" ને બદલે "સમસ્તજીવનના ભોગે પણ", (ત્યાં અર્થવિપર્યય છે), "મનમાં કંઈક વિચારીને બોલી રહ્યાં છો". ને બદલે "કંઈક હૃદયમાં ગોઠવીને બોલી રહી છો", "ત્યાગેલી" માટે "રઝળતી મૂકેલી", "પહેલેથી" માટે "ઘરથી", "જેમ તેમ ભરડી કાઢતી" : (અસમ્બદ્ધ પ્રલાપ કરતી): "આર્યા" માટે "માતા", "જો મારો પંડ પર કાબૂ હશે તો", उपरुन्धन्ति ન

બદલે 'નુકસાન કરે છે,' पुरस्कृतोऽस्मि ને બદલે 'મોટી મેમાનગીરી છે,'' गंडस्योपरिपिंडक: संवृत्त: "પડયા ઉપર પાટુ આવી", अंगभंगविकल: इव માટે "અંગભંગી પડયાં હોય એવો ખખડી પડેલો જાણે કે હોઉં", जापयिष्यामि ને માટે "તમારા જપ જપું છું", ચોખ્ખું ચાલાક કહી દે", (ઉમેરો), गृहीतश्चापदम् માટે શિકારી મુ પશુઓનો ખોડો કાઢી નાંખ્યો છે", "મૃગયાને ભાંડનારા માધ તો મારો ઉત્સાહ ભાંગી નાંખ્યો છે", स्थिरप्रतिबन्धो भव માટે "આડય સખત નાંખ્યા કરજે", (વિદૂ: (સેનાપતિને) "લેતો જા રાંડના જણ્યા, ખુશામતના કેવા હાલહવાલ થયા" (અશિષ્ટ લાગે છે: "આપણો હેતુ સિદ્ધ થયો" માટે "વાહ વાહ, અમારા, બેઉના મનોરથ સિદ્ધ – સફળ થયા", "પ્રતિહારભૂમિ" માટે "બહારનો પડથાર", "હું આકુળ થઇ ગયો છું" ને 'બદલે મારે આશામાં આવી ગયો છું,' अनङ्ग માટે અંગવિહોણા, मनोरथप्रियतमा માટે 'દિલની દુલ્હન,' ગોઠડીઓ સાંભળ્યા કરું, बलवदस्वस्था માટે "તબિયત તો ખૂબ નબળી જણાય છે", 'અમે મદન વિષયક વૃત્તાંતની અજાણ્યાં" ને છીએ" ને બદલે "તારી મત્ત વાતમાં અમે માથું મારવા નથી માગતી", ખૂબ ભેરકી છે, निर्बन्ध માટે "આગ્રહ, "ઉતાળા, માટે "તપાટ", निरूपितम् ને માટે "ચોક્કસ રીતે, "શું તમારો નિયોગમાં પણ મારે વિકલ્પ કરવાનો હોય" ને બદલે "સ્વામીની સૂચનાનો અમલ કરતાં પહેલાં મારે વિચાર કરવો જોઇએ", (વિપર્યાસ છે) हतोऽस्मि માટે "પટકાઇ પડયો છું", "ટાઢો હજી ઢળ્યો નથી", સ્તનાવરણ ને બદલે "ચાદર" "સહચરની રજા લઇલે", માટે ચક્રવાકને બોલાવી લે", આવા વિશિષ્ટ આકૃતિવાળા" ને બદલે "આવા માણસો", अपूर्वमहं भो: ને માટે "અરે એતો હું," નમસ્કાર".

પૃ. ૧૫૧ પ્રિયંવદા આપના તપ પ્રભાવને જાણતી નહોતી ને એવા આપને પ્રથમ જ જોયા", : રેખાંકિત તદ્દન ખરાબ – ખોટો ઉમેરો છે:

લોકો પોતાની દશાઓમાં નિયમાયાં છે. ને માટે "તે જાણે કે લોકોને પોતાની પલટાતી દશાની ચેતવણી આપી રહયાં છે." स्थिरनिर्वृता માટે "ટાઢી પાડવી જોઇએ", શકુન્તલા: "બચ્ચા સાથે રહેવાનું છોડી રહી છું એટલે પાછળ પાછળ આવે છે કે?" : અહીં સહવાસનો ત્યાગ કરનારી મારી પાછળ પાછળ શા માટે આવે છે? એ મૂળ અર્થથી ઉલટો અર્થ કર્યો છે:, "કંપી જાઉં છું ને બદલે કમકમું આવી જાય છે, " અદૃશ્ય થઇ" માટે "લપાઇ ગઇ", શૂન્ય ને માટે "~~...~~ વહીલા મુકેલા", "સ્નેહની પ્રવૃત્તિ જ એમ દેખાડે છે" ને બદલે "સ્નેહનાં કામજ એવાં હોય' છે, સ્વરસંયોગ: માટે "આલાપચારી", "સગપણ " માટે "સગવટ", "અભિનંદન દેવાને" બદલે "સત્કાર્ય કરવા", વિઘ્નરહિત કાર્યો માટે એમનું કાર્ય સફળ થશે એવો ઋષિઓને વિશ્વાસ થયો છે", "જોવું" માટે "હેરવું," "હૃદય નારી શંકા આવી પડી", માટે "દિલડા હવે તને શંકા આવી", कृताभिमर्शाम् માટે "તમે સમાગમ કર્યો", વિરમ" ને બદલે "જતું કર", स्वभावोत्तानहृदयम् ને માટે "સ્વાભાવિક સરળ હૃદયવાળા, "शचीतीर्थसलिलम् ને માટે "શચી નદીના જળને", પિયે, कृतः प्रणयः માટે "દિલ કર્યું", सगन्धेषु માટે "સગાંનો", "સ્વચ્છન્દચારિણી" માટે "ચામડી", તમે "ઉલટું જ સાંભળ્યું" માટે "તમે ઊભા જોડી તો સાંભળીને", "તમે કહો છો તે જાણે સ્વીકાર્યું" માટે "આટલું તો જાણે અમને મળી જ ગયું", "રે પુરોભાગે શું સ્વતંત્ર બની જાય છે કે?" ને બદલે "કેમ સખી તોફાની છોકરી, તું તારી મેળે તારું ફોડી લઇશને?", "આજ્ઞા કરો" માટે "જેમ બતાવો તેમ કરવા તૈયાર છું", અંક દનો વિષ્કંભક: [illegible]

માટે "ગૌહથ્યારો," તેમાં મુલ્યવાન રત્ન હતું માટે તે સ્વામીને બહુમત હતી એમ નહિ", ને બદલે, મને એમ લાગે છે કે" તેની અંદરનું નંગ બાપુને બહુ ગમતું હશે", (ખોટો જ અનુવાદ) "હિલઉચક થઈ ગયું" તું ઉચક" – આંખમાં ઝળઝળિયાં આવી ગયાં હતાં. પ્રિયમિત્ર માટે "જાની દોસ્ત", પ્યાલીની સાક્ષીએ", "પલંગની કિનારી પર ગોથાં મારી મારીને", "પ્રત્યાદેશથી અપમાનિત" ને બદલે "પાછી કાઢી મુકવાથી મનમાં ખુબ ખુબ ઓછું આવ્યું છે", प्रतिबोध्यमानम् માટે "ખુબ ખુબ ~~ઓછું આવ્યું છે~~", યાદ આપી હતી", विबुद्धम् विबुद्धम् માટે "ખુબ ખુબ જાગૃત થયું છે", तृषाधि માટે "હાયવરાળ", "ટપકાવી આપો", "શિશિરનો તાપ" ચાલ્યો જવાથી, " छिद्रेषु માટે" તક મળતાં જ", "એમ જ છે" એને માટે "આમ જ હતું કે?" "દુર્લભસ્થાનેથી આ વીંટી સરી પડી", ને બદલે "દુર્લભસ્થાને આ વીંટી આવી પડી", ~~પુણ્યું~~ પુણ્ય" માટે "સત્કાર્ય", दारुणात्मनो માટે "ભયાનક માણસે", "ઉપાલંભ આપું" માટે "ઊધડી લઉં", શું ભુખ મને ખાઈ જશે? ને બદલે 'વારુ,' ભુખમને ખાવા માટે કેમ દોડી રહી છે", "અકારણ પરિત્યાગના પશ્ચાત્તાપથી" તપેલા આ મારા હૃદયપર દયા કર", ને બદલે "અતિકાલાવાલા કરી મારું દિલ સળગી" ઊઠ્યું છે", सज्जते दृष्टिः ને બદલે "મારી નજર જાગે ખભડી પડે છે", "આવારૂપને ન જાણનાર આ ખરેખર મિથ્યાદૃષ્ટિ વાળો છે", નેબદલે "આ બેવકુફને ખરેખર આવારૂપનો ખ્યાલ ન હોય", હાથ પહોળા પાથરીને, "બન્ધુત્ર" માટે "કમળની ડાંખળી", अभिजातम् ~~માટે "સારા માણસને શોભે એ રીતે", માળો! : સોરઠી પ્રયોગ:~~
~~सदयम् માટે "કમળની ડાંખળી", માટે~~

માટે "સારા માણસોને શોભે એ રીતે", માળો! : સોરઠી પ્રયોગ:" सदयम् માટે ખૂબ ખૂબ (ઊંધો જ અર્થ) मेघप्रतिच्छंद મહેલ માટે મેઘપડછંદો મહેલ", " प्रतिहरति માટે "ન આવે તેવું ધ્યાનરાખે છે", "વિચારો" ને માટે "ખ્યાલ કરી જો જો", अब्रह्मण्यम् માટે "અધર્મ, "અધર્મ, सत्त्व માટે chand, आपन्न માટે કચડાયેલાને, कुणपाशन માટે "માંસના ખાઉધરા", तिरस्करिणीगर्वित માટે "છુપાઇ રહીને ગર્વ કરનારા, मनः संताप માટે "કચવાટ" नतपर्वणा માટે "સીધોસટ" (ખોટો અનુવાદ) "તમને અયોગ્ય જ છે" ને બદલે " આ બેઉને માટે યોગ્ય છે", भद्रमुख માટે "ભાઇજી", अंकुर માટે "કોંટો", आर्ये માટે "માતાજી", अप्रतिलोमः માટે "સીધોસટ", अनर्थः માટે "ગેરવાજબી," मातृवत्सलकः માટે "માવલો", सेषः कोऽपि માટે 'આ ભાઇજી' તારી સાથે કરેલ ક્રૂરતા પણ અનુકૂળ પરિણામી થઇ ને બદલે 'તારી સાથે ક્રૂરતા કરી તેનું પરિણામ પણ અનુકૂળ થઇ આવી ઊભું.'' માટે "માંમા", बुधखलकः માટે ~~"બાંડી", "વિષાદનું માવ:~~ શલ્ય નીકળી ગયે કહીશ" ને બદલે "ખેદનું સાલ નીકળી ગયું છે એટલે કહું", "આજ્ઞાકરી માટે "કહ્યાગરી", "વિકાર" માટે "ગડભાંગ", શંકા માટે સાંસો – વગેરે અનેક પ્રયોગો અરુચિકર અને ગ્રામ્ય છે, યાતો કોઇ ને કોઇ રીતે મૂળનાં ગૌરવ, અર્થલાઘવ, લાલિત્ય કે ધ્વનિને હાનિ કરે તેવા છે, તો ક્યાંક ક્યાંક તો વિપર્યય પણ થાય છે.

આમ આ અનુવાદ, શાસ્ત્રીજીની વિદ્વત્તાનો ખ્યાલ કરતાં તો બંધાતી અપેક્ષાને જરાયે સંતોષતો નથી, બલકે નિરાશા જન્માવે છે.

:૧: તેમાં નીરસતા, અણઘડપણું અને સાદાઇને માટે, કે લોકવાણીની લઢણ લાવવા માટે જે પ્રયોગો કર્યા છે તે ગ્રામ્યતા અને અરુચિકરતાની હદમાં સરી પડે છે. બાકી, ફીમાતા, વિચાર બિચાર, ઉત્સવ બુત્સવ જેવા પ્રયોગો પણ આવે છે. દ્વિરુક્ત પ્રયોગોની અતિશયતા થઇ જાય છે. ઉપર આપેલ યાદી સંપૂર્ણ નથી, તેવો હેતુ પણ નથી. સરળતા કે લોકવાણીની છટા લાવવાના લોભમાં અનુવાદ કેવા ગ્રામ્યતામાં સરી પડે છે તેના નમૂના જ છે.

:૨: વિપર્યય થયો છે તે પરથી અનુવાદકે અનુવાદ માટે કાળજી, નિષ્ઠા કે જહેમત લીધાં હોય કે ધ્યાન આપ્યું હોય એમ પણ દેખાતું નથી. અગભીરતા અને અસાવધાનીનો જ એ પ્રતાપ દેખાય છે. શ્લોકોનો ગદ્યમાં અનુવાદ કરવાનો નિર્ણય કરવાનો અનુવાદકને હક્ક છે જ, પણ તેનું પરિણામ જે થયું છે તે નીરસ, ભ્રમપૂર્ણ અને અનિવાર્ય છે.

ચંદ્રવદન ચીમનલાલ મહેતા

૧ ૯ ૫ ૧

"શકુન્તલા અથવા કન્યાવિદાય : કવિકુલગુરુ કાલિદાસની એ ખ્યાતનામકૃતિને ટૂંકાવીને કિશોર કિશોરીઓને ભજવવા માટે યોજેલી નાટિકા" – સરળ છંદોમાં: એ નામથી આ સંક્ષિપ્તરૂપાંતર યોજ્યું છે. યોજક પ્રસ્તાવનામાં લખે છે:

આ અનુવાદ કે તરજૂમો નથી......સુધારો કર્યો હોય એવું લાગે તો તે સગવડ માટે, કાલિદાસની ઉપરવટ થવા માટે નહિ. :પૃ. ૧:

રંગભૂમિના રસિયા અને તેના ઉધ્ધાર માટે સતત ~~પ્રયત્નશી~~ પ્રયત્નશીલ કવિ અને તખ્તાલાયક નાટકોના સારા સર્જક લેખકે સળંગ છંદોમાં જ આ સંગીતપ્રધાન નાટિકા રચી છે. આમાં મૂળનું ઘણું છોડ્યું છે, પાત્ર સંખ્યા ઓછી કરી છે, પ્રસંગોને ટૂંકાવ્યા છે કે ક્યાંક બદલવાનો પ્રયત્ન પણ કર્યો છે. એક પાત્રની ઉક્તિ બીજા પાત્રને નામે ચડાવી દીધી છે.

શરૂઆતમાં સૂત્રધાર:

કાલિદાસ શિરોમણિ કવિકુલે, છે શ્રેષ્ઠ શાકુન્તલ,
શ્રોતાસંમુખ એ પ્રયોગ રચિયે, વ્હાલી નટી સાંભળ,

નટી: આજ્ઞા દો પ્રભુ એટલે ઉજવિયે નેપથ્થમાં સજ્જઓ,

દૂરથી સંઘધ્વનિ:

દોડન્તા મૃગ ઘેરતા રથ ગ્રહી, દુષ્યન્તજી જે આવતા.

પછી સીધો જ, મુનિકુમાર:

નહન્તવ્યો ન હન્તવ્યો આહિ આશ્રમનો મૃગ,
એની પૂંઠે નહિ હત્યા, પુરુવંશી અહો નૃપ.

એ પ્રસંગ લીધો છે. શ્રી કાલેની આવૃત્તિના પૃ. ૧૮-૨૦ના એ પ્રસંગ પછી રાજા અને સૂતનો સંવાદ છોડી દઈ પૃ. ૫થી શકુન્તલા દર્શન શરૂ થાય છે. તેનેય કવિ, છોડપી દમડસી દોઢેક પાનામાં સમાવી દે છે. રાજાનું પ્રગટ થવું, વાતચીત, આદિને બીજા દોઢેક પાનામાં પૂરી કરે છે ને પહેલો અંક પુરો થાય છે.

જેમકે, અનસૂયા પ્રિયંવદા: ઉપજાતિ.

અમે વળી કોણ ઉગારનાર,
દુષ્યન્ત છે એક જ તારનાર.

પૃ. ૭ પ્રિયંવદા: કિયું નામ કિયો વંશ, કરો આપ અલંકૃત.

દુષ્યન્ત: પૌરવે પાઠવ્યો આવ્યો, જાણવા ધર્મનાં વ્રત,
અને આ તાપસી વેશે કહો કોણ સુરાંગના,
રૂડી લાવણ્યની મુર્તિ, લજ્જાળુ ધન્યદર્શના.

અનસૂયા: વિશ્વામિત્ર પિતા એના અપ્સરા માત મેનકા,
શ્રી કણ્વે આશ્રમે પોષી માનીને નિજકન્યકા.

દુષ્યન્ત: મૃગાક્ષી ખેલશે નિત્ય મૃગોસંગે કહો મને
અંગે વલ્કલ છે બાંધ્યું છોડશે લગ્નબંધને"?

પ્રિયંવદા: કર્યો સંકલ્પ શ્રી કણ્વે મળતાં યોગ્ય કો વર,
લગ્નમાં બાંધવા એને ધરો શંકા ન અંતર.

રેખાંકિત વધારાનું છે. બીજા અંકમાંની વિદૂષકની ઉક્તિ માત્ર ત્રણ કડીમાં પતાવે છે. શકુન્તલાનું વર્ણન:

નહીં સુંઘાયલું પુષ્પ, ન વીંધ્યું રત્ન નૂતન,
કઈ વાણી થકી એનું કરું હું રૂપવર્ણન.

રેખાંકિત ઉમેરો છે. બીજા અંકનું વસ્તુ પૃ. ૧૫ સુધીમાં પુરૂં થઈ જાય છે. ત્રીજા અંકની શરૂઆત ત્રીજા પ્રવેશરૂપે છે. ત્યાં કર્તા જુદી જુદી ઉક્તિઓને જુદે સ્થળે એક જ ઉક્તિમાં આવરી લે છે.

પૃ. ૧૬ દુષ્યન્ત: માલિની:

અનલસરિખ ભાસે ચંદનાં રશ્મિ શીળાં
વિધિગતિ અતિ ન્યારી વજ્રશું કુલે કુળાં,
અનિલલહર મીઠી માલિની તીર રમ્યે,
મન મહીં હતું થાશે દર્શને નેત્ર ધન્ય.

અનુષ્ટુપ: શિલાએ પાથર્યાં પુષ્પો સખી સાથે શકુન્તલા,
સંતાપે સીજતી બેઠી હશે શું એય વિહ્વલા?

માં રાજાની બધી જ સ્વગતોક્તિ આવી જાય છે.
શકુન્તલા અને સખીઓની વાત પૃ. ૧૭-૧૮ પર આવે છે.
પૃ. ૨૧ સુધીમાં ત્રીજા અંકનો પ્રસંગ પૂરો થઇ જાય છે.

આના અંક ૨માં અંક ચોથાનો શકુન્તલા વિદાયનો અને ત્રીજામાં અંક પમાનો પ્રત્યાખ્યાનનો પ્રસંગ આવરી લીધો છે. દુર્વાસાના શાપનો આખો પ્રસંગ અનસૂયા પ્રિયંવદાનાં વચનોમાં છે. આખો અંક ઉક્તિઓને એક બીજામાં સમાવી લેતાં રજૂ કર્યો છે. પાત્રોની સંખ્યા ઓછી કરી છે. ઉક્તિઓમાંથી ચે ઘણું છોડયું છે. માત્ર સારરૂપ વાર્તાતંતુ લીધો છે. જુદી જુદી તાપસીઓએ આપેલી આશિષ ગૌતમીના મુખમાં મૂકી છે. માત્ર શકુન્તલા, કણ્વ, ગૌતમી, અનસૂયા, પ્રિયંવદા, શાર્ઙ્ગરવ અને શારદ્વતને પાત્રો રૂપે રાખ્યાં છે. વક્તાઓમાં ફેરફાર કર્યા છે. ગવાય અને રજૂ થાય ત્યારે આ નાટિકાની અસર સારી થાય છે, પણ કાલિદાસના વક્તવ્યની રજૂઆતમાં તો ફેરફાર છે જ:

શાર્ઙ્ગરવ: અનુષ્ટુપ

ઘટેના સારવાં આંસુ શાન્તથાઓ શકુન્તલા,
સજીલે સૌ અલંકારો આવી આ ઘડી મંગલા.

અનસૂયા: અહોહો ક્યાંથી આવ્યા આ અલંકારો અચાનક
શા ગ: વનસ્પતિથકી મ્હોર્યાં ધન્ય હે તાત કાશ્યપ.
અનસૂયા: અલંકારોતણી વિધિ અમે ના જરી જાણિયે,
પ્રિયંવદા: આલેખ્યા ચિત્રમાં એમ તને લે શણગારિયે.

૦ ૦

પ્રિયંવદા: શાર્દૂલવિક્રીડિત

રૂડું મંગલ ચીર ચંદ્રધવલું આ એક વૃક્ષે દીધું,
ને તારાં શણગારવા પગલીઓ દે અન્ય લાક્ષારસ,
આવીને વનદેવડી અહીં ઊભી ન્યાળે તને સૌમ્યા,
જાતે દે શણગાર એ અવનવા ધારી રહેલું હવે.

આમાં શાર્ંગરવની ઉક્તિ તે શકુન્તલાની સખીઓની છે. તો બીજી ગૌતમીની છે. બેઉ સખીઓની ત્યાર પછીની ઉક્તિને વહેંચીને મૂકી છે. અલંકારો કેવી રીતે મળ્યા તે પ્રિયંવદાના મુખમાં મૂક્યું છે. ત્યાં થોડા ફેરફાર સાથે શ્લોક પાંચમાનો અર્થ આવી જાય છે. પંક્તિ ૩–૪નો અર્થ આછોજ છે. કાશ્યપના આગમન અને સ્વગતોક્તિનો પ્રસંગ પૃ. ૨૯ પર છે. ત્યાં ઉક્તિઓનો ક્રમ બદલ્યો છે. શ્લોક ૬ને શ્લોક ૭–૮ પછી મૂક્યો છે. કર્તાનો હેતુ ભાવતંતુને ધ્યાનમાં રાખી ગીતનાટિકા સર્જવાનો છે. અનુવાદ કરવાનો નહીં, તે અહીં સ્પષ્ટ થાય છે.

કાશ્યપ: યાસ્યત્યદ્ય શકુન્તલેતિ હૃદયં સંસ્પૃષ્ટમુત્કણ્ઠયા,
સ્ત્રીસંઘ: આજે જાય શકુન્તલા પતિગૃહે, હૈયું અધીરું બને
કાશ્યપ: રૂંધાતો મમ કંઠ આંસુ ઠરતાં, ચિંતા ભર્યાં લોચને,
વાત્સલ્યે વનવાસી વિહવળ બનું હું જો કદી આવડો,
સંસારી તણી શી દશા થતી હશે પુત્રી જતાં સાસરે?
સ્ત્રીસંઘ: સંસારી તણી શી દશા૦................

આ પુનરુક્તિની યુક્તિ નાટિકામાં ઘણી ચમત્કારક બને છે. કાશ્યપે આપેલી આશિષ:

हवुयनागंध विस्तारे वहनय: पावयन्तु .(३)

ની પુનરુક્તિ પણ સુંદર અસર કરે છે. रम्यान्तरः कमलिनी ० વાળો શ્લોક શાર્ઙ્ગરવના મુખમાં છે:

વસંતતિલકા

રમ્યાન્તર: કમલિની હરિત: સરોભિ:
હો રમ્ય પન્થ કમલોથી ભર્યાં સરોથી,
ને પદ્મની રજ થકો મૃદુ માર્ગરેણુ,
શાન્તાનુકૂલ પવનશ્ચ શિવશ્ચ પન્થા:

બધા: શાન્તાનુકૂલ -

ઉક્તિઓની ભેળસેળ કેવી છે તેનો આ બધા નમૂનાઓ ખ્યાલ આપે છે.

શકુન્તલા: વ્હાલી તું વનજ્યોત્સ્નકા તરુલતા ભેટે લળીને મને,
વ્હાલી આ મૃગલી સહોદર સમી ઓ આવ મારી કને,
વ્હાલાં સ્નિગ્ધ જનો તપોવનતણાં એને હવે પાળજો,
આજે હું લઉં છું વિદાય સહુની કોને કહું આવજો.

અનસૂયા: સોંપીને જાય છે સૌને, મૂકીને અહીં એકલાં
અમોને સોંપીને કોને, સખી વ્હાલી, શકુન્તલા?

શકુન્તલા: ક્યારે આ દેખવાં સ્નેહી આવતું આ તપોવને,
ફરી ક્યારે? કહો તાત, કહો તાત! કંઈમને.

આમ, ઉક્તિઓ અને શ્લોકોનો ક્રમ બદલ્યો છે. તેમ કરવાથી કૃતિ સારી બની છે એમ નથી. મૂળ ક્રમ ચાલુ રાખીને ય રચના કરી શકાત. પૃ. ૩૧

કાશ્યપ: સેવા તું વડીલો તણી કરી સદા મૈત્રી બધે રાખજે,
સ્વામી જે તરછોડી દે કદીક તો સામી જરા ના થજે
માયાભાવ તજી સદા પરિજને, ત્યાંથી અહં વર્તજે,
એવી તું ગૃહિણી થઇ કુલવધૂ આશ્રવચને પામજે.

શ્લોક ૯ પૃ. ૩૨ પર મુક્યો છે. ત્યાં ઉક્તિ વૈવિધ્ય સાધ્યું છે. (પુરુષ અને સ્ત્રીવર્ગ વારાફરતી સંસ્કૃત અને ગુજરાતીમાં એ બોલે છે.

પાતું ન પ્રથમં વ્યવસ્યતિ જલં યુષ્માસ્વપીતેષુ યા,
પીએ ના જલજે કદી પ્રથમ તે પાયું તમોને ન તો,
નાદત્તે પ્રિયમંડનાપિ ભવતાં સ્નેહેન યા પલ્લવમ્,
ચૂંટે ના પ્રિયતોય પુષ્પકળીએ વ્હાલાં તમે એટલાં,
આદ્યેવ: કુસુમપ્રસૂતિ સમયે યસ્યાં ભવત્યુત્સવ:,
માણે ઉત્સવ જે પ્રફુલ્લ નવલાં ફુલો ઉગે ત્યાહરે,
સેયં યાતિ શકુન્તલા પતિગૃહં સર્વૈરનુજ્ઞાયતામ્
એ આ જાય શકુન્તલા પતિગૃહે વાંછો બધાં મંગલમ્

વૈવિધ્ય અને અનુવાદ સુંદર છે. રેખાંકિત ૧ ને સ્થાને "ખીલે" વધારે સારો પ્રયોગ થાત. ૨. માં ફેરફાર કર્યો છે. પૃ. ૩૩ પર અંક પુરો થાય છે. આ કરુણમંગલ રસિક અંકના નિરૂપણમાં કવિએ સારી કુશળતા બતાવી છે. આ સંક્ષિપ્ત નાટિકામાં કવિએ પોતાના હાથ છુટા રાખ્યા છે. મુળને અનુસરવાનો તો કોઇ પ્રશ્ન જ નથી. મુળના રસિકોને તે કદાચ ન ગમે, પણ સ્વતંત્ર રીતે મુળનો થોડો આસ્વાદ તે સંગીતના માધુર્ય સાથે ચખાડી શકે તેમ છે.

ત્રીજા અંકમાં :પૃ. ૩૬થી: હંસપદિકાનું ગીત સંભળાય છે. ત્યાંથી શરૂઆત થાય છે. રાજા : : વિને:

કદીયેના ભૂલી તારી આ જીભડી ભલી,

માં છંદોભંગ છે. ખાલી જગામાં કોઇ "રહે" કે "બને" જેવો શબ્દ જરૂરી છે. પૃ. ૩૭ રાજા: પૃથ્વી:

સુણી તદપિ હું થતો અકારીત ઉત્કંઠિત,
સુણી મધુરવેણ એ અજાણે ઉંડી સંસ્મૃતિ,
નથી વિરહની દશા, હૃદયે સંવેદન,
થકી થરથરે, હશે પુરવ જન્મની ભાવના?

માં અર્થ અને લાલિત્ય આછાં જ ઉતર્યાં છે. પૃ. ૩૮થી બીજા પ્રવેશમાં પ્રત્યાખ્યાનનો પ્રસંગ છે. પૃ. ૩૯મે ધર્મગુરુની ઉક્તિ વધારાની છે. મૂળમાં તે કંચુકીની ઉક્તિ છે. પૃ. ૪૦ થી

શકુન્તલા: મારી શેં જમણી આંખ સ્ફુરતી આ પલેપલ?
ગૌ.: કુળનાં દેવતા તારું કરો નિત્ય સુમંગલ
દુષ્યન્ત: આવ્યા અહીં અતિથિદેવ ભાવે પધાર્યા,
સંદેશ આશ્રમ થકી શુભ કૈંક લાવ્યા?
નિર્વિઘ્ન છે. મુનિજનો સહુને નમામિ.
શાર્ગરવ: રાજેન્દ્રનો વિજય હો, તપમાં ન હાનિ

અનુષ્ટુપ

રક્ષો છો આપ જ્યાં આર્ય, ભીતિના મુનિને નકી,
રાજ્યે રવિ શા રાજે અંધારું પછી ક્યાં થકી?

પૃ. ૪૫ શાર્ગરવ:
એણે છે પાઠવી કન્યા એકાંતે આશ્રમે વર્યાં,
ધન્ય એ વિધિનો યોગ, નિંદતાં વિધિ ઉગર્યાં,
દુષ્યન્ત: સાંભળી થાય સંદેહ, કહો શું સ્વપ્નની કથા?
શકુન્તલા: વેણ છે અગ્નિનો ડામ, વેઠાશે ક્યમ આ વ્યથા?

પૃ. ૪૩

મુગ્ધા હું, તો સરલઉરની ભોળવી આર્યપુત્રે,
ને બાંધી'તી વિવિધવચને આશ્રમે લગ્નસૂત્રે,
આજે પામ્યા પ્રણય પલટો, આવડો શું સ્મરાયું?
માન્યું ન્હોતું વિધિ કદી થશે આકરું ક્રૂર આવું.

દુષ્યન્ત: શાંતં પાપં કુલલજવવા શીદ આવું અકારું
બોલી નિન્દે પતિત કરતી સાથ સૌ કુળ મારું,
જેવી રીતે સભરચરિતા નિર્મળી તોય મેલી,
સાથે લેતી તટરજતરૂ, જાયના એ અકેલી.

માં માત્ર મૂળનો ભાવતંતુ જ લીધો છે. રેખાંકિત ૧. વધારાનું છે. ૨. વિધિમી જાતિમાં વ્યાકરણદોષ છે. ૩. નિર્બળ છે. ૪. માં મિશ્રણ છે.

પૃ. ૪૫ શકુન્તલા:

તૃણે ઢાંક્યા કૂવા જેવા ધર્મનો ધરી અંચળો,
પેખો છો અન્યને એવા, અનાર્ય દંભ આટલો?

દુષ્યન્ત: સ્વગત:

વિના આડંબરી કોપ, કરે છે બુદ્ધિ સંભ્રમ,
મનાતી પ્રીતિના છાની ભૂંડો છે ભાગ્યનો ક્રમ.

પૃ. ૪૬

ઝાંખી કલંકે થતી શુભ્ર કીર્તિ,
આપો મને મારગ મા ધરિત્રી!!

એ શકુન્તલા વચન સાથે નાટિકા પૂરી થાય છે. તે કરુણાંત બને છે. પશ્ચિમની "ટ્રેજેડી"ની અસરને લીધે એમ કર્યું છે. કે સમય મર્યાદાને લીધે છેલ્લા બે અંક છોડી દીધા છે તેતો કર્તા જાણે, પણ આમ કરવાથી નાટક ખંડિત બને છે. કાલિદાસે પ્રણયૈકપરતા – વ્યક્તિનિષ્ઠાસામે લાલબત્તી ધરી છે તેમ પશ્ચાત્તાપ રૂપ તપજીવન – મંગલમાં પરિણમી શકે છે તેમ બતાવ્યું છે. કવિના દર્શનરૂપ જીવનરહસ્યનું આ પાસું તેમાં અણકથ્યું રહી જાય છે અને ભારતીય વિચારધારાને પ્રતિકૂળ રીતે વસ્તુ લટકતું રહી જાય છે.

મુળકૃતિનો એક એક શબ્દ સહેતુક છે. એટલી તે પક્વ – ઘૂંટેલી છે. તેને આમ રજૂ કરવામાં તે ખંડિત – અપૂર્ણ બને છે. તેમ છતાં એકંદરે કાવ્યદેહ સારો બન્યો છે, ~~સંગબદ્ધ છે,~~ જ્યાં જ્યાં મૂળના અંશો લીધા છે ત્યાં ત્યાં તેને સારી રીતે રજૂ કરવાનો પ્રયત્ન પણ દેખાય છે. ત્યાગ અને સ્વીકારમાં પણ સારો વિવેક બતાવ્યો છે એમ લાગે છે. છતાં તે કાલિદાસની કૃતિની અસરનીચે લખાયેલી અર્ધસ્વતંત્ર કૃતિ છે. તેની પાછળ તખ્તાલાયકી અને સંગીતનો ખ્યાલ મુખ્ય છે, મૂળને યથાતથ રજૂ કરવાનો નહિ.

શ્રી ચંદ્રવદન ચી. મહેતા – ૧૯૫૪

કન્યાવિદાય

આ નામે ચોથા અંકનો ગદ્યમય અવતાર ભજવવાની દૃષ્ટિએ ૬ પૃષ્ઠોમાં કર્યો છે. તેમાં કેટલુંક ગીતનાટિકામાંથી ઉતાર્યું છે. તો કેટલુંક મૂળમાંથી ઉમેર્યું છે. પાત્રસંખ્યા ઘટાડી નાંખી શિષ્યાદિનું કામ માત્ર શાર્ઙ્ગરવ અને શારદ્વત પાસેથી જ લીધું છે. શરૂઆતમાં

શારવત: અંતર્હિતે શશિનિ સૈવ કુમુદ્વતી મે
દૃષ્ટિ ન નંદયતિ સંસ્મરણીય શોભા,
વ્હાલાં વિદેશ વિચર્યે પ્રમદાજનોના
રે હાય, દુઃખ તણી શી કરવી જ વાત,
શારદવત: ॥આ જાય ઔષધિપતિ ચંદ્ર અસ્ત શિખરે,
અને આ સૂર્યદેવતાનો સારથિ અરુણ પૂર્વમાં ઉદયકાળની ઝાંખી કરાવે છે. ખરે પ્રભાત થઇ ગયું જ લાગે છે.[1]
પ્રિયંવદા અને અનસૂયાની શકુન્તલાવિષયક વાતચીત પણ આમાં શાર્ઙ્ગરવ અને અનસૂયાના મુખમાં જ મુકે છે. પૃ. ૧

અનસૂયા: તપસ્વીઓને શું અસાધ્ય છે? જેમણે દુષ્યન્ત અને શકુન્તલાની પ્રણયવાત આપોઆપ યોગબળે જાણી લીધી એમની કૃપાથી અથવા વનદેવતાના પ્રસાદથી છાબડીમાં માય નહીં એવા વિવિધ શણગાર છાબડીમાં આવીને ઉભરાયા.

પ્રિયં: ચમત્કાર જ, અનસૂયા.

અનસૂયા: કેમ, શું થયું?

પ્રિયંવદા: અલંકાર ઉપરાંત એક વૃક્ષ પરથી એકાએક ચંદ્રધવલું મંગલક્ષૌમ ઉપરાંત વિવિધ રંગી ભાતભાતનાં વસ્ત્રોનો ઢગ, પગલીઓ શણગારવાનો લાક્ષારસ, સાથે લઇ જવાના પરિધાન.

અનસૂયા: મહર્ષિકણ્વ પોતાની લાડકડી પુત્રી શકુન્તલાને માટે શું ન કરે?

શારવ આશ્રમનાં વસનારાં તમે એને શણગારશો શી રીતે?

પ્રિયંવદા: એ વિધિતો પૂરી થવા પણ આવ્યો. મંગલ કાર્ય પાર ઉતારવાનું હોય ત્યારે આપોઆપ માર્ગ સૂઝી આવે છે. ચિત્રકલાના પરિચયથી અમે એને શણગારી.

પૃ. ૩થી અનસૂયા અને પ્રિયંવદાની વાતચીતમાંથી દુર્વાસાના શાપની હકીકત જણાય છે. સંવાદ સરલ લલિત ભાષામાં વહ્યે જાય છે. પૃ. ૪ પર સખીઓને ગૌતમીની વાતચીત રૂપે શકુન્તલા ગમનને કારણે થતા તપોવનવિરહની વાત રજૂ કરી છે. પૃ. ૫ થી કાશ્યપ, શિષ્યવેલડી, મુનિકુમારો વગેરે આવે છે.

કાશ્યપ: આજે જાય શકુન્તલા પતિગૃહે, હૈયું ઉત્કંઠિત બને છે,
નેત્રો ચિંતાના ભારે જડ થતાં એમાં આવતાં

આંસુ પણ ઠરી જાય છે. કંઠ રૂંધાય છે, મારા જેવા વનવાસી પણ વાત્સલ્યને લઈને આટલી વિહ્વળતા અનુભવે છે, તો ખરેખર, સાસરે જતી પુત્રીના વિરહથી સંસારીની શી દશા થતી હશે? – માં શ્લોક ૬નો પૂરો અનુવાદ ન હોવા છતાં પડઘો સારો પડયો છે. પૃ. ૫

કાશ્યપ: હો રમ્ય પંથ કમળોથી ભર્યાં સરોથી,
કુળા હજો સુરજતાપ તરુવરોથી,
ને યજ્ઞની રજ થકી મૃદુમાર્ગ રેણુ,

ઋષિકુમારો: શાન્તાનુકુલ પવનશ્ચ શિવશ્ચ પંથા:

રેખાંકિત બરાબર નથી. યજ્ઞની રજ એટલે શું?

પૃ. ૬ ઉપર કાશ્યપ શકુન્તલા સંવાદ, ચક્રવાકી પ્રસંગ, સખીઓની મુદ્રિકા બતાવવાની સૂચના વગેરે છે. પૃ. ૭થી કાશ્યપનો સંદેશ શરૂ થાય છે. पातुं न प्रथमं ० શ્લોક કન્યા વદાયમાં ગવાય છે. અહીં તે કાશ્યપ અને તાપસકન્યાઓ દ્વારા શ્રવાય છે.

મૂળને આછી રીતે અનુસરતાં અને ઉક્તિઓને સેળભેળ કરતાં છતાં, મૂળનો આછો ખ્યાલ તો આપે છે. કન્યા વિદાય કરતાં કેટલેક સ્થળે મૂળને વધારે અનુસરે છે. ભાષા લલિત છે. મૂળશબ્દાવલીનો ઠીક ઠીક સમાવેશ કર્યો છે. પ્રસાદ અને પ્રવાહિતા પણ છે. સંક્ષેપ તરીકે સારું ગણાય.

શ્રી ઉમાશંકર જે. જોશી (પ્રથમ આવૃત્તિ)
૧૯૫૫

નિવેદનમાં કવિશ્રી જણાવે છે: "અનુવાદને સંતોષકારક રૂપ આપવું એ તો મહામુશ્કેલ કાર્ય છે. તેમાં પણ કાલિદાસ જેવા "ગૂઢાશય" કવિની કૃતિ, ભાષા સરળ છે પણ કાવ ભારે "મરમી" છે. પદ્યશ્લોકો કરતાં પણ કાલિદાસનું "ઘૂંટેલું" ગદ્યભાષાંતર માટે કદાચ વધારે અઘરું છે.[28] : પૃ. ૧:.

અનુવાદકે રાઘવભટ્ટ, મોનિયર વિલિયમ્સ, પિશેલ, બલવંતરાય ક. ઠાકોર, પ્રા. શરદરંજન રાય, પ્રા. ગજેન્દ્ર— ગડકર, મગનભાઇ ચતુરભાઇ પટેલ, આદિ જે જે વિદ્વાનોની આવૃત્તિઓનો ઉપયોગ કર્યો છે તેનો ઋણસ્વીકાર કર્યો છે. "આત્મશિક્ષણ માટે કાલિદાસ ભવભૂતિને ચરણે બેસવાની વૃત્તિમાંથી આ અનુવાદ સંપાદનનો ઉદ્ભવ થયો છે."[29] : પૃ. ૨:

પ્રસ્તાવના ઘણી વિદ્વત્તાપૂર્ણ છે. મહાભારતના શકુન્તલોપાખ્યાનનો પરિચય આપી તેમાં કવિ કાલિદાસે કરેલા ફેરફારો, તેનું ઔચિત્ય, કલાત્મકતા, તેમને મળેલા સૂચનોનો સંભવિત વિચાર કરતાં કઠ્ઠહારિજાતક, ગ્રીક અસર, ભાસ વગેરેનો ઉલ્લેખ કર્યો છે.[30] પૃ. ૨૮ સુધી નાટકના વસ્તુગુંફનનો તેમજ રહસ્યનો વિચાર કરે છે. આ નાટક રચવામાં કાલિદાસનો વ્યક્તિનિષ્ઠ તેમ સમષ્ટિનિષ્ઠ દાંપત્યના સમન્વયનો હેતુ – આદર્શ વિચાર્યો છે. શાપ,

---

૨૮: પ્રસ્તાવના પૃ. ૧

૨૯: પ્રસ્તાવના પૃ. ૨

૩૦: પૃ. ૧૮ સુધી

શૃંગારના કવિ કાલિદાસ, દાંપત્ય મંગલ, શાકુન્તલના રહસ્ય વિષે ગટે, ટાગોર આદિના અભિપ્રાયોનો ઉલ્લેખ, પાત્રાલેખન કલાનો પરિચય, કલાવિધાનની ખૂબીઓ, કાલિદાસની શૈલીની વિશેષતાઓ વગેરે વિચારે છે, તેને જીવનને "અખિલાઇમાં જોનાર", વિશ્વદર્શી કવિ, વિશ્વકાવ્યતાના ઉદ્ગાતા રાષ્ટ્રકવિ તરીકે બિરદાવે છે. અને તેમને ઇ. ૪થા સૈકામાં મુકવાનું વલણ દાખવે છે.[31]

શાકુન્તલના અનુવાદકોમાંથી કેટલાએ તે વિષે તેનો અભ્યાસ કરવાનો પ્રયત્ન કર્યો છે. શ્રી બળવંતરાય ક. ઠાકોરની આ નાટક ઉપરની ટીકા લખાઇ હોય તોયે પ્રગટ થઇ નથી. જે પ્રગટ થયું છે તેમાં આ પ્રસ્તાવનાની અભ્યાસ દૃષ્ટિ તથા નાટકને સમજવાની કે પાઠચર્યાની શ્રી ઉમાશંકરની દૃષ્ટિ સવિશેષ તરી આવે છે. વિગત, ચીવટ, ઝીણવટ અને વિશાળ દૃષ્ટિ તેમાં છે તેવા ભાગ્યેજ બીજા કોઇ અનુવાદમાં જોવા મળે છે. અંક-૧ નાન્દી શ્લોક ૧.

સૃષ્ટાની સૃષ્ટિ આદ્યા વિધિહુત હવિ જે, બ્હેતી પોતે જ હોત્રી,
જે બંને કાળયોજે શ્રુતિવિષયગુણા વ્યાપી જે વિશ્વ સ્થિતી.
સૌ બીજોઓ કહે જે, પ્રકૃતિ, વળીધીરે જેથી સૌ પ્રાણ તેહ,
અષ્ટપ્રત્યક્ષ મૂર્તિ થકી વિહિત થતા ઇશરક્ષો તમોને.

રેખાંકિત ૧. स्थिता: માટે ઘણું શાબ્દિક છે.

૨. માં प्रपन्नः નો અર્થ ભાગ્યે જ આવે છે.

શ્લોક ૩

૩૧: પૃ. ૮૦ સુધી

જાઝીલણી ગમતાંને પાટલ સ્પર્શે સુગંધી વનવાયુ,
સુલભ છાંયડે નિદ્રા, સંધ્યા રમણીય આ દિવસો,
રેખાંકિત પ્રયોગ સુંદર છે. વર્ણાનુપ્રાસ રચે છે. સુંદર અનુવાદ છે. શ્લોક ૪નો અનુવાદ સુંદર છે. શ્લોક ૬માં "દેખુ" ને બદલે "જોવું" પણ થઇ શકે. શ્લોક ૭. પૂર્વમાં યતિભંગ છે. प्रयाति માટે "દોડતો" અનુવાદ કરે છે.

શ્લોક ૧૦

નહિ નહિ જ ઘટે કે છોડવું બાણ આવા,
મૃદુલ મૃગ શરીરે, અગ્નિ શું પુષ્પ પુંજે,
અરરર હરિણોનું જીવવું લોલ ક્યાંને,
કઠીં તવ શર તીખાં વજ્રશાં ત્રાટકતાં

રેખાંકિતમાં वज्रसारा० નો અર્થ બરાબર આવતો નથી. ત્રાટકતાં - निपातत: માટે છે. મૂળનું વર્ણસૌન્દર્ય પણ પાંખુ બને છે. શ્લોક ૧૪-૧૫ના અનુવાદ પણ સારા છે. छिन्न માટે "સૂંટેલ" ને બદલે "કાપેલ" પણ ચાલે.

શ્લોક ૨૧ शन्तम् માટે શમપ્રધાન શબ્દ વાપર્યો છે. શ્લોક ૧૯ सरसिजमनुविद्धम्०

કમલ રુચિર લાગે વીંટ્યુ શેવાળથી ય,
મલિન તદપિ ચંદ્રે હેતુ શોભા કલંક,
અધિક મન ગમે આ વલ્કલે યે કૃશાંગી,
શું નહિ મધુર મૂર્તિને અલંકાર રૂપ.

પંક્તિ ૪નો અનુવાદ જરા નિર્બળ લાગે છે. શ્લોક ૨૦ सन्नद्धम् માટે "ખીલ્યું" કરે છે. ૨૧-૨૪ના અનુવાદ સારા છે.

શ્લોક ૨૪

અથવા માનુષી સ્ત્રીથી ક્યાંથી આ રૂપ સંભવે
વસુધા તલથી ઉઠે પ્રભાતરલ જ્યોતિ ના.

રેખાંકિતને બદલે "ઉગે" વધારે સારો પ્રયોગ લાગે છે. જો કે તેમાં પૂરો સંતોષ ભાગ્યે જ આપે છે. શ્લોક ૨૮નો અનુવાદ સારો છે. यमितः માટે "રોક્યા" પ્રયોગ અસુભગ લાગે છે. પૃ. ૫૯ અંક -૨, શ્લોક ૧૦

ભલે પ્રિયાન સુલભ, ઉચ્છ્વાસતું તોય ભાવલક્ષીઓનો,
મદન કૃતાર્થ ન તો પણ, પરસ્પરેચ્છા રતિ સમર્પે.

રેખાંકિત ૧. दर्शन માટે છે. ૨. कुरुते માટે

શ્લોક ૨, ૨.

ને જે મંદ નિતંબભારથી ભર્યાં જાણે ખિલાશે ડગો यातम् માટે "ડગો ભર્યાં" અનુવાદ "ઠીક જ" છે. શ્લોક ૩માં इव શબ્દ રહી ગયો છે. શ્લોક ૪નો પાઠનિર્ણયવિચાર સારો છે. स्वेदलेशैः ને બદલે क्लेशलेशैः વધારે સારો પાઠ લાગે છે. શ્લોક ૫,૪માં "ક્યાં આવા વિનોદો બીજે" ને બદલે મૂળમાં એક વચન છે. માટે "વિનોદ" વધારે સારું છે.

શ્લોક ૧૦

ન સૂંઘેલું પુષ્પ પ્રસૂન અણચૂંટયું નખ વડે,
ન વીંધેલું મોતી, મધ-ન-રસ-ચાખેલ નવલું,
અને પુણ્યોકેરાં ફલ સકલશું રૂપ અનઘ,
અહીં ભોક્તા કોને વિધિ ઠરવશે જાણું નવ તે.

પંક્તિ ૧-૨ના સમાસ ધ્યાન ખેંચે છે. રેખાંકિત ૧. માટે અને ૨. समुपस्थास्यति માટે છે. ત્યાં મૂળનો પડઘો આછો જ પડે છે.

શ્લોક ૧૯

કાર્યોનાં ભિન્ન સ્થાનોથી, દ્વિધાભાગું થતું મન,
સામે શૈલ અથડાયે જેમ સ્રોત નદી તણો.

રેખાંકિત પર્યાય નિર્બળ છે.

પૃ. ૮૯ અંક ૩ શ્લોક ૩.

કુસુમશર કહયો તું ને શશી શીતરશ્મિ
ઉભય દીસતું જૂઠું, હું સમાગા વિશે તો,
કિરણહિમભર્યાંથી, ચંદ્ર અગ્નિ ઝરે છે,
તું પણ કુસુમબાણો વજ્ર જેવાં કરે છે.
રેખાંકિત અનુક્રમે अयथार्थम्, मद्विधेषु અને वज्रसारी ०
માટે છે તે બરાબર સંતોષ આપતા નથી. શ્લોક ૧૨
હૈયાનું પૂછયું સમદુઃખસુખી સખીએ,
સંતાપકારણ ન છૂપવશે જ બાલા,
દીઠો મને વળી વળી તલસંત દૃષ્ટે,
તો યે હવે અનુભવું ભય કે શું કહેશે.
રેખાંકિત श्रवणान्तरताम् गतोऽस्मि માટે છે. મૂળનું
લાલિત્ય ઓછું જ ઊતરે છે.
શ્લોક ૧૪ तव न जाने हृदयम् ०
હૃદય તારું નવ જાણું પણ મુજનાં તો તને તલસતીનાં,
અંગોને તાવે સ્વૈર, નિર્દય દિવસે ય રાત્રેય.
રેખાંકિત ૧. वृत्तमनोरथाया: માટે અસંતોષકારક લાગે છે.
અંક ૪ શ્લોક ૭ क्षौमं केनचिदि ०
દીધાં મંગલવસ્ત્ર ચંદ્ર ધવલાં આ કોઇ વૃક્ષે અને,
કો એ લાખતણો ઝર્યો રસ પદોને રંગવાને રૂડો,
હાથેળી વનદેવતાની ફૂટીને કાંડા સુધી અન્યથી,
સ્પર્ધા ફૂટતી કૂંપળોથી કરતી અર્પી રહી ભૂષણો.
રેખાંકિત ૧. સામાન્ય લાગે છે. ૨. માં પણ એવું જ મૂળનું
લાલિત્ય પણ ઓછું જ ઊતરે છે. બાકી અનુવાદ સારો.
શ્લોક ૮ यास्यत्यद्य ०

થશે આજ શકુન્તલા હૃદયને લાગ્યો અજંપો જ શો,
રોકાયાં અશ્રુથી નાદ ગદગદ થતો ચિંતાથી ઝાંખું સુઝે,
આવી જો વનવાસીની વિકળતા સ્નેહેથી મારી અહો!
તો સંસારી પીડાય શા પ્રથમ હા પુત્રી વિયોગ દુઃખે.

રેખાંકિત ૧. સુંદર ~~પ્રય~~ રૂઢ પ્રયોગ છે. ૨. ચિન્તાજડ માટે સામાન્ય. એકંદર અનુવાદ સારો છે. શ્લોક ૧૯, ૨૦ ના અર્થનાં સગાં વિનાય પ્રગટી સ્નેહધારા તું માં. રેખાંકિત स्नेहप्रवृत्ति માટે એવું જ? શ્લોક ૨૦માં वामाकुलस्याशय: માટે "બીજા પ્રજાળે કુળ"માં "ચિંતારૂપ" છે એ અર્થની અત્યુક્તિ છે.

અંક ૫, શ્લોક ૨. रम्याणि ०

રમ્યો નિહાળી સુણતાં મધુરા જ શબ્દ,
બેચેન થાય બહુ જે સુખિયો ય જીવ,
તે તો સ્મરે મન વડે વિણપૂર્વભાન,
સંસ્કારથી સ્થિર ભવોભવ કેરો પ્રીતિ,

સારો અને મુલાનુસારી છતાં ઓછા લાલિત્યવાળો અનુવાદ છે. શ્લોક ૪, ૫ અને વૈતાલિકોની ઉક્તિઓનો અનુવાદ સારો છે. પૃ. ૧૯૫ પર અવગુંઠન માટે "ઘાટડી" શબ્દયોજે છે. પણ અહીં અવગુંઠનનો લાજ કાઢવા જેવો અર્થ છે. પરણીને સાસરે જતી કન્યા એક વધારાનું વસ્ત્ર ઓઢે છે. તેને ઘાટડી કહે છે. પણ આને ઘાટડી કહે વાય? શ્લોક ૧૫ અને ત્યાંથી ૨૯ સુધીના અનુવાદ પણ સારા છે. શ્લોક ૩૦

તે પોતાનાં નિન્દતી ભાગ્ય બાળા,
માંડી રોવા નાંખીને હાથ ઉંચા,
જ્યોતિ એને અપ્સરાતીર્થ પાસુ,
સ્ત્રીરૂપી કો ઉંચકી લેઇ ચાલી.

રેખાંકિત અશુભગ છે. હાથ ઉંચા કરાય, નંખાય શી રીતે?

અંક ૬ પૃ. ૨૩૫ થી માછીની ભાષા સાદી પણ શિષ્ટ રાખી છે. પાઠ તેમજ અર્થનિર્ણયની સ્થળે સ્થળે કરેલી ચર્ચા સ્થળે સ્થળે તેમ જ અહીં પણ સારી કરી છે. પૃ. ૨૪૧ પર બ. ક. ઠા. ને અનુસરીને કાશ્મીરી બંગાળી વાચનામાંથી બે ઉક્તિઓ ઉમેરી છે તે ઉચિત લાગે છે. શ્લોક ૨, ૪, ૫, ૬ ૮થી ૧૨, ૧૪, ૧૭, ૧૮, ૨૦, ૨૧, ૨૨ આદિ શ્લોકોનો અનુવાદ સારો છે. શ્લોક ૧૭ कार्या सैकत०

વપ્રુમાં વળી હંસ જોડી કરવી એવી નદી માલિની,
ને ચોપાસ તળેટી પુણ્ય ચમરો બેઠેલ હેમાદ્રિની
ડાળે વલ્કલ ઝુલતાં તરુતણી નીચે મૃદુ દોરવા,
વામાક્ષી ખજવાળી કૃષ્ણ મૃગના શૃંગે રહેલી મૃગી.

અનુવાદ સુંદર છે, कार्या   કાટે અનુવાદ ઠીક જ
પૃ. ૩૦૧ શ્લોક ૩૧.

ના તે મિત્ર તમ પુરંદરે જિતાય
તેના ઘાતક રણમોખરે સ્મર્યા છે,
જેને ના દિનકર નાશવા સમર્થ,
તે રાત્રિ તિમિર શશાંક ટાળી દેતો.

રેખાંકિત ૧. માં અન્વય **અઘ**રણ છે. ૨. પ્રયોગ અપ્રચલિત છે. નાશ ઉપરથી બનાવ્યું છે. ક્યારેક એવા પ્રયોગો થાય છે. ખરા, પણ આ રુચિકર લાગતો નથી. અંક ૭ શ્લોક ૨

પાસે ઉભા ભીતર કોડથી ભર્યા,
નયન્ત સામે સ્મિતથી નિહાળી,
રોળાઈ વક્ષે હરિચંદનેથી,
આરોપી મંદારની માળ ઈન્દ્રે.

રેખાંકિત ૧. प्रार्थन   માટે. બાકી અનુવાદ સુંદર છે. શ્લોક ૬.

ત્રિસ્રોત ગંગતણું જે નભવેણુ વહે તો,
નક્ષત્ર વ્હેંચી કિરણો ઝગતાં ચલાવે,
અંધારહીન પદ બીજું નૃસિંહનું જે,
કહેવાય આ પ્રવહ વાયુ તણો જ માર્ગ.

રેખાંકિત ૧. કિરણો કોનાં? મૂળ અર્થ બરાબર સ્પષ્ટ થતો નથી. અનુવાદ સામાન્ય. મોનિયર વિલિયમ્સ परिवह પાઠ આપે છે. પણ શ્રી ઉમાશંકર અહીં प्रवह સ્વીકારે છે અને તેના સમર્થનમાં વિષ્ણુપુરાણને ટાંકે છે. જે ઉચિત લાગે છે.

પૃ. ૩૧૪ શ્લોક ૧૭

માનો સ્તન અર્ધ ધાવ્યું ચાળપીંખાયું ટક્કરે,
સિંહનું બચ્ચું ક્રીડાર્થે બળાત્કારથી ખેંચતો!

રેખાંકિત છંદની દૃષ્ટિએ "ઠીક" જ. અનુવાદ કિકકો અને સામાન્ય चिल નો અર્થ "કહે છે" કરે છે, પણ તાપસીઓ પોતે રાજાને આગળ જતાં, માદળિયાનો સાપ થઈને અળગ્યા લેનારને કરડે એ વિકાર પોતે અનેક વાર જોયાનું કહે છે તે જોતાં તે બરાબર નથી. પૃ. ૩૩૫ શ્લોક ૨૪

સુતનું દુઃખ જે કાઢી મૂક્યાતણું ઉરથી જલે,
મુજ મન હતી ત્યારે શીયે મહાપરિ મૂઢતા,
પ્રબળ તમવાળાની વૃત્તિ શુભો પ્રતિએવી જ,
સગ્રય શિર નાંખી ચોમેર, ગણી અહિ આંધળો.

રેખાંકિત ૧. वृषलीकृत् માટે છે. ૨ પરિમૂઢતા એટલે જ સર્વતોમુખી મૂઢતા. તેથી "મહા" શબ્દ વધારાનો લાગે છે. ૩માં યતિભંગ થાય છે. તે પર્યાય પણ નિર્બળ છે. પૃ. ૩૪૩ પર "સંમોહ પણ તને ઘટતો નથી." એ પાઠ ઘણાએ સ્વીકાર્યો છે. સારો પણ છે. અહીં "સંમોહ પણ કારણવશ હતો", એમ કરે છે. જો તે યે ચાલે.

પ્રયોગોની દૃષ્ટિએ यावत्, तावत् માટે "જરી" કરે છે. अनुकम्पितात्मन् માટે પાર

પાડવાનું सुविहितप्रयोगतया માટે "ભજવવાને માટે સુંદર યોજના કરેલી છે", सम्यक् માટે "ઠીક" – સામાન્ય પ્રયોગો છે. ક્યાંક प्रस्तावे "પ્ર" દેખાય છે. પૃ. ૧૩ પર विच्छिन्न માટે છૂટું, पश्यैनम् वृथापावमानम् માટે જો આ એને પુરો કર્યો' दूरीकृता: માટે પાછળ પાડી જ, असंबद्धप्रलापिनीं માટે "ફંગધડાવગરનું" લવ્યા કરે છે!' તેને, ": સારો પ્રયોગ: परिक्षतं માટે "વીંધી નાંખ્યો", मोचयामि માટે ઉખાડું,' असंस्तुत માટે "અસ્થિર", प्रतीहारभूमि માટે "દ્વારભૂમિ, તેજસ્વ્ય માટે "અકારાપણું", सदस्या: માટે સભાજનો, :(અહીં મૂળતો યજ્ઞના સભાસદોનો ઉલ્લેખ છે.) अस्वस्था માટે અને पर्युत्सुक માટે બેચેન, अवधीरणा માટે "તરછોડવાનો" ભય, दुरापं માટે "અલભ્ય", न परिहार्यम् માટે "મૂંડી ન વાળશો", वाहयामि માટે " वाहयामि "તમાં/સું" – સારો તળપદો પ્રયોગ, સંતાપ માટે "બળતરા", शरीरकुलिता માટે શરીરઅસલી, क्लान्त માટે ઢીલો, "વિનાપ્રયાસે જગુરુજન કૃતાર્થ થયા" માટે "ગુરુજનનું કામ વિના મહેનતે થઇ ગયું", निर्वर्तयाव: માટે "નિપટીએ" : હિંદી પ્રયોગ: असत्यसंध: માટે "બેવચની", उत्कण्ठाम् विनोदयिष्याव: માટે "ઉચાટનો ઉતાર શોધી લઇશું" समुद्गगृह માટે "દાબડો", 'દર્શન માટે મળવું", वीरुध् માટે લતા,' શુક્રાવતાર માટે "શુકધાટ", लंघयति માટે "તરાપ મારશે", अप्रतिलोम: संवृत्त: "તમારા કહ્યામાં આવ્યો", સમાનતા ને બદલે "સરખામણી વગેરે પ્રયોગો કર્યા છે. તેમાંના કેટલાક ઉણા લાગે છે, તો કેટલાક સારા પણ છે.

આજના ગુજરાતના પ્રથમ પંક્તિના કવિ અને વિદ્વાને આ અનુવાદમાં પાઠનિર્ણય માટે સ્વ. બ. ક. ઠાકોરની જેમ જ ઘણી ચીવટ રાખી છે, નિષ્ઠાપૂર્વક કાર્ય કર્યું છે, પોતે સ્વીકારેલા પાઠ માટે કારણો પણ આપ્યાં છે, ~~પોતે સ્વીકારેલા પાઠ માટે કારણો પણ આપ્યાં છે.~~ શ્લોક વગેરેના સ્વીકાર કે ત્યાગ માટે પણ સરસ અને સમર્થ ચર્ચા કરી છે. કોઈપણ કવિની કૃતિને સમજવા માટે પાઠનિર્ણય એ ઘણું મહત્ત્વનું પગલું છે. તે માટે શ્રી બ. ક. ઠા. અને ઉમાશંકર જોશીએ પ્રશસ્ય પ્રયત્ન કર્યો છે. તેથી આ સંપાદન અને અનુવાદ થયેલા પ્રયત્નોમાં વધારેમાં વધારે મૂલાનુસારી અને કવિના વક્તવ્યનો વધારેમાં વધારે વફાદાર પડઘો પાડનાર બન્યો છે.

અનુવાદમાં પર્યાય પસંદગીનો પ્રશ્નપણ એવો જ મહત્વનો છે. કાલિદાસની કૃતિઓનાં ભાષાંતરમાં તો તેનું મહત્વ ઓર વધારે છે. તે વિષે પણ આ અનુવાદમાં સર્વત્ર એક પ્રકારની જાગરૂકતા દેખાય છે. તેવું જ દિ. બ. કેશવ હર્ષદ ધ્રુવ વિષે પણ હતું તેમ છતાં અભ્યાસમાં કંઈક + ન્યૂનતા લાગી તેવાં સ્થાનો તરફ ધ્યાન દોર્યું છે તે આવા અધિકારી અનુવાદકના અનુવાદમાં યે આમ થતું હોય તો પૂર્ણ સંતોષ આપવાનું કાર્ય કેટલું મુશ્કેલ છે, તેને માટે કેટલી જાગૃતિની આવશ્યકતા છે, તે તરફ ધ્યાન દોરવા માટે જ, કેટલેક અંશે તો તે રૂચિભેદનો પ્રશ્ન પણ રહે છે. મૂળનું લાલિત્ય આ અનુવાદમાંયે પૂરું તો ઉતરતું નથી, પણ આ નાટકના આપણે આગળ જોયા ~~તેવા~~ તે ઘણા ~~સુ સુ~~ અનુવાદો કરતાં તો વધારે પ્રમાણમાં

ઊતરે છે. તે બેઉ ભાષાની અર્થવહનક્ષમતા, રચનાગત પ્રકૃતિદત્ત શક્તિના ભેદનું સૂચન કરે છે. ઘણાખરા શ્લોકોના અનુવાદ સારા થયા છે. નાટકના હાર્દને સમજવાનો પ્રયત્ન પણ સફળ થયો છે, એક મહાકવિની કૃતિના હાર્દને સમજવામાં ગુજરાતના આ અગ્રણી કવિને મળેલી સફળતાનું માપ મોટું છે. સાચા અર્થમાં અનુવાદકે નાટકનું પરિશીલન કર્યું છે.

શ્રી જશવંત ઠાકર

૧ ૯ ૬ ૧

નાટયકલાવિદ્ અને પ્રયોગાનુભવી અનુવાદકે પ્રસ્તાવનામાં અનુવાદનો હેતુ જણાવ્યો છે.[32] તેને ભજવવાની યોજના વિચારી છે.[33] ધંધાદારી રંગભૂમિ ઉપર જુદે જુદે રૂપે કામલતા, મુદ્રાપતાપ અને સ્નેહમુદ્રા નામથી શાકુન્તલ ભજવાયું છે. તેમાં "મુદ્રાપ્રતાપ" કવિચિત્રકાર શ્રી ફુલચંદભાઈ શાહ અને "સ્નેહમુદ્રા" રસકવિ શ્રી રઘુનાથ બ્રહ્મભટ્ટની રચનાઓ છે. તે જણાવી, તે બધાંની વિશેષતાઓ અને રચનાયોજનાનો વિચાર કર્યો છે.[34] શ્રી ઉમાશંકર જોશી અને ગુરુદેવ રવીન્દ્રનાથ ઠાકુરે કરેલા આ નાટકના રહસ્યવિચારનો ઉલ્લેખ કર્યો છે. શ્રી અરવિંદના Foundations of Indian Culture માંથી પણ તદ્વિષયક અવતરણ આપ્યાં છે.[35]

આ કૃતિને શ્રી રામપ્રસાદ બક્ષી જેવા સમર્થ વિદ્વાનની અવતરણનાત્મક પ્રસ્તાવના મળી છે. તેમાં તેઓ નોંધે છે કે આ અનુવાદ રંગભૂમિની તૃપ્તિને માટે થયો છે. શ્રી ચંદ્રવદન મહેતા એ કરેલ અર્ધસ્વતંત્ર Adaptations જેવી રચનાઓ પછી શુદ્ધ રીતે રંગભૂમિ પર મૂળને રજૂ કરવાના હેતુથી થયેલો આ અનુવાદ મૂળને અનુસરે છે, ને પ્રયોગ કરતાં કાપકૂપ સૂચવવી છે ત્યાં તેટલો ભાગ કૌંસમાં બતાવ્યો છે. ભજવવાની સરળતા માટે પ્રવેશયોજના પણ કરી છે.

૩૨: પૃ. ૯

૩૩: પૃ. ૧૦

૩૪: પૃ. ૧૬

૩૫: પૃ. ૨૩

"આતો એક મુક્ત અનુવાદ છે. મૂળ પ્રમાણે શબ્દે શબ્દે મૂળ રચનાના વ્યાકરણને મળતી રચના કરવા મેં મહત્વાકાંક્ષા સેવી જ નથી![36]"

નાન્દી,શ્લોક ૧.

પ્હેલી સુષ્ટાની સૃષ્ટિ, વિધિવતા હવ્યને અગ્નિ જે, જેહ હોતા, નીમે જે રાત દિવસો શ્રુતિગુણસ્વરૂપે, જે દિસે વિશ્વવ્યાપી, જે છે આસર્જનોની પ્રકૃતિવળી બધાં પ્રાણીનો પ્રાણ જે છે, એવા આઠે સ્વરૂપે પ્રગટ શિવસદા રક્ષજો ઇશ સૌને.

રેખાંકિત ખંડો નબળા છે. "જે સર્જે દિનરાત્રિ, "સહુ પ્રાણીઓ જેથી જીવે" કૈંક વધારે સારા અનુવાદ બનત.

નટી: મૂળ છે: આર્યના પ્રયોગોનો સુવિહિતતાથી કંઇ ખામી રહેશે નહિ. તેને બદલે "સુંદર તાલીમ થઇ ગયા પછી કંઇ કસર રહે જ શાની" - કરે છે.

સૂત્રધાર: મર્મજ્ઞો સંતોષિતરીત ગણું સફળ પ્રયોગ કળા,
બહુશિક્ષિતજન તેનુંય મન નિજમાં ન ધરે વિશ્વાસ.
મૂળનું લાલિત્ય અને અર્થ આછાં જ ઉતરે છે.

શ્લોક:

રંજક જલતણાં સ્નાન, ને પાટલ પુષ્પે સુગંધી અનિલો,
છાયા છાઇ નિંદર, ને રમતા પ્હોર ઢળે સંધ્યાકાળે.

રેખાંકિત અસુભગ અને મુલાનુસારી અનુવાદ છે.

સૂત્રધાર: આપરિષદના કાનને પ્રસન્ન કરવા સિવાય બીજું શું? તો આ હમણાંજ બેઠેલી અને ઉપભોગક્ષમ ગ્રીષ્મઋતુને વિષે ગાઓ - ને બદલે "બીજું શું કરવાનું હોય? પ્રેક્ષકોને આનંદ આપે તેવું કાંઇક સંભળાવ. આ ભોગયોગ્ય ગ્રીષ્મઋતુ

૩૬: પૃ. ૧૦

હમણાં જ બેઠી છે. તો તેને વિષે કંઈક ગાવ – એમ મુક્ત અનુવાદ કર્યો છે. નટીએ રજૂ કરેલી આર્યાને બદલે શ્રી કે. કા. શાસ્ત્રીએ અનુવાદમાં આપેલું નાનુંગીત જ મૂકી દીધું છે.

અંક – ૧ દૃશ્ય –૧.

સારથિ: શ્લોક ૧.

દૃષ્ટિપાત મૃગે દેખું ને તમે આપ સજ્જાશા,
ને મૃગતણી પુંઠે દેખું સાક્ષાત શંભુને.

આ નિર્બળ અનુવાદમાં નથી મૂળનું લાલિત્ય કે નથી તે ધ્વનિ.

શ્લોક ૭ ग्रीवाभङ्गाभिरामम् ०

રૂપાળી ડોકવાળી મૃગ જરા રથને જોઈ લેતો ત્વરાથી,
સંકોરે પીઠ ખેંચી ભય ધનુષતણા ઘાવ કેરો શ્રાંત,
ફાટયા ખુલ્લા મુખેથી પથપર પડતું દર્ભ જે અર્ધ ચાવ્યું,
ને બે ઠેકે છલંગે ઘણી ગતિ ગગને પૃથ્વી સ્પર્શે ન સ્પર્શે.

મૂળના અર્થ અને લાલિત્યનો નબળો પડઘો હોઈ અનુવાદ નબળો છે. રેખાંકિત અંશો વિશેષે તેવા છે. છેલ્લું તો ખરાબ જ. કદાચ છાપદોષ હોય. શ્લોક ૮નો અનુવાદે "ઠીક" જ. શ્લોક ૯ મ

બહુ ઝીણું તેતો મહત બનતું એક પળમાં,
જરા અર્ધાં જેવું, સહજ લહું હું પૂર્ણ બનતું,
જરાવાંકા જેવું નજર મહીં સીધું બની જતું,
ન કૈં પાસે આઘે રથગતિથી મારે પળ પળે.

"જરા" શબ્દ અસ્થાને છે. અનુવાદ નબળો.

શ્લોક ૧૧નો અનુવાદ ગદ્યમાં છે: "માટે આ સાંધેલું બાણ ઉતારી લો. પીડિતોની રક્ષાને કાજે તમારાં શસ્ત્રો છે, નિરપરાધીને હણવા માટે નહિ."

રેખાંકિતને બદલે અનુવાદકે "નીરઅપરાધી" કર્યું છે. તે જોડણી ખરાબ છે. સાધુ શબ્દ છોડ્યો છે.

શ્લોક ૧૨માં "શોભો છો તેમ રૂપથી" તે युक्तरूपमिदं तव માટે છે" "તમને તે ઘટે છે" એવો અર્થ છે તે ખોટો કર્યો છે.

"એવો ગુણવંતો પુત્ર"માં છંદ ભૂલ છે. શ્લોક ૧૪નો અનુવાદ ગદ્યમાં છે. ઘણા શ્લોકોનો ગદ્યમાં કર્યો છે. સ્થળે સ્થળે સંક્ષેપ પણ કર્યો છે. રંગભૂમિની દૃષ્ટિએ એ આવશ્યક લાગ્યું હોય, તો પણ તેટલે અંશે મૂળની રજૂઆત – ધ્વનિ લાલિત્ય અને અર્થગૌરવની – નિર્બળ થાય છે.

શ્લોક ૧૫નો અનુવાદ સારો છે. બંગાળી વાચનાનો એક શ્લોક લેતાં ૧૫મો (કાલેમાં) અહીં ૧૬મો બને છે.

શાંત તપોવન આત્માં ફરકે બાહુ, ફળવનમાં કેવું?
અથવા ભાવિને હોય, સર્વત્ર ગોપુરે ખુલ્લાં.

રેખાંકિત ૧. વધારાનું. ૨. द्वाराणि માટે છે. આર્યા એવી જ છે. શ્રી રામપ્રસાદ બક્ષી નોંધે છે તેમ અનુવાદકને, બીજા ઘણાક કવિઓની જેમ, આર્યા નડી છે. – અનાર્યા બની છે, તેમાં માત્ર માત્રાની સંખ્યા ગણવાથી જ કામ ન ચાલે, તેનો ~~લહેકો~~ લય પણ મહત્ત્વનો છે. ને તે સચવાવો જોઈએ.

પૃ. ૮ શ્લોક ૧૭ इदं किलाव्याज ०

સ્વયં શરીરે જ નરી મનોહર,
ઇચ્છે શું તેને તપમાં તપાવવા,
તે તો મથે પદ્મની પત્ર ધારે,
શમીલતા છાલ શું છેદવા ઋષિ?

રેખાંકિત ૧ नीलोत्पलम् માટે છે. ૨. નકામો વધારો છે. મૂળનું લાલિત્ય નથી.

શ્લોક ૧૮.

સરસિજ જળમાં છે રમ્ય સેવાળ વીટયું,
અમલ નથી છતાંયે ચંદ્રમાં ડાઘ શોભે,
ત્યમ અધિક રૂપાળી સુંદરી વલ્કલે યે,
કમનીય પ્રતિમાઓ ઓપતી સર્વ વસ્ત્રે.

રેખાંકિત ૧. વધારાનું છે. ૨ लक्ष्मीं માટે છે. ૩. નો અનુવાદ નબળો અને મૂળાપસારી છે. શ્લોક ૧૯નો એવો જ.

શ્લોક ૨૧.

કટાક્ષે કંપતાં નયનદલને તું અડકતો,
અને છૂપી ગોષ્ઠિ મૃદુલ કથતો કાન સમીપે,
કરો વીંઝે તોયે અધરરતિ સર્વસ્વ ચૂમતો
જીતે ત્હારી હાર્યો, મધુપ રતિના તત્વતપમાં.

રેખાંકિત ૧. છંદ તૂટે છે. ૨. રોજણી ખરાબ છે. ૩. वयं तत्त्वान्वेषान्० નો અસ્વસ્થ અને ખરાબ અનુવાદ છે. શ્લોક ૨૩, ૨૪નોયે એવો જ.

શ્લોક ૩૦

વળી રથને જોતાં હાથી, ભયભીત થઇને દોડયો, તૂટી પડેલા ઝાડના થડમાં એનો દાંત ખૂંચ્યો, પગમાં વેલા વીંટાયા, અને ગુંચળીમાં ફસાયો, તેથી દોડયો અને તેને જોઇને હરણોનાં ટોળાં આ આડાં અવળાં નાસે, એ હાથી તપશાંતિ માટે વિઘ્નરૂપ જુઓ આ દોડતો આવે.

અપ્રવાહી એને અવ્યવસ્થિત અનુવાદ છે.

શ્લોક ૩૧

આગળ તન ચાલે છે પણ પાછળ રહયું હૃદય અતિવ્યગ્ર,
સ્હામે વ્હેતા પવને જ્યમ ફફડે વાંસે ધ્વજચીર.

પણ નબળો અનુવાદ છે.

અંક–૨ વિદૂષકની ઉક્તિ: વને વને ઉનાળાના તાપથી ફિક્કાં પડી ગયેલાં પાંદડાંઓની આછી પાતળી છાયામાં, પાંદડાંઓથી ગંધાઇ ગયેલાં પાણી – ગરમાગરમ પાણી પીવાની, ટાણે કટાણે ભૂંજેલું માંસ આહારમાં – વગેરે. રેખાંકિત ૧. વધારાનું છે. ૨. કટાણાં માટે છે. ૩. શૂળપર શેકેલું – માટે છે. આખી ઉક્તિનો અનુવાદ આવા નાના નાના ફેરફાર વાળો અને છૂટા હાથનો છે.

શ્લોક ૧

સુલભ નથી જ મુજ પ્રિયા પણ લાગે પ્રિયુ તેના ઉરભાવો,
હું રતિસુખ નથી પામ્યો કિન્તુ ઝંખનામાં રતિહર્ષ,

રેખાંકિત ૧. भावदर्शनारवसि માટે છે. ૨. अकृतार्थेऽपि मनसिजे માટે ૩. પુનરુક્તિ. અનુવાદ નબળો છે.

શ્લોક ૧૦

આનાઘ્રાતપુષ્પ કિસલય નં ચૂંટેલ કરથી,
ન વીંધેલું રત્ન, મધુ નવ ચાખેલ નહિ જે,
અખંડાં પુણ્યોનું અમલ ફલ આ કાન્ત સ્વરૂપે,
નન જાણું ભોક્તા કો વિરલ વિધિયે શું સરજ્યો.

રેખાંકિત અંશો નબળા છે. ફૂલને માટે ફલ કરે છે.

સામાન્ય અનુવાદ.

પૃ. ૩૦ શ્લોક ૧૫

સીમા શ્યામલ સિંધુ બે ધરતીની તે પૃથ્વીધતાં મહા,
લાંબાં અર્ગલ શા [illegible] કરથી તે તો યથાયોગ્ય છે,
કાં કે વાંછિત દેવતા વિજયને દૈત્યો હરાવી દઈ,
આવા આ નૃપના ધનુષ્યશરથી કે ઇન્દ્રના વજ્રથી.

શિખરિણીને શાર્દૂલમાં ઉતારતાં પ્રસ્તાર થયો છે. છતાં સામાન્ય અનુવાદ રહે છે.

શ્લોક ૧૮

મૃગ સહે ઉછરેલ જ એ ક્યહીં,
રતિકલાથી અજાણ? અમે ક્યહીં?
જરીક વાત કરી ઉપહાસમાં
સુહૃદ ગંભીર કૈં ગણશો નહિ.

રેખાંકિત અંશો નબળા છે.

અંક. ૩. માં વિષ્કંભકને પહેલું દૃશ્ય બનાવ્યું છે. પણ બીજા દૃશ્યને વિષ્કંભક કહે છે. તે ભુલ છે. ત્યાંથી તો અંકવસ્તુ શરૂ થાય છે. अद्यापिनूनं ० શ્લોક સ્વીકારી તેને ત્રીજો ગણી કાલેની આવૃત્તિના ત્રીજા શ્લોક પહેલાં મુકે છે. : કાલે: શ્લોક ૪.

મકરધ્વજ થજો મને તુજ પીડા ભલે નિત્યજો,
કરે મુજ પરે પ્રહાર મદિરાક્ષી અનુલક્ષીને.

અનુવાદ નબળો છે. મૂળ છે: "મને અવિરત રીતે દુઃખ દેતો કામદેવ પણ તે મસ્ત અને વિશાલ નયનોવાળીને કારણે મને પ્રહાર કરે તો તે મને પ્રિય છે."

શ્લોક૪, ૫નો અનુવાદ ગદ્યમાં છે. શ્લોક ૭

સ્તને ઢાંક~~ણા~~વાળો, શિથિલ બિસનું કંકણ, દિસે દૃઢા
પ્રિયાનું પીડાતું પણ તન કશું નેત્ર સુભગ!
તપે તીખો ગ્રીષ્મ, મદન સરખો ગેય તપતા,
છતાં ગ્રીષ્મે તાપે યુવતી તન આ સુંદર દીસે.

રેખાંકિત માટે "નતો०" જોઈએ. બાકી સારો.

શ્લોક ૧૪ तव न जाने ०

હૃદય તુજ/ના જાણું મુજ ઉર મદન દિવસે ને રાતે,
તાવે હે અતિનિર્દય, તુજ પ્રણય ઝંખતાં અંગોને.

કૈંક સારો અનુવાદ છે.

શ્લોક ૧૫માં "તાપે" ને બદલે "તાવે" વધારે સારું થાત.

~~શ્લોક ૧૮~~

રણવારો ધણી રાણી કિંતુ બે જ પ્રતિષ્ઠિત,
સિંધુની મેખલાવાળી પૃથ્વી, ને આ સખી તમ.
રેખાંકિત માટે "પ્રતિષ્ઠા કુલની જ બે" વધારે સારું થાત.
શ્લોક ૨૧નો અનુવાદ સારો છે. પૃ. ૪૬ પર "ચક્રવાકી",
સહચરની રજા લઈલે" ઉક્તિ છોડી છે. શકુન્તલા:

સંતાપહારક લતાવલય, ફરીને ઉપભોગ કાજે
તારી રજા લઉં છું. " ને બદલે "લતાઓમાં છૂપાયેલા મારા
સંતાપહારક, તારી કને તુજ ઉપભોગ માટે ફરીનેય આવીશ",
કરે છે તે ઘણું જ અસુભગ છે. મૂળમાં શ્લેષથી બેઉને સંબોધન છે.
તે ગૌતમીથી ગુપ્ત છે, તે આ રીતે તો ચતું થઇ જાય છે.
જિજ્ઞાસા જાગે કે છુપાયેલું કોણ છે? અને મૂળના ધ્વનિ અને
શકુન્તલાના વિવેકનેય આથી હાનિ પહોંચે છે.

પૃ. ૫૨ અંક ૪ શ્લોક ૧. विचिन्तयन्ती ०
રે અતિથિને ઉવેખનારી,
તલ્લીન જેમાં તું અનન્ય ચિત્તે,
ના દેખન્તી પાસ ઊભો તપસ્વી,
સ્મરાવતાં તે સ્મરશે તને ના,
પ્રમત્ત ભૂલે નિજ કર્મજેમ.

તદ્દન સાધારણ અનુવાદ છે, તેવો જ શિષ્યની ઉક્તિઓના
શ્લોકોનો પણ.

શ્લોક ૫

ધોળું ચંદ્ર સમાન ચીર હીરનું વૃક્ષે દીધું મંગલ,
બીજું વૃક્ષ ઝર્યું જ લાક્ષરસ ત્યાં શોભાવવા પાનીને,
બીજે ત્યાં વન દેવીએ કુંપળ શા લંબાવી હાથો રૂડા,
દીધાં આભરણો અનેક અમને તે આ રહયાં મંગલ.

પ. ૩–૪નો અનુવાદ નબળો – ફિક્કો લાગે છે.

પૃ. ૫૯ શ્લોક ૬

જાયે આજ શકુન્તલા પતિગૃહે તેથી હવે અંતર,
ડુમો કંઠ વિષે ભરાય નીરખેલ્ધ્ર આંખ ચિંતા ભરી,
સ્નેહે આઈ બન્યો તપસ્વી જત હું પુત્રી વિયોગે જ્યો
સંસારે જનમાત્રમાં હૃદયમાં કેવી પીડાઓ સ્ફુરે

અનુવાદ છૂટા હાથનો છે. રેખાંકિત અંશો વિશેષ તેવા છે. પૃ. ૬૦ પર શ્લોક ૭–૮નો અનુવાદ શુષ્ક અને કેંક અસ્પષ્ટ રહે છે. તેવું જ ૯ થી ૧૧નું.

પૃ. ૬૧ શ્લોક ૧૩–

સંકલ્પ મેં પ્રથમ જો તુજ કાજ ધાર્યો,
પામી ગમ્યો મન વિષે પતિ પુણ્ય કૃત્યે,
આંબા પરે ઢળી ગઇ નવમાલિકા આ
તેની અને તુજતણી શમી મુજ ચિંતા.

પણ નિર્બળ અનુવાદ છે. શ્લોક ૧૪નો સારો છે. ૧૫નો શુષ્ક અને વિપર્યયી છે. ૧૭માં છંદ અને જોડણી નબળાં છે અને અર્થ આલો ઉપરે છે.

શ્લોક ૧૮

સુશ્રુષા કરજે વડીલતણી ને મિત્ર ધરે શોક્યથી
સ્વામી ભુલ કરે છતાંય ન જ તું ખિજાઇ આડી થતી,
રે જે કોમળ સેવકો સહ અને ફુલાતી ના ભાગ્યથી,
આ છે રીત કુલીન સ્ત્રી તણી સદા; બીજી સ્ત્રીઓ શાપશી.

તેનાથી ઊલટા રેખાંકિત મતલબ વાક્ય: માટે ખરાબ અનુવાદ છે. અંક ૫ શ્લોક ૧. હંસપદિકાની ગીતિ.

અભિનવ મધુ લોલુપ તું રે ભમરા.... અભિનવ.
આમ્ર મંજરી રસ ભરી ચૂમીતેં
ક્યમ ભૂલી જાય મને તું રે......
ચૂમી આટલા આવેગે અનુરાગે નવલકમળ નિવાસી,
રે ક્યમ ચહે કમલ છોડી આમ્રમંજરી,
.........ભૂલી આમ્ર મંજરી, ... અભિનવ.

ગીત તરીકે સામાન્ય. અનુવાદ શિથિલ અને લાલિત્ય હીન છે.

પૃ. ૭૦ વિદૂષકઃ મૂળ છે. "હે મિત્ર, પારકા હાથે પકડાવીને શાખાસ્થાને મરાવતા...... ગતિ થશે" – ને સ્થાને:

"અને આ મારી ચોટલીથી પકડીને ગારી સ્થિત તો અપ્સરાના હાથમાં ફસાયેલા તપસ્વી જેવી કરશે" એમ કરે છે. શ્લોક ૬ અને ૯ના અનુવાદ ગદ્યમાં છે. ૭–૮ના પદ્યમાં છે. તે બધા સામાન્ય છે. પતિકુળને બદલે પ્રતિકૂળ કર્યું છે.

પૃ. ૭૫ શ્લોક ૧૫ त्वमहर्तां०

"કેમકે તમે માનવોમાં શ્રેષ્ઠ છો. શકુન્તલા સ્વયં સદ્ગુણ છે. આવાં સરખાં વરવહુની જોડલી જોડીને પ્રજાપતિ પોતે કૃતાર્થ થયા છે." શ્લોક ૧૯ અને ૨૦ના ગદ્યમાં શુષ્ક અનુવાદ છે.

શ્લોક ૨૧

"કુળનામ પતિત કરી આ મને પતિત કરવા શા માટે મથે છે? તટને ઘસાઈને વહેતી નદી શુદ્ધ જલને મલિન કરે અને સાથે તટતરુઓને પણ પાડે તેમ તું કરે છે." અનુવાદ નીરસ અને સામાન્ય છે.

પૃ. ૭૯ શકુન્તલાઃ अनार्य आत्मनोनुमानेन०

"અનાર્ય, અન્યને પણ નિજ જેવા રૂપરંગે જુઓ છો? ધર્મ અંચળાથી ઢંકાયેલા છો, પરંતુ ઘાસથી ઢંકાયેલા ઊંડા કૂવા જેવા છો. આવું કાર્ય કોણ બીજો કરી યે શકે? તમારા સિવાય!"

શ્લોક ૨૫

જૂઠી નથી જન્મથી વાણી જેની,
તેની ઠરે વાણીભરી અસત્યે,
ને શાસ્ત્રબુધ્ધ છે જે છલજ્ઞાનમાંહી
તે સત્યવાદી જનમાં ગણાય!

રેખાંકિત અનુવાદ મુક્ત અને નિર્બળ છે.

શ્લોક ૨૬ तदेषा भवतः

એ જ આ આપની કાન્તા, તજો હોવા ગૃહે લીઓ.
પ્રભુતા પતિની માની, જે ચાહો તે તમે કરો,

રેખાંકિત ૧. અનુભવગ્રહે ૨. છે "સ્ત્રીઓમાં સર્વતોમુખી" અનુવાદ નબળો છે.

શ્લોક ૨૭

નૃપતિ આ વદતા ત્યમ હોય તો,
મુખ જુએ તુજ તાત કઇ રીતે?
પરંતુ નિર્મલ હો વ્રતશીલ તો,
પતિગૃહે બની દાસી સુખે રહે.

રેખાંકિત – ૧. किं पितुरुत्कुलयात्वया અને ૨. पतिकुलो तववास्यमपि क्षमम् માટે છે. અનુવાદ "એવો જ" છે.

પૃ. ૮૭ પર રાજા આ સ્થિતિમાં શું સારું એ શાર્ઙ્ગરવને પૂછે છે. પુરોહિતને નહિ. અહીં તે ભુલ છે.

શ્લોક ૩૦

નિંદી રહી તે નિજ ભાગ્ય બાલા,
બાહુ ઉછાળી રડતી જતી ત્યાં,
સ્ત્રીના જેવી જ્યોતિ ઉતરી નભેથી,
ઉપાડી ગૈ તે ગૃહ અપ્સરાને.

રેખાંકિત ૧. માટે "રડવાજ લાગી"વધારે સારું ૨.
"અપ્સરાતીર્થથી એક સ્ત્રીઆકારનું જ્યોતિ તેને ઉપાડી
ચાલ્યું " માટે છે.

શ્લોક ૩૧.

તજી જે મુનિપુત્રીએ ગ્રહીતી ના અમરી શકું,
અસહ્ય ઉમતું તોયે હૈયું તેની પ્રતિતિમાં,

નિર્બળ અનુવાદ છે.

અંક ૬ શ્લોક ૩ ગીતિનો અનુવાદ
ગીતમાં કર્યો છે. તે શિથિલ છે.

મંજરી તું મ્હોરીરે! આજ મ્હોરી રે!
લાલલીલી પીળી તું આજ મ્હોરીરે!
રંગીલા વસંતકેરી પ્રાણલીલા મંજરી તું, તુંo
દિવ્ય દૃશ્યતારું આજ હું લહું રે મંજરી, -o
આમ્રમ્હોર પ્રાણું તારો અનુરાગ આજo

રેખાંકિત વધારાનું છે.

શ્લોક ૩નો અનુવાદ નિર્બળ છે. ૪નો ગદ્યમાં
છે. પનો સારો છે. શ્લોક ૧૦માં "મનોરથો ને પડતા
પ્રપાત શા" કરે છે: मनोरथानामतटप्रपाता:
માટે.

શ્લોક ૧૫

અધુરું દીસતું ચિત્ર, સુધારું હું ફરી કરી,
તથાપિ તેનું લાવણ્ય, એક રેખા જ ઊતરે.

રેખાંકિત रेखया किंचिदन्वितम् માટે છે.
તે નિર્બળ અનુવાદ છે.

શ્લોક ૧૬ રે અંતરે તલપતો મૃગ તૃષ્ણિકા લહું
માં લહું ને બદલે "ચહું અનુવાદ વધારે સારો થાય.
શ્લોક ૧૭-૧૮નું નબળું છે. પૃ. ૯૮ શ્લોક ૧૦:

તાજી ફુટી કુંપળ શો રમણીય હોઠ,
પ્રેમોત્સવે મેં બહુધા પીધેલો,
તે બિંબ શા અધરનો કરશે તું સ્પર્શ,
સો પદ્મબંધની સજા હું તને કરીશ.

માં પણ મૂળનું લાલિત્ય આવતું નથી.
શ્લોક ૨૭નો ગદ્યમાં છે. શ્લોક ૨૭માં आर्त્ત માટે "દુબળાં" કરે છે. શ્લોક ૨૮

વધ્યનો કરશે નાશ રક્ષ્યને દ્વિજ રક્ષ્યને
હંસ જેમ દૂધ ભળેલું પાણી છાંડતો

"દ્વિજ"ને બદલે "ધ્વિજ" કરે છે. પં. ૨માં છંદદોષ છે.
અંક ૭ શ્લોક ૨

જયંતને જેનો કરતો શચી ઝંખના,
મંદારમાળા શચિવક્ષ સંગે,
રોળાઈ કેવી હરિચંદને શી,
પહેરાવી દે તે મુજ કંઠમાં ત્યાં.

શચીનો શ્લેષ ખોટો છે. અનુવાદ મૂળને અનુસરતો નથી. કેટલોક ભાગ છોડયો છે. શ્લોક ૬

જ્યાં વ્યોમગંગા વહેતી ગગને પ્રતિષ્ઠા
જ્યાં જ્યોતિગોળ થકી રશ્મિ વિભક્ત થાતાં,
વિષ્ણુ પદે પથ જ્વલંત બન્યો: અહો! તે
આ પંથ તો પ્રવહ વાયુ તણો ગણાએ.

રેખાંકિત ૧. માં છંદ તૂટે છે. ૨. માં મૂળ પરિવહ અને પ્રવહ બે પાઠ છે. અર્થવિપર્યય પણ થાય છે. શ્લોક ૭નો અનુવાદ ગદ્યમાં છે. ૮નો નીરસ અને અર્થ વિપર્યયવાળો છે.

પૃ. ૧૧૩ શ્લોક ૧૩

ન મનોરથ તો યે/શું વૃથા ફરકતો બાહુ?
શ્રેય ઉવેખેલું પૂર્વે, હવે તો દુઃખ રહ્યું દુઃખ.

આર્યા તરીકે ખરાબ છે. અર્થ પણ એવો જ.

પૃ. ૧૧૭ શ્લોક ૧૭ आलक्ष्यदन्त ०

દીપે સ્મિતે અહજમાં કળી દંત કેરી,
બોલે રૂડા મધુર અક્ષર જોડી કાલું,
ધારંત માત રમતાં નિજ ઘેલુડાંઓ.
તે ધન્ય અંક શિશુની રજથી મલિન.

પં. ૩માં અર્થ બદલાય છે. અનુવાદ અસંતોષકારક છે. શ્લોક ૧૮,૧૯માં अङ्कुर ને માટે "કળી" શબ્દ વાપરે છે. અંત સુધી શ્લોકોના અનુવાદોમાં આ બધાં લક્ષણો ઓછાં વત્તાં દેખાય છે.

સંવાદોના અનુવાદોમાં યે અવારનવાર ભૂલો, વિપર્યય કે છૂટા હાથનો અનુવાદ દેખાય છે. તે અનુવાદની ગુણવત્તાને હાનિ પહોંચાડે છે. उन्नातिनी भूमि: માટે "દેવ ખડબચડી જમીન ઉથલો ખવડાવે તેવી છે", દૂર ચાલ્યો ગયો છે ને માટે "ઠીક ઠીક દૂર ઉતરી ગયો છે", જ્યાના આંટણવાળા " માટે "બાહુ વીર્યભર્યા તારો", "વિનીતવેશ"માટે "નમ્રભાવે જ" विस्रब्धम् માટે "અણસારો પણ આવ્યા વિના", नियन्त्रिता स्मि માટે " ચપોચપ બાંધ્યું છે", "પયોધરને વિસ્તારનાર" ને માટે "ભર્યાં ભર્યાં" માટે જ ને બદલે "સાથે જ" , "કહ્યું" ને બદલે "સંભળાવ્યું", "તપ તો વધે છે ને?" ને માટે "તપકાર્ય તો ચાલે છે ને?" "આર્યપરિશ્રમ વિનોદ કરો." ને બદલે "બે મીઠીવાતો કરી થાક, ઉતારો આર્ય", "અતિથિપાસે ~~બેસે~~ બેસવું યોગ્ય", છે. ને બદલે "અતિથિપાસે કેમ બેસાય?" કયા રાજર્ષિકુળને શોભાવો છો " ને બદલે "કયા રાજર્ષિકુળના છો?" સ્પર્શ, બીજું કાંઈ ધારશો નહિ ને બદલે "હું જે છું તે છું", : એમાં રાજાનો પોતાની જાતને છૂપાવવાનો હેતુ ભાગ્યેજ સચવાય એમ છે:

વલ્કલ માટે વસ્ત્ર :(વિપર્યય,) બહુ ખૂંધાની લીલાના ચાળા પાડે છે.' ને બદલે બહુ વાંકો વળે, વનને ઘેરનારાને માટે "વનઘેરૈયા", "યજ્ઞ કાર્યમાં વિઘ્ન નાંખે છે" ને બદલે "ઇષ્ટ કાર્યમાં વિઘ્ન ન નાંખે", પૃ-૪૦

"જે સમુદાહ કે શાંતિકારક બન્યો હવે મને લાગે"

જ્યમ જનપદ પામે શાંતિ ગ્રીષ્માં તે સુર્યથકી,

માં રેખાંકિત ખંડને બદલે "અભ્ર થકી" જોઇએ. તમે સંમત હો, તો,' ને બદલે "જો તમને ઠીક લાગતું હોય તો" વંદનલેખ માટે "પ્રણયભિક્ષા", "તમારા નિયોગમાં ચે વિકલ્પ કરી શકાય?"- ને બદલે "જેવી આજ્ઞા", 'પુનરુક્તિ કરનારી બનાવે છે'તે બદલે :ફરી: સ્પષ્ટ કહેવરાવે છે, 'તેવા આકૃતિવિશેષવાળા ગુણ વિરોધી હોતા નથી!' ને માટે "એવી મુખાકૃતવાળા ગુણ વિહોણા ન જ હોય", પૃ. ૫૩ પ્રિયંવદા: જ્યારે પાછા વળવાને ન ઇચ્છયું ત્યારે મેં વિનંતી કરી" ભગવન પહેલો જ જાણીને તપ: પ્રભાવથી અજાણ એવી પુત્રીનો આ અપરાધ ક્ષમા કરો" - ને બદલે "પાછા નહિ પધારે એમ જાણી મેં વિનંતી કરી, "ભગવન તપ:પ્રભાવથી અજાણ એવી દુહિતાનો આ દોષ ક્ષમાપાત્ર ગણો, તે રાજર્ષિએ જતાં વખતે પોતાની મુદ્રિકા એને સંભારણા તરીકે પોતે જ આંગળીએ પહેરાવી છે, ને બદલે, "રાજા પોતે જ જતી વખતે એને પોતાની મુદ્રિકા "જીવપેઠે જાળવજે" એમ કરી અભિજ્ઞાનરૂપે પહેરાવી ગયા છે,"

"વિષય પરાઙ્મુખ જન એ ન જાણે છતાં તે રાજાએ શકુન્તલા સાથે અનાર્ય આચરણ કર્યું છે." ને બદલે "સંસારીક વિષયોથી વિમુખ આ બ્રહ્મચારી પણ આટલું જ સમજે જ છે કે શકુન્તલા પ્રત્યેનું રાજાનું :આચરણ: વર્તન ખરોખર અનાર્ય તો ખરું જ",

"બોલાવે છે ને બદલે "બોલાવવામાં આવ્યા છે", "શુભઅવસરે આંસુ સારવાં તે મંગલ નથી. "મૂળ છે: મંગલ અવસરે આંસુ સારવાં યોગ્ય નહિ: "તપોવન સુલભ આભરણોથી તે રૂપને બગાડીએ છીએ" ને બદલે "આભૂષણોને યોગ્ય આ રૂપ તો તપોવનના શણગારે ખીલતું નથી". "હોમ કરેલા"ને બદલે "હમણાં જ પ્રગટાવેલા", પૃ. ૭૩ विघ्नवृधर्मार्यो: માટે તેમનો 'કાર્યઉદ્દેશ અક્ષુબ્ધ કરનારો તો નહિ હોય,' "આર્યપુત્રનો ભાવ યાદ કરી" ને બદલે "આર્યપુત્રને યાદ કરી", 'તને ઇષ્ટ મળજો,' ને બદલે 'તને મન ગમતું આવી મળો," ઉત્તમ વિચાર, ને બદલે "મારા પર કૃપા કરો", "સાંભળવાનું થયું" ને બદલે "કહો જે કહેવું હોય તે", વૃદ્ધ તાપસીને બદલે "વૃદ્ધ તાપસ" રાજા: ભાઇ સત્યવાદી, એમ હશે, પણ આમને છેતરી ને મને લોભશો? ને બદલે, "હે? સત્યવાદી? માનું છું કે તેમ હોય, પરંતુ આ છેતરીને અમને શું લાભ? પૃ. ૮૭ કોટવાળની ઉક્ત છે: 'તેનું રત્ન કિંમતી છે, માટે સ્વામીને તે બહુ ગમતા હતી ~~યોગ્ય~~ નથી લાગતું" ને બદલે કાંઇ નથી. જે ભાગ છોડયો છે" રાજાના સમાચાર પ્રત્યક્ષ કરું" ને બદલે' રાજા વિષે થતી વાતો કાનોકાન સાંભળું" चिर प्रबोधात् માટે અખંડ ઉજાગરાથી", "દારુણ આભાવાળા મેં મોહથી – ને બદલે "ને પણ મોહવશ થઇ મેં" पौरोभाग्यम् માટે "અઘટિત કાર્ય" 'કુલપ્રતિષ્ઠા' માટે "જીવજ્યોતી" 'મેઘ પ્રતિછંદ નામના મહેલે' ને બદલે "મેઘમહેલે", તાપસીએ ને બદલે 'તપસ્વીઓ,' તાપસીને માટે 'આર્ય,' "તેને કેમ ન અભિનન્દુ" ને માટે તેને કેમ જાણે આભનંદતો ન હોઉં", ભેટે છે માટે "ક્રોડિ કરે છે", વિકાર માટે "વિકાસ", ત્યાં માટે "તાં", विधातार: માટે "વિધાત્રિ", તેમ ને બદલે "તે", बिडौजा: ને બદલે 'શચિ' – આદિ થોડાએવા અનુવાદ છે. જોડણીની બાબતમાં ય અસાવધાની છે. મોટું શુદ્ધિપત્ર આપ્યું છે. ધર્મિષ્ટ, શર્મિષ્ટા, શાચ, માતલી, મરીચિ, મારિચિ, માઢવ્ય, આવ્યું, આશંકાને

બદલે આ શંકા, ક્ષેત્રિ જેવા શબ્દો ધ્યાન ખેંચે છે. આમ આ અનુવાદની વિશેષતાઓ આ છે.

:૧: તે રંગભુમિને ધ્યાનમાં રાખે છે. તેને અનુકુળ દ્રશ્યોમાં વહેંચી નાંખ્યો છે. અંક.૧માં દ્રશ્ય ૧. દુષ્યન્તનો પ્રવેશ, ૨. આશ્રમપ્રતિ ગમન,

:૨: શકુન્તલા દર્શન, અંક ૨માં એક જ દ્રશ્ય છે. અંક૩, ૧ શિષ્યની ઉક્તિ ૨. રાજાની ઉક્તિ, ૩. અશ્વસ્થ શકુન્તલા દર્શનથી અંત સુધી છે. અંક ૪માં સખીઓની વાતચીત, ૨. શિષ્યની ઉક્તિ અને શકુન્તલા પાસે સખીઓ જાય છે તે, ૩. શકુન્તલા વિદાય છે, અંક ૫ એકજ દ્રશ્યમાં છે. ૬. માં ૧. વિષ્કંભક અને ૨. માં બાકીનો આખો અંક છે. અંક ૭માં પ્રવેશ ૧. શકુન્તલા મિલાપ અને ૨. અંતસુધી છે. ભજવવામાં જે જે ભાગને છોડી દીધે ચાલે તેવું લાગ્યું છે. તે તે ભાગને કૌંસ : : માં મૂક્યા છે. તેથી કોઇ કોઇ સ્થળે પુર્વપર સંબંધ કે સાતત્ય સમજવામાં મુશ્કેલી પડે છે. વ્યાકરણ શુધ્ધ શબ્દશ: અનુવાદ કરવાનો અનુવાદકનો દાવો નથી છતાં, આ સ્થિતિ ખટકે તેમ છે.

શ્લોકોના અનુવાદ ક્યાંક પદ્યમાં તો ક્યાંક ગદ્યમાં પણ કર્યા છે. તેમાં ગદ્યાનુવાદમાં સંક્ષેપ હોય છે. અર્થ ન સમજવાને લીધે ક્યાંક વિપર્યય પણ દેખાય છે. છંદ સ્થ ઘણે સ્થળે દુષિત હોય છે. તેમાં આચાર્ય અનુવાદક માટે ઘણે સ્થળે "અનાચાર્ય" નીવડી છે. તેની હલકની બાબતમાં અનુવાદકે ઘણે સ્થળે ઠોકર ખાધી છે. જો કે આ નાટકમાં કાલિદાસે તેને માટે પક્ષપાત દાખવ્યો છે.

જોડણીમાં સ્થળે સ્થળે તત્સમ શબ્દોમાં પે ભુલો છે. તેમાં મુદ્રારાક્ષસ – છાપખાનાએ પણ ઠીક ભાગ

ભજવ્યો હશે એમ માની લઈએ તો પણ બધા દોષો તેને નામે ચડાવી શકાય તેમ નથી. શ્રી બક્ષીએ આવાં અનેક સ્થાનો નોંધ્યાં પણ છે. આ અનિવાર્ય ગણાય.

ઉક્તિઓમાં ક્યાંક ઉમેરા છે તો ઘણે સ્થળે સંક્ષેપ કર્યો છે, તે મૂળનો આસ્વાદ માણવામાં બાધક બને છે. મૂળનાં શબ્દસૌષ્ઠવ, અર્થગૌરવ, લાઘવ, લાલિત્ય અને ધ્વનિને આણી જ રીતે રજૂ કરતો, રંગભૂમિને પ્રધાનપણે ધ્યાનમાં રાખીને ઉતારેલો આ અનુવાદ સામાન્ય અને અસંતોષકારક પણ છે.